કુમાર

સંસ્થાપક
રવિશંકર મ. રાવળ

તંત્રી
બ. રાવત











વર્ષ ૪૫ · અંક ૨
ફેબ્રુઆરી · ૧૯૬૮
સળંગ અંક
૫૩૦

અવનીન્દ્રનાથ ઠાકુરનાં વિવિધ ચિત્રો


મથાળે ડાબી બાજુથી અનુક્રમે: 'ક્યૂબિસ્ટિક' પેઇન્ટિંગ (ફોટો · રતન પારિમૂ), ગામડાના ઘરને ઓટલે, હિમાલયનું એક દૃશ્ય (ત્રણે ચિત્રો શેઠ કસ્તૂરભાઈ લાલભાઈના સંગ્રહમાંથી). એક પાત્ર (રવીન્દ્રભવનના સંગ્રહમાંથી) અને કવિવર ઠાકુરના 'રક્ત કરબી'નું આવરણ (ફોટો · પારિમૂ).


મૂત્રપિંડ

[કાયાની કરામત-૧૦]

શરીરમાં ખોરાક દ્વારા આવેલાં કાર્બોહાઈડ્રેટ અને ચરબી તો બળીને શક્તિ પૂરી પાડે છે. પ્રોટીનનું પાચન થઈ એનું એમિનો ઍસિડ્સમાં રૂપાંતર થાય છે જેમાંનાં કેટલાંક શરીરની મરામત અને વૃદ્ધિમાં કામ લાગે છે. બાકીનામાં રહેલો નાઇટ્રોજન અને સલ્ફર પણ છૂટો પડી દહન પામે છે. પણ શરીરમાં ચાલતી આ રાસાયણિક ક્રિયામાં પુષ્કળ વ્યય-દ્રવ્યો પણ પેદા થાય છે. એ જો શરીરમાં જ ભરાઈ રહે તો વિષરૂપ બને છે. કાર્બન ડાયોક્સાઇડ આવું એક વાયુરૂપ વ્યય દ્રવ્ય હોઈ ઉચ્છ્વાસ દ્વારા એ શરીરમાંથી બહાર નીકળી જાય છે. બીજાં વ્યય દ્રવ્યો નાઇટ્રોજન, ગંધક અને ફૉસ્ફરસયુક્ત હોય છે. શરીરમાં એમનું યુરિયા, સલ્ફેટ્સ અને ફૉસ્ફરસમાં રૂપાંતર થઈ લોહી દ્વાર એ મૂત્રાશય (કિડની)માં પહોંચે છે. આ નકામા પદાર્થો તથા વધારાના પાણીને લોહીમાંથી શોષી લઈ એને મૂત્ર રૂપે છૂટું પાડવાનું ઉત્સર્ગનું એક ઘણું મહત્ત્વનું કાર્ય માત્ર આ મૂત્રપિંડો જ કરે છે.

આપણી મૂઠીના કદ જેટલાં (લગભગ ૧૧×૫×૨.૫ સે. મી.) કદનાં, દરેક આશરે ૧૫૦ ગ્રામ વજનનાં, કાજુ કે વાલના દાણા જેવા આકારનાં, રતાશ પડતા બદામી રંગનાં તથા ચરબીના થરથી રક્ષાયેલાં એવાં બે મૂત્રપિંડો શરીરમાં પેટના પાછળના ભાગમાં કરોડની બંને બાજુએ લટકતાં પકડાઈ રહ્યાં છે. (આકૃતિ ૧ અને ૨). એની આંતરિક રચના આ. ૩માં દર્શાવી છે. ધમની દ્વારા દર મિનિટે લગભગ ૧૩૦૦ મિલિલીટર-એટલે કે દિવસ ભરમાં ૪૦૦ ગૅલન જેટલું લોહી મૂત્રપિંડમાંથી પસાર થાય છે. મૂત્રપિંડમાં આવતું લોહી અતિસૂક્ષ્મ કેશવાહિનીઓનાં જાળાંમાંથી પસાર થાય છે. ત્યારે ત્યાં ગોઠવાએલી સૂક્ષ્માતિસૂક્ષ્મ 'નેફ્રૉન' તેમાંનાં વ્યય દ્રવ્યો તથા વધારાના પાણીને શોષી લે છે. દરેક મૂત્રપિંડમાં આવી દસલાખ નેફ્રૉન હોય છે જે માત્ર ૧/૬૦૦ ઇંચ પહોળી તથા બેએક ઇંચ લાંબી પણ વાંકીચૂકી ને ગૂંચળું વળીને ગોઠવાએલી છે. એ બધીને જો એક હારમાં ગોઠવીએ તો લગભગ ૬૦ માઈલ લાંબી નળી થાય. રોજ લગભગ ત્રણ મણ જેટલું પાણી નેફ્રૉન શોષે છે, પણ શરીરમાંનું બધું પાણી આમ શોષાઈ ન જાય એટલા સારું નેફ્રૉનના બીજા છેડે એમાંનું ઘણુંખરું પાણી પાછું લોહીમાં ભળી જઈ બાકી માત્ર બે-ચાર ડઝન?






આકૃતિ ૧ અને ૨. શરીરમાં મૂત્રપિંડનું સ્થાન અને એના આકાર દર્શાવતી આકૃતિઓ. બંને મૂત્રપિંડમાંથી એક અથવા એનો યે અમુક ભાગ જ માત્ર કાર્યરત રહી શકે તો યે તે શરીર પ્રત્યેની પોતાની જવાબદારીને પહોંચી વળે એટલાં એ કાર્યક્ષમ છે.

દોઢેક લીટર જેટલું વ્યયદ્રવ્યયુક્ત પાણી મૂત્ર રૂપે શરીરની બહાર નીકળી જાય છે. આ નેફ્રૉન એટલી તો કાર્યક્ષમ છે કે બેમાંથી એક મૂત્રપિંડ, અરે બીજાનો પણ કેટલોક ભાગ કામ આપતો અટકી પડે તો યે બાકીની નેફ્રૉન પણ રક્તશુદ્ધિનું કામ ઉપાડી શકે છે.

મૂત્રપિંડો લોહીને અલ્કલી પણ રાખે છે. લોહીમાં સાકરનું પ્રમાણ વધી પડે તો મૂત્રપિંડના કોષો એ વધારાના પ્રમાણને પણ શોષીને પેશાબ સાથે બહાર કાઢી નાખે છે.

નેફ્રૉનની સતત ચાલતી આ કામગીરી દરમિયાન ટીપેટીપે મૂત્રપિંડમાં એકઠું થતું મૂત્ર વાહી મૂત્રવાહિની દ્વારા મૂત્રાશયમાં આવે છે જ્યાં એનું પૂરતું પ્રમાણ થતાં પેશાબની હાજત અનુભવાય છે. આપણે લીધેલા ખોરાક અને પેયના પ્રમાણમાં મૂત્રનું પ્રમાણ વધેઘટે છે. ગરમ ઋતુમાં શરીરમાંનું ઘણું પાણી પરસેવા દ્વારા બહાર નીકળી જતું હોઈ પેશાબનું પ્રમાણ ઘટે છે.

રોગિષ્ટ મૂત્રપિંડને આરામ આપવા લોહીની શુદ્ધિ કરી શકે એવું કૃત્રિમ મૂત્રપિંડ પણ હવે બની શક્યું છે. જે કદમાં એક ઘન ફૂટ અને વજનમાં દસેક રતલનું હોય છે. આની સામે કુદરતી મૂત્રપિંડનાં કદ અને કામગીરી કાયાની એક અજબ કરામત સમાં નથી?





મૂત્રપિંડનાં અંગઉપાંગ: ડાબી બાજુ છેદેલું મૂત્રપિંડ અને તેના ભાગ દર્શાવતી આકૃતિ. જે અનેક મેડ્યુલાનું એ બનેલું છે તેને અનેકગણી મોટી કરીને જમણી તરફની આકૃતિમાં બતાવી છે તેમાં દર્શાવેલું નેફ્રૉનનું ગૂંચળું (વચ્ચેની આકૃતિમાં એ મોટું કરી દેખાડ્યું છે) ૧/૬૦૦ ઇંચ જેટલી પહોળી નળીવાળું હોવા છતાં અતિઘણું કાર્યક્ષમ છે. દરેક મૂત્રપિંડમાં આવાં દસલાખ નેફ્રૉન છે. નેફ્રૉનના સમૂહને મેડ્યુલા કહે છે.

કુમાર

ફેબ્રુઆરી ૧૯૬૮ • અંક ૫૩૦

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય-લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ: રૂ. ૧-૫૦.



★ પાંચ વાડાનાં કહેવતકાવ્યો સચિત્ર રૂપમાં જુલાઈ અંકમાં ફરીથી વાંચી આનંદ થયો. ચાર દાયકા પહેલાંનાં ચિત્રો–કહેવતો આજે પણ એવાં જ સુરેખ સમૃદ્ધ ને રસાળ લાગે છે. કહેવતો લોકસાહિત્યનું એક અંગ છે. વાડામાં વસનારના સ્વભાવ-રહેણીનું દર્શન પણ લોકગીતોમાં મળે છે. એક એવું ગીત રજૂ કરું છું:

વાણિયો સોની ને ત્રીજો સઈ,
એનો સંગ ન કરીએ ભઈ.

વાણિયો કહે મારે બજારમાં બેસવું
(ને) લૂટ્યાનો આરો નહિ;
કાકી લૂટું, મામી લૂટું, લૂટું ફરતી ફૈ.

સોની કહે મારે બજારમાં બેસવું
(ને) ચોર્યાનો આરો નહિ;
રતી ચોરું, વાલ ચોરું, એમ કરી નથડી થઈ.

સઈ કહે મારે બજારમાં બેસવું
(ને) ચોર્યાનો આરો નહિ;
કટકો ચોરું કાપલી ચોરું, એમ કરી ડગલી થઈ.

(કલકત્તા) —હર્ષદ પાઠક

પરદમા અંકમાં, આપણા નવા રાજ્યપાલ વિષે લખતાં તેમના નામની આગળ 'અગ્રવાલ' લખી તમે તેમને ભારે અન્યાય કર્યો છે.

તેમની જ્ઞાતિસૂચક 'અગ્રવાલ' શબ્દ તેઓ અગાઉ પોતાની અટક તરીકે જરૂર વાપરતા હતા અને તે નામે જ તેઓ વધુ જાણીતા પણ હતા, એ ખરું; પરંતુ કેટલાંક વર્ષો પર સરકારની secular નીતિને અનુરૂપ તેમણે આ જ્ઞાતિસૂચક અટકનો ત્યાગ કરી ફક્ત 'શ્રીમન્નારાયણ' એવું નામ ધારણ કર્યું હતું.

(મુંબાઈ) —ગુલાબદાસ એસ. ખંભાતી

[* એક સાચી હકીકતની જાણ કરવામાં કોઈ 'અન્યાય' થયાનું અમને લાગતું નથી.]

કલા-અંક પૃષ્ઠ ૮૮ સામેનું ચિત્ર 'બાળ ઈશુ અને માતા મેરી'ને રૅફેલનું બતાવાયું છે, તે તેના પિતા (જે ૧૪૯૪માં ગુજરી ગયા)નું છે તેવું હવે કલાવિદો માને છે (બુક ઑવ આર્ટમાં ઈટાલિયન આર્ટનું વૉલ્યુમ); જોકે રૅફેલે પોતે 'મૅડોના'નાં કેટલાંક ચિત્રો દોર્યાં છે.

શ્રી બારભૈયાનો 'બાટિક' લેખ કલાભ્યાસંગ કરતાં 'વ્યસન' ઉપજાવે તેવો ખરો. તેમાં જાવામાં જે સાધન વપરાય છે તેનો ઉલ્લેખ છે. જગપ્રસિદ્ધ બાટિક કલાકારો જોગ્જાકાર્તા (જાવા)માં વસે છે તે કલા કદાચ ભારતમાંથી જ ત્યાં ગઈ હોય. નજીકના બોરોબુદુર તેમજ પ્રમ્બાનનનાં દેવળો ભારતીય સંસ્કૃતિની અસર બતાવે છે ત્યાંના કલાકારો હવે ત્યાંના વેલામાંથી રસો બનાવીને 'બાટિક'માં વાપરે છે. (નેશનલ જ્યૉગ્રાફિક જાનેવારી ૧૯૫૧).

'અંતર ગઠરી'—શ્રી ચં. ચી. લખે છે તેમ—કદાચ આખર હોય, પરંતુ આ તો સુદામાની પોટલી જેમ લાગે છે. જેમ ખોલતા જઈએ તેમ અંદર શું હશે તે જાણવાની વધુ ઇંતેજારી.

(બીલીમોરા) —(ડૉ.) બિપિન શાહ

શ્રી રવિભાઈની આત્મકથામાં બુશશર્ટ અને ખાખી શૉર્ટ સને ૧૯૧૪-૧૮ની લડાઈ દરમ્યાન શોધાયાનું લખ્યું છે એ સરતચૂક છે. ચડ્ડી તો પરંપરાથી અંગ્રેજોમાં આ દેશમાં ચાલતી આવી છે. પણ બુશકોટ-બુશશર્ટ બીજી લડાઈ (૧૯૩૯-૪૫) દરમ્યાન દાખલ થયું. ત્યારે પરદેશી લશ્કરની મોટી છાવણીઓ અહીં હતી. પહેલી લડાઈમાં લશ્કરી છાવણી ન હતી.

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

ઑક્ટોબર '૬૭ના અંકના પૂઠા પર 'આવતી કાલનાં નાગરિકોનાં જ્ઞાન અને સંસ્કારનું માસિક' એવાં બે શીર્ષક–એક સીધું અને એક ઊંધું—છપાયાં છે. મને લાગે છે કે પહેલાં એ શીર્ષક ઊંધું છપાયું હશે અને એ ભૂલ નિવારવા ફરી વખત ઉપર સીધું છાપ્યું હશે, જેથી ભૂલ ઢાંકવા સાથે થોડી નવીનતા ઉમેરાય. આપની એ ભૂલને લીધે એમ કર્યું છે કે પછી નવીનતાને ખાતર બે લાઇનો છાપી છે?

(અમદાવાદ) —ક. ટી. ખત્રી

[* અવળી છાપેલી લીટી ઈરાદાપૂર્વકની છે એ તમે ન સમજી શક્યા તેની દિલગીરી છે.]

કલા-અંક પૃ. ૧૧૦ પરનું 'ઍડલ્ટ એડ્યુકેશન'ના પોસ્ટરના કલાકારનું નામ 'અપ્રાપ્ય' લખ્યું છે. પરંતુ એ મારું છે.

(અમદાવાદ) —મહેન્દ્ર કે. ભાવસાર

મારે 'નેશનલ જ્યૉગ્રાફિક મૅગેઝીન'ની જૂની બંધાવેલી ફાઇલો વેચી નાખવી છે. કોઈ વાચકને જરૂર હોય તો મને લખે.

—રમણલાલ ના. શાહ
(બાલજીવન કાર્યાલય, બાજવાડા, વડોદરા)

આ વિભાગ શરૂ કરવાનો મૂળ હેતુ તો વાચકો તરફથી કોઈ નવાં, સર્જનાત્મક, વિચારપોષક, માહિતીપ્રદ લખાણો ચિત્રો વગેરે મળતાં રહે તેમ કરવાનો હતો. અને તેઓ તેમ કરવા પ્રેરાય તે માટે એવી વસ્તુઓ ધરાવતા પત્રને તારાંકિત કરી એવા પત્ર દીઠ ૧ રૂપિયો આપવાનું પણ શરૂ કરેલું. પરંતુ અમારા આશ્ચર્ય ને ખેદ સાથે એમ જણાતું રહ્યું છે કે 'કુમાર'માં આવતી વસ્તુઓની કદર લખી મોકલવા કે ભૂલો વીણી બતાવવા માટે જ આ વિભાગ કેવળ જાણે કે હોય એવો તે ઉત્તરોત્તર બનતો ગયો છે અને દર મહિને મળતા ઢગલાબંધ પત્રો (જેમાંનો મોટો ભાગ છપાતો જ નથી) પરથી એમ પણ લાગ્યું છે કે ઘણાખરા તો માત્ર પોતાનું નામ છપાએલું જોવાની લાલચથી જ લખતા હોય છે.

આ ચતરાતા જતા વલણને અટકાવીને મૂળ હેતુ તરફ વાળવા માટે ફરીથી તારાંકિત પત્રો શરૂ કરીએ છીએ, જેમાં વિશિષ્ટ વિચારો તથા વસ્તુઓ, નવાં સંશોધનો, અભિનવ માહિતીઓ વગેરે ઉપરાંત કાવ્યકૃતિઓ, લઘુતમ કથાઓ, સ્કેચો, ફોટોગ્રાફ વગેરે સર્જનાત્મક સામગ્રી પણ રજૂ થશે. સાથેસાથે એ નિયમ તરફ પણ ધ્યાન ખેંચીએ છીએ કે આ વિભાગ માટે મળતા પત્રોના કશા જ સીધા ઉત્તરો આપવામાં કે તેને લગતી કોઈ પણ ચર્ચામાં ઊતરવામાં નહિ આવે; **ને જેની સાથે વળતું પોસ્ટેજ ચોડેલું પોતાના સરનામાવાળું કવર (છૂટી ટિકિટો નહિ) મોકલ્યું હશે તે જ સામગ્રી પાછી મોકલાશે.**

★ રથ / ગોળ

સ્વર્ણરજત રત્નોથી મઢાયો,
રવિતેજે ચળકંત સવાયો,
ધોરી ધીંગાથી ખેંચાદો,
હવે વળે યાત્રાને અંતે
અટૂલો, કુણુ છે એની સંગે?!
શું ખોઈ એ જાય રવડતો?!!
હતો મલપતો ગૌરવવંતો,
દેવપીઠ એ મહિમાવંતો;
હવે વ્હેલડી સાદી સરખો,
હીંડે હાર્યો હામ વગરનો
હીર હરાતાં ચિત ના હરતો;
વિનાજ્યોતિના ગુમ્મર જેવો,
થાળ ચાંદીનો અન્ન વિહોણો,
યાત્રારથ એવો આ હીણો.

★ દેહલી-દીપ હાયકુ
'હાતિમ'

દીપ બુઝાયે
કુબ્જા રાધા લાગે,
દીપ જલે જો!

★ તડકો અને હું
પ્રાણજીવન મહેતા
કટાવ-સવૈયા

ઊભો છું સૂરજ આડે,
તડકો મુજ ઊંબર આળોટે.
મારે શિર તડકાનું ટીલું,
તડકો મારો એકલ બિન્દુ.
તડકાની હું છાલક મારું,
તડકાથી હું આંખો ઠારું.
શમણું જેવું નામ તમારું,
તડકે પૂર્યાં સૂરજ બોલે.
ઘર-આંગણુ, ઊંબર ને ઓટો
તડકો થૈ ને ડોલે.
તડકો ઓઢું; મારે અંગે
ફૂટતી પાંખ.
તડકો મારી ત્રીજી આંખ.
સૂરજ કેરી છાયા ઓથે
લપાઈ બેઠી સપનલોકની
પરીઓને હું સઘળે ખોળું.
ખોળે ખોળે
સૂરજ માથે તડકો ઢોળું.

*ઉંબર પર મૂકેલો દીવો બંને ઓરડામાં અજવાળું આપે છે, તે રીતે અહીં વચ્ચેની સપ્તાક્ષરી ઉપર-નીચેની બંને કડી સાથે જોડાઈ શકે: 'દીપ બુઝાયે કુબ્જા રાધા લાગે' અને 'કુબ્જા રાધા લાગે—દીપ જલે જો.'

અહીં ઈરિંગા ડિસ્ટ્રિક્ટમાં મ્હેહે ભાષામાં બાર મહિનાનાં નામ:

મ્નાના-જાન્યુઆરી — મ્બાગ.સ. જુલાઈ
મ્બેન્ડા-ફેબ્રુઆરી — જીખોળોન્યાના-ઑગસ્ટ
મ્વાચુમ્યા-માર્ચ — બીખોલોલીંગીનાવ્યો-સપ્ટે.
મ્ડોગે-એપ્રિલ — મુહાનો-ઑક્ટોબર
મ્ખામાન્ચી-મે — મ્ઠાનાહુ-નવેમ્બર
મ્પુગુટો-જૂન — મ્કુગડી-ડિસેમ્બર

(ઈરિંગા) —માધવજી ડાભા

ઑક્ટો. અંકમાં પ્રકટ થયેલા મારા કાવ્યમાં ઘણી છાપ-ભૂલ થવા પામી છે.

પહેલા આંતરાની ત્રીજી પંક્તિમાં 'આંખો ખોલીને' ને બદલે 'આંખો મીચીને' છપાયું છે. છેલ્લા આંતરાની બીજી પંક્તિમાં 'આછો અર્જપ' ને બદલે 'પાછો અજપ' છપાયું છે!

(અમદાવાદ) —હરિકૃષ્ણ પાઠક

ડિસેમ્બર અંકમાં પૃ. ૪૬૪ ઉપર છપાએલ મારી રચના 'ફરિયાદ'માં નીચેના મુદ્રણદોષ છે: પહેલું કૉલમ છઠ્ઠી લીટી-'વફાદારી નહિ' ને બદલે 'વફાદાર નહિ' જોઈએ. બીજું કૉલમ

'કલારવિ' ટ્રસ્ટ તરફની
કલાપત્રિકા
પ્રકટ કરવાની યોજના અમલમાં આવ્યે તે માટે ઘટતું કરવામાં આવશે.

પાંચમી લીટી-'અહીં એમને મરવાની સજા' ને બદલે 'અહીં એમને મરવાની મના' જોઇએ. ત્રીજું કૉલમ અગિયારમી લીટી 'પ્રભુના ઘર જોઈ' ને બદલે 'પ્રભુનું ઘર જોઈ' જોઈએ.

(નડિયાદ) —ફતેહ બી. વૈદ્ય

કલાઅંક પાના ૪૭૧ ઉપર બીજો પૅરા, પહેલી લાઈનમાં 'બોટ' શબ્દ છે તેને બદલે 'બોર' જોઈએ.

(વડોદરા) —ચં. હી. પાઠક

ઑક્ટોબર અંકમાં 'રહી જશે' ગઝલમાં આટલી ભૂલો રહી ગઈ છે: ૧) રમેશ,પરીખ ને બદલે રમેશ પારેખ જોઈએ. ૨) ત્રીજા શે'રની બીજી પંક્તિ 'એનો છતાં ય મારા પર ઉપકાર રહી જશે' જોઈએ. ૩) ચોથા શે'રમાં 'વિહગ' ને બદલે 'વિહંગ' જોઈએ. ૪) છેલ્લા શે'રની પહેલી પંક્તિ 'તારી વિદાય જેમ સૂરજ આથમી જશે' જોઈએ.

(અમરેલી) —રમેશ પારેખ

અંક ૫૨૬માં છેલ્લા પાને આવેલી કહેવતોના ભાવની કહેવતો: 'લાડવાયાં લખલખે, ને ડોસાને બે બાઈડી જોઈએ'; 'મહાદેવજી મઠ ફાકે ને પૂજારીને પાકાં સીધાં'; 'દેવી દોહ્યલા દહાડા કાઢે ને પૂજારી પરચા માગે.'

(ઊમરેઠ) —મોતીલાલ વ્યાસ

સુધારો

'કલા-અંક'માં આપેલી તારંગાના શિલ્પની ચિત્ર તકતી પરના ફોટોગ્રાફનું કર્તૃત્વ શ્રી અચ્યુત ચિનુભાઈનું છે.

નવા વિવેચન સંગ્રહો

સાહિત્યના અભ્યાસીઓને માટે ખાસ ઉપયોગી

ન્હાનાલાલ

[દસ વિવેચનલેખો]

મનસુખલાલ ઝવેરી

કિં. રૂા. ૩-૫૦

•

ગોવર્ધનરામ

[છ વિવેચનલેખો]

મનસુખલાલ ઝવેરી

કિં. રૂા. ૨-૦૦

•

ન્હાનાલાલનો કાવ્યપ્રપાત

કવિવર ન્હાનાલાલનાં ભાવપ્રધાન લઘુકાવ્યોનું સૌન્દર્યાવલોકન

રમણ કોઠારી

કિં. રૂા. ૩-૦૦

બીજા વિવેચન ગ્રંથો માટે અમારું સૂચિપત્ર આજે જ મંગાવો

વોરા ઍન્ડ કંપની

પબ્લિશર્સ પ્રાઇવેટ લિમિટેડ

૩, રાઉન્ડ બિલ્ડિંગ, મુંબઈ ૨

અથાણું

પગલીનો પાડનાર

બાળાબહેન એમના બાબ ને લઈને ગાંધીની દુકાને ગયાં હતાં. મોટી ખરીદી કરેલી જોઈ ગાંધીએ એમને ખુશ કરવા બાબાને કહ્યું: 'બાબા, તારે સીંગદાણા ખાવા છે? લઈ લે આ બરણીમાંથી.' પણ બાબાએ ના પાડી. દુકાનદારે ખૂબ આગ્રહ કર્યો, બાળાબહેને પણ આગ્રહ કર્યો, પણ બાબો 'ના ને ના' જ કહ્યા કરતો. આખરે દુકાનદારે જાતે મૂઠી ભરીને સીંગદાણા બાબાના હાથમાં આપ્યા.

દુકાનમાંથી બહાર નીકળ્યા બાદ બાળાબહેને બાબાને પૂછ્યું: 'આ'ટલો બધો આગ્રહ કર્યો છતાં તેં સીંગદાણા કેમ લીધા નહિ?'

'મારી મૂઠી કરતાં દુકાનદારની મૂઠી મોટી હોય ને!' બાબાએ કહ્યું.

જેલરે જેલના એક કેદીને પૂછ્યું: 'તારે જેલમાં કેમ આવવું પડ્યું?'

'માત્ર ઇર્ષ્યાના લીધે, સાહેબ.' કેદીએ જવાબ આપ્યો.

'ઈર્ષ્યા? શાના માટે, ને કોના?'

'સરકારની સાહેબ. મેં સરકાર જેવી જ નોટો છાપવાનું શરૂ કર્યું એ એનાથી સહન ના થયું.'

જનસંઘના નેતા શ્રી જગન્નાથરાવ જોશીએ થોડા સમય પહેલાં પૂનામાં શનિવારવાડામાં ભાષણ કરતાં કહ્યું: 'વસંતરાવ નાયકે રાજ્યના વડા પ્રધાન બનતાં કહેલું કે અમે મહારાષ્ટ્ર રાજ્યમાં દ્રાક્ષનું વાવેતર એટલું કરીશું કે લોકોને દ્રાક્ષ ટામેટાના ભાવે મળશે.' અને પછી આગળ બોલતાં જગન્નાથરાવે કહ્યું: 'અને એમના કહેવા પ્રમાણે જ થયું. મહારાષ્ટ્રમાં ટામેટાંના ભાવ એટલા વધી ગયા છે કે ખરેખર દ્રાક્ષ ટામેટાના ભાવે જ મળે છે.'

'કેમ ભાઈ, કેમ આવવું થયું?'

'હમણાં જ એક માણસને મોટર નીચે કચડાઈ જતો જોયો એટલે જોવા આવ્યો હતો કે એ તમે તો...'

'કેવા કદનો માણસ હતો?'

'બરાબર તમારા જેવો ઠીંગણો અને...'

'સિલેટિયા રંગનો બુશશર્ટ પહેર્યો હતો?'

'હા.'

'સફેદ પૅન્ટ?'

'ના, પૅન્ટ ખાખી હતું.'

'તો, તો બીજો કોઈ હશે; હું તો હમેશાં સફેદ પૅન્ટ જ પહેરું છું.'

આપણા સૌના લાડીલા

શ્રી ચંદ્રવદન મહેતાની

પારિતોષકવિજેતા બે કૃતિઓ

રૂપ ગઠરિયાં રંગ ગઠરિયાં

પ્રત્યેકના રૂા. સાડા છ

નવાં પુસ્તકો

ગાંડીવનું નવું વિજ્ઞાન-સાહિત્ય

* વિજ્ઞાનના વીરો	૨-૦૦
* વિજ્ઞાનના જાદુગરો	૨-૦૦
* વિજ્ઞાનના સાધકો	૨-૦૦
* મોત સામે મોરચો	૨-૦૦
* અગિયાર ભૂરિયાનો ભેદ	૩-૦૦
* ધબકતી ધરા	૩-૫૦
* સર્જરીનો સાધક	૩-૫૦
* સૂર્યમંડળની યાત્રાએ ભા. ૧-૨	૯-૦૦
* વિજ્ઞાનની હરણફાળ	૪-૦૦
* વિજ્ઞાન વાર્તાવલી	૨-૭૫
* શોધ અને શોધક	૪-૦૦
* વિજ્ઞાનઘેલાઓની જીવન સુરખી	૫-૫૦
* અજાયબ આકાશી દળ	૨-૫૦
* વિજ્ઞાનીઓ: જેમણે શોધકોને ચીલા ચીંધ્યા ભા. ૧-૨	૩-૦૦
* આકાશપોથી	૨-૭૫

*

નવાં [illegible]

* તિબેટ હૈયું ખોલે છે	૪-૫૦
* નારી: વણજારનું ફૂલ	૧૦-૦૦
* લંબોદર શર્મા (છ પુસ્તકોનો સેટ)	૧૮-૦૦
* સ્વપ્નદ્રષ્ટા કેનેડી	૪-૦૦
* પ્રેરણાદાયિનીઓ	૩-૦૦

*

વિસ્તૃત સૂચીપત્ર મંગાવો

ગાંડીવ સાહિત્ય મંદિર

હવાડિયા ચકલા સુરત-૨

ટિકિટસંગ્રહ

આંતરરાષ્ટ્રીય માનવહક્કદિન નિમિત્તે આ વર્ષે પહેલી જાન્યુઆરીએ ભારતના તાર-ટપાલ ખાતાએ ૧૫ પૈસાની કિંમતની એક ખાસ ટિકિટ બહાર પાડી છે એમાં માનવ અધિકારની સૂચક સંજ્ઞા તથા મધ્યમાં પૃથ્વીના ગોળાની આસપાસ એકબીજાનો હાથ પકડી ઊભેલી માનવાકૃતિઓ છે. જમણી બાજુ છેડે આપેલી ટિકિટ ત્રીજી જાન્યુઆરીએ તમીળ ભાષાની બીજી આંતરરાષ્ટ્રીય પરિષદ અને પરિસંવાદ પ્રસંગની છે. એના પર 'દરેક દેશ મારો દેશ છે અને દરેક માણસ મારો સંબંધી છે' એ મતલબનું અંગ્રેજીમાં લખાણ છે. તમીળ ભાષાની જ પરિષદ અને એના પર તમીળ ભાષાને બદલે એનું અંગ્રેજી ભાષાંતર કરેલું વાક્ય મુકાયું એ બદલ એ પ્રદેશમાં મોટો ઉહાપોહ જાગ્યો તેથી ત્યાં આ ટિકિટનું વેચાણ બંધ રખાયું હતું.

જમણી બાજુ છેડે: સિલોનની ત્રણ ટિકિટો. એમાં ઉપરથી પહેલી ટિકિટ આંતરરાષ્ટ્રીય પ્રવાસવર્ષ નિમિત્તની છે. બીજી ટિકિટ કર્નલ હેન્રી સ્ટીલ ઑલકૉટની સાઠમી સંવત્સરી પ્રસંગની છે અને છેલ્લી ટિકિટ ગર્લ ગાઈડ્ઝ જ્યુબિલી નિમિત્તની છે. (પ્રેષક: પી. આર વર્મા-અમદાવાદ)











◖ શ્રી ઝવેરચંદ મેઘાણીની ૭૦મી જન્મ જયંતી ગયા ઑગસ્ટમાં ઉજવાઈ તે પ્રસંગે લોકમિલાપ કાર્યાલય (ભાવનગર) તરફથી યોજાએલી નબંધ હરીફાઇઓનું પરિણામ: પહેલું ઈનામ રૂ. ૪૦૦નું શ્રી રમેશભાઈ ર પટેલ (વલ્લભવિદ્યાનગર)ને, બીજું રૂ. ૨૦૦નું શ્રી પ્રાગજીભાઈ જે. ભાંભી (શામળ જી)ને, ત્રીજા ઈનામને પાત્ર કોઈ નથી, આશ્વાસન ઈનામ રૂ. ૫૦નું શ્રી દીપક મહેતા (ભાવનગર)ને મળે છે. ◖ 'શ્રી મેઘાણીના કોઈ પણ એક પુસ્તકનો રસાસ્વાદ' માટેની વિદ્યાર્થીઓ પૂરતી મર્યાદિત હરીફાઇમાં આવેલા કુલ ૫૬ નિબંધો પૈકીના જે વીસ ઉત્તમ જણાયા તેને રૂ. ૭નાં કિંમતનાં પુસ્તકો ભેટ અપાશે.



સ્વપ્નપ્રદેશ: આ અંકમાં જેમનો પરિચય આપ્યો છે એ અભિનવ કલાકાર ગગનેન્દ્રનાથ ઠાકુરની કલ્પનોત્થ કૃતિ. 'ક્યૂબિઝમ'ની ચિત્રશૈલીની દિશામાં તદ્દન આગવા પ્રયોગો કરીને આવાં ચિત્તસ્પર્શી ચિત્રોની એમણે એક અનોખી સૃષ્ટિ આલેખી હતી.




નગર-નિશા

પશ્ચિમની કળામાં વિકસેલી 'ક્યુબિઝમ'-ની શૈલીનો પ્રભાવ આપણે ત્યાં કદાચ ગગનબાબુએ જ સૌપ્રથમ ઝીલ્યો હતો ને એમાં ભૌમિતિક આકારો અને રંગના સામંજસ્ય દ્વારા પોતાની અનુભૂતિઓને વ્યક્ત કરવાના અનેક આગવા પ્રયોગો કરીને એમણે એક નવી જ સૃષ્ટિ ખડી કરેલી.

નીચે: રવીન્દ્રનાથ ઠાકુર

છબિચિત્રોની આલેખનામાં ગગનબાબુને એમના કાકા (અને રવીન્દ્રનાથના મોટા ભાઈ) જ્યોતિરીન્દ્રનાથની આલેખના પરથી પ્રેરણા મળેલી.





← પ્રતિમા-વિસર્જન

પ્રસંગ ને વાતાવરણની સચોટ રજૂઆત કરતું ગગનબાબુનું એક જલરંગ-ચિત્ર. ભારત કલાભવન–બનારસના સંગ્રહમાંથી,

(ફોટો · રતન પારિમૂ)

નહિ ફોરું, નહિ ધાર / રાજેન્દ્ર શાહ

· ગાન ·

ગળતી રાતનો નિંદરઘેરો વગડાનો અંધાર,
વરસે ચોગમ ઝાકળનાં જલ: નહિ ફોરું, નહિ ધાર.
ધારણુને જીવ પડખે જરી
હળવે હાડે પોઢું,
વાયરો ભીનો અડકે ને હુ
બેવડી કામળ ઓઢું;
નેણ ખોલ્યા વિણ, કેઃથી ઊંચી આવતી જોઉં જાર:
વરસે ચોગમ ઝાકળનાં જલ: નહિ ફોરું, નહિ ધાર.
ચોમેર લીલુંછમ ને ઉપર
ઊજળાં ધોળાં મોતી,
ઊઘડતે રહેર નીરખું, રાજી
સીમનાં તોતો તોતી;
ઊડતાં આ નહિ પંખી, હજાર સોણલે હરખનાર:
વરસે ચોગમ ઝાકળનાં જલ: નહિ ફોરું, નહિ ધાર.
આઘેરી એ કુંજની ભીતર
ગોબરલીંપ્યું ઘર,
કોઈ ત્યાં રૂડા મોલની જોતું રાહ
ત્યાં, ઠરે નજર;
પ્રાણનો મારો વેગ તે વહે પાવાને ટહુકાર:
વરસે ચોગમ ઝાકળનાં જલ: નહિ ફોરું, નહિ ધાર.

સૂડો / રમેશ પારેખ

· ગાન ·

ઝાડ લીલુંકુંજાર ઘટાટોપ ડાળીએ બેઠો કેમ રે સૂડો ભાળું?

આલ્લે, ઓલ્યું આભ ઝૂકીને ઢૂંકડું મૂકે કાન
કે કિયું પાંદડું બોલે!
આલ્લે, ઓલ્યો વાયરો ઊભો ખોઈ વાળીને એમ
કે ઝીલું ફેર જો બોલે;
પાનની આડશ ટૌકો લીલેવાન ઊગે એને ગીતની મશે રાળું.
ઝાડ લીલું કુંજાર૦

ઓય મા, લીલી બાંધણી કે આ સીમની ઊડે વાસ
લીલીછમ ઘેરતી મને!
લીલછોયો થઈ ટાકો હું વેરાઉં ને ભાળું હું જ
હવામાં લ્હેરતી મને!
હુંય તે મૂઈ, ક્યારથી છાનો, એય મારાથી બોલકો સૂડો પાળું?
ઝાડ લીલુંકુંજાર ઘટાટોપ ડાળીએ બેઠો કેમ રે સૂડો ભાળું?

ટહુકો / વ્રજલાલ દવે

· ગાન ·

કોઈ નોધારી અંધાર વાટે કે ટહુકો સામે મળે હો રાજ,
કોઈ નયણાના ઘનઘોર ઘાટે કે ટહુકો ટટળ્યા કરે હો રાજ.

ટહુકો આભે ભેંડારી દીધો કે બ્હાણલે વાતો રહ્યો હો રાજ,
ટહુકો ધૂળમાંહી ભારી દીધો કે ફૂલ થૈ ગાતો રહ્યો હો રાજ.

કોઈ કીકીની આડશે ઊભી કે ટહુકો અગંન જળે હો રાજ,
કોઈ નજરુંના બંધ 'ગ્યા છૂટી કે ટહુકો ગગન રળે હો રાજ.

સૌરાષ્ટ્ર શરદમાં / ઉશનસ્

· મુક્ત ·

ગ્રીષ્મે અહો મૃગજળોભરી ક્યારીઓ મહીં
ઊગી ગઈ સઘનલીલ દિગંતવિસ્તરી!
ભીની નીકોની નસ, પર્ણશી ક્ષેત્રશ્રી હરી!
કૉળેલ વાડતણી કંટકની કળીકળી!

દીર્ઘાન્તરે લઘુક નેસ સમાન, મેષનાં
યૂથો ન હોય વીખરાયલ એમ ગામડાં:
—બે બાજુએ સડકવેલ-લચેલ તુંબડાં—
ગાડાનું પેડું ભીંતટેકવ્યું શાન્ત ચિત્ર શું.

આવે જૂનાં સમરખંડિત કૈં ગઢો ગઢી,
કોઈ વળી ભગતખાખીની એકલી મઢી,
આઘેથી કાન હયની પડઘી જતી પડી,
સીમાપહાણ[1] મહીં ખાંભીની ભ્રાન્તિ યે ઘડી.

આ ઊંટનાં—અઘધ—ઊંટ ખૂતી ગયાં રણે!
જે તીવ્ર ભૂખ હતી તે સ્ફુટ થૈ ખૂંધે તૃણે![2]

ચિત્ર આ— / ગની દહીંવાળા

· ગઝલ ·

એવું દર્શન આપણી નાજુક સમસ્યાનું હતું;
જેવું ઘન ઘેરા ગગનમાં બીજરેખાનું હતું.

હાય નિષ્ફળતા! પવનમાં પ્રાણ પુરાયા નહિ,
શ્વાસ શું સાધન તમોને સાદ દેવાનું હતું.

સ્વસ્થતા આવી રહી છે એ ય દુ:ખ ઓછું નથી;
મુક્ત બેચેનીનો વૈભવ કોણ જોવાનું હતું?

ઉષ્ણ આ નિઃશ્વાસ પણ દુનિયાને રાસ આવી ગયા;
મારે મન, લીધેલ શ્વાસો કોણ લેવાનું હતું?

છે ખરી ફરિયાદ, પણ હૈયાના હોઠો પર નથી;
આંખને સોંપી દીધું જે કાંઈ કહેવાનું હતું.

એ હકીકત છે મને દુઃખ તેં નથી દીધું ખુદા!
વેદનામાં પણ અધર પર નામ બીજાનું હતું.

આપણા અસ્તિત્વને અન્યોએ શણગાર્યું 'ગની';
ચિત્ર આ પોતે જ પૂરી રંગ જોવાનું હતું.

---

૧. માઇલસ્ટોન. ૨. જાણે ઊંટની વણઝાર ચાલતાં ચાલતાં ખૂતી ગઈ હોય એવી ટેકરીઓ. ઉપમેય ટેકરીનું નિગરણ. ચોમાસા પછી ભોડી ટેકરીઓ પર ઊગી નીકળેલું ઘાસ, તે ઊંટની કારવાંની ઉગ્ર ભૂખ ફળી હોય તેમ, તેની ખૂંધ પરના વાળની માફક, ટેકરી ઉપર ઊગી નીકળ્યું છે.

સૂનું / સુકુન્દરાય વિ. પારાશર્ય

• ગાન •

સૂનાં રે ફળી સૂનાં ઓરડાં,
સૂની લીમડાની ડાળ,
સૂનાં પાનોથી છલકે વાયરે
આખા ફળિયાનો થાળ;
રાતે ચૂવે નભનાં નેણલાં!

સૂની ઓસરી સૂના ઓરડા,
સૂનાં જાળી ને ખાટ,
સૂની અધખોલી તૂટી ડેલીએ
ઊભું જુએ કો વાટ!
ઝબકે મિજાગરું વાયરે!

નહિ રે ઝાંઝર નહિ કો ઘૂઘરો
નહિ કો સંચરતું ગાય,
ઊડતી આવરુ આંગણે
કુંકુમપગલીની ઝાંય!
નયને લહરાતી ગળતી ચૂંદડી!

સૂના રે સંસારે સૂની રાતના
નહિ કો દીવડો દીપ,
સમદરતીરે રવડે રેતમાં
મોતી વિહોણી કો છીપ;
સૂનકારે એકલતા સામટી!

રે'તાં રે રે'તાં તે'દી સામટાં
આજે ઉજ્જડ આવાસ,
તો યે રે રઘવાયા મારા જીવને
વળગ્યો વિરહે સહવાસ;
રણના વંટોળે સૂનું પાંદડું.

પીળો બાજરો
જારની લીલી પ્રીત
ટોવે ચાડિયો.

*

પૃથ્વીનું ઈંડું
સૂર્ય સેવે આદિથી
પ્રસવ્યું કશું?

*

શેરી વળાંકે
પગલાની પાછળ
ઝરૂખો ઝૂકે

*

ચંપકલાલ પરીખ

૩૮ ('કુમાર' અંક ૫૩૦)

ખંડિત ગીત

ફાધર વાલેસ

માનવજીવનમાં જોખમ છે માટે જ એમાં 'રોમાન્સ' પણ છે. યુવાનો સાહસપ્રિય હોય છે, માટે તેઓ જીવન તરફ ઉત્કંઠાથી જુએ છે. પૂરી સલામતી હોય તો મઝા શાની આવે?

હિમાલય ઉપર ચડવામાં ભય છે, અને એ ભયમાં જ ગિરિરાજનું શાશ્વત આકર્ષણ છે. ચંદ્રલોકની અવકાશયાત્રા જોખમભરેલી છે, અને એ જોખમમાં જ તેની માર્મિક લાલચ પણ છે.

અવકાશયાત્રા કરતાં જીવનયાત્રામાં વધારે જોખમ છે. એમાં યે લક્ષ્ય ચૂકી શકાય છે. અને જીવનલક્ષ્ય ચૂકીએ તો મહાકૃપા. એ મળેલું માનવજીવન શા કામનું?

બીજમાં જીવન છે, પણ રસ્તા પર પડીને ફૂટ્યા વિના એ વાંઝિયું રહી શકે છે.

વાદળમાં પાણી છે, પણ તરસ્યાં ખેતરો પર તે વરસાવ્યા વિના એ હવામાં જ ઓગળી જઈ શકે છે.

માનવમાં નવનિર્માણ કરવાની શક્તિ છે, પણ દુનિયા પર પોતાની છાપ પાડ્યા વિના એ જે અંધારામાંથી આવ્યો એમાં પાછો જ એ વિલીન થઈ જઈ શકે છે.

વાંઝિયું બીજ... ઉજ્જડ વાદળ ... નિષ્ફળ માનવી.

ઉનાળાના દિવસોમાં આબુના પહાડ ઉપરથી બનાસ નદીનો માર્ગ જોઈને કેવી દયા આવે છે! એક ટીપું ય પાણી નથી! તે સમુદ્રને ભેટવા મહાયાત્રાએ ઊપડી હતી, પણ વચમાં રણ આવતાં તેની રેતીમાં એ ઝૂરી ઝૂરીને સુકાઈ ગઈ છે. નદી જેવી નદી સુકાય છે... માણસ જેવો માણસ પણ એમ સંસારની ધગધગતી રેતીમાં ક્ષીણ થાય છે અને પોતાના જીવનધ્યેયના મહાસાગર સુધી પહોંચ્યા વિના મરી જાય છે.

શૂબર્ટ પોતાના જમાનામાં યુરોપના સૌથી લોકપ્રિય સંગીતકાર હતા. એમણે વાદ્યસંગીતની એક અદ્ભુત રચના હાથ ધરી હતી. તેના ત્રણ ભાગ કરવાના હતા અને એમાં માનવજીવનની આશાનિરાશાઓનું આબેહૂબ પ્રતિબિંબ ઝીલવાનું હતું. પહેલા ભાગમાં જીવન ને પરોઢિયે યુવાન માણસનો મેદાને પડતાં તોફાની ઉન્માદ; બીજામાં લડાઈના સામસામા સૂર; અને ત્રીજામાં જીવન ઉપરના માણસના વિજયનો હર્ષનાદ. પણ ફક્ત પહેલા બે ભાગ પૂરા થયા ત્યાં શૂબર્ટનું અકાળ મૃત્યુ થયું, એટલે એમનું એ મહાકાર્ય અધૂરું જ રહ્યું. યુદ્ધની ગર્જના આવી પણ જીતનો જયકાર ન આવી શક્યો.

એ રચના પૂરી કરવા અનેક સંગીતકારોને હાથે પ્રયાસો થયા પણ બધા નિષ્ફળ ગયા. આજે પણ જ્યારેજ્યારે એ 'ખંડિત ગીત' શાસ્ત્રીય સંગીતની મહેફિલોમાં સંભળાવવામાં આવે છે ત્યારે શરૂઆતના ઉલ્લાસ પછી સૂર અર્ધેથી બંધ થતાં કરુણ વાતાવરણ સર્જાય છે. જાણે વિધિનો સંકેત ન હોય, કે ઘણાખરા માણસોનું જીવનકાર્ય સાવ અધૂરું રહે છે, માટે માનવજીવનનું પ્રતિબિંબ ઝીલતું ગીત પણ અપૂર્ણ જ શોભે. તમે તમારા ગીતને—જીવનગીતને—અધૂરું રહેવા દેશો શું?

જીવનમાં નિષ્ફળતા મળી શકે એ ખયાલથી તમારો ઉત્સાહ હેઠો બેસવો ન જોઈએ, ઊલટો ઊંચો આવવો જોઈએ. કામ અધરું છે એ જણાતાં કામની વૃત્તિ વધવી જોઈએ.

જે વિદ્યાર્થી એમ માને કે પરીક્ષામાં આપોઆપ પાસ થવાશે એ ઘણા ઉજાગરા કરશે નહિ. પણ જે વિદ્યાર્થી જાણે છે કે આ પરીક્ષાનું પરિણામ ચાળીસ જ ટકા આવે છે તે એ ચાળીસ ટકામાં આવવા મહિનાઓ સુધી મહેનત કરશે.

જીવનપરીક્ષાનું પરિણામ કેટલું આવે છે એની સત્તાવાર જાહેરાત કોઈ થતી નથી. પણ એક વાત તો ચોક્કસ કે એ સો ટકા તો નથી; અને તેથી જ જીવનસાધનાની પાછળ મહેનત કરવાની આવશ્યકતા છે.

દુનિયામાં કોઈ પણ સારી વસ્તુ મફત

મળતી નથી, કોઈ પણ સિદ્ધિ આપોઆપ હાથમાં આવતી નથી, એનો અનુભવ તમને છે જ. ડિગ્રી જોઈતી હોય તો વર્ષો સુધી ભણવું પડે છે; પૈસા જોઈતા હોય તો નોકરી શોધવી પડે છે; ઈનામ જોઈતું હોય તો મહાવરો કરવો પડે છે. તો જીવનની સાર્થકતાનું પરમ ઈનામ કંઈ એમ્હું જ મફત આવી જવાનું છે?

લોકો જોખમ જુએ ત્યાં સલામતીનાં પગલાં ભરે. ચોરનો ભય હોય ત્યાં તાળું મારે. એક ધંધામાં મંદી હોય તો બીજામાં મૂડી રોકે. અકસ્માતનો સંભવ હોય ત્યાં વીમો ઉતરાવે. એમાં ડહાપણ છે, હોશિયારી છે. તો હવે તમારી આગળ આજે સૌથી ભારે જોખમ ઊભું છે એનાથી રક્ષણ મેળવવા શું કરશો? જોખમ તો છે માનવ તરીકે તમારું જીવન નિષ્ફળ જવાનું તમારું જીવનધ્યેય ચૂકી જવાનું તમારો મનુષ્યાવતાર એળે જવાનું એની સામે ઉત્તમ રક્ષણ તો જાગૃતિ છે.

તમારું માનવજીવન સિદ્ધ કરવામાં મુખ્ય જવાબદારી તમને અપાએલી છે એ જો તમારા મનમાં વસી જશે તો એ જવાબદારી અદા કરવા તમારું મન સક્રિય થશે, મહેનત કરાવશે ને સફળતા લાવશે. પ્રમુખ કેનેડી આગળ એમને ઘેરી રહેનાર જાનનાં તેમ જ રાજકીય જોખમોનું વર્ણન કરવામાં આવતું ત્યારે તેઓ કહેતા : 'મારી સામે ખરું જોખમ તો એક જ છે, અને એ કે માનવી તરીકે હું મારી ફરજ ચૂકું.' એવી પ્રતીતિ જ્યારે તમને પણ થશે ત્યારે તમારી ખરી સાધના પણ શરૂ થશે.

માનવજીવનની કદર એ તેના સદુપયોગની પહેલી શરત છે. માનવદેહની અમૂલ્ય તકનું ભાન એ તેનો યોગ્ય લાભ લેવાની આવશ્યક તૈયારી છે.

જે વસ્તુની કિંમત સમજાઈ ન હોય તેનું રક્ષણ કરવાની વૃત્તિ કેમ થાય?

તમારાં કામો અનેક હશે, તમારી ફરજો વિવિધ રહેશે, તમારી પ્રવૃત્તિઓ જાતજાતની થશે. પણ એ બધાં તો આવે ને જાય. આખરે રહે છે માણસતરીકે દુનિયાની, અને દુનિયાના સ્વામીની આગળ તમારી જવાબદારી. એને જ નજર સામે રાખીને તમારા જીવનની સફળતાનું માપ આંકવાનું છે.

માર્ચમાં નાપાસ થયા હશો તો ઑક્ટોબરમાં પાસ થવાશે. એક નોકરી ગઈ તો બીજી મળશે. બધી નાનીમોટી ચિંતાઓ આવશે ને જશે. પણ પેલો મહામોટો પ્રશ્ન કાયમ ઊભો રહેશે.

શિયાળામાં ડાળીઓ પરનાં તમામ પાંદડાં ખરી પડવાથી ફક્ત વૃક્ષનું થડ વચ્ચે ઊભું રહે છે. એ રીતે જીવનની વસંતમાં અગત્યના ને આકર્ષક લાગતા અને પોતાના રંગ ને છાયાથી જીવનનું મૂળ સ્વરૂપ ઢાંકી દેતા પાંદડારૂપી વિવિધ પ્રશ્નો ને ચિંતાઓ વાસ્તવિકતાના ઠંડા પવનથી સુકાઈ ને નીચે પડશે ત્યારે માણસ તે માણસ જ તરીકે, વિદ્યાર્થી કે વેપારી કે નોકર ને કે રાજપુરુષ મટીને કેવળ માણસ તરીકે દુનિયાની આગળ ઊભો રહેશે.

એ બીજી બધી ભૂમિકાઓ તમારે ભજવવાની તો છે જ માટે એ કુશળતાપૂર્વક ભજવતા જાઓ; એ બધાં કામો ને જવાબદારીઓ એક પછી એક સફળતાપૂર્વક પાર પાડતા જાઓ; પરંતુ એ નાનાવિધ પ્રવૃત્તિઓથી તમારી જિંદગીનું મુખ્ય કામ વિસારે ન પડે એટલો ખયાલ રાખો.

ટાગોરની એ સુંદર ને તીવ્ર ભાવના હતી. પોતાના જીવનકાર્યનું એમને સ્પષ્ટ ભાન હતું. પોતાનાં ગીત દ્વારા આખી દુનિયાને પ્રેમ, એકતા ને આધ્યાત્મિકતાનો સંદેશ પહોંચાડવાની જવાબદારી એમણે હર્ષથી ઉપાડી હતી; પણ સાથેસાથે એમના પોતાનો એ આદર્શ સંપૂર્ણરીતે અમલમાં હજી મૂકી ન શકાયાનું દુઃખ સંવેદનશીલ હૃદયમાં રહ્યા કરતું. પોતાનું જીવનકાર્ય, પોતાનું આત્મધ્યેય, પોતાનું 'ગીત' અધૂરું રહેલું જોઈને એમણે એક અમર કાવ્યમાં પોતાની હૃદયવેદના ઠાલવી : 'હું જે ગીત ગાવા આવ્યો હતો તે મારું ગીત તો હજી ગાવાનું રહી ગયું છે! મારો ઘણો સમય તો મારા વાજિંત્રના તાર મેળવવામાં જ ચાલ્યો ગયો. હજી ગીતની એ પળ મને આવી મળી નથી. હજી એ શબ્દો હૈયામાં ઊગ્યા નથી. માત્ર હૃદયમાં ઊંડું ઊંડું દર્દ છે;—પણ તે ન ગવાએલા ગીતનું!'

આખરે ટાગોરનું ગીત પૂરું ગવાયું, ને દુનિયાના દૂરના ખૂણાઓ સુધી તેના સ્વરનાં સ્પંદનો પ્રસર્યાં. પણ એમનો પ્રશ્ન દરેક માનવીનો પ્રશ્ન છે, તમારો પ્રશ્ન પણ છે.

તમે પણ એક અલગ, અનુપમ, અનન્ય ગીત ગાવા સર્જાયેલા છો. એ તમે જ ગાઈ શકો, બીજું કોઈ નહિ. એ જો નહિ ગાશો તો વિશ્વસંગીતના એ સૂર ખાલી જશે, બ્રહ્માંડના મેઘધનુના એ રંગો ભૂંસાઈ જશે, માનવતાની સૌંદર્યમૂર્તિનાં એ અંગો કપાઈ જશે.

તમે પણ સમાજમાં તમારું આગવું, વિશિષ્ટ અનોખું કામ કરવા સર્જાએલા છો. એ તમારું જ કામ છે, ને બીજા કોઈ ને હાથે થઈ ન શકે. એ જો તમે ન કરો, એટલી તમારી જવાબદારી જો તમે નહિ ઉઠાવો, તો સંસાર-ઉપવનનાં તેટલાં ફૂલ કરમાઈ જશે, તેટલાં પંખીના સ્વર બંધ થશે, સંસ્કૃતિસૂર્યનાં તેટલાં કિરણો સંકેલાઈ જશે.

તમારા હાથમાં વીણા મૂકી છે, તમારી આંગળીઓ તેના તારનો સ્પર્શ કરવા તરવરે છે, તમારો કંઠ તમારા જીવનગીતના સ્વર છેડવા તલસે છે. તમારા સંસ્કારો ને મિજાજ તેજ હોય તો દીપક રાગ ઘૂંટીને દુનિયામાં ધર્મનો અગ્નિ પ્રકટાવો; તમારો સ્વભાવ શાંત ને સૌમ્ય હોય તો મલ્હાર લલકારીને માનવહૃદયને ટાઢક પહોંચાડો. પણ તમારું ગાન ગાઓ. મૂગા મૂગા ચાલ્યા ન જાઓ. તાર મેળવતાં મેળવતાં આખી મહેફિલમાં, આખી જિંદગીમાં, બેસી ન રહો. જે ગીત ગાવા આવ્યા છો; જે ગીતમાં તમારી અભિવ્યક્તિ છે, તમારો જીવનસંદેશ છે, તમારી માનવસાધના છે, એ નિર્ભયપણે દુનિયાની આગળ ગાઓ. પૂરું ગાઓ. અખંડ ગાઓ. એ ગાતાં ગાતાં તમે કૃતાર્થ થશો, દુનિયાને આભારવશ બનાવી શકશો, અને દુનિયાના સ્વામીના ઉપકારનો બદલો વાળીને જશો.

સંગીતમાં—ઉરમાંથી ઉદ્ભવેલા મધુર જીવનસંગીતમાં એ દિવ્ય શક્તિ છે.

અભિજાત જીવનરીતિની અનેક દિશાઓમાં આગવા અગ્રગામી અને પ્રયોગશીલ કલાકાર



(જમણી બાજુ) ચિત્રોમાં પોતાની સહી તરીકે ગગનબાબુ જે સંજ્ઞા મૂકતા હતા તે



આ સદીના આરંભમાં પશ્ચિમના કલાપ્રભાવથી મુક્ત એવી એક કલાશૈલીનો જન્મ થયો. ખાસ કરીને બંગાળમાં એનો વિકાસ થયો હોઈ એ શૈલી બંગાળી શૈલી તરીકે ઓળખાવા લાગી. શુદ્ધ ભારતીયતાના વિકસતા જતા ગૌરવના એ કાળમાં આ કલા વિકાસના પ્રવાહોને બહુ ઉમળકાથી આવકાર મળ્યો. અને ખરેખર, ભારતની કલાજાગૃતિનો એ નવનિર્માણકાળ જ હતો. કલકત્તાના વિખ્યાત જોરાસાંકોના ઠાકુર કુટુંબનો એમાં ઘણો મોટો હિસ્સો હતો. અવનીન્દ્રનાથ ઠાકુર જેવા એના આધારસ્તંભ હતા. તેઓ પોતે તેમજ તેમની સાથે સંકળાએલા સૌ પ્રતિભાશાળી કલાકારો હતા. આ ચિત્રશૈલીમાં અમુક પૂર્વકાલીન ચિત્રવિષયોનું વધુ ચોકસાઈભર્યું પુનર્નિર્માણ સવિશેષ દેખાતું. વર્તમાન સમસ્યાઓને પડછે પુનર્જાગૃતિની પ્રેરણા અર્થે એમાં ભૂતકાલીન ભવ્યતાનું નિરૂપણ વ્યક્ત થતું હતું. પણ આ બધાની વચ્ચે તદ્દન આગવી રીતે પોતાનો કલાવિકાસ સાધનાર ઠાકુરના કુટુંબના જ એક નબીરાનું નામ આજ સુધી કંઈક ખયાલ બહાર રહી ગયું જણાય છે. અવનીન્દ્રનાથ ઠાકુરના મોટા ભાઈ અને કવિવર રવીન્દ્રનાથ ઠાકુરના ભત્રીજા એ ગગનેન્દ્રનાથ ઠાકુરની વિશિષ્ટ કલા, તે એમની અનેકમુખી પ્રતિભાનું એક ઝળકતું પાસું હતું. એ મેધાવી ગગનેન્દ્રનાથની જન્મશતાબ્દી હમણાં જ આવી ગઈ.

રવીન્દ્રનાથના પિતરાઈ ગુણેન્દ્રનાથ ઠાકુરના એ સૌથી મોટા પુત્ર. ગુણેન્દ્રનાથ પણ કળાના—ખાસ કરીને નાટ્યકળાના એક અગ્રગણ્ય પુરસ્કારક હતા. રવીન્દ્રનાથે પોતાની 'જીવનસ્મૃતિ'માં એમના વિષે લખ્યુ છે: 'સંબંધીઓ, મિત્રો, અતિથિઓ કે આશ્રિતો, સૌ પ્રત્યે એમનું વિશાળ માયાળુ હૃદય એકસરખું દ્રવતું હતું. જોરાસાંકોના દક્ષિણકક્ષના એમના વરંડામાં, બગીચામાં ફુવારા નજીક કે પછી તળાવની પાળે, એમનાથી પ્રભાવિત બનેલા માણસોની વચ્ચે સાક્ષાત્ આતિથ્યની મૂર્તિસમા તેઓ બિરાજતા. કલા અને કૌશલની એમની કદરદાની એમના કુતૂહલને સદા જાગૃત રાખતી. ઉત્સવ કે ટીખળનો કોઈ પણ નવો વિચાર તેઓ તુરત જ ઝડપી લેતા અને એમની સહાયથી એ ખયાલ ફળીભૂત બની જતો. બપોરના ભોજન પછી ગુણેન્દ્ર ઘરના અમારી તરફના ભાગમાં જાગીરની કારોબારીના દફતરમાં આવતા. વડીલોના દફતરમાં પણ એક મંડળ જામતું. ધંધાકીય બાબતો ઊકલવા ઉપરાંત ત્યાં ચર્ચાઓ ને ટીખળોની છોળ પણ મુક્તપણે ઊડતી રહેતી.'

કવિવરના પુત્ર રથીન્દ્રનાથે પણ પોતાના પિતરાઈ ભાઈઓ વિષે લખ્યું છે: 'ત્યાં એમના દક્ષિણાભિમુખ વરંડામાં ત્રણે ભાઈઓ—ગગનેન્દ્ર, સમરેન્દ્ર અને અવનીન્દ્રની બેઠકો હતી ત્યાં બેસી તેઓ ચિત્રો આલેખતા, દફતરનો કારોબાર ચલાવતા કે મુલાકાતીઓનું સ્વાગત કરતા. અદ્દલ પૌરસ્ત્ય વાતાવરણમાં એમનો એ દરબાર જામતો.' આ બંને વર્ણનો પરથી ખયાલ આવી શકે છે કે ગગનેન્દ્રનાથનો ઉછેર કેવા વાતાવરણમાં થયો હશે.

ઈ. ૧૮૬૭માં એમનો જન્મ. ઠાકુર ઘરાણાના રાજવી વાતાવરણ વચ્ચે સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં થોડો કાળ એમનો અભ્યાસ થયો, એ સિવાય શાળામાં એમણે ભણતર કરેલું જ નહિ. અને શાળામાં પણ એમણે ચિત્રકામમાં જે કંઈક રસ દર્શાવ્યો એથી યે ઓછો રસ અન્ય શિક્ષણમાં લીધો. કવિવરને જેમ માતાના અવસાનને કારણે તેમ ગગનબાબુને પિતાના અવસાનને લીધે શાળાભ્યાસ પડતો મૂકવો પડ્યો. એમની ૧૪ વર્ષની વયે ગુણેન્દ્રનાથનું અકાળ અવસાન થતાં જોરાસાંકોના નાના ઠાકુર ભાઈઓના વડીલ તરીકેની એક ગર્ભિત જવાબદારી એમના પર આવી પડી. એમનાં વિધવા માતાએ બહુ ગંભીરતાપૂર્વક એમને એ માટે તૈયાર કર્યા. માતા બધી દૃષ્ટિએ વિચક્ષણ હતાં—ખૂબ સંયમી અને ભલાં, તથા ચતુર અને વ્યવહારડાહ્યાં. એમની જ પરવરિશમાં ગગનેન્દ્ર સુંદરરીતે જીવવાની કળા શીખ્યા, અને ઈ. ૧૮૯૬માં કૌટુંબિક મિલકતની વહેંચણી થયા બાદ એમને માથે જવાબદારીઓ આવી પડી ત્યારે દ્વારકાનાથ ઠાકુરના ખાનદાનને છાજે એવા ગૌરવથી એમણે એ અદા કરી. મિત્રો અને મહેમાનોના સ્વાગતાર્થે દ્વારકાનાથ ઠાકુરે બનાવડાવેલા ભવ્ય બાહ્યખંડમાં એમની બેઠક રહેતી. પોતાના આનંદમાં સાગીદાર થવા કે પોતાને સહાય કરવા આસપાસ માણસો વીંટળાએલા જ રહે એવો એક ગરવો ભાવ એમનામાં પણ હતો, અને માત્ર માણસો જ નહિ પણ સાથોસાથ કાર્યશીલતા પણ એમની આસપાસ સદા જાગતી રહે એમ પણ તેઓ ઇચ્છતા.

ગગનેન્દ્રબાબુએ જ્યારે આમ ગાદી સંભાળી ત્યારે એમના સૌથી નાના ભાઈ અવનીન્દ્રનાથ તો કલાકાર બનવાને પંથે ચડી ચૂક્યા હતા. ભારતીય કલાના નવનિર્માણ અર્થે કલકત્તા કળાશાળાના અંગ્રેજ આચાર્ય હૅવેલે એમની પ્રતિભા પારખી લીધી હતી. ગગનેન્દ્રનાથને કુટુંબના વડીલ તરીકે જાગીરના વહીવટ અને અન્ય સામાજિક કાર્યો-

ગગનેન્દ્રનાથ ઠાકુર



ગગનેન્દ્રનાથે પોતે કરેલી પોતાની એક લાક્ષણિક છાયાછબિ

માંથી સમય મળવો પણ મુશ્કેલ હોવાથી એમણે તો વર્ષો પછી પીછી હાથમાં લીધી હતી, પણ અવનીબાબુને પ્રેરણા આપવાનું કે એમને માટે નવી તકો ઊભી કરવાનું એ કદી ચૂકતા નહિ. કલામાં એમનો પોતાનો રસ, એ સમયે તો, પ્રત્યેક વસ્તુ સ્વદેશી જ હોવાનાં એમનાં ઘેલાંને કારણે મર્યાદિત જ હતી. સદીના આરંભમાં તેઓ પણ બંગાળની સ્વાયત્તતાની હિમાયતમાં ખેંચાએલા. એક તરફ ત્યાંની ઉગ્ર 'અનુશીલન' પાર્ટીની ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં એમની ઊંડી સહાય રહેતી, ત્યારે બીજી તરફ એટલી જ સ્વસ્થતાથી દ્વારકાનાથ ઠાકુરના કાળમાં ભારેખમ રાચરચીલાંને સ્થાને નવી પૌરસ્ત્ય ઢબની સજાવટ માટે અવનીન્દ્રનાથ સાથે નવીનવી આકૃતિઓ વિચારવામાં કલાકો સુધી એ બેસતા. બંગ ભાષા અને સાહિત્યની સેવા માટે દિનેશચન્દ્ર સેનને એમણે કરવા માંડેલી આર્થિક સહાય, તેમજ સ્થાનિક વણાટકામના પુનરુદ્ધારમાં આપવા માંડેલા ટેકાનો બોજ પણ એટલો વધવા માંડેલો કે અવનીબાબુ સાથે એમણે શરૂ કરેલા 'કલાસંગ્રહ' પર પણ એથી અસર પડવા લાગી હતી. આ ઉપરાંત, ફોટોગ્રાફી, નાટ્યદિગ્દર્શન અને ગ્રંથવાચનનો પણ એ ત્રણે ભાઈઓમાં ભારે ઊંડો રસ જાગેલો. આગળ જતાં ગગનેન્દ્રબાબુએ જ્યારે પીછી ઉપાડી ત્યારે એમનાં ચિત્રોમાં દેખાતી છાયાપ્રકાશની અટપટી રચનાઓની રમત એમને કદાચ ફોટોગ્રાફીના એ પ્રયોગો દરમિયાન કૅમેરાની આંખે જોવા મળી હશે. નાટ્યપ્રવૃત્તિનો એમનો શોખ પિતાના એ તરફના અદમ્ય આકર્ષણમાંથી, અને કંઈક અંશે ઠાકુર કુટુંબના વાતાવરણમાંથી જ પોષાયો હશે. ગગનેન્દ્રનાથે તખ્તાલાયક અનેક મૌલિક દૃશ્યરચનાઓ કરેલી અને રવીન્દ્રનાથે એમની એ પ્રતિભાને પારખી લઈ એમને એ માટે પૂરતી તક આપેલી. રવીન્દ્રનાથના શબ્દોમાં 'ગગનેન્દ્રનાથ જન્મજાત અદાકાર પણ હતા. કુટુંબમાં ભજવાતા કોઈ પણ નવા નાટકમાં એમનો પાઠ પણ રહેતો જ.' અને બહુધા એમને ભાગે રાજાનો પાઠ આવતો, જેને તેઓ સંપૂર્ણ સ્વાભાવિકતાથી અદા કરી શકતા. ભારતીય અને પશ્ચિમના સાહિત્યના પણ તેઓ ગજબના વાચક હતા. પોતાનો ખાસ વિશાળ ગ્રંથસંગ્રહ એમણે એકઠો કરેલો.

રૉથેન્સ્ટાઈન, ઝેટલૅન્ડ, ભગિની નિવેદિતા, જસ્ટિસ વૂડરૉફ, બ્લાઉન્ટ, ઝલર, લૉર્ડ કાર્માઇકેલ, કાઉન્ટ કોઈસરલિંગ, ગૉલોબેવ, એન્ડ્રી કાપૅલ્સ, સિલ્વાં લેવી, આના પાવલોવા, આનંદ કુમારસ્વામી અને કાઉન્ટ ઓકાકુરા જેવી જગનામી વ્યક્તિઓ પર પણ ગગનેન્દ્રનાથની એક ઉમદા છાપ પડી હતી. આટલાં આ નામો પરથી પણ અંદાજી શકાશે કે એમના રસ અને સંબંધો કેટલા વિવિધ અને વિસ્તૃત હતા.

પણ ગગનેન્દ્રનાથમાં છુપાએલી કલાશક્તિને બહાર આણનારું તત્ત્વ ક્યું હશે એ નિશ્ચિતપણે કહી શકાય એમ નથી. પશ્ચિમના પ્રભાવ સામે ભારતીય કળાને આગળ આણવા માટેની ભગિની નિવેદિતાની પ્રભાવશાળી વકાલત અને ઓકાકુરાની કલકત્તાની મુલાકાતે એના બીજને કદાચ પ્રથમ જળછંટકાવ કર્યો હશે. એ પછી કાઉન્ટ ઓકાકુરાએ ટાઈકાન અને હિશિડા નામના બે કલાકારો ભારત મોકલ્યા. એમના આવ્યા પછી તો જોરાસાંકો જાણે હિંદી કલાનું મંદિર બની રહ્યું. અવનીન્દ્રનાથના નેતૃત્વ સાથેની એ કલાપ્રવૃત્તિને શ્રી અરવિંદે 'હિંદી કળાના નવોત્થાનના પ્રારંભ' તરીકે બિરદાવી છે. ગગનેન્દ્રે પણ હવે ચિત્રો કરવા માંડયાં. કેટલા પ્રમાણમાં અને કેટલી ઊંડી એમણે એ પ્રવૃત્તિને ઝીલી એનો ખયાલ રવીન્દ્રનાથની 'જીવનસ્મૃતિ' માટે ઈ. ૧૯૧૨માં એમણે કરેલાં ચિત્રો પરથી આવી શકે છે.

આમ તો છેક ઈ. ૧૯૦૫થી તેઓ અવારનવાર આલેખનો કે દૃશ્યચિત્રો કરતા રહેલા. એમનાં એ દૃશ્યચિત્રોમાં જાપાની કળાની છાપ છે, તો તસવીરાલેખનોમાં રવીન્દ્રનાથના મોટા ભાઈ જ્યોતિરીન્દ્રનાથની અસર વરતાય છે. તેઓનું એ કામ તો ખુદ રૉથેન્સ્ટાઈન જેટલી ઉચ્ચ કક્ષાનું હતું. એમની કરેલી આરંભની તસવીરોનો પણ રસિક ઇતિહાસ છે. ઈ. ૧૯૦૬–'૭ દરમિયાન એમને કેટલીકવાર અદાલતોમાં જવાનું થતું. ત્યાં અન્ય કાયદાબાજી ચાલે એ દરમિયાન અવકાશના



ગગનેન્દ્રનાથ (દ્વારકાનાથ ચૅટરજીના સંગ્રહમાંથી – ફોટો : રતન પારિમૂ).



ગગનબાબુ પોતાના અભ્યાસખંડમાં



સમયમાં તેઓ ઉપસ્થિત ન્યાયાધીશ, વકીલો, સાક્ષીઓ કે આરોપીઓનાં આલેખનો કરતા. આમાં ક્યારેક રમૂજી ચિત્રો પણ આલેખાતાં. આ રીતે એમનામાંનો કલાકાર અને વ્યંગચિત્રકાર એકસાથે સમાંતર વિકાસ કરી રહ્યા હતા. આ જ અરસામાં–૧૯૦૭માં 'ઇંડિયન સોસાએટી ઑાવ ઓરીએન્ટલ આર્ટ્સ'ની સ્થાપના થઈ. ગગનેન્દ્ર એના એક સક્રિય અંગ બની રહ્યા. એમના વ્યક્તિત્વની માધુરી અને કોઈ પણ માધ્યમ કે આકારની અસલિયતને પારખી કાઢવાની એમની સૂઝને કારણે કલકત્તામાં એ સોસાએટી દર વર્ષે જે કલાપ્રદર્શનો યોજતી તેમાં સર્વ કક્ષાના લોકોને આકર્ષણ રહેતું.

બીજી બાજુ એમને માત્ર ચિત્રકામથી જ સંતોષ થાય એમ નહોતું. અવનીન્દ્રનાથ સાથે મળીને તેમણે પોતાના ઘરનું બધું જ રાચરચીલું નવેસરથી સર્જેલું અને એમાંથી એમને નાટકના તખ્તાની દૃશ્યરચનાઓ અને ગૃહસજાવટમાં રસ જાગ્યો. જોરાસાંકોનો ચટાઈ મઢેલી દીવાલોવાળો દીવાનખંડ, આરામપ્રદ બેઠકો, પ્રકાશની તીવ્રતાને મુલાયમ બનાવતા પિત્તળના અવનવા દીવા ઉપરાંત ઘરમાં અહીંતહીં સ્થાનિક કલાકૌશલની નાનાવિધ રૂપકડી ચીજોની ગોઠવણી અને કળાના કોઈ ઉમદા નમૂના માટેના સ્થાનની સજાવટ સાથેની રજૂઆત વગેરે એમની કલ્પનાનું જ સર્જન છે. બંગાળની કલાકારીગરી–ખાસ કરીને મુર્શિદાબાદના રેશમઉદ્યોગની પુનર્જાગૃતિ પ્રત્યેની એમની અગ્રગામી તમન્ના પણ એટલી જ નોંધપાત્ર છે. બંગાળના ગૃહઉદ્યોગને સરકારી મદદ અપાવવામાં પણ એમણે મુખ્ય ભાગ ભજવ્યો હતો, અને એમના એવા પ્રયત્નોના ફલસ્વરૂપે આગળ જતાં બંગાળની કલાકારીગરીએ જે પ્રગતિ સાધી એની અસર દેશના અન્ય પ્રદેશો ઉપર પણ પડી.

ગગનેન્દ્ર અને અવનીન્દ્રનો એક બીજો શૉખ લીથોગ્રાફી મુદ્રણનો પણ હતો. જોરાસાંકોમાં એમણે સર્જેલી કેટલીક લીથોકૃતિઓ તો આજે સંગ્રહની વિરલ ચીજો બની ગઈ છે. રવીન્દ્રનાથે સ્થાપેલા 'વિચિત્રા' મંડળમાં હાસ્ય અને કટાક્ષ રજૂ કરવા ગગનેન્દ્રનાથે વ્યંગચિત્રો કરવા માંડ્યાં, જેમાંનાં થોડાંક અખબારો ને સામયિકોમાં પ્રકટ થયાં અને એ ક્ષેત્રે એમનું નામ ખ્યાત બની ગયું. એમનાં કટાક્ષચિત્રોની માગ પણ એવી વધી કે 'વિચિત્રા' માટે એક ઘરઘરાઉ લીથો પ્રેસ ખરીદાયું અને છપાઈ માટે એક પ્રિન્ટરને પણ રોકવામાં આવ્યો. સવારે ગગનેન્દ્રનાથ એકાદ કટાક્ષચિત્ર બનાવે અને એ જ દિવસે સાંજે લીથોછાપની એની નકલો તૈયાર થઈ જાય. આ રીતે એમનાં એવાં ચિત્રોના બે ગ્રંથ 'વિરૂપ બજાર' અને 'અદ્ભુત લોક' નામે પ્રકટ થએલા. પાછળથી





ગગનબાબુના અનેકવિધ શૉખમાં એક હતો નવા પોશાકો રચવાનો. મથાળે: તિબેટના પોશાક પરથી પોતે રચેલી ઊંચી દીવાલવાળી મખમલની ટોપી અને 'બેકુ' (ઝભ્ભા જેવું પરિધાન) પહેરેલા ગગનબાબુ ગૌરવભરી મુદ્રામાં. એમનો એવો જ બીજો શૉખ હતો નાટ્યાભિનયનો. ઠાકુર કુટુંબના અંતરંગમંડળમાં અવારનવાર ભજવાતાં નાટકોમાં તેઓ બહુધા રાજાનું પાત્ર ભજવતા (નીચે ડાબી બાજુ).
જમણી બાજુ: જોરાસાંકોનો દખણાદો વરંડો. ગગનબાબુનો અહીં દરબાર ભરાતો અને મોટા ભાગની ઇતર પ્રવૃત્તિ પણ ત્યાં જ થતી.




મહર્ષિ દેવેન્દ્રનાથના શ્રાદ્ધ પ્રસંગે જોરાસાંકોમાં એકઠું થએલું ઠાકુર કુટુંબનું પુરુષ-મંડળ. (ડાબી બાજુથી અનુક્રમે) પાછલી હાર: ગગનેન્દ્રનાથ, અવનીન્દ્રનાથ, સમરેન્દ્રનાથ, દ્વિજેન્દ્રનાથ, સોમેન્દ્રનાથ અને સત્યપ્રસાદ. વચલી હાર: જ્યોતિરીન્દ્રનાથ, દ્વિજેન્દ્રનાથ, સુરેન્દ્રનાથ, સત્યેન્દ્રનાથ અને સુધીન્દ્રનાથ. આગલી હાર: દિનેન્દ્રનાથ, રવીન્દ્રનાથ, સમીન્દ્રનાથ, અરુણેન્દ્રનાથ, રથીન્દ્રનાથ ને કીર્તિન્દ્રનાથ. નીચે: ઠાકુર કુટુંબના પુરુષવૃંદનું વંશવૃક્ષ

'નવહુલ્લોર' નામે એક ત્રીજો સંગ્રહ પણ અન્ય પ્રકાશકે પ્રકટ કરેલો.

લેખનક્ષેત્રે પણ એમણે કલમ ચલાવેલી ખરી,—માત્ર એક જ વાર. 'ભોદોર બહાદુર' નામે એમણે એક બાળવાર્તા લખેલી, જેમાં કલાકાર ગગનેન્દ્રે મધુર શબ્દ-ચિત્રો મૂક્યાં છે.

એમનું કલાસર્જન મૌલિક કલ્પના અને શૈલી તથા માધ્યમના વૈવિધ્યથી ભરેલું છે. જાપાન શૈલીએ પીંછી ચલાવીને નરી સોનેરી ભૂમિ પર એમણે ચિત્રો કર્યાં છે, તેમ હૂબહૂ તસવીરાલેખનો પણ કર્યાં છે. 'જીવનસ્મૃતિ' માટેનાં એમનાં ચિત્રો એમની કળાનું એક પાસું દર્શાવે છે, તો રાંચી અને પુરીનાં તથા બંગાળના ગ્રામજીવનનાં જલરંગી ચિત્રો બીજું. હિમાલયનાં દશ્યો, ચૈતન્યનાં ચિત્રો, હિંદી જીવનનાં કટાક્ષ-ચિત્રો, ક્યૂબિઝમના પ્રયોગો, લોકકથાનાં ચિત્રો અને મૃત્યુ તથા પરલોકનાં સંજ્ઞાત્મક ચિત્રો—આમ, અનેક પહલુઓમાં એમની કળા કંડારાઈ છે. પણ આ બધો વિકાસ કોઈ ચોક્કસ ક્રમમાં થયો નથી. એમની પ્રતિભા એકીસાથે અનેક દિશામાં સમાંતરે વિકાસતી રહી છે.



એમની કલાસૃષ્ટિ સ્વાભાવિક ઝરણ જેવી હતી. તેઓ પોતે જ એના સ્રષ્ટા હતા. બહારની પ્રશંસા કે લોકમતની પરવા કર્યા વિના પોતાના હૃદયમાં ઊગે એ ઢબે અને દિશાએ તેઓ ચિત્રો કરતા. જોરાસાંકોમાં થતા રહેલા કલાપ્રયોગો સાથે એમનો ગાઢ સંબંધ છતાં એમના કલાસર્જન પર એની કોઈ ખાસ અસર પડી નથી. પૂર્વ કે પશ્ચિમના ભેદની અસર એમની કલા પર દેખાતી નથી. અને કદાચ એટલે જ એમની કલામાં એક અસામાન્ય સજીવતા દેખાય છે એમણે કરેલાં સામાજિક અને રાજકીય જીવન પરનાં સચોટ કટાક્ષચિત્રો જોઈએ કે ત્રિકોણ ખંડવાળાં એમનાં રહસ્યમય ભાવવાળાં ચિત્રો જોઈએ, બધે જ એમની નિરાળી દૃષ્ટિનો પરચો દેખાઈ આવે છે. રાજકીય, સામાજિક અને આર્થિક મૂંઝવણો સાથે હાસ્યરસ ગૂંથીને ચિત્ર કરવાની પ્રથા દાખવવામાં ભારતીય કલાકારોમાં કદાચ તેઓ જ પ્રથમ હતા. પણ એમને માટે તો આ સહજ હતું. એમાં વ્યક્ત થતી એમની અસામાન્ય પ્રતિભાની કદાચ એમને પોતાને પણ જાણ નહિ હોય.

એક તરફ પ્રાચીન ભારતીય કળાનો તંતુ સાંધી જોરાસાંકોમાં નવનિર્માણના પ્રયત્નો ચાલી રહ્યા હતા ત્યારે એમણે જે આગવું કલાસર્જન પોતાની સ્વપ્રતિભાએ કર્યું તેમાં વિવિધ ભાવ અને દિશા પ્રકટ્યાં છે. એમનું કલાસર્જન જાણે કે આત્મલક્ષી જ ને લગભગ અંગત અનુભૂતિ સમ જ હતું, ક્યૂબિઝમ કે મૉડર્ન કળાના જ ગજમાપથી એને પ્રમાણવું એ પણ કદાચ યોગ્ય નહિ ઠરે.

ઉત્તરાવસ્થામાં લાંબા સમય સુધી પક્ષાઘાતથી પથારીવશ રહ્યા બાદ ઈ. ૧૯૩૮માં એમનું અવસાન થયું.

શ્રેષ્ઠ કાવ્યસંગ્રહ કે કાવ્યગ્રંથને મહાકવિ ન્હાનાલાલ પારિતોષિક

મહાકવિશ્રી ન્હાનાલાલ સ્મારક ટ્રસ્ટ તરફથી પ્રત્યેક વર્ષના જાન્યુઆરીથી ડિસેમ્બર માસ દરમિયાન બહાર પડેલા શ્રેષ્ઠ કાવ્યસંગ્રહ કે કાવ્યગ્રંથના કવિને તે પછીની કવિજયંતી (ગૂડી પડવા)ને દિવસે રૂ. ૨૫૦નું પારિતોષિક આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. નિર્ણાયકો તરીકે શ્રી અનંતરાય રાવળ, શ્રી સુન્દરમ્ તથા શ્રી નિરંજન ભગત રહેશે. તદનુસાર ઈ. ૧૯૬૭માં પ્રસિદ્ધ થએલા સંગ્રહોની, શક્ય હોય તો બે નકલો, મહાકવિ ન્હાનાલાલ ટ્રસ્ટ, ૪૬ પરિમલ સોસાએટી, અમદાવાદ, એ સરનામે મોકલવા સર્વ કવિઓ તથા પ્રકાશકોને વિનંતી છે.



વિશાખદત્તની વિખ્યાત નાટ્યકૃતિ

મુદ્રારાક્ષસ

વાર્તાંતર કરનાર ડૉ. મધુસુદન પારેખ

'ચંદ્રનું ગ્રહણ થવાનું છે;—ચંદ્રગ્રહણ થનાર છે...' એવો સહેજ પોકાર પ્રજાજનમાં ઊઠ્યો તે સાથે જ વિષ્ણુગુપ્તની ભમ્મરો ઊંચકાઈ. એનો હાથ શિખા પર ગયો : 'હું જીવતો બેઠો છું ને ચંદ્ર—ચંદ્રગુપ્તનું ગ્રહણ કરનાર કાળા માથાનો માનવી છે કોણ? કોને માથે મોત ભમે છે?'

ચાણક્ય ચંદ્રગુપ્તનો ગુરુ, સલાહકાર અને સહાયક હતો. પાટલીપુત્રમાં થોડા સમય પૂર્વે નંદરાજાનું રાજ્ય હતું તે સમયે એ ચંદ્રગુપ્ત મૌર્યનો વિદ્યાગુરુ હતો. પરંતુ એક પ્રસંગે નંદરાજાએ ભરદરબારમાં ચાણક્યને યોગ્ય આસન ન આપ્યું, તેની અપ્રતિષ્ઠા કરી, એથી ચાણક્યને રોમેરોમ ઝાળ લાગી અને ત્યાં જ તેણે સંકલ્પ કર્યો : 'નંદવંશનું નિકંદન કાઢીશ એ પછી જ મારી શિખા બાંધીશ'.

કોપાયમાન ચાણક્ય ત્યાંથી ચાલ્યો ગયો. તેની શિખા વેરભાવથી ધ્રૂણતી જ રહી. તેણે ચંદ્રગુપ્તને પક્ષમાં લીધો, કેટલાક મ્લેચ્છ રાજાઓને સામદામથી વશ કર્યા અને ધીમેધીમે મહાપુરુષાર્થ કરીને નંદવંશનું નિકંદન કાઢ્યું. ચંદ્રગુપ્ત પાટલીપુત્રની ગાદીએ બેઠો.

ચાણક્યે વીણીવીણીને કંટકો દૂર કરવા માંડ્યા હતા, છતાં હજુ જોખમો ઓછાં ન હતાં. ચંદ્રગુપ્તનું રાજ્ય ઊથલાવી પાડવાના પ્રપંચો ચાલ્યા જ કરતા હતા અને તેથી હજુ ચાણક્યના ચિત્તમાં ચેન નહતું. એ વારંવાર વ્યાકુળ બની ઊઠતો. એના હાથ શિખા ભણી વળી જતા.

નંદરાજાનો એક પરમ વિશ્વાસુ અમાત્ય નામે રાક્ષસ, ચાણક્યનો કટ્ટો વેરી હતો. ચાણક્ય-ચન્દ્રગુપ્તની સત્તા ઊથલાવી પાડવા માટે તે સતત પ્રયત્નશીલ હતો. તેણે પોતાનો હેતુ પાર પાડવા માટે નંદરાજા સાથે સંબંધ ધરાવતા એક રાજવી સર્વાર્થસિદ્ધિને સાધ્યો. તેને મગધનું સિંહાસન અપાવવાનો કોલ દીધો. એ ઉપરાંત પણ કેટલાક મ્લેચ્છ રાજાઓને જર-જમીનની લાલચ આપી પોતાના પક્ષકાર બનાવ્યા. ચન્દ્રગુપ્તના એક વખતના પક્ષકાર પર્વતેશ્વરને પણ તેણે ફોડ્યો. તેની ગણતરી હતી કે નંદરાજા પ્રત્યે પ્રીતિ ધરાવનારા પ્રજાજનોનો ટેકો તેને મળી રહેશે અને ચંદ્રગુપ્તની રાજસત્તા જોતજોતાંમાં ખતમ થઈ જશે.

પરંતુ રાક્ષસે હજુ ચાણક્યની કૂટનીતિનો પરચો જોયો ન હતો. ચાણક્ય કૌટિલ્ય હતો. રાજરમતમાં એને જીતવો એ મહા દુષ્કર કાર્ય હતું. રાજશતરંજનો એ અઠંગ ખેલાડી હતો. સામા પક્ષનાં મહોરાં કેમ મારવાં, તે માટે કેવી ચાલ અજમાવવી, એ બધાંમાં ચાણક્ય પાવરધો હતો. એની કૂટનીતિનો પાર પામવાનું કોઈનું ગજું ન હતું.

ચંદ્રગુપ્તની અને રાજ્યની સલામતી માટે તેણે કુશળ ગુપ્તચરો નીમ્યા હતા. તેનું ચર-ખાતું બાહોશ ને સમગ્ર રાજ્યમાં વ્યાપેલું હતું. રાક્ષસના પ્રપંચોની એકેએક બાતમી આ ગુપ્તચરો દ્વારા તેને મળી રહેતી. રાક્ષસે સર્વાર્થસિદ્ધિને પક્ષમાં લઈ તેને રાજગાદી અપાવવાનો પેંતરો રચ્યો છે એવી બાતમી મળતાં જ તેણે કૂટનીતિથી સર્વાર્થસિદ્ધિનું કાસળ કાઢી નાખ્યું ને રાક્ષસનો દાવ ઊંધો વાળ્યો.

રાક્ષસ નાસિપાસ થયો. તેણે બીજો પ્રપંચ ગોઠવ્યો. ચંદ્રગુપ્તના પ્રાણ લેવા માટે તેણે વિષકન્યા મોકલી. પરંતુ સતત સાવધાન ચાણક્યને આ કાવતરાની પણ ગંધ આવી ગઈ. તેણે એવું છટકું ગોઠવ્યું કે વિષકન્યાના ફંદામાં ચંદ્રગુપ્તને બદલે રાક્ષસનો જ પક્ષકાર પર્વતેશ્વર ફસાઇને મૃત્યુશરણ થઈ ગયો! ચાણક્યે આ બીજો બલિ હોમ્યો.

પણ રાક્ષસે ગમે તે ભોગે પોતાના સ્વામી નંદરાજાનો વંશ ફરી સ્થાપિત કરવાનો નિર્ધાર કર્યો હતો. તેણે હવે પર્વતેશ્વરના પુત્ર મલયકેતુને પાટલીપુત્રના રાજ્યની લાલચ આપી પોતાના પક્ષમાં લીધો. ચાણક્ય રાક્ષસના આ પુરુષાર્થને અને એની નિષ્ઠાને મનોમન અંજલિ આપ્યા વિના રહી શક્યો નહિ. રાક્ષસની સ્વામીભક્તિનો જોટો જડે તેમ ન હતો. આવો નિષ્ઠાવાન રાક્ષસ જો ચંદ્રગુપ્તનો અમાત્ય થઈને રહે તો...? પરંતુ રાક્ષસને નમાવવો સહેલો ન હતો.

તેને કેમ મહાત કરવો તેના ચિંતવનમાં ચાણક્ય ડૂબ્યો હતો, ત્યાં એક ગુપ્તચરે આવી બાતમી આપવા માંડી : 'ગુરુજી, પ્રજા ચંદ્રગુપ્તને ચાહે છે, પણ...'

'શું પણ...?'

'હજુ ત્રણ જણ રાક્ષસના સ્નેહી છે. એક તો ક્ષપણક...'

'ક્ષપણક...?' ચાણક્ય સહેજ થંભ્યો. મનમાં મલક્યો. એ બૌદ્ધ સાધુ જીવસિદ્ધિ તેનો પોતાનો જ ગુપ્તચર હતો; તેની જ સૂચનાથી તે રાક્ષસનો ઈષ્ટ મિત્ર બની રહ્યો હતો.

'બીજો શકટદાસ. એ રાક્ષસનો પરમ સ્નેહી છે. અને ત્રીજો મહાજનનો શેઠ ચંદનદાસ. એ તો રાક્ષસનું બીજું હૃદય જ છે ગુરુજી! રાક્ષસ નગર મૂકીને ગયો ત્યારે તેનું કુટુંબ તે એમને ત્યાં જ મૂકી ગએલો.'

'સાબિતી?' 'આ મુદ્રિકા...'

ચાણક્યના ચિત્તમાં આનંદનો ચમકારો થયો : 'અહો, મુદ્રિકા નહિ, રાક્ષસ હાથમાં આવ્યો!' પરંતુ મુખ પર એ આનંદ જરા ય કળાવા દીધા વિના તેણે પૂછ્યું : 'આ ક્યાંથી મળી?'

'ગુપ્તચર નિપુણક, ઝવેરી ચંદનદાસને ઘેર યમલોકનાં ચિત્રો બતાવીને કીર્તન કરતો હતો. એ કીર્તન જોવા-સાંભળવા એક નાનકડો બાળક કુતૂહલનો પ્રેર્યો ઘરમાંથી બહાર દોડી આવ્યો. એને બહાર નીકળી આવેલો જોઈ ઘરનાં માણસોમાં ખળભળાટ મચી ગયો. એક સ્ત્રીએ ગભરાટમાં અર્ધાં બહાર આવી બાળકનો હાથ પકડી તેને અંદર ખેંચ્યો. એ ખેંચતાણમાં સ્ત્રીના હાથ પરથી મુદ્રિકા સરી પડી, તેના પર અમાત્ય રાક્ષસનું નામ કોતરેલું હતું. નિપુણકે તે ઉપાડી લીધી.'

હકીકત સાંભળી લઈ, ચાણક્યે સંતોષ પામી તેને વિદાય કર્યો.

એટલામાં ચંદ્રગુપ્તે મૃત પર્વતેશ્વરના અલંકારો દાનમાં આપવાનો મનોરથ દૂત દ્વારા ચાણક્ય સમક્ષ પ્રગટ કર્યો. ચાણક્યના મુખ પર આનંદની ચમક આવી ગઈ. 'મૃત પર્વતેશ્વરના અલંકારો?' ચંદ્રગુપ્તનો એ મનોરથ તો ભાવિ યોજનામાં શુભ યોગ બની રહેશે. તેણે તત્કાળ એ દાન માટે 'સુપાત્ર' બ્રાહ્મણો ચંદ્રગુપ્ત પાસે મોકલી આપ્યા.

રાક્ષસની મુદ્રિકા મળી એથી તો ચાણક્યનો એક મોટો હેતુ સિદ્ધ થઈ ગયો. તેણે એક બનાવટી મોઘમ પત્ર-લેખ લખવાનો પ્રપંચ ગોઠવ્યો. તેણે પોતાના શિષ્ય શાર્ઙ્ગરવને બોલાવીને આદેશ દીધો : 'વત્સ, અમારા શ્રોત્રિયોના અક્ષરો સારા હોતા નથી, માટે મારી વતી સિદ્ધાર્થકને જઈને કહે કે કોઈકના તરફથી કોઈકને આ પત્ર-લેખ મોકલવાનો છે; અને સાથે મારે સ્વમુખે કંઈક સંદેશો પહોંચાડવાનો છે. માટે શકટદાસ પાસે નામઠામ વિના આટલા બોલ લખાવી લાવ.'

સિદ્ધાર્થક એનો ગુપ્તચર હતો અને શકટદાસનો ખાસ સ્નેહી બની રહ્યો હતો. સિદ્ધાર્થક કહે અને શકટદાસ પત્ર ન લખી આપે તે બને જ નહિ! શકટદાસને હાથે આ બનાવટી પત્ર લખાઈ જાય તો?... 'મલયકેતુ પણ જિતાયો' ચાણક્ય મનમાં જ રાચી ઊઠ્યો.

ચાણક્યનો પાસો પોબાર પડ્યો. થોડી જ વારમાં સિદ્ધાર્થક શકટદાસ પાસે પત્ર લખાવીને આવી પહોંચ્યો. શકટદાસને કાવતરાની ગંધ સરખી આવી નહિ. ચાણક્યે એ પત્ર ઉપર રાક્ષસની મુદ્રિકા વતી છાપ લગાવી. તેણે સિદ્ધાર્થકને થોડો સમય રાક્ષસનાં પડખાં સેવવાની સૂચના કરી અને તેના કાનમાં ગુરુમંત્ર ફૂંક્યો.

રાક્ષસ અને મલયકેતુ વચ્ચે ફાટ પડે એવો આ બનાવટી પત્ર તૈયાર કર્યા પછી ચાણક્યે નવો દાવ અજમાવ્યો. રાક્ષસ કુટુંબને આશ્રય આપનારા ચંદનદાસ શેઠને તેણે તેડાવ્યા. ચંદનદાસ આફત સમજીને જ આવ્યા. રાક્ષસ પ્રત્યેની તેમની વફાદારી અદ્ભુત હતી. ચાણક્યે આડીતેડી વાત કરી શેઠને દાવમાં લીધા : 'તમારા જેવા પ્રતિષ્ઠિત ઝવેરી રાજ્યવિરોધી આચરણ કરે તે યોગ્ય છે?' ચંદનદાસે કાને હાથ દીધા : 'અરર, એ શું બોલ્યા? અગ્નિ સાથે તરણાનો વિરોધ કેવો?'

'તમે રાક્ષસના કુટુંબને આશ્રય આપ્યો છે.'

'ખોટું...કોઈએ ચંભેરણી કરી છે.'

'એ ડાહી વાતો જવા દો. રાક્ષસનું કુટુંબ રાજ્યને સોંપી દો અને ભયમુક્ત બનો.' ચંદનદાસ સમજી ગયા કે હવે જીવસટોસટનો ખેલ છે. તેમણે નિર્ણય કરી લીધો ને નીડરતાથી કહી દીધું : 'મારા ઘરમાં રાક્ષસ-કુટુંબ હોય તો યે ન સોંપું, તો પછી નથી તેની તો વાત જ શી?'

'એમ કે?' ચાણક્યે રુદ્ર રૂપ પ્રગટ કર્યું : 'ત્યારે ભોગવો તમારાં રાજદ્રોહનાં ફળ!' અને તેણે ચંદનદાસને સકુટુંબ કારાગારમાં નાખવાનો સંત્રીને હુકમ કર્યો. સાથેસાથે ચંદ્રગુપ્તનું ફરમાન મળ્યે તેનો વધ કરવાનો આદેશ પણ આપી દીધો. ચંદનદાસે આનંદથી આ સજા વધાવી લીધી : 'મિત્ર કાજે મોત આવે તેથી રૂડું બીજું શું?'

ચાણક્ય ગણતરીપૂર્વક પોતાની બાજી ખેલી રહ્યો હતો. સામે પક્ષે રાક્ષસ પણ નિષ્ક્રિય નહોતો; પરંતુ તેનામાં ચાણક્ય જેવી મુત્સદ્દીગીરી ન હતી. સ્વભાવે તે ઊર્મિલ હતો, કાર્યમાં ગાફેલ. અસાવધ પણ ખરો. સામી વ્યક્તિની ચાલ પામી જવાની તેનામાં ગુંજાયશ ન હતી. વિશ્વાસે જ તેનાં વહાણ ચાલતાં. તેમ છતાં નંદરાજા પ્રત્યે તેની ઊંડી ભક્તિ હતી. મલયકેતુને તેનો ભારે વિશ્વાસ બેસી ગયો હતો. રાક્ષસ જ તેનો એકમાત્ર આધાર હતો. કેટલાક મ્લેચ્છ રાજાઓ પણ તેમને સહાય કરવાની તક લેવા ટાંપી રહ્યા હતા. મલયકેતુએ અત્યંત કૃતજ્ઞતાપૂર્વક પોતાના અલંકારો રાક્ષસને પહેરવા આપ્યા. રાક્ષસ સજળનેત્રે મલયકેતુની આ પ્રસાદી પામી ધન્યતા પ્રગટ કરી રહ્યો.

રાક્ષસ હવે પછીની પોતાની યોજનાઓ વિષે વિચારમાં હતો. સર્વાર્થસિદ્ધિ અને પર્વતેશ્વરની હત્યાથી તે દાઝેલો હતો, તેમ છતાં ચંદ્રગુપ્તના નાશ માટે તેણે કેટલીક યોજના ઘડી હતી. કેટલાક માણસોને ફોડ્યા હતા. દુશ્મનોની ગુપ્ત બાતમી લાવવા માટે તેણે વિરાધગુપ્ત નામે ચર પણ રોક્યો હતો. બીજા પણ કેટલાક જાસૂસો હતા. પરંતુ તેની કાર્યપદ્ધતિ શિથિલ હતી. ચાણક્ય જેવી દીર્ઘદૃષ્ટિ કે જાગરુકતા તેનામાં ન હતી. તે સંતાપમાં હતો ત્યાં જ વિરાધગુપ્ત દુશ્મન અંગેના સમાચાર લાવ્યો. એ બધા સમાચાર રાક્ષસને અપશુકન કરાવનારા હતા.

પર્વતેશ્વરની હત્યા પછી ભયનો માર્યો મલયકેતુ નાસતો ફરતો હતો તે વખતે ચાણક્યે પર્વતેશ્વરના ભાઈ વૈરોધકને અરધું રાજ્ય આપવાનો વિશ્વાસ આપી રોકી રાખ્યો. એ પછી નંદભવનમાં–નવા રાજમહેલમાં ચંદ્રગુપ્તના શુભ પ્રયાણનો ઉત્સવ ચાણક્યે ગોઠવ્યો. આ બાતમી રાક્ષસને મળતાં જ તેણે મુખ્ય સુતાર દારુવર્માને ફોડ્યો. ચંદ્રગુપ્ત રાજમહેલમાં પ્રવેશ કરવા જાય કે તરત જ કમાન સાથે દરવાજો તેના પર તૂટી પડે અને તે દટાઈ જાય એવું કાવતરું નક્કી થયું. દારુ વર્માએ અતિ ઉત્સાહમાં, ચાણક્યના ફરમાનની વાટ પણ જોયા વિના, એ દરવાજો તૈયાર કરી નાખ્યો. તેનો આ ઉત્સાહ જોઈ ચતુર ચાણક્ય બોલી ઊઠ્યો : 'એને એની આ કારીગીરીનું ઈનામ અવશ્ય મળશે.'

એ પછી ચાણક્યે ચંદ્રગુપ્ત અને વૈરોધકને એક જ સિંહાસન પર બેસાડીને તેમને રાજ્યના સરખા હિસ્સેદાર બનાવવાની જાહેરાત કરી. પણ પછી ચાણક્યની સૂચનાથી પહેલો વૈરોધક જ ચંદ્રગુપ્તની હાથણી ચંદ્રલેખા પર બેસીને ચંદ્રગુપ્તના જ અનુયાયીઓના મોટા રસાલા સાથે નંદભવનમાં પ્રવેશવા આવી પહોંચ્યો. સુતાર દારુવર્મા એને જ ચંદ્રગુપ્ત માનીને તેના પર દરવાજાની કમાન તોડવાની તૈયારી કરી. એ જ સમયે રાક્ષસના બીજા એક મળતિયા–કાવતરાખોર–બર્બરકે પણ વૈરોધકનો ઠાઠ જોઈ તેને જ ચંદ્રગુપ્ત માની તેનો નાશ કરવા પોતાની ગુપ્તી ખેંચી. બર્બરકે ગુપ્તી કાઢી તે જોઈ તેની હાથણી ભડકી અને આગળ ધસી, એવી જ દરવાજાની કમાન બર્બરક પર તૂટી પડી–બર્બરક દટાઈ મૂઓ.

પોતે જેને ચંદ્રગુપ્ત માનતો હતો તેને પોતાની કમાનના છટકામાંથી આમ બચી ગએલો જાણી દારુ વર્માએ અધીરાઈથી ચંદ્રલેખા હાથણી પર બેઠેલા વૈરોધકને જ કૂટી નાખ્યો અને આમ વૈરોધક વિનાવાંકે મોતને ભેટ્યો. વૈરોધક પર દારુવર્માએ પ્રાણઘાતક હુમલો કરેલો જોઈ પાછળના સરદારોએ દારુવર્માનો ત્યાં ને ત્યાં જ ફેંસલો કરી નાખ્યો. રાક્ષસની સમગ્ર યોજના નિષ્ફળ નીવડી. ચાણક્યના બુદ્ધિમતાપે ચંદ્રગુપ્ત બચી ગયો અને ત્રણ બીજા બલિ વધેરાઈ ગયા.

રાક્ષસે એ પછી ચંદ્રગુપ્તના પ્રાણ હરવા માટે વૈદ્ય અભયદત્તને સાધ્યો. તેણે ચંદ્રગુપ્તના ઔષધમાં ઝેરની ભૂકી ભેળવીને ચંદ્રગુપ્તને તે આપ્યું. પણ વિચક્ષણ ચાણક્યે ઔષધનો રંગ બદલાએલો જોઈ

એકદમ ચંદ્રગુપ્તને રોકચો : 'વૃષલ, આ ઔષધ પીશ મા. એમાં ઝેર છે.' અને ઠંડે કલેજે ચાણક્યે એ ઔષધ વૈદ્યરાજને પાઈ દીધું.

રાક્ષસે છેલ્લી યોજના ચંદ્રગુપ્તને શયનખંડમાં જ હણી નાખવાની ઘડી હતી. તે માટે તેણે ચંદ્રગુપ્તના શયનખંડના અધિકારી બીભત્સકને ફોડચો હતો. તેણે અને બીજા ઘાતકોએ સુરંગ ખોદીને શયનખંડમાં પ્રવેશવાનો માર્ગ બનાવ્યો હતો અને એ બધા શયનગૃહની પડભીંતમાં રહેતા હતા. પણ ચંદ્રગુપ્ત એ નવા શયનગૃહમાં પ્રવેશ કરે તે અગાઉ ચાણક્ય તેનું નિરીક્ષણ કરવા ગયો. તેની તીક્ષ્ણ દૃષ્ટિ એક ભીંત પર પડી. એ ભીંત પર કીડીઓની હારમાળા ભાતના દાણા લઈને ચાલતી હતી. ચાણક્ય ચમકચો—એની ભ્રૂકુટી ખેંચાઈ. એણે સહેજ વિચાર કરી લીધો ને પછી...આખું શયનગૃહ સળગાવી મેલ્યું. બીભત્સક અને ઘાતકો પડભીંતમાં જ પુરાએલા બળીને ભડથું થઈ ગયા!

વળી ચંદ્રગુપ્તને હણવાના આ બધા પ્રપંચમાં રાક્ષસનો મિત્ર શકટદાસ સામેલ છે એમ જાણીને ચાણક્યે તેને પણ શૂળીએ ચડાવવાનું ફરમાન કરી દીધું. અને ચંદનદાસ તો બંદીખાનામાં પડ્યો જ હતો.

વિરાધગુપ્તે આણેલા આ બધા અત્યંત માઠા સમાચાર રાક્ષસ ઊંડા દુ:ખપૂર્વક સાંભળી રહ્યો. ભાગ્ય એના બધા પાસા અવળા પાડતું હતું અને ચાણક્ય એક પછી એક દાવ જીતતો જ જતો હતો. એમાંયે પોતાના પરમ મિત્ર શકટદાસને શૂળીએ ચડાવવાના ફરમાનના ખબર સાંભળીને રાક્ષસ કંપી ઊઠચો અને ચંદનદાસ કારાગૃહે પડચાના સમાચાર સાંભળીને તો તેનું હૃદય સાવ બેસી ગયું. તે ચિત્કાર કરી ઊઠચો : 'અરે દુરાત્મા ચાણક્ય!' આમ, રાક્ષસ ખૂબ સંતાપમાં હતો ત્યાં શકટદાસને લઈને સિદ્ધાર્થક આવી પહોંચ્યો!

ચાણક્યે શકટદાસને શૂળીએ ચડાવવાનું ફરમાન કર્યું હતું, પણ ચાણક્યની જ ગૂઢ યોજના પ્રમાણે સિદ્ધાર્થક વધસ્થાને પહોંચી ગયો હતો અને ચંડાળોને ભગાડી મેલી, શકટદાસને મુક્ત કરીને રાક્ષસની સમક્ષ લઈ આવ્યો હતો. ડૂબતા રાક્ષસને તરણું લાધ્યું. શકટદાસના પ્રાણ બચ્યા તેથી રાક્ષસને ખૂબ આનંદ થયો. એ આનંદના અતિરેકમાં તેણે સિદ્ધાર્થકને પોતાના અંગ ઉપરનાં આભૂષણો ઉતારી ભેટ ધરી દીધાં—એ જ આભૂષણો જે, મલયકેતુના પિતાનાં હતાં અને મલયકેતુએ રાક્ષસને કૃતજ્ઞભાવે ભેટ ધરેલાં હતાં. આ તક સાધી હવે સિદ્ધાર્થકે રાક્ષસ સમક્ષ અરજ ગુજારી : 'અમાત્યજી, હવે હું ચાણક્યનો અપરાધી થયો. મને હવે આપના જ ચરણમાં સ્થાન આપશો?' રાક્ષસે બહુ ખુશીથી તેની અરજી વધાવી લીધી.

આ જ અરસામાં ચાણક્યના પ્રેર્યા કેટલાક બ્રાહ્મણો શ્રાદ્ધદાનરૂપે પોતાને મળેલાં પર્વતેશ્વરનાં આભૂષણો લઈને આવ્યા. રાક્ષસે તે ખરીદી લીધાં.

એટલામાં બીજા એક ગુપ્તચરે આવીને ચાણક્ય અને ચંદ્રગુપ્ત વચ્ચે તીવ્ર વિખવાદ થયાના શુભ સમાચાર આપ્યા. રાક્ષસમાં નવીન આશાનો સંચાર થયો.

ચંદ્રગુપ્ત ભારે મૂંઝવણમાં હતો. જિંદગીમાં કદી નહિ બનેલું વિચિત્ર કર્તવ્ય તેને શિરે આવી પડયું હતું. ચાણક્યની તેને આજ્ઞા થઈ હતી : 'તારે થોડો સમય મારી સાથે વિખવાદ પેદા કરી સ્વતંત્રપણે વહીવટ કરવો.' ચાણક્યનો પડચો બોલ ઝીલી લેનાર ચંદ્રગુપ્ત માટે આ કર્તવ્ય ભારે કપરું હતું. પરંતુ આ પણ ચાણક્યનો જ આદેશ હતો, રાજનીતિના અંગરૂપે હતો, તે ઝીલવો જ રહ્યો.... એટલે કૌમુદીમહોત્સવની યોજના બાબત જ બંને વચ્ચે ચકમક ઝરી ગઈ. ચાણક્યે કૌમુદીમહોત્સવની મના ફરમાવી. ચંદ્રગુપ્તના અહં પર ઘા પડચો: 'કોના ફરમાનથી કૌમુદીમહોત્સવ બંધ રાખવામાં આવ્યો છે?'

ચંદ્રગુપ્ત વેધક નજરે જવાબ માગી રહ્યો. દરબારીઓ, સરદારો, અનુચરો સહુ ચોંકી ગયા. ચંદ્રગુપ્તે ચાણક્યને તેડાવ્યો : 'તમે આમ મારી યોજનામાં આડા આવો તો હું રાજા શા કામનો?'

ચાણક્યની આંખમાંથી તણખા ઝર્યા : 'વૃષલ, જે રાજા આપમેળે રાજ્ય ન સંભાળી શકે તેને આવો સમય વેઠવો પડે. તારામાં શક્તિ હોય તો ઉઠાવી લે તારો રાજ્યકારભાર.'

'ભલે, તેમ જ થશે. પરંતુ કૌમુદીમહોત્સવ તમે શા માટે રોકચો?'

'એ મહોત્સવનું પ્રયોજન શું છે?'

'મારી આજ્ઞા એ પહેલું પ્રયોજન......'

'તારી આજ્ઞા હું લોપી શકું એ મારું પ્રયોજન...'

અને વાતમાંથી વતેસર થઈ ગયું. ચાણક્ય અને ચંદ્રગુપ્ત બરાબર ચડભડી ઊઠચા. ચંદ્રગુપ્તે ચાણક્યની યોજનાઓનો અહેવાલ માગ્યો ને તેના પર આક્ષેપ મૂકચો : 'તમે મલયકેતુને કેમ ભાગી જવા દીધો? રાક્ષસને કેમ જતો કર્યો?' ઉત્તરમાં મળેલા ચાણક્યના ખુલાસા તેને પસંદ પડચા નહિ. અધીર બનીને તેણે ધૃષ્ટતાપૂર્વક ચાણક્યને કહી દીધું : 'ખરો નિષ્ઠાવાન તો અમાત્ય રાક્ષસ જ......'

ચાણક્યે ફૂંફાડો માર્યો : 'એટલે હું નિષ્ઠાવાન નથી, એમ? અરે મત્સરથી ભરેલા વૃષલ! નંદવંશનો નાશ કરીને તને રાજગાદી અપાવનાર કોણ એ તું જાણે છે?'

'એ તો દૈવનું કાર્ય...'

'દૈવને તો અજ્ઞાની માને.'

'જ્ઞાનીઓ આપવડાઈ કરતા નથી...'

ચાણક્ય અત્યંત કોપાયમાન થયા : 'રે વૃષલ, તું મને તારો સેવક સમજીને દબડાવે છે? મારી શિખાને પીંખી નાખવા ફરી મારા હાથ સળવળી રહ્યા છે; નંદોને સ્વાહા કર્યા પછી દાવાનળ માંડ શમ્યો છે તે ફરી તું ભભૂકાવી રહ્યો છે!'

ચાણક્યની આગ ઝરતી વાણી સાંભળી ચંદ્રગુપ્તના હાંજા ગગડી ગયા. એ ચિંતામાં પડી ગયો : 'ગુરુજી સાચે જ કોપ્યા કે શું?' ચાણક્ય ઊઠીને ઊભા થયા : 'બસ વૃષલ, હવે સવાલજવાબ નહિ. તારે મન રાક્ષસ અધિક છે તો આ શસ્ત્ર એને જ સોંપી દે. મારે તેની જરૂર નથી.' એમ કહી શસ્ત્ર ફેંકી તે ચાલતા થઈ ગયા. સમસ્ત પ્રજામંડળમાં વાત વાયુવેગે પ્રસરી ગઈ: 'ચાણક્ય વૃષલ પર કોપ્યા છે!'

રાક્ષસ આ બધી હકીકત જાણી ખૂબ રળિયાત થયો : 'હવે ચંદ્રગુપ્ત હાથમાં આવ્યો જાણો! મિત્ર ચંદનદાસનાં બંધન છૂટશે, ફરી કુટુંબમેળો થશે...' એ ભાવી સ્વપ્નમાં રાચી રહ્યો.

રાક્ષસ આમ સુખનાં શમણાં સેવી રહ્યો હતો તે દરમિયાન ચાણક્યનો ગુપ્તચર ભાગુરાયણ મલયકેતુનો વિશ્વાસુ મિત્ર બની તેના કાન ભંભેરતો હતો : 'રાક્ષસને વેર ચાણક્ય સાથે છે. ચંદ્રગુપ્ત સાથે નહિ. ચંદ્રગુપ્ત પણ આખરે તો નંદવંશનો છે. એ રાક્ષસને અનુકૂળ નીવડશે.'

ભાગુરાયણના આ પલીતાથી મલયકેતુના ચિત્તમાં શંકાનો કીડો સળવળવા લાગ્યો. તેણે રાક્ષસને મળી દુશ્મનો સામે ત્વરિત પગલાં ન લેવા માટે ઉકળાટ ઠાલવ્યો. રાક્ષસે શાંતિથી પોતાની યોજના તેને કહી સંભળાવી, પણ મલયકેતુના ચિત્તમાંથી શંકાનો કીડો નીકળ્યો નહિ. કંઈક ખિન્ન થઈને તે પાછો ફર્યો. તેને ભાગુરાયણની વાતમાં હવે તથ્ય લાગવા માંડયું.

તે ફરી ભાગુરાયણને મળવા ગયો. એ વેળા ભાગુરાયણ જીવસિદ્ધિ સાથે મહત્ત્વની ચર્ચા કરી રહ્યો હતો. મલયકેતુ એમની ચર્ચા સાંભળી રહ્યો. જીવસિદ્ધિ કહેતો હતો : 'મારું દુર્ભાગ્ય કે રાક્ષસ સાથે મારે મૈત્રી થઈ. એનો પડછાયો પણ ન પડે ત્યાં હવે હું જાઉં છું.'

'પણ શા માટે?' ભાગુરાયણે જિજ્ઞાસાથી પૂછ્યું.

'અરે એ દુષ્ટે જ વિષકન્યા યોજી ગુપ્તરીતે મહારાજ પર્વતેશ્વરને મારી નંખાવ્યા હતા. ચાણક્યને તો કશી ખબરે ન હતી.' આ સાંભળી મલયકેતુ ચમક્યો: 'શું, મારા પિતાને મારનાર રાક્ષસ!? ચાણક્ય નહિ?!'

ભાગુરાયણે મલયકેતુના ચિત્ત પર આ ઉદ્ગારોની થએલી અસર નીરખી. જીવસિદ્ધિ દ્વારા મલયકેતુને કાને આ ઉદ્ગારો નાખવાની ચાણક્યની યોજના સફળ થઈ ગઈ! મલયકેતુના મનમાં રાક્ષસ વિષેની શંકા દઢ થઈ. ભાગુરાયણે તેનું બરાબર સમર્થન કર્યું. મલયકેતુ રોષથી ખડ્ગ સંભાળી રહ્યો: 'આખરે રાક્ષસ તું રાક્ષસ જ નીવડ્યો!'

મલયકેતુનો હાથ ખડ્ગ પર જોતાં જ ભાગુરાયણ ચમક્યો. કોઈ પણ સંજોગોમાં રાક્ષસના જીવનું જોખમ ન થવા દેવાની તેને ચાણક્યની સૂચના હતી. તેણે મલયકેતુને સમજાવી લીધો: 'હમણાં રાક્ષસ સાથે સંબંધ તોડવો ઇષ્ટ નથી, રાજ્ય હાથમાં આવી જાય તે પછી જે કરવું ઘટે તે કરવું.' આ સલાહ મલયકેતુને પસંદ પડી.

તે સ્વસ્થ થયો, એટલામાં સૈન્યમાંથી બહાર અવરજવર માટે જરૂરી એવી રાજ્યની છાપ વિના નાસતા એક અનુચરને પકડીને ભાગુરાયણ પાસે હાજર કરવામાં આવ્યો. એ અનુચર તે સિદ્ધાર્થક. તેના હાથમાં કોઈક સીલબંધ પત્ર હતો. ભાગુરાયણે તે ઝૂંટવી લીધો: કાયદાનું ઉલ્લંઘન કરી આમ ક્યાં ભાગે છે? પત્ર કોનો છે?'

હાંફતો હાંફતો સિદ્ધાર્થક બોલ્યો: 'ખૂબ જરૂરી કામ છે. રાજ્યછાપ લેવા યે રોકાવાય તેમ નથી, બહુ ઉતાવળમાં છું.'

ભાગુરાયણે પત્ર જોયો. તેના પર રાક્ષસની મુદ્રિકાની છાપ હતી. તેણે એ પત્ર મલયકેતુને આપ્યો. મલયકેતુએ તે વાંચવા માંડ્યો: 'સ્વસ્તિ. અમુક સ્થળે અમુક વિશેષણના પુરુષને અમુક પુરુષ તરફથી વિનંતી છે કે અમારા દુશ્મનનો કાંટો કાઢી નાખીને આપે અમને આપેલો વાયદો પૂરો તો કર્યો. તેથી અમને ઘણો સંતોષ છે. હવે બીજા કેટલાક મિત્રો આપના કાર્યમાં ભળ્યા છે. તેઓ જરજમીનના ભૂખ્યા છે. તેમને પણ સંતોષ આપવા વિનંતી. આપે મોકલેલાં આભૂષણો મળ્યાં છે. અમે પણ ફૂલપાંદડી મોકલી છે તે સ્વીકારશો. બાકીનો સંદેશો પરમ વિશ્વાસુ સિદ્ધાર્થક મોઢામોઢ કહેશે.'

ભાગુરાયણે પત્રની સાથે દાબડો જોયો. તે ઉઘાડ્યો તો તેમાં આભૂષણો હતાં. મલયકેતુ ચોંકી ઊઠ્યો: 'અરે, આ તો મેં રાક્ષસને ભેટ મોકલેલાં તે જ આભૂષણો છે! ત્યારે તો પત્ર ચંદ્રગુપ્ત ઉપર જ હશે!' ભાગુરાયણે કઠોરતાથી સિદ્ધાર્થકને પૂછ્યું: 'આ કોનો પત્ર છે? ક્યાંથી લાવ્યો? ક્યાં લઈ જાય છે?'

સિદ્ધાર્થકના કાનમાં ચાણક્યે ગુરુમંત્ર ફૂંક્યો હતો તે તેણે હવે બરાબર અજમાવ્યો ખૂબ આનાકાનીથી અને પ્રસાદી પામ્યા પછી તેણે ગભરાટનો ડોળ કરત.કરતાં ભેદ પ્રગટ કર્યો: 'મને અમાત્ય રાક્ષસે આ પત્ર લખી ચંદ્રગુપ્ત સમક્ષ મોકલ્યો હતો.'

તરત મલયકેતુએ પૂછ્યું: 'અને મોઢામોઢનો સંદેશો છે તે કયો?'

સિદ્ધાર્થકે ખૂબ ગભરામણનો ડોળ કરતાં કહ્યું: 'મહારાજ, અમાત્ય રાક્ષસનું મને ફરમાન છે કે અમારા પાંચ સ્નેહી મહારાજાઓ મહારાજ ચંદ્રગુપ્તના પક્ષમાં ભળ્યા છે તેમને ભૂમિ અને સંપત્તિ જોઇએ છે. માટે મહારાજે જેમ ચાણક્યનો પગ ટાળ્યો તેમ આ રાજાઓને સંતોષ આપી એવું જ બીજું પગલું ભરશો. આવો સંદેશો મારે મહારાજા ચંદ્રગુપ્તને કહેવાનો હતો.'

મલયકેતુ તીવ્ર શંકાશીલ બન્યો: 'શું મારા પક્ષકાર રાજાઓ ચંદ્રગુપ્તમાં ભળી ગયા? આ બધાં રાક્ષસનાં કારસ્થાન નહિ હોય? તેણે તત્કાળ રાક્ષસને તેડાવ્યો અને એના આવતાંને વાર તેણે અકળામણથી રાક્ષસને પૂછ્યું: 'આપણા આક્રમણની શી તૈયારી છે? આપણે ક્યારે પ્રયાણ કરીએ છીએ?'

રાક્ષસ આ અધીરાઈ જોઈ વિચારમાં પડ્યો. તેણે કહ્યું: 'આપણે આપણા પક્ષકાર રાજાઓને તૈયારીના હુકમ આપી જ દીધા છે.'

મલયકેતુ મનમાં જ સમસમી ઊઠ્યો: 'મારું કાસળ કાઢવાના જ હુકમ. ચંદ્રગુપ્તના જ પક્ષકારો મારી આસપાસ ગોઠવ્યા છે તેનું...' પણ તે વિચારો મનમાં જ શમાવી તેણે પૂછ્યું: 'આ માણસને શેનો લેખ લખીને મોકલ્યો છે?' રાક્ષસે સિદ્ધાર્થકને જોયો. એ તો શકટદાસના પ્રાણ ઉગારનાર અને પોતે થોડા દિવસ પર જ નીમેલો સેવક હતો. રાક્ષસે તેને પૂછ્યું: 'શી બાબત છે?'

સિદ્ધાર્થકે બરાબર અભિનયપૂર્વક લોચા વાળવા માંડ્યા: 'અમા-...માત્યજી, મા...મારની બી...કે મેં...'

ત્યાં ભાગુરાયણે વચમાં જ પૂરું કરી દીધું: 'એ કહે છે કે તમારો લેખ અને મુખ-સંદેશ લઈને તે ચંદ્રગુપ્તની સમક્ષ જતો હતો.'

'ખોટી વાત!' રાક્ષસ એકદમ બોલી ઊઠ્યો.

ભાગુરાયણે તેને લેખ બતાવ્યો. રાક્ષસે તરત મલયકેતુને કહ્યું: 'કુમાર, આ બધી શત્રુની ચાલબાજી છે—બનાવટ છે.'

'ત્યારે એની સાથે આ બધા અલંકાર ક્યાંથી?'

'એ અલંકાર તો મેં સિદ્ધાર્થકને બક્ષિશ આપ્યા હતા!'

'આવા અમૂલ્ય અલંકારોની બક્ષિશ? આવા અનુચરને? પણ પત્ર ઉપર મુદ્રા તો તમારી છે?'

'મુદ્રા પણ બનાવટી છે...' આ સાંભળી ભાગુરાયણે ફરી સિદ્ધાર્થકને તતડાવ્યો: 'સાચું બોલ. આ લેખમાં હસ્તાક્ષર કોના છે?'

'શ...ક...ટ...દા...સના.'

રાક્ષસ આશ્ચર્યચકિત થઈ ગયો: 'શકટદાસના!' મલયકેતુએ તરત શકટદાસને બોલાવવા હુકમ કર્યો, પણ ભાગુરાયણે ચતુરાઈ કરી: 'મહારાજ, શકટદાસ પોતે અહીં આવશે તો ય અમાત્યની રૂબરૂમાં એ પત્ર લખ્યાની કબૂલાત કરનાર નથી. એના કરતાં એમના હસ્તાક્ષરોવાળું બીજું લખાણ જ આની સાથે મેળવી જોઈએ તો?'

મલયકેતુને એ વાત પસંદ પડી. શકટદાસે જ એ પત્ર લખ્યો હતો તે થોડી વારમાં જ પુરવાર થઈ ગયું. રાક્ષસ ઝંખવાણો પડી ગયો: 'શકટદાસે લક્ષ્મીના લોભે તો આવું કૂડું કામ નહિ કર્યું હોય?'

હવે તેની પાસે કોઈ દલીલ, કોઈ ઉત્તર રહ્યો નહિ. એની પોતાની મુદ્રા હતી, એના અલંકારો હતા. વિશેષ પુરાવાની હવે જરૂર ક્યાં હતી? રાક્ષસ નિસ્તેજ બની મૂગો થઈ ગયો. ત્યાં જ મલયકેતુએ ટાણો માર્યો: 'બોલો અમાત્ય, આ બધાં કારસ્થાન કોનાં?'

'દૈવનાં...' દયામણા થઇને રાક્ષસે કહ્યું.

મલયકેતુના રોષે માઝા મૂકી; 'દૈવનાં? અને તારાં નહિ કે? તેં લોભમાં ને લોભમાં મને ગરદન મારવાનો પેંતરો રચ્યો; ને—ને—મારા પિતાનો હત્યારો પણ તું જ.' એ વેધક નજરે રાક્ષસે ધારણ કરેલા પર્વતેશ્વરના નવા અલંકારો ભણી જોઈ રહ્યો.

રાક્ષસ ખૂબ દુઃખી થઈ ગયો: 'ઓહ, દાઝ્યા પર ડામ?' એ સમજી ગયો કે સિદ્ધાર્થક, જીવસિદ્ધિ, બધા જ ચાણક્યના ગુપ્તચર નીકળ્યા. એને હવે બાજી જીતવાની કોઈ આશા રહી નહિ.

મલયકેતુએ પત્રમાં વર્ણવેલા પાંચે રાજાઓનું નિકંદન કાઢવાનું ફરમાન કાઢ્યું અને રાક્ષસને પણ ભારે અપમાન કરી તેણે કાઢી મેલ્યો.

ચાણક્યની કૂટનીતિનો શિકાર બનેલા મલયકેતુએ ચિત્રવર્મા

મારા જીવનમાં ૭૫ વર્ષ પૂરાં થયા નિમિત્તના
'કુમાર'ના કલા-અંકના પ્રકાશન-સમયે
આભારવશ હૃદયે અભિવંદના

- આબાલવૃદ્ધ દેશજનો, આચાર્યો, ઉદ્યોગપતિઓ, રાજ્યપદાધિકારીઓ વગેરેને, જેમણે મારી અલ્પ સેવાભાવનાને સત્કારી.
- મારા સુહૃદ વિદ્વાન મિત્રોને, જેમના સમાગમે હું સંસ્કાર, સદ્ભાવ અને સહકારનો લ્હાવ પામ્યો.
- 'કુમાર'ના કલાકારો તથા લેખકોને, જેમણે પોતાની કૃતિ અને વાઙ્મયથી આ અંકમાં દીપ્તિ પૂરી.
- 'કુમાર'ના સુજ્ઞ ને વિશાળ વાચકવર્ગને જેમણે મારા પ્રતિ શ્રદ્ધા અને સદ્ભાવ દાખવી મારા સ્વલ્પ કાર્યને આવકાર્યું.
- 'કુમાર'ના સંસ્કારપ્રિય ગ્રાહકોને, જેમણે મમતા દાખવી પોતા કે પોતાના વ્યવસાય તરફથી જાહેરખબર દ્વારા 'કુમાર'ના આ સંસ્કારયજ્ઞમાં પોતાનો ફાળો આપ્યો.
- 'કુમાર'ના તંત્રી, સંચાલકો ને કાર્યકરોને જેમણે આ અવસરને ગુજરાતી સાહિત્યમાં અમર કર્યો.

જાન્યુઆરી ૧૯૬૮ રવિશંકર મ. રાવળ

આદિ રાજાઓને મારી નંખાવ્યા તેથી બીજા રાજાઓમાં તેના પ્રત્યે ભારે રોષ અને ધિક્કારની લાગણી જન્મી. તેમણે મલયકેતુનો પક્ષ છોડી દીધો ને ભાગુરાયણ તેમજ બીજા સામંતોએ તેને કેદ પકડી લીધો.

રાક્ષસ અસહાય નિસ્તેજ બનીને નગરમાં છુપાતો ફરતો હતો, ત્યાં પોતાના કુટુંબને આશ્રય આપવાના આરોપસર ચંદનદાસ શેઠને શૂળીએ ચડાવતા હોવાના સમાચાર તેણે સાંભળ્યા. તેનો આત્મા કકળી ઊઠયો. તે એકદમ તેની વહારે જવા તત્પર થયો.

ચાંડાળો ચંદનદાસને વધસ્તંભે લઈ જતા હતા. તેની પત્ની તેની પાછળ વિલાપ કરતી ઘસડાતી હતી. તેનો પુત્ર પાછળ દોડી રહ્યો હતો. સૌકોઈની આંખ ભીની હતી. પુત્રે ચંદનદાસને પ્રણામ કર્યા. ચંદનદાસે આશિષ આપીને એટલું જ કહ્યું: 'મિત્ર માટે માથું આપતાં શીખજે.'

ચંદનદાસની પત્ની ચિત્કાર કરી ઊઠી ત્યાં જ રાક્ષસ ધસમસતો આવી પહોંચ્યો: 'સતી, વિલાપ મા કરો. આ હું આવ્યો! અરે ચાંડાળો, છોડી મૂકો એ શેઠને.' એને જોઈ ચંદનદાસની આંખમાં આંસુ આવી ગયાં; 'અરે, અમાત્ય રાક્ષસ! તમે અહીં?'

રાક્ષસે આંસુ લૂછતાં કહ્યું: 'કંઈ નહિ. તારા સચ્ચરિત્રના એકાદ અંશનું અનુકરણ તો કરું?'

ચાણક્યને આ સમાચાર તરત જ મળી ગયા. તે તત્કાળ વધ-સ્થાને આવ્યો. તેને દૂરથી જોતાં જ રાક્ષસ સ્વગત બોલી ઊઠયો: 'આ તો દુરાત્મા... નહિ નહિ મહાત્મા કૌટિલ્ય!'

ચાણક્યે અત્યંત આદરપૂર્વક રાક્ષસને નમસ્કાર કર્યા ને રાક્ષસનો સ્પર્શ કર્યો. રાક્ષસ આઘો ખસી ગયો: 'મને સ્પર્શ કરશો નહિ. હું ચાંડાળસ્પર્શથી દૂષિત છું.' ચાણક્ય હસ્યો: 'એ ન હોય ચાંડાળ. એ તો છે સિદ્ધાર્થક—રાજપુરુષ સિદ્ધાર્થક. તેની દ્વારા જ મેં શકટદાસ પાસે પેલો બનાવટી પત્રલેખ લખાવ્યો હતો.'

રાક્ષસ ચકિત થઈ ગયો. તેને નિરાંત પણ થઈ. શકટદાસ જેવા મિત્ર પરથી તેનો વહેમ ટળી ગયો.

એવામાં ચંદ્રગુપ્ત પણ ત્યાં આવી પહોંચ્યો. તેણે પણ રાક્ષસને નમ્રતાપૂર્વક નમસ્કાર કર્યા. આ બધું જોઈ રાક્ષસની મતિ મૂંઝાઈ ગઈ.

ત્યાં તો ચાણક્યે પૂછ્યું: 'અમાત્ય રાક્ષસ, ચંદનદાસ શેઠને જીવતદાન અપાવવા આવ્યા છો?'

'એ જ પ્રયોજન છે.'

'ત્યારે પ્રધાન તરીકે આ શસ્ત્ર સંભાળી લો...'

'ના, ના; તમે ધારણ કરેલું શસ્ત્ર સંભાળવાની મારી તે શી યોગ્યતા?'

'એ શું બોલ્યા અમાત્ય? હું યોગ્ય ને તમે અયોગ્ય? કદી નહિ. અને તમે પ્રધાનપદ ધારણ કરો તો જ ચંદનદાસને જીવતદાન મળેને?'

રાક્ષસ નિરુપાય થયો—મહાત થયો. ચાણક્યે હર્ષભેર ચંદ્રગુપ્તને કહ્યું: 'વૃષલ, મહાઅમાત્ય રાક્ષસે તારા પર અનુગ્રહ કર્યો: તારું પ્રધાન-પદ સ્વીકાર્યું.' ચંદ્રગુપ્તે અત્યંત નમ્રતાથી ઉત્તર દીધો: 'આર્યનો અનુ-ગ્રહ મારે રોમેરોમ વસી રહ્યો છે.'

રાક્ષસે માત્ર એક વિનંતી કરી: મલયકેતુને મુક્ત કરવાની. તેને તત્કાલ મુક્ત કરવામાં આવ્યો. ચાણક્યે ચંદનદાસને માનભેર મુક્ત કરી જગતશેઠનો ઈલકાબ આપ્યો. રાક્ષસ અને ચંદનદાસ ભેટી પડયા અને ચાણક્ય ચંદ્રગુપ્ત ભણી જોઈ અર્થપૂર્ણ સ્મિત કરી રહ્યો.

અનુસંધાન] ગણકયંત્રોની દુનિયામાં ડોકિયું [પૃ. ૬૨થી

ન જ કરત. એવી વિગતો માણસ માટે સહજ હોય છે એટલે એનો ઉલ્લેખ કરવાની જરૂર એને જણાતી નથી. પણ યંત્રના 'ધ્યાન'માં એ વાત જવાની જ નહિ—એને કોઈ માણસ તે ન જણાવે ત્યાં સુધી.

યંત્રો પોતાની ભૂલો જુએ ને સુધારે, માણસની સામાન્ય ભાષા શીખે, માણસોના ચહેરા ઓળખી કાઢે, અને માણસ જેવા સહજ આઘાત-પ્રતિઆઘાતો બતાવે એ માટે અભ્યાસ ને પ્રયોગો ચાલે છે. કહે છે કે અનેક ગણકયંત્રો વાપરતી એક ઔદ્યોગિક પેઢીમાં એક યંત્ર બરાબર ચાલતું ન હોવાથી એને ભંગારમાં વેચી નાખવાનો નિર્ણય લેવામાં આવ્યો. બીજે દિવસે બીજાં બધાં યંત્રોને કામે લગાડવામાં આવ્યાં ત્યારે દરેકમાંથી સૌથી પ્રથમ એક ચિઠ્ઠી નીકળી: 'જો અમારા યંત્રબંધુને રુખસદ આપશો તો અમે બધાં રાજીનામું આપીશું.'!!!

પણ યંત્રો વિષે વાતો કરવા કરતાં હવે એ કેવી રીતે કામ કરે છે તેની ઝાંખી તેની અંદર ડોકિયું કરીને આપણે આવતા અંકમાં કરીશું.

વાર્તા-વર્તુલ પરિસંવાદ

વાર્તા-વર્તુલ (મુંબાઈ) તથા સાહિત્ય મિત્રમંડળ (નડિયાદ)ના ઉપક્રમે આગામી તા. ૨૪–૨૫ ફેબ્રુઆરી '૬૮ના રોજ યોજાએલા વાર્તાકાર-મિલનમાં જે ત્રણ પરિસંવાદો દ્વારા સાહિત્યિક ચર્ચાઓ, મુશાયરો તથા મનોરંજન કાર્યક્રમો થશે તેનાં સંચાલન સર્વશ્રી અમૃતલાલ યાજ્ઞિક, ચૂનીલાલ મડિયા તથા અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ અનુક્રમે કરશે. પરિસંવાદોના વિષયો: ૧) સર્જનાત્મક સાહિત્યની સમસ્યાઓ તથા ૨) વર્તમાન કથાસાહિત્યને મૂલવવામાં વિવેચન નિષ્ફળ ગયું છે?—પર ગુજરાતી ભાષાના કેટલાક અભ્યાસીઓ દ્વારા લખાએલા નિબંધોની પુસ્તિકા પણ ત્યારે પ્રકટ થશે. મિલનમાં ભાગ લેનારને તે અગાઉથી મોકલી અપાશે. જેથી ચર્ચાઓ એ પુસ્તિકા પર આધારિત રહે અને તાત્ત્વિક બને.

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક-આલેખક
રવિશંકર રાવળ

૩૪૦ તારાપોર સ્ટુડિયો

તારાપોળવાળાએ 'સ્નેહસરિતા' નાટકનાં બધાં પાત્રોનાં તથા થોડાં સમૂહદશ્યોનાં કેટલાં યે ચિત્રો લીધાં. હાજીમહમ્મદે મને ત્યાં સાથે રાખ્યો હતો. ધોબી તળાવ પરના કાલબાદેવીના ખૂણા પર છેલ્લે માળે આવેલા એ આલીશાં સ્ટુડિયોનું 'તારાપોર' નામ રાત્રે પણ ચળકતું. છેક એ જમાનામાં તે કેબિનેટ સાઈઝની છબિની ત્રણ પ્રતના રૂ. ૨૦ (એક સામાન્ય માણસના આખા માસનો પગાર) લેતા! પણ એમની અદ્દલ ફોટોગ્રાફીમાં એક રેખા કે એક ગડી સુધ્ધાં પૂરા સ્વરૂપમાં અને સ્પષ્ટ એકાગ્ર પ્રકાશમાં પડેલી દેખાતી. ત્રણ કલાક સુધી હું તારાપોરની એ નિષ્ઠાપૂર્ણ કામગીરી જોઈ રહ્યો. એ વખતે તેમનાં રૂપસુંદરી જેવાં પત્ની પણ સૌની સાથે હસીને વાતો કરતાં હાજીને અને મને હસાવતાં હતાં. વચ્ચે તારાપોરે મને પૂછ્યું: 'તમે ભાવનગરના કે?' અને પછી પોતાનાં પત્નીને બતાવીને કહ્યું: 'એ પણ ભાવનગરી ઉમરીગરના કુટુંબનાં જ, હોં!'

તારાપોરે થોકડાબંધ ફોટોગ્રાફો હાજીને સોંપ્યા: સેંકડો રૂપિયાનું બિલ થાય એટલું કામ! હાજીએ મને સમજાવ્યું કે આ બધું 'વીસમી સદી' પરનો પ્રેમ અને મિત્રકાર્ય છે.

એ ફોટોગ્રાફોની આકૃતિઓને હાજીએ નવી રીતે ગોરક્ષકર પાસે કોરાવી પૃષ્ઠરચનાઓ કરાવી; એકમે સમૂહદશ્યો પાછળ પડદા પરનાં જે દશ્યો મેં સ્કેચબુકમાં ઉતારી લીધાં હતાં તે ઉપસાવ્યાં; અને એમ 'આજનાં નાટકો' નામે નવી લેખમાળા 'વીસમી સદી' માટે શરૂ થઈ ગઈ.

તારાપોરના આ ગુણની કદર હાજીએ અજબ રીતે કરી બતાવી. 'વીસમી સદી'નાં પૃષ્ઠો પર તારાપોરની જાહેરખબર એમણે અનોખી રીતે શરૂ કરી—જેનું બિલ સેંકડો રૂપિયા થવા જાય, ને તે કાયમ લીધા કરી. 'જી, જરા હસતું મોઢું રાખજો; બાકી બધું તારાપોર સંભાળશે' એ એમની જાણીતી જાહેરખબરનું વાક્ય પ્રજામાં એક કહેવતરૂપ બની ગયું.

૩૪૧ 'વીસમી સદી'

'વીસમી સદી'ને પહેલી પંક્તિનું માસિક બનાવવા માટેની હાજીમહમ્મદની મહેનત, ઉલટ, કાળજી અને ખંત અથાગ હતાં. ગુજરાતી સાહિત્યના સાક્ષરો અને શોખીનોનું જે મંડળ તે પોતાના માસિક માટે ભેગું કરી રહ્યા હતા તે બધા પાસેથી લેખો મેળવવા અને પ્રકટ કરવામાં તેમની બાહોશી અને સમજ અજબ કામ કરતાં. ચિત્રકારોને સાધવા, સમજ આપીને ચિત્રો કરાવવાં, તેના સુઘટિત બ્લૉકો



નાટકનું એક દશ્ય (સ્કેચબુકનું પાનું)



આ હપતામાં જેમનો ઉલ્લેખ આવે છે તે ભાવનગરના તત્ત્વરસિક દીવાનસાહેબ ત્રિભુવનદાસભાઈ

કરાવવા, છાપખાનામાં જાતે કંપોઝીટરના સ્ટૂલ પાસે ઊભા રહી તેને પાનાંની રૂપરચના બતાવવી, આદિ ઉપરાંત અવનવી મુલાકાતો લેવા માટે ખાવા પડતા ધક્કા ને દાદરાની ચડઊતરનો યે કોઈ હિસાબ ન-હોતો. ફોટોકલાકાર શાપુરજી ભેદવારે તો પોતાની બધી ચિત્રમાળાઓ હાજીને સોંપી દીધી હતી. ફોટોગ્રાફીમાં કલાયુક્ત ચિત્રપ્રસંગો ઉપજાવનાર એ કલાકારનો પ્રકાશ પરનો કાબૂ અજબ હતો.

લગભગ ત્રણેક માસ ચાલે એટલાં સાહિત્ય અને ચિત્રોની એકલે હાથે તેમણે તૈયારી કરી નાખી હતી, પણ ખોટના ભયથી હિંમત


વીસમી સદી

હિંદના દાદા.

મી૰ રૂસ્તમ પેસ્તનજી મસાની.

'વીસમી સદી' માસિકના પહેલા અંકનું પહેલું પાનું



રણજિતરામ, અંજારિયા અને હું (ફેંટામાં)

ચાલતી ન હતી. ઈ. ૧૯૧૪માં મુંબાઈના પ્રસિદ્ધ શેઠ ફાજલભાઈએ એમને પ્રોત્સાહન આપ્યું—આર્થિક સહાય પણ કરી હશે. એ વર્ષના જૂન માસમાં ડેકલેરેશન લેવાઈ ગયું, પણ ધુરંધરે કરેલું પૂઠા માટેનું ચિત્ર વિલાયત છાપવા મોકલેલું તે યુરોપનું મહાયુદ્ધ શરૂ થવાથી ત્યાં જ અટકી રહેલું. છતાં એમણે તો પહેલા વર્ષની કામગીરી ચાલુ રાખેલી.

પહેલા અંકમાં પહેલા લેખ તરીકે હિંદના દાદા દાદાભાઈ નવરોજી પર શ્રી રુસ્તમજી મસાણી પાસે લેખ લખાવ્યો. અંધેરી ખાતે દાદાના નિવાસસ્થાને પ્રસિદ્ધ ફોટોગ્રાફર દેવારેને જાતે લઈ જઈ એમના નવા સરસ ફોટોગ્રાફો પડાવી લાવ્યા. શ્રી મસાણીને તેમના જ ખંડમાં મારી સામે બેસવા કહી મારી પાસે સ્કેચ કરાવ્યો હતો તે પણ પહેલા જ પાના ઉપર ગોઠવ્યો. આ બધાં ખર્ચ કાઢવા જાહેરખબરોના ભારે દર રાખવા પડયા હતા; પણ જાહેરખબરો લોકો હોંશથી વાંચે તેવી તરકીબો તે જાણતા હતા, એટલે ચિત્રો તથા બ્લૉક સાથે તે પોતાની રીતે જ મૂકવાની શરત તે એવી સરસ રીતે પાળતા કે લોકો ખુશ થઈ જતા. એ કામ માટે જુવાન ગોરક્ષકરને—જે માત્ર થર્ડ ગ્રેઈડ ડ્રૉઈંગ સુધી જ ચિત્રકામ શીખ્યા હતા તેમને—તાલીમ આપવા માંડી હતી. તે હાજીએ શોધેલાં યુરોપી ચિત્રોનાં પાત્રો ઉપરથી હિંદી રૂપાન્તર કરી લેતા. એ ભાઈને થોડા પુરસ્કારથી હાજી ટેકો પણ આપતા; ને તેણે પણ ધીરેધીરે કામમાં પ્રગતિ ને સુધારો બતાવ્યાં એટલે પછી વાર્તા કે કવિતાનાં ચિત્રો તેમજ સુશોભનોનું કામ પણ તેમને આપવા લાગ્યા. પણ તે માટે સાથે આધાર તરીકે બીજા પરદેશી ચિત્રોના નમૂના પૂરા પાડતા. મારા માટે હાજીનો વ્યવહાર જુદો હતો. મને વાર્તા કે કવિતા સોંપી મારી રીતે જ સ્વતંત્ર સર્જન કરવા દેતા.

કાગળોના ભાવ આસમાને ચડતા જતા હતા અને છાપખાનાંવાળા મોં માગ્યા દામ માગતા હતા. છતાં જેવું ઇંગ્લૅંડથી કવરચિત્ર છપાઇને આવ્યું કે તરત તેમણે છાપકામ શરૂ કરાવ્યું. ઈ. ૧૯૧૬ના પ્રારંભથી માસિક બહાર પાડવાનું તેમણે નક્કી કર્યું હતું. દરમ્યાન ઘણી બાબતો બની ગઈ, જેને લીધે પણ પ્રકાશનમાં ઢીલ થવા પામી, અને જાન્યુઆરીને બદલે એપ્રિલ ૧૯૧૬માં પહેલો અંક બહાર પડચો.

૩૪૨ અંજારિય અને 'સાગર'

એક વખત રજાના દિવસે રણજિતરામના આમંત્રણથી હું મલબાર હિલ ઉપર તેમને મળવા ખટાઉ શેઠના 'વસંતવિહાર' બંગલે તેમના આવાસે ગયો હતો, ત્યાં સૌરાષ્ટ્રી ફેંટાવાળા એક બેઠા બાંધાના પણ ઊજળા વર્ણે ને સુંદર ચહેરાના પ્રૌઢ સજ્જન બેઠા હતા. રણજિતરામે મારી ઓળખાણ કરાવતાં એમને કહ્યું: 'હિંમતભાઈ, આ જુવાનને ઓળખો છો? ચિત્રકાર રવિશંકર રાવળ.'

'ઓ—હો! મેં તો તમને બહુ પાકટ વયના ધારેલા.' હિંમતલાલ અંજારિયા બોલ્યા. મેં તો એમને ઓળખી જ લીધા હતા. કહ્યું: 'મૅટ્રિકમાં આપનું "કાવ્ય માધુર્ય" વાંચીને હું ભાષાભક્ત થયો છું'.

'ચાલો, બહુ આનંદ થયો. તમે હાજીમહમ્મદના "વીસમી સદી"ના કામમાં જોડાયા છો એમ રણજિતરામે કહેલું. ક્યારે હવે એ બહાર પડશે?' આ પછી 'વીસમી સદી' અને ગુજરાતની અન્ય સાહિત્યપ્રવૃત્તિ વગેરેની ઘણી વાતો ત્યાં થઈ. રણજિતરામે કેટલાક નવા પરિચયો અને અભ્યાસની વાતો કરી અને સુંદર મસાલેદાર ઘાટી ચા પાઈ. મેં જાણ્યું કે આમ દરેક રજાને દિવસે તે એકબે મિત્રોને આમંત્રણ આપતા અને પરિચયો ગાઢ કરતા રહેતા. હાજીના સમાગમથી મુંબાઈ તળમાં વસતા ચંદ્રશંકર બુચ (પાછળથી 'સુકાની'), ગઝલકાર હરિહર 'દીવાના', 'મિસ્કિન' તથા 'સાગર' વગેરેના પરિચયો થયા. 'સાગર'નો સ્કેચ કરવા હું મારી નજીકમાં ગીરગામ બૅક રોડ પરના તેમના નિવાસે ગયો ત્યારે એ ફકીર જેવા માણસ ઉપર પણ હાજીની મોહિની પડેલી જોઈ. તેમનો થોડો શબ્દપરિચય તો વીરમગામમાં તેમના મિત્ર ચૂનીભાઈ ત્રિપાઠીએ મને આપેલો. તે યાદ આપીને મેં તેમની સાથે આત્મીયતા સ્થાપી. કૅમેરા વગર હાથથી જ માણસનો હૂબહૂ ચહેરો થાય છે તેની ઘણાને ખાતરી નહોતી. તેમણે પણ શંકા બતાવેલી, પણ મેં સ્કેચ કરી બતાવ્યો ત્યારે તે ખૂબ પ્રસન્ન થયા.

હાજી અવારનવાર કંઈ કામ કે લેખ સોંપવા મારી રૂમ પર પણ આવી જતા અને કહેતા કે 'હવે તમારાં પત્ની અને ગૌતમને બોલાવો.' (જેમને એ ગૌતમ કહેતા હતા એ મારો નાનો બાળક કુટુંબમાં 'ગ' ઉપરથી ગજુ નામ પામ્યો હતો, પણ એમને ગૌતમ નામ ગમી ગયું હતું.) પણ હું કહેતો કે 'કુટુંબ સાથેનો મુંબાઇનો ખર્ચ મેળવી શકું નહિ ત્યાં સુધી હું તેમને લાવી શકું નહિ.'

મારા સાથી જેભાઈ અને તેમનાં પત્નીએ મને ખૂબ સાચવ્યો હતો; પણ હવે થોડા વખત પછી તેમનાં પત્નીને પિયર જવાનું થાય



જેભાઈ અને એમનાં નવાં પત્ની

તેમ હતું, એટલે હવે મારે ગમે તેમ કરીને બીજી ટર્મમાં તો કુટુંબને લેતા જ આવવું એમ મેં ઠરાવી દીધું. હું પણ થોડું વધારાનું બજારુ કામ કરતો થયો હતો.

૩૪૩ પોપટભાઈ પર તરાપ

એક દિવસ મસ્તરામ એકાએક આવ્યા: 'પોપટભાઈ નીલગિરિનું કામ છોડી આજે મદ્રાસ મેઇલમાં આવે છે એવો તાર મળ્યો છે. આપણે તેમને દાદર પર જઈ મળીએ.' આમ એકાએક તે શાથી આવે છે તેનું કારણ અમે કળી શક્યા નહિ. દાદરથી વી. ટી.ની ટિકિટો લઇને અમે ટ્રેઇન આવી કે તરત તેમના ડબામાં પેસી ગયા. તેમણે હસતાંહસતાં પોતાની સાથેના એક ભાઈને બતાવી ખુલાસો કર્યો કે 'સરકારે મને ઘર સુધી પહોંચાડવા આ ભાઈને ફરજ સોંપી છે.' પેલા ભાઈ

પોપટભાઈનું બયાન



પોપટભાઈ આજે

ડૉ. શ્રી પોપટભાઈ (હીરાલાલ હરગોવિંદદાસ પંડ્યા) ભાવનગર – બલ્કે સમસ્ત સૌરાષ્ટ્ર – માંથી અમેરિકા જનારા પહેલા વિદ્યાર્થી યુવાન હતા. ત્યાંની ઈથાકા યુનિવર્સિટીમાં ઍગ્રિકલ્ચર (કૃષિવિજ્ઞાન)માં એમ.એસસી. થઈ પાછા આવ્યા તે સમયની હકીકત તેમની પાસેથી જ મળી છે તે નીચે આપું છું.

ઈ. ૧૯૧૪માં હું હિંદ આવ્યો ત્યારે યુરોપમાં પહેલું વિશ્વ-યુદ્ધ શરૂ થઈ ચૂક્યું હતું. તે અગાઉ અમેરિકામાં કૅલિફૉર્નિયા-માંના મારા અભ્યાસકાળ દરમિયાન, હું ત્યાંની ઇંડિયન સ્ટુડન્ટ્સ એસોસીએશનનો પ્રમુખ હતો ત્યારે, ત્યાં અભ્યાસ કરતા હિંદી વિદ્યાર્થીઓને નજર તળે રાખી બ્રિટિશ સરકારનું જાસૂસી-ખાતું તેમની વિગતવાર નોંધ રાખતું હતું.

ઈ. ૧૯૧૪ના ઑગસ્ટમાં અમેરિકાથી દેશમાં આવતાં મેં હવાઈ ટાપુ, જાપાન, ચીન ને સીલોનની મુલાકાત લીધી, અને રામેશ્વર ભગવાનનાં દર્શન કરીને ભારતમાં પ્રવેશ કરી મદુરા, ત્રિચિનાપલ્લી, શ્રીરંગમ્, તાંજોર અને મદ્રાસમાં ઈન્ડિયન સ્ટુડન્ટ્સ એસોસીએશનના પ્રચાર માટે પાંચ વ્યાખ્યાનો આપ્યાં. મદ્રાસ સરકારનું જાસૂસીખાતું તેની નોંધ કરતું હતું. યોગાનુયોગ મારી પહેલી નિમણૂંક મદ્રાસ ઈલાકામાં જ થવા પામી.

મારા અમેરિકાથી દેશમાં આવવા પહેલાં મારા મિત્ર વિઠ્ઠલદાસ જેરાજાણી, જે તે વખતે મુંબાઈ સ્વદેશી કોઑપરેટિવ સ્ટોરના મૅનેજર હતા તેમણે મુંબાઈના શેઠ મૂળરાજ ખટાઉના નીલગિરિના ચા-કૉફીના બગીચાઓ ઉપર મને મૅનેજર તરીકે રાખી લેવાની વાત કરી હતી. તેથી દેશમાં આવ્યા બાદ હું તેમને મળવા મુંબાઈ ગયો. તેમની સૂચનાથી તેમના સેક્રેટરી તરીકે પ્રથમ હું નીલગિરિ જઈ પરિસ્થિતિ જોઈ આવ્યો અને નવેમ્બર ૧૯૧૪થી હું સકુટુંબ નીલગિરિ રહેવા ગયો.

તે વખતે બગીચાઓના વહીવટમાં સુવ્યવસ્થા ન હોવાને કારણે દર વર્ષે નામની જ ઊપજ આવતી. મારા ગયા પછી પહેલે જ વર્ષે સારી ઊપજ તથા મૂડીના રોકાણ ઉપર સારો નફો મળવાથી શેઠ તો ખુશખુશ થઈ ગયા અને તેમની છ યે જાગીરોમાં ચા-કૉફી ઉગાડવાનું અને તેના વેચાણનો વહીવટ કરવાનું કામ મને સોંપ્યું. તે પૈકી વૉટરહોલ એસ્ટેટમાંનો મારા નિવાસનો બંગલો cordite factory (ડાઇનેમાઈટ માટે સામાન બનાવવાના કારખાના)ની બરોબર સામે જ આવેલો હતો. લડાઈના વખતમાં એ ઠેકાણે ફોટોગ્રાફ લેવાની મનાઈ હતી, પણ મને તેની ખબર નહોતી. એક વખત શૉખ ખાતર મેં તેના થોડાક ફોટોગ્રાફ લીધા. મૂળથી વહેમાએલી મદ્રાસ સરકારે એને કારણ બનાવીને લડાઈના સમયમાં વૉટર-હોલ એસ્ટેટ પર મારી હાજરીને બિનસલામતીવાળી લેખી.

લડાઈના વટહુકમો હિંદ પણ પહોંચી ગયા હતા, એટલે ચોકસાઈ ખાતર મદ્રાસ સરકારે ડિફેન્સ ઑવ ઇન્ડિયા ઍક્ટ નીચે મારી સામે વૉરંટ કાઢી મદ્રાસમાં મારી ધરપકડ કરીને મને નજરકેદ રાખ્યો (ઑગસ્ટ ૧૯૧૫). તેની સામે મદ્રાસના પોલીસ કમિશનર પાસે મેં વાંધો નોંધાવ્યો કે 'હું ફર્સ્ટ ક્લાસ દેશી રાજ્ય ભાવનગરનો પ્રજાજન હોવાથી મદ્રાસની સરકાર મને અટકમાં રાખી શકે નહિ, પરંતુ મને ભાવનગર રાજ્યને સોંપી દેવો જોઈએ.' તે ઉપરથી મદ્રાસ સરકારે મુંબાઈની સરકાર તેમજ સર પટણી (જે તે વખતે કાઉન્સિલર હતા તેમની) મારફત ભાવનગર રાજ્ય સાથે તારથી વાટાઘાટો કરી. આ બધું ૨૪ કલાક ચાલ્યું, જે દરમિયાન મને મદ્રાસમાં મારા એક મિત્રને ત્યાં પોલીસ દેખરેખ નીચે રહેવાની પરવાનગી મળી. અંતે મને ભાવનગર રાજ્યને સોંપવાનું મદ્રાસ સરકારને સલામતીભર્યું લાગ્યું અને મને તથા મારા કુટુંબને સરકારે સેકન્ડ ક્લાસના રીઝર્વ ડબામાં પોલીસ એસ્કોર્ટ (સથવારા)માં નીલગિરિથી ભાવનગર પહોંચાડવાની ગોઠવણ કરી.

ઘેર પહોંચીને રાજ્યની મારફત મેં સરકારને પૂછપાછ શરૂ કરી કે મને શા માટે પકડવામાં આવ્યો હતો. સાથે અટકાયતના અરસામાં મારા કુટુંબના નિર્વાહ માટે યોગ્ય રકમ મળવી જોઈએ એવી માગણી પણ મૂકી. લાંબા પત્રવ્યવહારને અંતે ભાવનગરના દીવાનની હાજરીમાં, સોનગઢના પોલિટિકલ એજન્ટ સાથે એક મીટિંગ ગોઠવાઈ. તેમાં હું શા માટે અમેરિકા ગયો હતો, કયે ઠેકાણે અભ્યાસ કર્યો હતો, ક્યારે પાછો આવ્યો અને મદ્રાસ રાજ્યમાં નોકરી કેવી રીતે મેળવી વગેરે બાબતોમાં પ્રશ્નોત્તરી થઈ. ભાવનગર રાજ્યે ને દીવાન સાહેબે પણ મારા કુટુંબની ખાનદાની ને સજ્જનતા માટે સરકારને પૂરી ખાતરી તથા બાંહેધરી આપી, અને દરેક રીતે હું નિર્દોષ છું એવી ખાતરી થતાં સરકારે મારી અટકાયત દૂર કરી (નવે. ૧૯૧૫).


આમ મારો બિનશરતી છુટકારો થયો કે તુરત મૂળરાજ શેઠ તરફથી નીલગિરિની એસ્ટેટ ફરી સંભાળી લેવાનું કહેણ આવ્યું; પણ એક વખત નીલગિરિ છોડ્યા પછી ફરી ત્યાં જવાનું મન થયું જ નહિ અને એ પ્રકરણનો અંત આવ્યો.

પણ હસ્યા. અમે જાણ્યું કે એ છૂપી પોલીસના અધિકારી હતા.

વાત એમ બની હતી કે પોપટભાઈ અમેરિકા ગયા ત્યારે એમની 'કોમાગાટા મારૂ' નામે જાપાની સ્ટીમરમાંના કેટલાક શીખ ઉતારુઓને બ્રિટિશ સરકારની સૂચનાથી સ્ટીમરના અધિકારીઓએ અમેરિકામાં ઊતરવા દીધા ન હતા. તેમાંના કેટલાકે પોપટભાઈનો સંપર્ક સાધી પોતાનો સાદ જનતામાં પહોંચાડવા જણાવેલું. આથી પોપટભાઇને એકાદ વિદ્યાર્થીસભામાં બોલવાનો પ્રસંગ મળતાં તેમણે સહજ રીતે સ્ટીમરમાં વેઠવી પડતી હાડમારીનું બયાન આપેલું. તેની યાદી ત્યાંના જાસૂસી ખાતા તરફથી બ્રિટિશ સરકારને પહોંચેલી. તે પરથી તેઓ ભારત પહોંચે ત્યારે તેમને કોઈ રીતે અટકમાં લેવાનાં ફરમાન નીકળેલાં. એ ઘટનાનું બયાન પોપટભાઈના શબ્દોમાં જ આ સાથે આપ્યું છે.

૩૪૪ હાજીનો સદ્ભાવ

હાજીએ મને અનેક પ્રસંગોએ અને અનેક વ્યક્તિઓના મિલાપ વખતે સાથે રાખવા માંડ્યો હતો. એક વાર હું ગયો ત્યારે એક



કલાશાળાના ચોથા વર્ષમાં કરેલા મારા કામના બે નમૂના: ડાબી બાજુ—જીવંત માનવ ઉપરથી પ્રતિરૂપ—જલરંગમાં: ઊંચાઈ ૩૦ ઈંચ. જમણી બાજુ: માઇકેલ ઍન્જેલોના શિલ્પ 'બંદીવાન' ઉપરથી માત્ર કોલસા વડે કરેલું ૩૦ ઈંચ ઊંચાઈનું ચિત્ર.

અમીર જેવા ઓજા ગૃહસ્થ તેમના ખંડમાં બેઠા હતા. હાજીએ મને તુરત કહ્યું: 'એમને સ્કેચ કરાવવાનો રંગ લાગ્યો છે. આ કાગળ પર જરા પેન્સિલ ચલાવો.' મેં સ્કેચ કરી આપ્યો. થોડા વખત પછી હાજી-મહમ્મદે તે ગૃહસ્થની સહી સાથે રવીન્દ્રનાથનું 'સાધના' નામક પુસ્તક મારા હાથમાં મૂકી કહ્યું: 'એ ગૃહસ્થ તમને કંઈક પુરસ્કાર આપવા માગતા હતા; પણ તમારા માટે મને એ યોગ્ય ન લાગ્યું, એટલે તેમની ભાવનાના પ્રતીક રૂપે આ ચોપડી મેં તેમને પસંદ કરી આપી.' એ ભેટથી હું ખરેખર રાજી થયો. કળાની શ્રેષ્ઠ ભાવના અર્પતાં પુસ્તકો તો હું શોધતો રહ્યો હતો અને મેં ટૉલ્સ્ટૉયનું 'What is Art' જોયું કે તુરત ખરીદી લીધું હતું. એ મહાપુરુષના કળા સંબંધી વિચારોએ મારી ભાવનાઓને સારી રીતે પોષણ આપ્યું હતું.

ઈ. ૧૯૧૫ની દિવાળીની રજાઓમાં એ પુસ્તક સાથે હું ભાવનગર ગયો અને મારા સન્મિત્રો આગળ તેની વાત કરી. મારા અપંગ પણ અમીર મિત્ર પ્રભુભાઇને તો તે ખૂબ જ ગમ્યું. તેમણે તે વખતે પીલ-ગાર્ડન પાસે પાનવાડીના રસ્તા પર કૉલેજની લાઈનમાં નવા ઘરમાં વાસ કર્યો હતો. તેમને મારી સાધનાનું અલ્પ ફળ આપવા મેં તેમના ખંડના બારણા પર 'ટાઈમ્સ ઑવ ઇંડિયા'ના સચિત્ર સાપ્તાહિક 'ઇલસ્ટ્રેટેડ વીકલી'ના નાતાલ અંકમાંથી કાશ્મીરી હોડીવાળાનું મોટું ચિત્ર કરી આપ્યું. આથી તેમના ઘરનાં સૌમાં મારા પ્રતિ મમતા વધી ગઈ.

૩૪૫ તત્ત્વરસિક ત્રિભુવનદાસભાઈ

એમના પિતાશ્રી પ્રાણજીવનદાસે એક વાર મને કહ્યું કે 'દીવાન ત્રિભોવનદાસ કળાની સારી ચર્ચા કરી શકે છે. (એ બંને ગૃહસ્થો થીઑસૉફી સંપ્રદાયના હોવાથી નિકટના મિત્રો બન્યા હતા.) એ પરથી દિવાળીમાં એક મિત્રની સાથે હું તેમને અભિ-વંદના કરવા ગયો. ત્યારે અનેક જનોમાં શિષ્ટ-શ્રેષ્ઠ ગણાતા એ સજ્જને મારી સાથે કલા-ક્ષેત્રને લગતી અનેક ચર્ચા કરી. એ વાતચીત દર-મિયાન મેં ટૉલ્સ્ટૉયના પુસ્તકની વાત કાઢી એટલે તેમણે એ પુસ્તક વાંચવાની ઉત્કંઠા બતાવી. મેં પુસ્તક તેમને મોકલી આપ્યું. થોડા દિવસો બાદ ખાસ માણસ સાથે એ પુસ્તક પાછું આવ્યું ત્યારે સાથે નીચેનો પત્ર હતો:

Divan Office, Bhavnagar
24-11-'15

Dear Mr. Ravishanker,

I return with thanks the book which you so readily lent me. It is a very interesting book and I thought I should keep a copy in my private library. I have ordered one from Bombay. No full purpose is served by reading such books once. They can be read and re-read. The more we read the more we find.

The subject of art is an absorbing one. I wish many of our pundits to take to it to enable them to place before us and explain the high spiritual ideals of our religion, which is at present understood in its purely speculative aspect and serves no positive end.

We have yet to realize that unless we reduce these ideals to practical ends, our life would remain with only one sided growth;—no harmony.

Again thanking you for the book,

T. Kalidas

[દીવાન ઑફિસ, ભાવનગર ૨૪-૧૧-'૧૫

પ્રિય ભાઈ રવિશંકર

સરળ ત્વરાથી જે પુસ્તક તમે મને ધીર્યું હતું તે સાભાર પરત કરું છું. પુસ્તક ઘણું જ રસપ્રદ છે અને મને લાગ્યું કે મારી અંગત લાયબ્રેરી માટે તે વસાવી લેવા જેવું છે, એટલે મેં મુંબાઈથી એક નકલ મંગાવી છે. આવાં પુસ્તકો એક જ વાર વાંચવાથી તેનો પરિપૂર્ણ હેતુ સરતો નથી; અનેક વાર તે વાંચવાં જોઈએ. જેમ વધારે વંચાય તેમ તેમાંથી વધારે પ્રાપ્તિ થાય છે.

કળાનો વિષય નિમગ્ન કરી રાખનારો છે. આપણા પંડિતો તે સમજે તો આપણા ધર્મનાં આધ્યાત્મિક તત્ત્વો આપણને તે દ્વારા વધુ સારી રીતે સમજાવી શકે, સ્પષ્ટ કરી શકે. આજે તો ધર્મની માત્ર તાર્કિક બાજુ રજૂ કરવામાં આવે છે અને તે કોઈ પ્રતીતિ કરાવી શકતી નથી.

આપણને હજી એ સમજાયું નથી કે એ આદર્શોને વ્યવહારક્ષેત્રમાં ઉતારીશું નહિ ત્યાં સુધી આપણું જીવન એકપક્ષી વિકાસ જ પામશે; તેમાં કોઈ જાતનો સુમેળ નહિ જણાય.

પુસ્તક માટે ફરી આભાર સહ, ત્રિ. કાલિદાસ] (ચાલુ)

Amrita Bazar Patrika આવતી ૨૦મી ફેબ્રુઆરીએ જેની જન્મ-શતાબ્દી ઊજવાઈ રહી છે એ અગ્રગણ્ય રાષ્ટ્રીય પત્ર અમૃતબઝાર પત્રિકા

લેખક • ગુણવંત છો. શાહ

એ જમાનો હતો આઝાદી પૂર્વેનો. આજનાં માતબર અને રાષ્ટ્રીય ગણાતાં અંગ્રેજી અખબારો ત્યારે દેશદ્રોહી ગણાતાં. આજના જેવી વિમાની કે બીજી કોઈ ઝડપી સવલતો ત્યારે ન હોવા છતાં સ્વાતંત્ર્યયુદ્ધમાં પડેલા કે રસ ધરાવનારાએ સૌ મદ્રાસના 'ધ હિન્દુ', નાગપુરના 'હિતવાદ' અલ્લાહાબાદના 'લીડર' કે કલકત્તાના 'અમૃતબઝાર પત્રિકા' ઉપર રાષ્ટ્રવાદી સમાચારો માટે આધાર રાખતા. એમાં યે 'અમૃતબઝાર પત્રિકા' અને 'હિન્દુ'નું વજન ઘણું અંકાતું.

આ ૨૦મી ફેબ્રુઆરી ૧૯૬૮ના દિવસે પોતાની જન્મશતાબ્દી ઊજવતા 'અમૃતબઝાર' વિષે આપણા વયોવૃદ્ધ રાષ્ટ્રીય લડવૈયા શ્રી સી. રાજગોપાલાચારીએ યોગ્ય જ કહ્યું છે કે, આજે જીવતા કે ભુલાઈ ગએલા કોઈ પણ વૃદ્ધ રાષ્ટ્રીય વીરના પિતામહનું પદ લઈ શકે એટલું 'અમૃતબઝાર' વૃદ્ધ છે, અને છતાં ભાવના અને ઉત્સાહમાં આજના કોઈ પણ યુવક-યુવતી કરતાં એ વધુ તરુણ છે.'

આજે આવું ગૌરવભર્યું સ્થાન મેળવનાર એ અંગ્રેજી દૈનિકનો પ્રારંભ આજે પૂર્વ પાકિસ્તાનમાં ગએલા જેસોર નામના દૂરના એક ગામમાં આજથી સો વર્ષ પહેલાં બંગાળી સાપ્તાહિક રૂપે થએલો.

ત્યારનું ભારત—ખાસ કરીને બંગાળ—સામાજિક, બૌદ્ધિક ને રાજકીય જાગૃતિથી આંદોલિત હતું. શહેરોથી દૂર ગ્રામવિસ્તારમાં જીવતો બૌદ્ધિક માનવી મૃતપ્રાય થએલા સામાજિક ને ધાર્મિક પૂર્વગ્રહો સામે ઝૂઝી રહ્યો હતો. ભારતીય ને પાશ્ચાત્ય વિચારપ્રવાહો વચ્ચેની ખાઈ દૂર કરવા બ્રાહ્મોસમાજ મથી રહ્યો હતો. લોકશાહી અને રાષ્ટ્રવાદના બીજની બીજી વારની વાવણી હજી તાજી જ હતી. ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામની ને એને કચડી નંખાયાની યાદ હજી ભૂંસ નહોતી.

ઈ. ૧૮૬૫ની એવી પરિસ્થિતિ વચ્ચે જેસોરના ત્રણ ભાઈઓએ એક અખબાર શરૂ કરવાનું વિચાર્યું. મોટા ભાઈ વસંતકુમારે સૌથી નાના ભાઈ શિશિરકુમારને ૩૦૦ રૂપિયા આપીને મુદ્રણયંત્ર અને બીજી સામગ્રી ખરીદવા માટે કલકત્તા મોકલ્યો. ત્યાં શિશિરકુમારે છાપખાનું ચલાવવા માટે જરૂરી બીબાં ગોઠવવાનું તથા મશીન ચલાવવાનું પણ સાથેસાથે બને તેટલું શીખી લીધું

એક બીબાં ગોઠવનાર કંપોઝીટર, એક સંચો ચલાવનાર 'મશીન મૅન', થોડાં બંગાળી અને અંગ્રેજી સેકન્ડહૅન્ડ બીબાં અને ૩૨ રૂપિયાનો લાકડાનો એક ઘોડો લઈને શિશિરકુમાર જેસોર આવ્યા, ને હજી આજે યે જે રેલવેથી નથી જોડાએલું એવું એ જેસોર પોતાનું પહેલું છાપખાનું મેળવવા સદ્ભાગી થયું. થોડાક દિવસોમાં જ સાહિત્ય, વિજ્ઞાન અને કૃષિને લગતું 'અમૃત પ્રવાહિને' નામનું એક બંગાળી પાક્ષિક ત્યાંથી પ્રગટ થવા લાગ્યું. અને એ રીતે વસંત, હેમંત, શિશિર એ ત્રણ ઘોષ બંધુઓએ પત્રકારત્વમાં ઝંપલાવ્યું.

પરંતુ 'અમૃતપ્રવાહિની'નું આયુષ્ય લાંબું ન નીવડ્યું. થોડા વખતમાં જ વસંતકુમારનું અકાળ અવસાન થયું અને હેમંત તથા શિશિરકુમારે એક બંગાળી સાપ્તાહિક શરૂ કરવા માટે ઈન્કમટૅક્સ ખાતાના ડેપ્યુટી કલેક્ટર તરીકેની જગ્યાઓ પરથી રાજીનામાં આપ્યાં.

એ રીતે 'અમૃતબઝાર પત્રિકા'નો ઉગમ થયો. સાલ હતી ૧૮૬૮ની.

શિશિરકુમાર સંપાદક, કંપોઝીટર અને પ્રિન્ટરનું કામ કરતા હતા અને જરૂર પડયે છાપવાની શાહી પણ જાતે બનાવી લેતા. એ વખતે કાગળની તંગી હોઈ કોઈ વાર કાગળ પણ બનાવી લેતા.

આવી અપાર નિષ્ઠા અને અથાગ પરિશ્રમના પરિણામે બે જ વર્ષમાં 'પત્રિકા'નું સ્થાન એ વખતના 'હિન્દુ પેટ્રીઅટ', 'ધી ઇન્ડિયન મિરર' અને 'સોમપ્રકાશ' જેવાં અખબારોની હરોળમાં આવીને ઊભું રહ્યું. સાથોસાથ પોતાની તીવ્ર તેજસ્વિતાને કારણે 'પત્રિકા'એ એના આવા નાના સ્વરૂપમાં પણ સરકારી માંધાતા વર્ગની ખફા નજર વહોરી લીધી. મુખ્યત્વે કચડાએલા ખેડૂતસમાજનો અવાજ રજૂ કરતું 'પત્રિકા' જમીનદારો અને અંગ્રેજ અધિકારીઓને કરડવા લાગ્યું હતું.

એટલે તો, હજી એની ચાર માસની ઉંમર પણ નહોતી થઈ ત્યાં એની સામે બદનક્ષીનો દાવો મંડાયો. એના ૧૭મા અંકમાં એક ભારતીય નારીનું એક અંગ્રેજ ડેપ્યુટી મૅજિસ્ટ્રેટે અપમાન કરેલું એ સંબધે એક સમાચાર પ્રકટ થએલા: એમાં વ્યક્તિનું નામ પ્રકટ નહોતું કરવામાં આવેલું, તોપણ સરકારી અને જમીનદારી અધિકારીઓએ 'પત્રિકા' સામે વેર વાળવા માટે આ સારો લાગ જોયો. કેસ આઠ મહિના ચાલ્યો અને અંતે ઘોષબંધુઓ નિર્દોષ ઠર્યા પણ કેસે એમને બરબાદ કરી નાખ્યા અને બે અઠવાડિયાં સુધી અંક પ્રકટ કરી શકાયો નહિ. પરંતુ 'પત્રિકા'ની લોકપ્રિયતામાં અનેક ગણો વધારો થઈ ગયો!

હવે જેસોરમાં રહેવાનું ઘણું મુશ્કેલ હતું. તેમ બીજી બાજુ જનતા જનાર્દનની જાગૃતિ માટે વધુ વિશાળ, શક્તિશાળી અને રાષ્ટ્રીય મુખપત્ર હોવું જોઈએ એની પ્રતીતિ પણ બંને ભાઈઓને પાકી થઈ હતી. એટલે અંતે ૧૮૭૧ની સાલમાં ડિસેમ્બરની ૨૧મીથી તેમણે 'પત્રિકા'-ની કચેરી કલકત્તામાં બદલી ને નં. ૫૨ હિદયરામ બેનરજી લેઈન ઉપર રૂ. ૩૦૦ની મૂડી સાથે વળી નવેસરથી શરૂઆત કરી પરંતુ પૈસાની એમને ભારે મુસીબત ઊભી થવા લાગી. એવામાં એક મિત્ર માટે કામ કરી આપતાં શિશિરકુમારને દલાલીના ૮૦૦ રૂપિયા મળ્યા. તુરત જ તેમણે ૬૦૦ રૂ.નો નવો સંચો ખરીદી લીધો. ૧૮૭૨ના ફેબ્રુઆરીથી 'અમૃતબઝાર પત્રિકા'નું દ્વિભાષી (અંગ્રેજી બંગાળી મિશ્ર) સાપ્તાહિક સ્વરૂપે પ્રકાશન શરૂ થયું. બે વર્ષ પછી તો અત્યારના આનંદ ચૅટરજી લેઈનના મકાનમાં એનું સ્થાનાંતર થયું.

હવે 'પત્રિકા'નો પ્રભાવ બંગાળના બૌદ્ધિક અને રાજ્યકર્તા વર્ગ ઉપર પડવા લાગ્યો. રવીન્દ્રનાથ ટાગોરે ફક્ત ૧૪ વર્ષની વયે લખેલી કવિતા એમના હસ્તાક્ષરમાં પહેલવહેલી 'પત્રિકા'ના ૨૫મી ફેબ્રુઆરી ૧૮૭૫ના અંકમાં પ્રગટ થએલી.

લૉર્ડ મેયોનું ખૂન થયા પછી ભારતના કામચલાઉ ગવર્નર જનરલ બનેલા મિ. સ્ટ્રૅચીએ ભારતમાં જનમતને હણી નાખવા માટે ઉચ્ચ શિક્ષણ પર અંકુશ મૂકવાના વ્યવસ્થિત પ્રયાસો શરૂ કરેલા. સ્ટ્રૅચીના એ પગલાનો 'પત્રિકા'ની સાથે 'હિન્દુ પેટ્રીઅટે' પણ સખત વિરોધ કરેલો. પરિણામ એટલું બધું અસરકારક આવ્યું કે પછી ગવર્નર જન-

રલ બનેલા લૉર્ડ નૉર્થબ્રૂકે સ્ટ્રૅચીની તમામ ભલામણોને રદ કરી.

માર્ગવેરો લદાયાના અને પોલીસની જોહુકમીના પરિણામે પર.. જિલ્લામાં મોટા પાયા ઉપર જ્યારે હિંસક તોફાનો ફાટી નીકળ્યાં ત્યારે 'પત્રિકા'એ ખેડૂતોનો પક્ષ લઇને ઝુંબેશ ચલાવેલી. બરાબર એ જ અરસામાં ભારતીય વૃત્તપત્રક્ષેત્રે કટાક્ષચિત્રો પ્રગટ કરવાની પહેલ 'પત્રિકા'એ કરી. અને શિશિરકુમારની 'રાજકીય ભૂમિતિ'ની કટાક્ષમાળા તો એટલી તમતમાટભરી બની કે તેણે ખુદ પ્રજાને પણ પહેલાં તો આંચકો આપ્યો, પણ પછી તેનામાં હિંમત ને આત્મવિશ્વાસ પ્રકટ્યાં.

ત્યાં તો 'પત્રિકા'એ ગ્રામસ્વરાજ્ય માટેના ખરડાની ઝુંબેશ ઉપાડી. એ અંગેનો મૂળ ખરડો શિશિરકુમારની સાથે બેસીને ત્યારના બંગાળના લેફ્ટેનન્ટ ગવર્નર સર રિચર્ડ ટેમ્પલે તૈયાર કરેલો. એની વિરુદ્ધ જે જે અંગ્રેજો (અને કેટલાક ભારતીયો પણ) થયા તેમની સામે 'પત્રિકા'એ ઝનૂની લડાઈ આપવા એક અતિવિરાટ સભા બોલાવેલી.

તરત જ સર રિચર્ડના સ્થાને સર ઍશલે ઈડનને બંગાળના લેફ્૦ ગવર્નર અને લૉર્ડ લિટનને દેશના ગવર્નર જનરલ નીમવામાં આવ્યા. પણ તેમની સામે તીખી ટીકાઓની એવી તો ઝડી વરસી કે એ બંને ત્રાસી ગયા અને પરિણામે સર ઍશલેએ ભારતીય અખબારો ઉપર કડક અંકુશ મૂકવાનો વિચાર કર્યો.

સર ઍશલેએ પહેલાં તો શિશિરબાબુને રૂબરૂ બોલાવીને સરકારની ટીકા કરતા લેખો પ્રગટ ન કરવામાં આવે તો 'પત્રિકા'ને લાભ કરી આપવાની વાત કરીને મનાવવા માંડયા. એ બધું સાંભળી લઈને જવાબમાં શિશિરકુમારે કહ્યું: 'આ દેશમાં એકપણ પ્રામાણિક તંત્રી ન રહે એવી લેફ્૦ ગવર્નરની ઇચ્છા છે કે શું?'

આ નીડર ઉત્તર સાંભળતાંવેંત લેફ્૦ ગવર્નર ધૂંઆપૂંઆ થઈ ગયો અને શિશિરકુમારને ધમકી આપતાં કહ્યું: 'તમને છ મહિનામાં કલકત્તા ન છોડાવું તો મારું નામ નહિ!'

અને તરત જ ઇડન સાહેબે વર્નાક્યુલર પ્રેસ ઍક્ટ (દેશી ભાષાનાં વર્તમાનપત્રો માટેનો કાયદો) ધારાસભામાં રજૂ કરીને તે ઝડપથી પસાર કરાવી દીધો. આ કાયદાનું સીધું નિશાન અંગ્રેજી અને બંગાળી બે ભાષામાં નીકળતું 'પત્રિકા' જ હતું. ઈ. ૧૮૭૮ની ૧૪મી માર્ચે તે અમલમાં આવતો હતો. પણ કાયદો અમલમાં આવે તે પહેલાં બે દિવસ અગાઉ ૨૧મી માર્ચે બહાર પડતો 'પત્રિકા'નો આખો યે અંક સંપૂર્ણ અંગ્રેજી ભાષામાં જ પ્રકટ થયો! એમાંથી બંગાળી વિભાગ કમી કરીને કાયદાના સાણસામાંથી 'પત્રિકા' આબાદ છટકી ગઈ.

ત્યારે બ્રિટન વિરોધી રશિયાની સરકાર બ્રિટિશ સરકારની બદનામી કરવા માટે 'પત્રિકા'માં આવતા લેખોનું રશિયન ભાષામાં ભાષાંતર કરીને પ્રકટ કરતી હતી. પ્રેસ ઍક્ટની રૂએ નીમાએલા પ્રેસ કમિશનરે આ બંધ કરવા માટે 'પત્રિકા'નું વેચાણ રશિયન સરકારને ન કરવાનું જણાવ્યું. એનો શિશિરકુમારે વિરોધ કરીને સામી દલીલ કરી કે 'પત્રિકા'ના લેખોનું ભાષાંતર રશિયન અખબારોમાં પ્રગટ થાય એની જવાબદારી 'પત્રિકા'ની નથી!

અંગ્રેજોની સામે હિંદીવાન જિલ્લા ન્યાયાધીશો ખટલો ચલાવી ન શકે એવો ઈલ્બર્ટ ખરડો' બંગાળના રાજકીય ઇતિહાસનું મહત્ત્વનું પ્રકરણ ગણાય છે. આ ખરડાનો સખત વિરોધ થયો અને ૧૮૮૩ના માર્ચની ૧લી તારીખે 'પત્રિકા'એ તો લખ્યું: 'જે લોકો ગુનેગારો માટે ખાસ અધિકારો માગે છે, અન્ય માનવી કરતાં પોતાના વર્ગ માટે ઓછી સજાની માગણી કરે છે અને જેઓ ન્યાયી અને ખુલ્લો ખટલો ચલાવાથી ડરે છે એમને અમે ડરપોક—બાયલા કહીશું.'

નિર્ભય પત્રકારત્વનો આ જ પ્રકારનો એક બીજો બનાવ ૧૮૮૭માં બન્યો હતો. કટકના ત્યારનો જિલ્લા મૅજિસ્ટ્રેટ અને બંગાળ પ્રાંતના ઓરિસ્સા વિભાગનો કમિશનર એક અંગ્રેજ અધિકારી ભારે લાંચિયો હતો. સાધનસંપન્ન હિંદીઓ પાસેથી અઢળક નાણું ઓકાવવાની તેને આદત પડી ગઈ હતી. એની આવી બધી નીતિરીતિનો 'પત્રિકા'માં ભંડો ફોડવાની શરૂઆત કરવામાં આવી. 'પત્રિકા'ની સામે ફોજદારી દાવો માંડવા માટે એ અધિકારીને બીજાં દેશદ્રોહી અખબારો દ્વારા ચડામણી કરવામાં આવી. પરંતુ પેલો તો 'પત્રિકા' સામે કંઈ પણ કર્યા વગર પોતે જ દેશ છોડીને ચાલ્યો ગયો.

એવો જ એક કિસ્સો ૧૮૮૮ની સાલમાં બન્યો. ભારતનાં રાજ્યોમાંના વાઈસરૉયના એજન્ટો પૈકી મધ્ય હિંદના માથા ફરેલા પોલિટિકલ એજન્ટ સર લેપલની ગેરવાજબી ડખલ સ્વતંત્ર મિજાજનાં ભોપાળનાં બેગમ અને રીવાનાં મહારાણી સાંખતાં નહિ હોવાથી એજન્ટે તેમને બેવફા ઠરાવી તેમની સત્તા છીનવી લીધી. બેગમે 'પત્રિકા'ની મદદ માગી ને 'પત્રિકા'માં એ અંગેની લેખમાળા શરૂ થઈ, જેમાં સર લેપલની બરોબર ખબર લેવામાં આવતી. સર લેપલે આ માટે 'પત્રિકા' સામે ખટલો ચલાવવા માગણી કરી. પરંતુ વાઇસરોયે એની ના પાડી અને પરિણામે સર લેપલને જ ભારત છોડી જતા રહેવું પડયું.

ઈ. ૧૮૮૫માં કૉંગ્રેસના જન્મ સાથે આવેલી જાગૃતિ પછી ભારતીય વૃત્તપત્રોને મળેલી નવી જિંદગીના ફળ રૂપે ૧૮૯૧ની ૧૯મી ફેબ્રુઆરીએ 'અમૃતબઝાર પત્રિકા' સાપ્તાહિકમાંથી દૈનિક બન્યું. એ પછીની એની વાત આવતા અંકમાં.

(ચાલુ)

'અમૃતબઝાર પત્રિકા'ને મહાનુભાવોની અંજલિ

ગાંધીજી

૧૯૪૭માં કોમી દાવાનળ સામે લડી રહેલા 'અમૃતબઝાર' વિષે ગાંધીજીએ કહેલું, 'અમૃતબઝાર ખરેખર 'અમૃત' જ છે.'

લોકમાન્ય તિલક


'શિશિરબાબુ'ને હું વ્યક્તિગત રીતે જાણું છું એનો આનંદ ને ગૌરવ મને છે. એમના ચરણમાં બેસીને હું ઘણું શીખ્યો છું એમને હું પિતાતુલ્ય માનું છું અને તેઓ મને પુત્ર સમો ચાહે છે મારે મન શિશિરબાબુ આ દેશના વૃત્ત-પત્ર જગતના અગ્રદૂત છે. એમનામાં જે શક્તિ ને આત્મા છે એ 'અમૃતબઝારમાં હૂબહૂ પ્રકટ થાય છે. મારા પ્રાંતમાં 'અમૃતબઝાર'-ની દરરોજ કેવી આતુરતાપૂર્વક રાહ જોવાય છે અને કેવા ઉત્સાહથી એ વંચાય છે તે હું સારી રીતે જાણું છું અમે જ્યારે પણ કોઈ અખબાર શરૂ કરીએ છીએ ત્યારે, 'અમૃતબઝાર'નો આદર્શ રાખીને આગળ વધીએ છીએ.'

લેનિન

જલિયાંવાલા બાગમાં અંગ્રેજોએ ગુજારેલા પાશવી હત્યાકાંડ વેળા 'અમૃતબઝારે' જે હિંમત ને વેદના સાથે ભારતીય જનતાની હૈયાવાણીને વાચા આપેલી તે વિષે 'અમૃતબઝાર'-ના નિયમિત વાચક લેનિને લખેલું: 'ભારતના એકમેવ રાષ્ટ્રીય ઉત્તમ દૈનિકનું તમે તંત્રીપદ સંભાળો છો એટલે તમારી દ્વારા હું ભારતની જનતા પ્રત્યે મારી સહાનુભૂતિ વ્યક્ત કરું છું.'

ડૉ. રાજેન્દ્રપ્રસાદ

'ભારતનાં રાષ્ટ્રીય અખબારોમાં 'અમૃતબઝારે' કરેલાં તપ અને ત્યાગથી ભારતીય જનતામાં એ ઘણું પ્રિય છે.'



ઉદયસાગર પર પદ્મિની →

ગગનેન્દ્રનાથ ઠાકુર અને એમનાં ચિત્રો

મૂળ લેખક: રતન પારિમૂ
અનુવાદક: ભારતી દલાલ અને નૈના પારિમૂ

પ્ર ગતિશીલ કલાકારોને સમાજ પૂરા સમજી શક્યો ન હોય અને પરિણામે તે કલાકારોનું અને તેમની પ્રતિભાનું સાચું મૂલ્યાંકન કરવામાં નિષ્ફળ નીવડ્યો હોય એવા કેટલા યે બનાવ ઇતિહાસમાં જાણવા મળે છે. ગગનેન્દ્રનાથ ઠાકુર આ કોટિના કલાકારોમાંના એક હતા. એમનાં ચિત્રોથી પ્રભાવિત થઈને છેલ્લાં ત્રણેક વર્ષથી મેં એનો અભ્યાસ કર્યો, એમનાં ચિત્રોના સંગ્રહો જોયા, અને એમનાં સગાં મિત્રો વગેરેને મળીને એમની શક્ય તેટલી માહિતી મેળવી. એ પછી, યોગાનુયોગ, એમની જન્મશતાબ્દીના અવસરે (જન્મ ૧૮ સપ્ટેમ્બર ૧૮૮૭) વીસમી સદીની આધુનિક ભારતીય ચિત્રકળામાં, હિન્દના આ પહેલા આધુનિક ચિત્રકારનો શો ફાળો છે તે નિરૂપતી આ અંજલિ આપતાં મને ખરેખર આનંદ થાય છે.

ગગનેન્દ્રનાથ એ જાણીતા ચિત્રકાર અવનીન્દ્રનાથના મોટા ભાઈ હતા, અને કવિવર રવીન્દ્રનાથ ઠાકુર એમના પિતરાઈ કાકા થતા હતા. (ગગનેન્દ્રનાથના પિતા ગુણેન્દ્રનાથ અને રવીન્દ્રનાથ બંને પિતરાઈ ભાઈ હતા.) માત્ર ત્રીસ જ વર્ષ પહેલાં અવસાન પામેલા હોવા છતાં એ ચિત્રકાર વિષે આપણને ઘણી જ ઓછી માહિતી મળે છે. અવનીન્દ્રનાથના કલાવિષયક નિબંધો તેમજ આત્મકથા દ્વારા એમના વિષે ઘણું જાણી શકાય છે, પણ ગગનબાબુ વિષે એમનું પોતાનું એવું કોઈ લખાણ અસ્તિત્વમાં નથી, કે જે દ્વારા એમના વ્યક્તિત્વ કે એમનાં કલાવિષયક મંતવ્યો વિષે કાંઈ જાણી શકાય. એમનું જો કોઈ પણ લખાણ પ્રાપ્ય હોય તો તે ફક્ત ઉત્તરાવસ્થામાં પોતાના પૌત્ર માટે લખેલી પરીકથા.

છતાં ગગનબાબુએ ભારતીય કલામાં અને તેના પુનરુત્થાનમાં જે ફાળો આપ્યો છે તે તો સુવિદિત છે. તે ઉપરાંત કલકત્તાની 'ઓરીએન્ટલ સોસાએટી' માટે ઉત્સાહપૂર્વક કરેલું કામ પણ અવિસ્મરણીય છે. ઈ. ૧૯૦૭માં સ્થપાએલી એ સંસ્થા ટોચના વિદ્વાનો અને કલાકારોની બનેલી હતી. એ વખતના કલકત્તાના કલાકારો માટે એ પ્રોત્સાહક આધારસ્તંભ સમી હતી, ને ઈ. ૧૯૨૦ના અરસામાં તો તે ખૂબ વિકસી હતી. ત્યાં બંગાળ શૈલીના કલાકારોનાં સમૂહ-પ્રદર્શનોમાં ગગનબાબુનાં ચિત્રો અવશ્ય પ્રદર્શિત થતાં અને એમાંનાં બે મોટાં પ્રદર્શનો તો યુરોપમાં પણ ભરાયાં હતાં: એક ઈ. ૧૯૧૪માં પારી(સ) અને લંડનમાં, અને બીજું ૧૯૨૧માં બર્લિનમાં. છતાં શરૂઆતમાં તો તેમને એક તેજસ્વી કિંતુ નવા નિશાળિયા (Brilliant amateur) જ ગણાવવામાં આવતા હતા. પાછલાં વર્ષોમાં જ્યારે એમણે ક્યૂબિઝમ



હિમપ્રાસાદ ←



ગૂઢ આવાસ ←

ગગનબાબુનાં આ ત્રણે ચિત્રોની આલેખના વિશિષ્ટ અને ભિન્ન છતાં સંયોજન અને છાયાપ્રકાશના સુંદર સમતોલનને કારણે એકસરખી પ્રભાવશાળી છે.







ડાબી બાજુ તથા વચ્ચે : ગગનબાબુનાં બે ત્વરિતાલેખનો (શેઠ કસ્તૂરભાઈ લાલભાઈના સંગ્રહમાંથી) જમણી બાજુ: રવીન્દ્રનાથની આત્મકથા 'જીવનસ્મૃતિ'નું ચિત્ર: 'પિતા રોજ સાંજે વરંડામાં બેસતા ને મારી પાસે ગવડાવતા.' નીચે ડાબી બાજુ: જોરાસાંકોની હવેલીમાંથી દેખાતો બગીચો. જમણી બાજુ : મહાસભાની બેઠકમાં ભારત-સ્તુતિ વાંચતા રવીન્દ્રનાથ. ચિત્રવસ્તુના ભાવને સચોટ ઉઠાવ આપતી ગગનબાબુની કૃતિ.

—cubism—માં ઝંપલાવ્યું ત્યારે એમનું મિત્રવર્તુળ પણ એમના એ પ્રયોગ પાછળનો હેતુ સમજવા અસમર્થ નીવડ્યું અને એ કૃતિઓનું જે ગંભીરતાથી મૂલ્યાંકન કરવું જોઈતું હતું તે કરી શક્યું નહિ. એટલું જ નહિ પણ ઘણા વિચારોમાં એમની સાથે સામ્ય ધરાવતા



ખુદ રવીન્દ્રનાથ પણ એમના એ પ્રયત્નને યોગ્ય ન્યાય આપી શક્યા નહિ. વળી હાલના એક વિવેચકે તો ગગનબાબુને 'જેમની ચિત્રકલા પરિપક્વતા પામી નથી એવા અપૂર્ણ કલાકાર' ગણ્યા છે!

એમનાં શરૂઆતનાં (૧૯૦૫થી ૧૯૧૫ સુધીનાં) ચિત્રો—ખાસ કરીને ચૈતન્ય મહાપ્રભુના જીવન વિષેનાં ચિત્રો તો અવનીન્દ્રનાથનાં











રવીન્દ્રનાથની નાટ્યકૃતિ 'રક્ત કરબી' (લાલ કરેણ) માટે ગગનબાબુએ કરેલાં સૂચક સંજ્ઞાત્મક શોભનચિત્રો. ડાબી બાજુ: મથાળેથી ૧) વજ્રગઢનો માર્ગ; ૨) રાજપ્રાસાદની આડશનાં જાળાં હચમચાવતી નંદિની; ૩) નંદિની સૌને છોડી ગઈ. જમણી બાજુ: લાલ કરેણનું નાટ્યવસ્તુ નિર્દેશતું ચિત્ર.

ને બીજાં બંગાળ શૈલીનાં ચિત્રોને ઘણી રીતે મળતી આવતી પદ્ધતિનાં છે. પણ એમનાં પાછલાં વર્ષોનાં, એટલે કે લગભગ ૧૯૨૦ના અરસાનાં ચિત્રો ઉપરથી જ એમની સાચી સર્જનાત્મક શક્તિનો ક્યાસ કાઢી શકાય, અને એ જ આધારે એમને આધુનિક ભારતીય ચિત્રકલાના પહેલા ક્રાંતિકારી ચિત્રકાર ગણી શકાય. પોતાના સમકાલીનો જે અર્થમાં પરંપરાને ફરી છવતી કરવા માગતા હતા તે એમને મન નિરર્થક હતું. યુરોપની કળામાં એ કાળે જે ક્રાંતિ આવી હતી તેના પ્રત્યેનો પોતાનો પ્રતિભાવ પ્રગટ કરનાર એ પ્રથમ ભારતીય ચિત્રકાર હતા.

જેને સાચા અર્થમાં 'આધુનિક' કહેવાય એવી સૌપ્રથમ કૃતિઓ ભારતમાં એમણે સર્જી. ક્યૂબિસ્ટ ચિત્રોની પાછળ રહેલા રચના-સ્થાપત્યની સૂઝ એમને હતી. સાથેસાથે એમના સમકાલીન ભારતીય ચિત્રકારોની કૃતિઓમાં એનો કેવો અભાવ હતો એનું પણ એમને જ્ઞાન હતું. એ સમકાલીનોની કૃતિઓ વધારેપડતી અલંકૃત અને બુટ્ટેદાર હતી. ક્યૂબિસ્ટ શૈલીનાં ચિત્રોમાં જે સાદાઈ અને કેવળ અનિવાર્ય એવાં જ તત્ત્વોનો સમાવેશ થાય છે તે એમને પણ માન્ય હતું. ભારતીય ચિત્રકળામાં પ્રકાશ અને અવકાશનો અભિવ્યક્તિના મહત્ત્વના ઘટકો રૂપે ઉપયોગ નહોતો થયો, તેનું એમને ભાન થયું. એમણે રચના-સ્થાપત્ય, રૂપની નરી સરળતા, ને પ્રકાશ અવકાશ તથા સપાટીઓની યોજનાને એક સુગ્રથિત અખંડ આકારમાં પરિણમે એવી રીતે સંયોજવાનો પ્રયત્ન કર્યો. આવી સિદ્ધિ એ પહેલાં કોઈ ભારતીય ચિત્રકારે મેળવી ન હતી. એ સાથે એમની સ્વપ્નોની સૃષ્ટિ, પરાપ્રાકૃતિક તત્ત્વો, મરણશીલ માનવીઓ સ્વેચ્છાએ જેને શરણે જાય છે એવી મહાકાય પૌરાણિક આકૃતિઓ વગેરેમાં રચ્યાપચ્યા રહેતા એમના 'રોમૅન્ટિક' વલણનો પણ એમાં યોગ સધાયો છે. આવાં જ પાત્રો અને એની આવી જ રજૂઆત ઈ. ૧૯૨૦થી ૧૯૩૦ના ગાળામાં એમણે કરેલાં ચિત્રોમાં જોવા મળે છે. ફ્રાન્સ અને યુરોપના બીજા દેશોમાં જ્યારે cubism (ક્યૂબિઝમ) અને surrealism (સર-રીઆલિઝમ)ની પદ્ધતિ પ્રચલિત હતી તે જ સમયે ગગનબાબુએ ભારતમાં એવાં ચિત્રો દોર્યાં. આથી એમ કહેવાય, કે તે વખતની આંતરરાષ્ટ્રીય પ્રણાલી પ્રમાણે તે કામ કરી રહ્યા હતા. આ બધા મુદ્દા જોતાં લાગે છે કે આ ઉપેક્ષિત કલાકારની પુનઃપ્રતિષ્ઠા થવી જોઈએ: ફક્ત ભારતમાં જ નહિ, ભારત બહાર પણ એમના કામની ખૂબ કદર થવી જોઈએ.

આખરે, આ માણસ હતો કોણ?

ઈ.સ. ૧૯૩૦માં એમનું મૃત્યુ થયું એ પહેલાંનાં દસ વર્ષ લકવાના રોગથી પીડાઈને એમણે કેવળ અજ્ઞાતવાસમાં ગાળ્યાં. લકવાને કારણે એમની વાચા પણ ચાલી ગઈ હતી. એમના અવસાન પ્રસંગે, નિવૃત્ત થઈને ઈંગ્લૅન્ડ પાછા ફરેલા ઉચ્ચપદાધિકારી એમના અંગ્રેજ મિત્રોએ પણ ખેદ પ્રદર્શિત કર્યો હતો. ઈ. ૧૯૨૦ના અરસામાં બંગાળના ગવર્નર તરીકે રહી ગએલા માર્ક્વિસ ઑવ ઝેટલૅન્ડે (જેઓ તે વખતે ઇન્ડિયન સોસાએટી ઑવ ઓરીએન્ટલ આર્ટ્સના પ્રમુખ પણ હતા.)





ગગનબાબુનાં ત્રણ વ્યંગચિત્રો : ૧) અસહકારની લડત વિષેના કવિવર રવીન્દ્રનાથના વિચારોને હવાઈ ખયાલો ગણી કરેલો વ્યંગ; ૨) વનસ્પતિમાં પણ જીવ હોવાના જગદીશચંદ્ર વસુના વૈજ્ઞાનિક પ્રયોગો પર ટીખળ ને ૩) ઘરનો બધો ભાર વેંઢારતી પત્નીને પીડા ગણતા સમાજ પર કટાક્ષ.

ગગનેન્દ્રનાથના મૃત્યુ પ્રસંગે એમની સાથેના સહવાસનાં સંસ્મરણો તાજાં કરતાં કહ્યું હતું: 'ગગનેન્દ્રનાથને મેં છેલ્લા જોયા એ વાતને તો ઘણાં વર્ષો થઈ ગયાં છે. ત્યારે તેઓ તેમની સર્જકતાના શિખરે હતા. પદ્માસને સ્થિત બુદ્ધની મૂર્તિને જોતાં જે ભવ્ય શાંતિ અનુભવાય છે તેનો મને એમની ઉપસ્થિતિમાં હમેશાં અનુભવ થતો. આમ છતાં એમના વ્યક્તિત્વના ઘડતરમાં કશુંક પ્રાણવંત તત્ત્વ હતું, કારણ કે એમનામાં કશુંક એવું આકર્ષણ હતું જેનો પ્રતિભાવ પાડ્યા વિના આપણાથી રહી શકાય નહિ; અને એને કારણે જુદીજુદી પ્રજાઓ અને ઉછેરવાળા માનવીઓના સંબંધની આડે જે નિયંત્રણો અને અંતરાયો ઊભા થાય છે અને સંબંધમાં વિઘ્નરૂપ બને છે તે દૂર થઈ જતાં. અમે પહેલવહેલા મળ્યા તે જ દિવસથી અમે દૃષ્ટિ સમક્ષ રાખેલા ધ્યેયને સિદ્ધ કરવા અત્યંત આત્મીયતાભર્યા સુમેળથી પ્રયત્નશીલ રહ્યા.'

કલકત્તાના એક અગ્રણી દૈનિકે એ પ્રસંગે મૃત્યુનોંધમાં લખ્યું હતું: 'એઓ આચાર-વ્યવહારમાં અભિજાત હતા. એમનું હૃદય ઉદાત્ત હતું, એમનું ઔદાર્ય અસીમ હતું. એમના વ્યક્તિત્વમાં રહેલું આકર્ષક તત્ત્વ સર્વ સામાજિક અનુષ્ઠાનોમાં એમની એક વિશિષ્ટ સંપત્તિ બની રહેતું. ધોળા વાળનાં થોડાંક ઝુલ્ફાં, મુખ પર ચમકતું સ્મિત, અને કશી પણ ક્ષતિ વિનાનો સુરુચિપૂર્ણ એમનો પોશાક—આવી એમની પ્રતિભા લગભગ એક દાયકા સુધી કલકત્તાના સામાજજીવન ઉપર પોતાનું વર્ચસ્વ જમાવતી રહી.'

એમના પ્રશંસકોમાં લેડી હૅરિંગહમ, વિલિયમ રૉથેન્સ્ટાઈન, ટાઈકાન, કાઉન્ટ કાઈસરલિંગ, આના પાવલોવા, એમહર્સ્ટ, માર્કિવસ ઑવ ઝેટલૅન્ડ, સર જૉન વૂડરૉફ અને લૉર્ડ કારમાઈકેલ જેવી વ્યક્તિઓનો સમાવેશ થતો હતો. લૉર્ડ કારમાઇકેલ (૧૯૧૨ થી ૧૯૧૭ સુધી બંગાળના ગવર્નર) તો એમના ખાસ અંગત મિત્ર હતા. ઘણી વાર એ ગગનબાબુને ઘેર મળવા આવતા ત્યારે આપણી ભારતીય પદ્ધતિ પ્રમાણે બેસીને જ હુક્કો ગગડાવતા અને તળપદા બંગાળી ઉચ્ચારમાં જ એમને 'ગૉગૉન', 'ગૉગૉન' કહીને વાત કરતા. આ બધા ઉપરથી પ્રતીત થાય છે કે ગગનબાબુ કોઈ સામાન્ય માનવી નહોતા.

એમને ઘણા વિષયોમાં રસ હતો. અને એમની પ્રતિભા અનેક ક્ષેત્રમાં કાર્ય કરતી હતી. અનેકવિધ ક્ષેત્રમાંની એમની આ દક્ષતા અનાયાસ અને સાહજિક હતી. તેઓ નીડર અને સ્વતંત્ર વિચારસરણી ધરાવતા. સામાજિક ક્ષેત્રમાં પણ તેઓ પ્રગતિશીલ અને ક્રાંતિકારી સુધારક હતા. આમ છતાં મૂળે તો તેઓ પ્રકૃતિથી નમ્ર અને નિરભિમાની હતા. ફક્ત ૧૬ વર્ષની વયે તેમના પિતાજીનું અવસાન થયું અને આ કિશોરને ભણવાનું છોડી દેવું પડ્યું. આમ છતાં પાછળથી એમણે એક મોટો ગ્રંથસંચય કર્યો હતો અને એમાં આધુનિક ચિત્રકલા વિષેનાં છેલ્લામાં છેલ્લાં પુસ્તકો પણ હતાં. કિશોરાવસ્થામાં જેટલા ખંતથી એમણે સંસ્કૃતનો અભ્યાસ કરેલો એટલા જ ખંતથી ફ્રેન્ચ અને અંગ્રેજીનો પણ કરેલો. એ બે ભાષાનાં સાહિત્ય અને તત્ત્વજ્ઞાનનો પણ અભ્યાસ એમણે કર્યો હતો. તેઓ પીઆનો વગાડવામાં પણ કુશળ હતા.

ઈ. ૧૮૯૦ના ગાળામાં એટલે કે પોતાના જીવનની વીસીમાં એમને ફોટોગ્રાફીમાં ખૂબ રસ પડ્યો. કહેવાય છે કે એક મોટા લાકડાના ખોખાનો તેઓ dark-room તરીકે ઉપયોગ કરતા, અને દરરોજ કલાકો સુધી એ ખોખામાં બેસી ફોટોગ્રાફીના પ્રયોગો કરતા. એમણે કરેલા એ વ્યાપક પ્રયોગો—પ્રકાશ અને કાળી તથા ધોળી ભાતનાં સંયોજનના પ્રયોગો,—એમની ઉત્તરાવસ્થાની શૈલીના ઘડતરમાં ઘણા ઉપયોગી નીવડ્યા છે. એમની આખી યે કારકિર્દી દરમિયાન તેઓ પ્રકાશ અને તેનાં જુદાંજુદાં પાસાંઓની અભિવ્યક્તિ પાછળ જ રચ્યાપચ્યા રહ્યા હતા. એમની કૃતિઓમાં શરૂશરૂમાં પ્રકાશ, પ્રકૃતિના એક લક્ષણરૂપે દેખાય છે. તેમનાં પાછલાં ચિત્રોમાં પ્રકાશ એક સર્વવ્યાપી સ્વયંપર્યાપ્ત અને પ્રધાન ઘટકનું સ્થાન પામે છે.

રવીન્દ્રનાથનાં નાટકોની તખ્તા-સજાવટમાં પણ એમણે પ્રકાશયોજનાના પ્રયોગો કર્યા છે. સૌપ્રથમ 'વૈકુંઠેર કથા' ૧૯૧૨માં ગગનબાબુના ઘરે જ ભજવાયું હતું. એમની રંગમંચ ઉપરની નાટ્યશક્તિનો બધા સ્વીકાર કરતા, અને 'ફાલ્ગુની' તથા 'પોસ્ટ ઑફિસ'ની રજૂઆતમાં તખ્તા-સજાવટની એમની કળા પરાકાષ્ઠાએ પહોંચી હતી. તખ્તા-સજાવટના આ પ્રયોગોએ એમની ઉત્તરાવસ્થાની ચિત્રશૈલી ઘડવામાં પણ ફાળો આપ્યો છે.

એમને ઘરની સજાવટ તથા રાચરચીલાના જુદાજુદા રૂપ-પ્રકારો (design) રચવામાં પણ રસ હતો. ઓરડાની દીવાલોને આચ્છાદિત કરવા માટે ઘાસ કે શણમાંથી બનાવેલી ચટાઈનો ઉપયોગ કરનાર તેઓ પહેલા હતા. શણના કપડા વડે પુસ્તકની બાંધણીનો પ્રયોગ પણ એમણે કર્યો. રવીન્દ્રનાથના નાટક 'રક્ત કરબી' (લાલ કરેણ)નો એમણે કરેલો પ્રચ્છદપટ સુપ્રસિદ્ધ છે. એમાં એ નાટક સાથે પ્રખ્યાત થએલા કરોળિયાના જાળાના પ્રતીકનો ઉપયોગ કર્યો છે. પોતાને અનેક વેશથી પ્રચ્છન્ન રાખવાની એમની કળામાં એમની હાસ્યવૃત્તિનું દર્શન

થાય છે. ઈ. ૧૯૧૬ થી ૧૯૨૧ના ગાળામાં એમણે કલાકારોની એક ગોષ્ઠિ પોતાના ભાઈ સાથે જોરાસાંકોમાં સ્થાપી હતી. એ વર્ષો દરમિયાન એમણે કરેલાં ઠઠ્ઠાચિત્રોમાં એમની કટાક્ષવૃત્તિ દેખાઈ આવે છે. ઈ. ૧૯૦૩માં એમના સૌથી મોટા ૧૮ વર્ષના પુત્રનું, તેના લગ્ન બાદ એક જ વર્ષમાં, અવસાન થયું. આથી લાગેલા પ્રબળ આઘાતને પરિણામે એમણે ગંભીરપણે ચિત્ર કરવાનું શરૂ કર્યું હોય એવું કહેવાય છે. વિષાદગ્રસ્ત કુટુંબનું ધ્યાન બીજી તરફ વાળવાને માટે પરંપરાગત વૈષ્ણવ ગાયકોનાં કથાકીર્તનો યોજવામાં આવતાં. એ કીર્તનોમાંથી અને ખાસ કરીને ચૈતન્ય મહાપ્રભુના જીવનમાંથી પ્રસંગો લઈ ને એમણે એ ચિત્રો કર્યાં. એ ચિત્રોમાં એક પ્રકારની ઊંડી વિષાદની લાગણી છે, જે એકાન્તને ઉદ્દીપ્ત કરે છે. આ જાતની ઉદાસીનતા એમની કૃતિઓમાં સતત દેખાઈ આવતું લક્ષણ બની રહે છે. કદાચ એવું અનુમાન કરી શકાય કે ગંભીર કરુણ ઘટનાને કારણે એમનું ચિત્ત જે ભાવદશાને પામ્યું તેના વડે જ એમનાં ચિત્રો આગવી વૈયક્તિકતાથી અંકિત થયાં. એ ચિત્રો મુખ્યત્વે રેખાઓનાં બનેલાં છે. એમાં આછો મૃદુ રંગ પ્રયોજેલો છે અને એનું આખું સંયોજન જાપાનનાં વૂડકટની છાપને આધારે થયું લાગે છે. આ ઉપરાંતનો એમનો બીજો ચિત્રસમૂહ રવીન્દ્રનાથની આત્મકથા 'જીવનસ્મૃતિ' માટે યોજાયો હતો. એ પૈકીનાં ઘણાં ચિત્રો જાપાનની લિપિ-આલેખન શૈલી(calligraphy)માં કાળી શાહીથી અને રંગના સૂક્ષ્મ લેપથી આલેખાયાં છે. એમાંનાં ઘણાંખરાંમાં કલકત્તાના જીવનનાં દૃશ્યો આલેખાયાં છે.

એમણે કેટલાંક રેખાચિત્રો પેન્સિલથી ને પીંછીથી ત્વરિત ગતિએ કરેલાં છે. એમાં માનવ તસવીરોનું વાસ્તવિક શૈલીમાં આલેખન થયું છે. આ કદાચ એમની પ્રારંભની કૃતિઓ હશે, અને એની પ્રેરણા એમને જ્યોતિરીન્દ્રનાથ પાસેથી મળી હોય એવું લાગે છે; કારણ કે જ્યોતિરીન્દ્રનાથ પેન્સિલથી તસવીરો આલેખતા. રવીન્દ્રનાથના એ મોટા ભાઈ જ્યોતિરીન્દ્રનાથ જોડે ગગનબાબુને ગાઢ આત્મીયતા હતી. ૧૯૦૭–૮ના ગાળામાં એમણે (જગન્નાથ)પુરીના સમુદ્રકાંઠાનાં ચિત્રો પણ આલેખ્યાં. પુરી એઓ અવારનવાર જતા. એમણે બધાં ચિત્રો જળરંગમાં કરેલાં છે અને પીંછીના થોડા લસરકાથી એમાં વિશાળતા અને વાતાવરણનું તેજ એ બેની અસર લાવી શકાઈ છે.

એમના જીવનના પાછલા ભાગમાં પર્વતની ભવ્યતા એમને આકર્ષી ગઈ હતી અને તે, કાળી શાહીમાં કરેલાં હિમાલયનાં પ્રાકૃતિક દૃશ્યચિત્રોમાં સ્પષ્ટ દેખાઈ આવે છે. શાહીથી કરેલાં એમનાં એ રેખાંકનો અને impressionistic દૃશ્યચિત્રો, એમાં રહેલી તાજગી અને સાહજિકતાને કારણે નોંધપાત્ર છે. એ ચિત્રોને કારણે ગગનબાબુને પ્રથમ પંક્તિના જળરંગી કળાકારનું સ્થાન પ્રાપ્ત થાય છે.

દિવસના પ્રકાશનાં ચિત્રો આલેખ્યા પછી તેઓ સૂર્યાસ્તની અને રાત્રિનાં દૃશ્યોની અસર આલેખવા તરફ વળ્યા અને રાત્રિ-વિષયક ચિત્રો nocturnes આલેખનાર તરીકે પંકાયા. અહીં અંગ્રેજ ચિત્રકાર વ્હિસ્લર જોડે એમની સરખામણી કરી શકાય. એમણે વ્હિસ્લરમાંથી પ્રેરણા લીધી હોય એમ પણ બને. આ પ્રકારની ચિત્રશ્રેણીમાં પ્રતિમાવિસર્જનનો વિષય એમને અત્યંત પ્રિય હતો. દુર્ગાની પ્રતિમાનું દર વર્ષે સમુદ્રમાં વિસર્જન કરવાનો ઉત્સવ એ ચિત્રશ્રેણીનો વિષય હતો. રહસ્યભર્યા અંધકાર (અનિષ્ટના પ્રતીક રૂપ?)માંથી ઝબકારા મારતાં સોનેરી કિરણો એમને આકર્ષતાં.

આ જ શૈલીમાં એમણે રાષ્ટ્રીય મહાસભાના અધિવેશનમાં કાવ્ય વાંચતા રવીન્દ્રનાથનું ચિત્ર આલેખ્યું છે. એમાં પાછળથી આવતું પ્રકાશનું કિરણ પ્રેક્ષકોના વિશાળ સમૂહને પ્રકટ કરે છે. પ્રકાશનાં કિરણોને cubistic peanesની જેમ પાસા પાડીને જે રજૂ કર્યાં છે તે પાછળથી કરેલા જગદીશચંદ્ર બસુના ચિત્રમાં દેખાય છે. એમાં જગદીશચંદ્ર પોતે શોધેલા વૈજ્ઞાનિક યંત્રનો પ્રયોગ કરી બતાવતા દેખાય છે.

એમની શૈલીમાં દેખાતા ફેરફાર ૧૯૨૦ની આસપાસ એઓ ક્યૂબિસ્ટ ચિત્રશૈલી જોડે પરિચયમાં આવ્યા તેને કારણે સંભવી શકે. બીજાં કેટલાંક ચિત્રોમાં એકબીજાને ભેદતી રંગની સપાટીઓ દેખાય છે. 'સોનાની દ્વારકા બળે છે' એ પ્રસંગનાં એમણે આલેખેલાં બે ચિત્રોમાં આ દેખાય છે. પણ અહીં એમની આલેખનપદ્ધતિ વધુ પ્રાણવંત લાગે છે. એમાં diagonal peanesનો પ્રચુર પ્રમાણમાં કરેલો ઉપયોગ, એ પુરાણી નગરીનું જે રીતે પતન થએલું પુરાણોમાં વર્ણવાયું છે તેને સચોટરીતે આલેખી બતાવે છે. પશ્ચિમના પ્રખ્યાત કલાકારો બ્રાક અને પિકાસોની ક્યૂબિસ્ટ શૈલી કરતાં એમની આ પ્રાણવંત ગુણવત્તા નોખા જ પ્રકારની છે. તે 'ફ્યુચરીઝમ'ની સ્ફોટક અસરને મળતી આવે છે. જર્મન ચિત્રકાર ફ્રાન્ઝ માર્ક વધુ અને ફ્રાઇનગરની કૃતિઓ જોડે પણ એમનાં ચિત્રોની સરખામણી થઈ શકે.

પાછળથી કરેલાં ચિત્રોમાં પદાર્થોના કદનું પૃથક્કરણ કર્યું નથી, પણ પ્રકાશને પાસા પાડીને યોજવામાં આવ્યા છે. પણ એના રંગની સપાટીઓ એકબીજાને ભેદતી નથી. આ ચિત્રો પૈકી House Mysterious Series 'ભેદી આવાસો'વાળી ચિત્રમાળા વધુ નોંધપાત્ર છે. એમાં કશીક ભૂતાવળની રહસ્યમયતાનું તત્ત્વ છે અને તેને બિલાડીના પ્રતીક દ્વારા વધુ રહસ્યમય બનાવીને ઉપસાવાયું છે. જાણે સ્વપ્નના ખંડ હોય એવા ઘરના અંદરના ભાગો, કપોળકલ્પિત લાગે તેવી સ્થાપત્યસંકુલતાઓ, કે ઘૂંઘટમાં ઢંકાએલી ભૂતાવળ જેવી લાગતી સ્ત્રીઓનું જૂથ ચક્રાકાર સીડીએ ચડતું કે ઊતરતું હોય એવું એમાં દેખાય છે ને નીચે અતલ ગહ્વર હોય એવો આભાસ થાય છે. ચિત્રકળાના આ છેલ્લા તબક્કામાં તેઓ ધોળા અને કાળા રંગને વધુ પસંદ કરતા. આ કદાચ એમણે જાપાનના ઝેન સંપ્રદાયના ચિત્રકારોની અસરને કારણે કર્યું હોય.

મારી દૃષ્ટિએ, આ છેલ્લા ચિત્રસમૂહને આધારે એમણે આપણા દેશની ચિત્રકળાને—અને વધારે વ્યાપક ભૂમિકાએ જોઈએ તો દુનિયાની ચિત્રકળાને કરેલા અર્પણની વિચારણા થવી જોઈએ. પહેલાં, જુદીજુદી શૈલીમાંથી અમુકઅમુક તત્ત્વોની પસંદગી કરીને ચિત્રો કરતા તેનું હવે સંલગ્ન રૂપ એમનાં આ ચિત્રોમાં સિદ્ધ થએલું દેખાય છે. અને એથી એમણે પોતાની એક આગવી જ અને વૈયક્તિક શૈલી નિષ્પન્ન કરી છે. આવી વ્યક્તિગત શૈલીના આપણા દેશના એઓ પ્રથમ ચિત્રકાર છે. ક્યૂબિઝમની આયોજના પરત્વેની શોધો—ખાસ કરીને ચિત્રમાં અવકાશ અને અન્ય ઘટકોના અન્વયથી જુદીજુદી સપાટીઓ ઉપસાવ્યાની રીત—નો એમણે કૈંક અંશે રોમૅન્ટિક છતાં એમની જ આગવી એવી સમૃદ્ધ કલ્પ-રચનાઓ જોડે સમન્વય સાધ્યો છે, ને તેથી એમાં ઊંડા અર્થનું આરોપણ થાય છે. એ મનોવૈજ્ઞાનિક પૃથક્કરણનો સ્વતંત્ર વિષય બની શકે. એ સ્તબકનાં ચિત્રોની સરખામણી અતિવાસ્તવવાદી (sur-realist) શૈલીનાં ચિત્રો જોડે થઈ શકે, કારણ કે એ ચિત્રોમાં જે રહસ્યમયતાનું તત્ત્વ છે તે અર્ધ ચૈતન્યમાં રહેલાં કપોલકલ્પિત પ્રતિરૂપોને આભારી છે. આ રીતે ગગનબાબુએ રવીન્દ્રનાથની ચિત્રકલાની ભૂમિકા રચી આપી એવો દાવો કરી શકાય.

એ દિવસોમાં ભારતની કળાએ ભવિષ્યમાં કઈ દિશા લેવી જોઈએ એ વિષે ઘણી ઉગ્ર ચર્ચાઓ થતી. પરંપરાનું અનુસરણ કરવું એવો મત મોટે ભાગે લોકો ધરાવતા, પણ ગગનબાબુ એ વિષે જુદો મત ધરાવતા હતા. ચિત્રકાર પોતાની સર્જક પ્રતિભા ઉપર રાખે ને એના સર્જનમાં સ્વતંત્ર રહે એ એમને અપેક્ષિત હતું.

(ફેબ્રુઆરી ૧૯૬૮) ૫૬/૩



સ્વ. ઈ. કૃષ્ણ આયર

સુનીલ કોઠારી

હમણાં તાંજોરથી પાછા ફર્યા બાદ નયનાબેન (ઝવેરી)ને ફોન કર્યો ત્યારે તેમણે કહ્યુ : 'એક અશુભ સમાચાર આપવાના છે. જ્યાં હો ત્યાંથી ટૅક્સી કરી ઘરે આવો. આપણે સૌએ સાયન સીમેટ્રી પર જવાનું છે. કૃષ્ણ આયરનું અવસાન થયું છે.'

માની શકાય નહિ. હજી અઠવાડિયા પૂર્વે તો પત્ર આવ્યો છે : 'તાંજોરમાં ભાગવતમેલા નાટક નૃસિંહજયંતી દરમિયાન ભજવાશે. તું મુંબાઈ પાછો ફરે ત્યારે મળજે. હું ત્યાંના કાર્યકરો પર તારા રહેવા-કરવાની સગવડ માટે પત્રો લખી દઈશ. પંચાંગ પણ જોવું પડશે કે કયો અંગ્રેજી મહિનો આવે છે. તબિયત ઠીકઠીક. વધુ રૂબરૂમાં.'... અને ચાલી નીકળ્યા?

નવેંબરમાં મુંબાઈ ઘાટકોપરમાં નાના દીકરાને ત્યાં નિવૃત્તિ ગાળવા આવેલા. પત્ર લખી મળવા બોલાવેલો. વય ૭૨નું. કાને સંપૂર્ણ બહેરાશ. શરીર અશક્ત. ગૅલેરીમાં ઊભા રહી શૂન્ય નજરે જોયા કરે. દૂરથી આવતો જોઈ હાથ હલાવી, ક્યાંથી ઉપર જવું તે સૂચવી, બારણું ખોલી ઊભા રહ્યા. મળ્યા એટલે હાથ પકડી ખુરશી પર જઈ બેસાડ્યો અને મોટા આવેગપૂર્વક અવાજે વાતો કરવા લાગ્યા. બહેરાશ એટલે stone deaf! હોઠ ફફડાવી બોલું તે અને બાકીનું ઇશારાથી સમજે. નર્તકમિલનની પ્રગતિ વિષે પૂછી આશીર્વાદ આપ્યા. મારું ઓરિસ્સી નૃત્યનું સંશોધનકામ જોયું અને રસથી બધું પૂછ્યું : 'આ બધાંમાં ભરતનાટ્ય પ્રચ્છન્ન સૂત્રરૂપે છે, ખરું ને? ભરતનાટ્યના અડવુ (basic foot-work) જેવા ઓરિસ્સી નૃત્યના અડવુ સ્વચ્છ ને ભિન્ન ખરા? મણિપુરી, કથક અને કથકલિ જેવા સ્પષ્ટ સ્વરૂપગત ભેદ જોવા મળે? કુચિપુડી, મોહિની આટ્ટમ, ઓરિસ્સી અને ભરતનાટ્યમ્ મૂળે એક જ ગણવાં જોઈએ...' વગેરે. પછી 'માર્ગ'ના 'યક્ષગાન', 'ભાગવતમેલા નાટક' વગેરે વિશેષાંક વિષે વાત નીકળી. બીજા નૃત્યકારો-સર્વશ્રી ઝવેરીબહેનો, રીતા દેવી, શીરીન વઝીફદાર, દમયંતી જોષી, ચંદ્રલેખા, પદ્મા વગેરેને સંભાર્યા. મેં નવા કલાકારોમાં શ્રીલેખા મહેતા, કનક રેળે, કુમકુમ દાસ વગેરે વિષે કહ્યુ. કનક રેળેનો કાર્યક્રમ હતો, પણ સ્વાસ્થ્ય નબળું તેથી કહે, 'હવે કશે હરીફરી શકાય નહિ. પરાધીન થયા. આ બધા કળાકારો પ્રગતિ કરે તેટલું ઘણું.' કહી મૂગા થઈ ગયા. પછી વળી વાણીનો અસ્ખલિત સ્રોત ચાલ્યો. 'કુમાર'માં મેં તેમના વિષે લખેલું (જુઓ અંક ૪૨૧ જાન્યુઆરી ૧૯૫૯) તેની વાત નીકળી. 'બીજું કંઈ લખે છે ખરો? તારા પુસ્તકનું શું થયું?' મેં નૃત્યની મારી નિર્ધારિત લેખમાળા વિષે વાત કરી. મારે થોડા દિવસોમાં જ નાતાલની રજાઓમાં મદ્રાસ, કુંભકોનમ, તાંજોર, મેલટ્ટૂર વગેરે પ્રવાસે જવું હતું એ અંગે ક્યાં શું શું જોવું, કોને મળવું તે વિષે સલાહ આપી. ઠીકઠીક થાકેલા દેખાયા એટલે રજા માગી, તો કહે : 'ભાઈ, બાપુ, ક્યારેક આવતો રહેજે. અમ ઘરડાં પર દયા રાખજે.' હું એ બધું સાંભળી



ઈ. સ. ૧૯૨૬માં મદ્રાસની 'સુગુણ વિલાસ સભા'ના આશ્રયે કાલિદાસના 'માલવિકાગ્નિમિત્ર' નાટકમાં શ્રી કૃષ્ણ આયરનો નૃત્યાભિનય



શ્રી ઈ. કૃષ્ણ આયર જુવાનીના જુદાજુદા તબક્કાઓમાં-ડાબી બાજુથી: (૧) કૉલેજમાં ભણતા હતા ત્યારે મદ્રાસ સ્ટુડન્ટ્સ કન્વેન્શનના અગ્રણી (૧૯૧૬-૧૯૧૯) તરીકે; (૨) ઈ. ૧૯૨૧માં કાયદાના ગ્રૅજ્યુએટ થયા ત્યારે; (૩) ઈ. ૧૯૨૭માં રાજકીય ક્ષેત્રમાં ઝંપલાવી ગામેગામ ફરીને કવિ સુબ્રહ્મણ્યમ્ ભારતીનાં ગીતો મધુર હલકે અને બુલંદ કંઠે ગાઈ પ્રજાને જાગ્રત કરી ત્યારે; (૪) ઈ. ૧૯૩૦માં 'વેદયવનમ્ સત્યાગ્રહ ચળવળ'ના સંચાલક તરીકે; (૫) ઈ. ૧૯૩૯માં ભરતનાટ્ય નૃત્યને સામાજિક ઉપેક્ષામાંથી મુક્ત કરી ઉચ્ચ સંસ્કારી નૃત્યના માનસ્થાને પ્રસ્થાપિત કર્યું ત્યારે.

ક્ષોભ પામ્યો ને ઠીકઠીક ગૂંગળામણ અનુભવી. ઈ. ૧૯૩૩નો જાન્યુઆરી મહિનો. કૃષ્ણ આચરે ભરતનાટ્યનો ઇતિહાસ ઘડ્યો. પોતે સ્ત્રીનાં કપડાં પહેરી સૌપ્રથમ એ નૃત્યો કર્યાં. લોકોનો પૂર્વગ્રહ દૂર કરવા, આ નૃત્યપ્રકારને ફરીથી યોગ્ય સમ્માન મળે તે માટે જીવન ખર્ચી નાખ્યું. ધીકતી વકાલત છોડી અને ભીખારી થવાનો ધંધો અપનાવ્યો. રાતદા'ડો બીજું કશું મહત્ત્વનું ગણ્યું નહિ. બાલાસરસ્વતી, રુક્મિણીદેવી, વૃદ્ધ ગુરુઓ—પંડનલ્લુરના મીનાક્ષી સુંદરમ્ પિલ્લૈ, કટુમનર કોઈલના મુથુકુમારન્ પિલૈ, મેલટ્ટૂરના નટેશ આચર વગેરે—ને સહાય કરી અને ભરતનાટ્યક્ષેત્રે યુગવર્તી કાર્ય કર્યું; મદ્રાસ સંગીત નાટક અકાદમીના મંત્રી બન્યા અને મદ્રાસ રાજ્યનાં લોકનૃત્યો, ગાયકો વગેરેને ઘટતું મહત્ત્વ આપી સહાય કરી. એમની સેવાઓની કદર પણ થઈ અને એમને પગલે અનેકોને પ્રેરણા મળી. છેલ્લી અવસ્થા સંપૂર્ણ બધિરતાને લીધે કંઈક કરુણ ગણી શકાય. વૃદ્ધાવસ્થામાં એકલતા અનુભવતા. મોટો દીકરો મદ્રાસમાં, નાનો દીકરો ને દીકરી મુંબાઈમાં. તેમને ત્યાં છેલ્લા દિવસો ગાળ્યા. વધુ જીવ્યા હોત તો તેમના અસંખ્ય લેખોમાંથી મહત્ત્વના ચૂંટીને તેમના જ માર્ગદર્શન હેઠળ ગ્રંથ પ્રગટ કરી શકાત, જે હજી યે કરવાની મારી ઇચ્છા છે. ભારતનાં શાસ્ત્રીય નૃત્યોના અલ્પધન ઇતિહાસમાં એમના જવાથી ન પૂરાય તેવી ખોટ પડી છે.

પ્રાગૈતિહાસિક ભારતીય ચિત્રકલા


લેખક ડૉ. જગદીશ

અસંખ્ય ચિત્રાકૃતિઓ, વિશદ રીતે લેખકો અને ગ્રંથોની માહિતી, તેમજ પર્યાયશબ્દોની સૂચિની સમૃદ્ધિ સાથે વાચકને પ્રાગૈતિકઇતિહાસમાં પ્રવેશ કરાવતાં રસપ્રદ પ્રકરણો ધરાવતો આ ગ્રંથ* પોતાની વાચન સામગ્રી જેટલો જ શોભનસજ્જતા અને સ્વચ્છ મુદ્રણને લીધે તેની બહુમૂલ્યતાને સાર્થક બનાવે છે. શ્રીસંપન્ન વિદ્વાનો, યુનિ. પુસ્તકાલયો, કૉલેજો ને કલાસંસ્થાઓને એ નિરવધિ ઉપકર્તા બનશે.

લેખક ડૉ. જગદીશ ગુપ્ત પોતે પ્રયાગ વિશ્વવિદ્યાલયના ડૉક્ટર ઑવ ફિલૉસૉફી હોવા ઉપરાંત ચિત્રકળા અને સંસ્કૃતની ઉચ્ચ ઉપાધિઓ ધરાવે છે. ઈ. સ. ૧૯૫૦થી પ્રયાગ વિશ્વવિદ્યાલયમાં હિન્દી વિભાગના એ પ્રાધ્યાપક 'નવી કવિતા'ના સંપાદક છે તેમજ 'પરિમલ'ના સંયોજક છે. ચિત્રકલા, કવિતા, દેશભ્રમણ, પ્રદર્શન ને સંગ્રહાલયોના ભ્રમર છે.

તેમણે ગુજરાતી અને વ્રજભાષાનાં કૃષ્ણકાવ્યોનું તુલનાત્મક અધ્યયન કરવા થોડા માસઅમદાવાદમાંશ્રી કેશવરામ શાસ્ત્રી પાસે ગાળ્યા હતા.'ભારતીય કલા કે પદચિહ્ન'પુસ્તક દ્વારા તેમણે કલાવિવેચનામાં પણ વિશદતાની છાપ પાડી છે. 'ધર્મયુગ' અને બીજાં અનેક શ્રેષ્ઠ વિદ્વદ્પ્રિય સામયિકો અને પત્રોમાં તેઓના અનેક લેખો પ્રસિદ્ધ થયા છે. ઉપરાંત પોતાની ચિત્રકળામાં અવનવા પ્રયોગો સિદ્ધ કરી પ્રદર્શનો પણ કરી ચૂક્યા છે.

આવા સિદ્ધહસ્ત લેખક અને કલાવિદ્ શ્રી ગુપ્તએ પ્રાગૈતિહાસિક ચિત્રકળા માટે વિશ્વના તે વિષયના સાહિત્યગ્રંથોનું બહુ ઉપયોગી, કાલક્રમાંકી વિવેચન આ ગ્રંથમાં આપીને ધૂસર કાળમાં પડેલી ભારતીય ચિત્રકલાની પગદંડી ખુલ્લી કરી આપી છે. તેમણે જણાવ્યું છે તેમ વીસમી સદી અગાઉના ત્રીસ શતકો (આજથી પાંચ હજાર વર્ષ)પહેલાં જેનો પ્રારંભ થયો હતો એ પ્રાગૈતિહાસિક શિલાચિત્રોની શોધ, અધ્યયન અનુશીલન તેમજ પ્રકાશનના ક્ષેત્રમાં જગત હજુ એક શતાબ્દીની હદ પણ પાર કરી શક્યું નથી. અને આપણે ત્યાં તો ઉપલબ્ધ પુરાતન સામગ્રીમાં પડેલી કલા ને સંસ્કૃતિનાં અભિવ્યંજક અને મહત્ત્વપૂર્ણ તત્ત્વોની ઉપેક્ષા જ કરવામાં આવી છે.

આ ગ્રંથમાં શ્રી ગુપ્તએ વિશ્વના અનેક દેશોની ગુફાઓમાંનાં ચિત્રો સાથે તેના શોધકોના સંશોધિત નિર્ણયો આપીને ભારતમાં આ વિષયના જ્ઞાનનો પાયો નાખ્યો છે એમ કહી શકાય. તે પછી તેમણે ભારતના પાષાણ યુગનાં તેમજ ઉત્તરપાષાણ યુગનાં આદિવાસીઓનાં ચિત્રોનાં સ્થાનોનું સંપૂર્ણ ટિપ્પણ, તેની ભૌગોલિક પરિસ્થિતિ સંખ્યાબંધ આલેખનો તેમજ ચિત્રો સાથે તેમાં આપીને, તે દ્વારા ફલિત થતી સંસ્કૃતિ ને માનવવ્યવહારનું સુસ્પષ્ટ ચિત્ર ઉકેલવા વિપુલ વિવેચન કર્યું છે. આ વિવેચનો અને ચિત્રોનાં પૃષ્ઠો એટલાં બધાં રસપ્રદ બન્યાં છે કે વાંચનાર કોઈ પુરાણકથા જેવો ઈતિહાસરસ પામે છે. લેખકે સ્વાનુભવ અને પરિભ્રમણથી પ્રત્યેક સ્થાનનો પરિચય મેળવી ચિત્રોના યુગ અને વાતાવરણ સમજી લીધાં છે અને નવીન અભ્યાસીઓ માટે માર્ગ સરળ કરી આપ્યો છે.

એમણે યથાર્થ કહ્યું છે કે 'પ્રાચીન કાળનાં અસ્થિપિંજરો, પાષાણ-ઓજારો અને બીજા વિવિધ અવશેષોથી મનુષ્યની કેવળ પ્રાચીનતાનું જ્ઞાન મળે છે, પણ એમની અંતઃચેતનાના પ્રવાહનો પરિચય તો આપણને એમની કલાકૃતિઓથી જ મળે છે. ગુફાચિત્રો કલાનાં પ્રાચીનતમ ઉદાહરણ હોઇને તેની સુદીર્ઘ પરંપરાના સ્રોતમાંથી પ્રગટતાં સ્વરૂપોમાંથી આપણને કલાની જટિલ અંતઃપ્રવૃત્તિ અને તેનાં અનેક તથ્યો તથા તત્ત્વોનો પરિચય મેળવવાનો નિશ્ચયાત્મક આધાર મળે છે. માનવવિકાસમાં કલાચેતના અનિવાર્ય સ્થિતિ છે અને તેનું યોગદાન ઉપેક્ષા કરવા જેવું નથીજ.શિલાચિત્રોમાં રૂપાયિત એ અનુભવ, હજારો સદીઓ વીતી ગયા છતાં, નિર્જીવ થયો નથી, કે તેની આકૃતિઓનો કલાત્મક પ્રભાવ નષ્ટ થયો નથી. સીમિત અર્થમાં પણ અનુભવોને પ્રભાવપૂર્ણ કાલજયી રૂપ દેવાનું શ્રેય કલાને જ આપી શકાય.'

કલાના અપ્રતિમ વૈભવથી સંપન્ન—કિન્તુ વર્તમાનયુગમાં અનેક 'અત્યાધુનિક' પ્રભાવોના આક્રમણથી આવૃત્ત—આ દેશમાં કલાની ગૌરવભરી પુનઃપ્રતિષ્ઠા માટે અનિવાર્ય છે કે આપણી પરંપરાનાં વાસ્તવિક રૂપોની ખોજ કરવામાં આવે અને તેમાં રહેલા સૌંદર્યબોધ ને મર્મસુધી પહોંચવાનો પ્રયત્નકરવામાં આવે.



*લેખક: ડૉ. જગદીશ ગુપ્ત; પ્રકાશક: નેશનલ પબ્લિશિંગ હાઉસ, 'ચંદ્રલોક', જવાહર નગર, દિલ્હી-૭; પૃષ્ઠ ૬૦૩ + ૧૩ અનુક્રમણિકા + ૬ સંદર્ભસૂચિ; કદ ૬।। × ૯।। ઈંચ, કિં. રૂ. ૭૫.




આદમગઢ (હોશંગાબાદ)ની એક ગુફામાં અંકિત ચાર આદિમ ધનુર્ધરોનું આ જીવંત અને ગતિશીલ ચિત્રાંકન આ પ્રકારનું એક અદ્વિતીય ચિત્ર છે.

આજે બહુ જ થોડા કલાકારો દેશનાં સાંસ્કૃતિક મૂળિયાં સુધી જઈ પ્રાણરસ મેળવવાનો પ્રયત્ન કરે છે. જો આપણી સંસ્કૃતિને યુગની વિકાસશીલ ચેતના સાથે સંયુક્ત કરી નહિ શકાય તો પ્રતિક્રિયાવાદની અનેક ઉચ્છૃંખલ વિચારધારાઓનાં જોખમો સામે ઊભાં જ છે.

ગ્રંથકારનું મુખ્ય ધ્યેય 'એક વિશાળ ચિત્રણાપરંપરાની પ્રાથમિકસમૃદ્ધિનો વ્યવસ્થિત પરિચય આપવા સાથે ભારતીય ચિત્રકળાના ઈતિહાસને તેના અસલ મૂળ પર—લગભગ દશ હજાર વર્ષ પૂર્વેના તેના ખરેખરા રૂપમાં સાધાર પાછળ લઈ જઈને તેમાંનું અલક્ષિત મહત્ત્વ પ્રગટ કરી બતાવવાનું છે.

લગભગ ૧૨ વર્ષે પૂરા થએલા આ કાર્યમાં, તેઓ લખે છે તેમ પોતે, 'પીર, બબરચી, ભિસ્તી, ધોબી' એક જ હોઈ ગ્રંથનાં સર્વ કામ એમણે એકલે હાથે કરવાનાં હતાં. વધારેમાં વધારે ચિત્રો ભેગાં કરવા માટે મુખ્ય મુખ્ય મૂળસ્થાનકો પર જઈ તેની પ્રામાણિકતાનું નિરીક્ષણ-પરીક્ષણ કરવાનું, અજ્ઞાત ચિત્રોની ખોજ કરીને તેની તેમજ આજ સુધી જેની નકલો નથી થઈ તે સર્વની જાતે અનુકૃતિઓ કરવાનું વગેરે ઉપરાંત, પ્રકાશિત ચિત્રોની છાપોની રચના, પુરાતત્ત્વની દૃષ્ટિએ તેનું વર્ગીકરણ તથા પરિચય-લેખન, શિલાચિત્રોની શોધના ઇતિહાસનું સમ્યક્ વર્ણન, દેશી-વિદેશી વિદ્વાનોના વિચારોની પરિચય-પ્રાપ્તિ, કાલનિર્ણય, કલાત્મક મહત્ત્વની સ્થાપના આદિના જટિલ પ્રશ્નોનું અનુશીલન, તુલનાત્મક દૃષ્ટિનિક્ષેપ, શૈલીશિલ્પ અને રચનાપ્રક્રિયાની સમસ્યાઓમાં પ્રવેશ, આદિમ કલા અને લોકકલાની સાપેક્ષતામાં પ્રાગૈતિહાસિક કલાની વિશિષ્ટ સ્થિતિનું નિદર્શન અને વિભેદક સીમાઓનો નિશ્ચય, ભારતીય સંસ્કૃતિના જ્ઞાનના નવા સ્રોત રૂપ આ શિલાચિત્રોની મહત્તાનું પ્રતિપાદન અને પુરાતત્ત્વજ્ઞો દ્વારા તેની ઉપેક્ષા કે પ્રતિવાદનું થએલું દુઃસાહસ વગેરે કંઈ કંઈ એમને આમાં કરવું પડ્યું છે.

'કલાક્ષેત્રને મેં અવશ્યમેવ મારું ક્ષેત્ર માન્યું છે. તેને યથાશક્તિ સમૃદ્ધ કરવાની કામના મારામાં હમેશાં રહી છે.' આવી ભાવનાથી પૂત યુવાન વિદ્વાન શ્રી ગુપ્તએ આ ગ્રંથ દ્વારા યુગીય વિકાસમાં પરમ જ્ઞાનાર્ઘ્ય આપ્યો છે તે માટે તેમને અભિનંદન ઘટે છે.



વૉશિંગ્ટનના 'કેનેડી સેન્ટર'માં રજૂ કરવા માટે દુનિયાભરના દેશોમાંથી ચૂંટાએલી મોટાં બાળકોની બબ્બે ચિત્રકૃતિઓમાંની ભારતના મુકેશકુમારની એક કૃતિ. 'દાંડિયા રાસ'. ('યુસિસ')

સાહિત્યસંપર્ક

કાર્લ સૅન્ડબર્ગ

'કાર્લ સૅન્ડબર્ગ અમેરિકાનો અવાજ રજૂ કરતા એટલું જ નહિ, એ એથી ય વિશેષ હતા. સૅન્ડબર્ગ એટલે અમેરિકા. આપણે એમને 'લોકશાહીના શાયર' તરીકે બિરદાવતા. એમનાં ગીતો ને કાવ્યોમાં લોકહૃદયની ઊર્મિઓનો, આપણા આત્માના અવાજનો પડઘો પડતો.'

ગયા વર્ષે ૨૨મી જુલાઈએ, ૮૯ની વયે, ઉત્તર કૅરોલિનાના ફ્લૅટ રૉકના ડુંગરોમાંના પોતાના નિવાસસ્થાને અવસાન પામેલ અમેરિકન રાષ્ટ્રકવિ કાર્લ સૅન્ડબર્ગને પ્રમુખ જૉન્સને ઉપર્યુક્ત શબ્દોમાં અંજલિ આપી હતી.

આ વિખ્યાત અમેરિકન સર્જકનો જન્મ ઇલિનૉઈ પરગણાના ગેલિસ્બર્ગમાં ઈ. ૧૮૭૮-ની ૬ઠ્ઠી જાન્યુઆરીએ મૂળ સ્વીડિશ પણ વસાહતી ગરીબ લુહાર કુટુંબમાં થયો હતો. એથી એમના જીવનનો આરંભ લુહારીકામ, કડિયાકામ, હૉટેલબૉય, કોલસાના હેલકરી અને ખેતીકામ આદિથી થએલો. રખડુ સ્વભાવ, સંગીતનો છંદ અને કુટુંબની આર્થિક સ્થિતિ સારી નહિ, એટલે ભણવા તરફ નિષ્કાળજી છતાં મિત્રે લગાડેલા નાદથી કૉલેજમાં દાખલ થયા. ત્યાં પણ ઘંટ વગાડવાની અને બંબાખાતાના કૉલમૅનની નોકરી કરતા હોવાથી ગરીબાઈ અને નીચલા સ્તરના સમાજનો સંપર્ક સતત ચાલુ રહ્યો, જેથી એ લોકકવિ અને જનતાના માનવી બન્યા.

સંગીત અને કવિતાનો અજબ શૉખ હોવાથી એમણે લોકગીતોનાં સંશોધનનું કામ ઉપાડ્યું અને અમેરિકાના સર્વ પ્રદેશોમાંથી ૨૮૦ જેટલાં ગીતો, રાસ ને જોડકણાં એકઠાં કર્યાં, જેમાંનાં ૧૦૦ તો સાવ અપ્રસિદ્ધ હતાં. ઈ. ૧૯૨૭માં પ્રકટ થએલો એ સંગ્રહ 'અમેરિકન સૉંગબૅગ' એના દરેક ગીત સાથેની પ્રસ્તાવના ને એના સર્જક, પ્રસંગ, ભાવાર્થ ને સમય આદિની માહિતીથી સમૃદ્ધ છે.

ઈ. ૧૯૧૦થી એમણે ગહન પ્રતીકોવાળાં કાવ્યોને બદલે જીવાતા જીવનનાં સંવેદનો ઝીલતાં, બળકટ આમ બોલીમાં કાવ્યો રચીને અમેરિકાના ઉચ્ચથી નિમ્ન સ્તર સુધીના લોકજીવનને અને માનવભાવોને નિરૂપવા શરૂ કર્યાં. ચાલુ રાગ ને તાલના નિયમો તોડી, કુમાશભરી શહેરી બોલીને સ્થળે તળપદી અને બરછટ ભાષાશૈલી યોજી કાવ્યક્ષેત્રે ક્રાંતિ સર્જ-



સૅન્ડબર્ગ ઉત્તરાવસ્થામાં



યુવાન વયે



વાદ્ય સાથે કાવ્યગાન કરતા

નાર આ સર્જક માટે વિવેચકોમાં ઉગ્ર ચર્ચા જાગી. ઈ. ૧૯૧૪માં 'પોએટ્રી' સામયિકે પ્રકટ કરેલી એમની ટૂંકી કૃતિઓએ ચકચાર જગાવી અને શિકાગોને તેણે Hog-butcher world (દુનિયાનું ડુક્કર-ખાટકી) કહેવા બદલ જનતા પણ રોષે ભરાઈ.

જોકે 'બીટનિકોના એ સંત'ને નવી પેઢી 'આઝાદ સાહિત્યના નેતા' કહેતી, છતાં ગહન અને અસંબદ્ધ પ્રતીકોવાળી નવી કવિતા માટે આ સૌંદર્યપૂજકને તો ભારે રોષ હતો. એક મુલાકાતીના પ્રશ્નના ઉત્તરમાં એમણે કહેલું: 'I say to hell with the new poetry. Sometimes I think it's a series of ear-wigglings' (હું તો કહું છું નવી કવિતા જહન્નમમાં જાય. ઘણી વાર તો એ કર્ણકઠોર શબ્દોના તોરણ જેવી લાગે છે.)

પોતાનાં કાવ્યો પણ લોકગીતોના ઢાળોમાં ગિતાર પર વગાડતા આ લોકગાયકનો ધરતી પરનો અસીમ પ્યાર જેમ લોકગીતોમાં વ્યક્ત થયો છે એમ જનતા પરનો એમનો પ્યાર આ શબ્દોમાં અભિવ્યક્તિ પામ્યો છે: 'હું આ રાષ્ટ્રની વિરાટ જનતા છું. મારી કવિતાનું પ્રેરક બળ જનતા છે; અને હું લોકહૃદયનાં સુખદુઃખ, પ્રજાની અભિલાષા અને જનહૃદયના ધબકારને મારી કવિતામાં ઝીલવાની હોંશ રાખું છું.'

ઈ. ૧૯૧૪માં કવિ તરીકે લેવિન્સન પારિતોષિક મેળવનાર આ લોકચાહકને એમનો કાવ્યસંગ્રહ 'શિકાગો પોએમ્સ' (૧૯૧૬) પ્રકટ થતાં રાષ્ટ્રીય ખ્યાતિ મળી. આ ઉપરાંત 'ધ પીપલ, યસ' (૧૯૩૬), 'કમ્પ્લીટ પોએમ્સ' (૧૯૫૧) અને 'હની ઍન્ડ સૉલ્ટ' (૧૯૬૩) એમને અમેરિકી નવજાગૃતિના કવિ તરીકે ખ્યાતિ અપાવતા એમના મહત્ત્વના સંગ્રહો છે. ઈ. ૧૯૨૮માં પ્રકટ થએલા એમના કાવ્યસંગ્રહ 'ગૂડ મૉર્નિંગ અમેરિકા'ની પ્રસ્તાવનામાં એમણે આપેલી કવિતાની ૩૮ જેટલી વ્યાખ્યાઓમાં એમના કાવ્યવિષયક ખયાલો જોવા મળે છે: 'કવિતા એટલે તિમિરાચ્છાદિત વિશાળ નભ'; 'ક્ષણેક્ષણે ઉઘાડ-વાસ થતું દ્વાર, જે દ્વારા કવિ સૃષ્ટિનું દર્શન કરે છે.' 'Poetry is a silver of the moon lost in the belly of golden frog.'

'ઈન્ટરનેશનલ સોશ્યાલિસ્ટ રિવ્યૂ' અને 'શિકાગો ટાઈમ્સ'માં વર્ષો સુધી વિવિધ વિષયો પર લેખો લખનાર કવિ સૅન્ડબર્ગે પત્રકારત્વમાં પણ નિજી પ્રતિભા દર્શાવી છે. ત્રીસ વર્ષ લગી સામગ્રી એકઠી કરી, પંદર વર્ષના સતત ને અથાગ પરિશ્રમ દ્વારા, લિંકન અમેરિકાના પ્રમુખ થયા એ પહેલાંના અને પછીના એમના જીવનને બે ભાગમાં વહેંચી, 'પ્રે. અબ્રાહમ લિંકનનું ચરિત્ર' જેવો અપૂર્વ ગ્રંથ પ્રવાહી શૈલીમાં લખવા બદલ કાર્લ સૅન્ડબર્ગને ઈ. ૧૯૨૫માં સુવર્ણચંદ્રક ને ઈ. ૧૯૪૦માં પુલિત્ઝર પારિતોષિક મળેલાં. એ જીવનકથાના છ ગ્રંથોમાં સૅન્ડબર્ગ ઈતિહાસકાર, જીવનચરિત્રકાર ને ઉત્તમ ગદ્યકાર તરીકે પ્રકટ થાય છે. ફરી ૧૯૫૧માં એમને એમના કાવ્યસંગ્રહ 'કમ્પ્લીટ પોએમ્સ' માટે પુલિત્ઝર પારિતોષિક પ્રાપ્ત થએલું. કવિ, પત્રકાર ને જીવનચરિત્રકાર સૅન્ડબર્ગે થોડી બાળવાર્તાઓ, 'રિમેમ્બ્રન્સીઝ રૉક' (૧૯૪૮) નામની નવલકથા ને 'ઑલ્વેઈઝ ધ યંગ સ્ટ્રેઈન્જર્સ' નામે આત્મચરિત્ર પણ લખ્યાં છે.

'ગઈ કાલ એ તો પડી ગએલા પવન જેવી છે, અસ્તાચલમાં ડૂબેલો સૂર્ય છે' એમ એક કાવ્યમાં ગાતા, ભાવિમાં અખૂટ શ્રદ્ધાવાન આ સર્જકનો જીવન પ્રત્યેનો અભિગમ સૌંદર્યલક્ષી હતો. એથી તો પોતાનાં સર્જનોમાં કદી કડવાશ ન આણનાર આ લોકચાહક કવિ માટે ઈતિહાસકાર હેન્રી સ્ટીલ નોંધે છે: 'એ લોકશાહી અને સમાનતાના ચાહક છે, માનવતાવાદી છે, આશાવાદી છે. સામાન્ય પ્રજાના કાર્યો માટે એમને ચાહના છે. એમને અવિશ્વાસ, ક્રૂરતા ને પોતાના જ બંધુઓને દગો દેનાર પ્રત્યે નફરત છે. એમનાં સર્જનો એમના પ્રબળ વ્યક્તિત્વની મુદ્રાથી અંકિત છે.'

છેક ૮૫મી વર્ષગાંઠે જીવન, પ્રેમ અને મૃત્યુને લગતાં સુંદર ને સરળ ૭૭ કાવ્યોનો સંગ્રહ 'હની ઍન્ડ સૉલ્ટ' પ્રસિદ્ધ કરનાર આ કવિની સર્જનપ્રવૃત્તિ અંતિમ દિવસોમાં પણ અવિરત ચાલુ હતી. કવિતા, સંગીત, વાર્તા, ઇતિહાસ ને ચરિત્ર એ પાંચે ક્ષેત્રોમાં નિજી પ્રતિભાનાં દર્શન કરાવનાર સૅન્ડબર્ગે કુશળ વક્તા પણ હતા, ને ઈ. ૧૯૪૭ પછી તો લેખન ને વ્યાખ્યાન એમના વ્યવસાય બની ગએલા.

૧૯મી સદીના અમેરિકન રાષ્ટ્રશાયર વ્હિટમૅનના અનુગામી આ ૨૦મી સદીના રાષ્ટ્રશાયર વિષે એક ચરિત્રકાર લખે છે: એની કીર્તિ એણે પુરાણા અમેરિકાની ગાથા ગાઈ એ પર નિર્ભર નથી; નવા ઊગતા અમેરિકાનાં ગાન ગાયાં એ એની કીર્તિના મૂળમાં છે. પળેપળે પલટાતા જતા અમેરિકાના ઉરધબકારને એણે ઝીલ્યા અને કવિતામાં ઢાળ્યા.'

પત્ની ને બે પુત્રીઓ સાથે છેલ્લા દિવસો બીમારીમાં ગાળનાર આ અમેરિકન મેઘાણી-

ના જીવનની ઝાંખી કરાવતું એક કથન અમેરિકન પ્રજાની સ્મરણમૂડી બની જાય એમ છે: 'હું મુક્ત જીવન ઇચ્છું છું. કારાવાસ કોઈ પણ પ્રકારનો મને પસંદ નથી. મને નિયમિત ભોજન મળે, થોડો પ્રેમ મળે અને હું મુક્ત કંઠે ગાઈ શકું, મારી ગિતારના સૂર સાથે મારી હૃદયવીણાના સૂર વહાવી શકું, મારા હૃદયની વાણી જનતા સુધી પહોંચાડી શકું,આ સિવાય મને બીજું કશું જ મેળવવાની ઇચ્છા નથી.'

આ વર્ષનાં અકાદમીનાં ઇનામો

૧૯૬૭ના વર્ષ માટે સાહિત્ય અકાદમી તરફથી ઇનામપાત્ર જાહેર થએલાં ઉત્તમ પુસ્તકો નીચે મુજબ છે: ગુજરાતી: 'ગુજરાતી ભાષાનું ધ્વનિસ્વરૂપ અને ધ્વનિપરિવર્તન'–પ્રબોધ પંડિત; અંગ્રેજી: 'શૅડો ફ્રૉમ લડાખ' (નવલકથા) ભવાની ભટ્ટાચાર્ય; મલયાલમ: 'તમ્હે રતોની' (કાવ્યસંગ્રહ) પી. કુન્હીરામ નય્યર; સંસ્કૃત (સર્જનાત્મક) 'ચિત્રકાવ્ય કૌતુકમ્' (કાવ્યો)–રામરૂપ પાઠક; કન્નડ: 'શ્રીમદ્ભગવદ્ગીતા તાત્પર્ય અથવા જીવનધર્મયોગ' (વિવરણ)–ડી. વી. ગુન્ડપ્પા; તમિલ: 'વિરાર ઉગલમ' (ઐતિહાસિક પ્રસંગો)–કે. વી. જગન્નાથમ્; ઉર્દૂ: 'પથ્થરકી આવાઝ' (ટૂંકી વાર્તાઓ)–શ્રીમતી કજતુલીન હૈદર; બંગાળી: 'તપસ્વિની' (નાટક)–બુદ્ધિદેવ વસુ; હિન્દી: 'અમૃત ઔર વિષ' (નવલકથા)–અ. નાગર; મરાઠી: ઇતિહાસગ્રંથ–એન. જી. કાલેલકર.

'સંદેશ'–પ્રકાશનનો વાર્તામાસિક 'આરામ'નો ઈ. ૧૯૬૭નો શ્રેષ્ઠ વાર્તા માટેનો સુવર્ણચન્દ્રક શ્રી અભેસિંહ પરમારને આપવાનું તેના નિર્ણાયકો સર્વશ્રી અનંતરાય રાવળ, 'વાચસ્પતિ' તથા પીતાંબર પટેલે ઠરાવ્યું છે.

સાહિત્ય સંગમ (બાવાસીદી • સૂરત)નાં નવાં પ્રકાશનો

તોફાન: સ્ત્રીપુરુષના આકર્ષણ, પ્રેમ અને લગ્ન વિષે લેખકના ખયાલો વ્યક્ત કરતી નવલકથા. લે૦ નાનુભાઈ નાયક, પૃ. ૩૬૪, રૂ. ૯.

વિશદ ટપકું: પ્રા. સરોજ પાઠકનો વાર્તાસંગ્રહ; પાકું પૂઠું, પૃ. ૨૮૮, રૂ. ૭.

કાચનું ઘર: 'કાચના ઘરમાં વસનારે અન્ય સામે પથ્થર ન નાખવો જોઇએ' એ સૂત્ર ઉપર લખાએલી નવલકથા. પાકું પૂઠું, પૃષ્ઠ ૪૦૭ રૂ. ૧૦. બંનેના લેખક: 'પ્રશાંત.'

નૂરજહાન (ભા. ૧ ૨ ૩): જહાંગીરની ઇતિહાસખ્યાત બેગમ નૂરજહાનના ચરિત્રને કેન્દ્રમાં રાખી લખાએલી, રસિક મહેતા કૃત નવલકથા. પાકાં પૂઠાં, પૃ. અનુક્રમે ૪૨૪, ૪૨૨, ૩૪૩; રૂ. ૧૧, ૧૧ અને ૮.


મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



જશવંતરાય જ. અંજારિયા

જન્મ: ૧૫-૭-૧૯૦૮; મુંબાઈ યુનિ.ના એમ. એ અને લંડન યુનિ.ના એમ. એસસી. (ઇકૉ.) ૧૯૪૮ થી ૫૦ સુધી રીઝર્વ બૅંકના આર્થિક સંશોધન વિભાગ (મૉનીટરી રીસર્ચ)ના નિયામક; ૧૯૫૦ થી૫૩: પ્લૅનિંગ કમિશનના અર્થ વિભાગના અધ્યક્ષ; ૧૯૫૩ થી ૫૬ નાણાંખાતાના આર્થિક સલાહકાર; ૧૯૫૬–૬૧ ભારત સરકારના મુખ્ય આર્થિક સલાહકાર; ૧૯૬૧-૬૭ આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ(ઇન્ટરનૅશનલ મૉનિટરી ફંડ)ના ભારત માટેના કાર્યકારી નિયામક; આજે રીઝર્વ બૅંકના ડેપ્યુટી ગવર્નર.



૧ રિઝર્વ બૅંકનું ખાસ કાર્ય શું છે?

ઉ ચલણી નાણાંનું નિયમન અને બૅન્કોના ધીરાણને યોગ્ય દિશામાં વાળી દેશની આર્થિક પ્રગતિને મદદ કરવાનું.

૨ અભ્યાસકાળે તમને લાગતું હતું કે આ હોદ્દે આવશો?

ઉ ના. શિક્ષણક્ષેત્રની બહાર ન જવું ને (તે વખતે વિદેશી) સરકારની નોકરી તો કરવી જ નહિ એવું વલણ હતું.

૩ તમે દરેક પરીક્ષામાં પ્રથમ વર્ગમાં આવેલા? તો આજની વિદ્યાર્થી આલમને અભ્યાસ માટે શી સલાહ આપો છો?

ઉ ના. ઇન્ટર આર્ટ્સમાં હું બીજા વર્ગમાં આવેલો વિદ્યાર્થી આલમને એટલું જ કહીશ કે બધું શીખો. ભણવાથી થાક લાગે છે એ વાત તદ્દન ખોટી છે.

૪ આર્થિક દૃષ્ટિએ જગતમાં ભારતનું સ્થાન ક્યાં છે?

ઉ ભારત વિશ્વના ગરીબમાં ગરીબ દેશોની કક્ષામાં છે.છતાં બહારના દેશો સમજે છે કે ભારત સૂતેલો પણ સિંહ છે.

૫ ભાવ-વધારા ને કર-વધારા ડામવા માટે શું કરવું જોઈએ?

ઉ ચલણનો ફુગાવો અટકાવવો જોઇએ અને જીવનની જરૂરિયાતોનું–ખાસ કરીને ખેત પેદાશોનું ઉત્પાદન વધારવું જોઈએ. કર-વધારા કોઈ વ ર ભાવોને વધતા અટકાવવા માટે જરૂરી ખરા, પણ અમુક હદથી વધારે કરભાર આર્થિક પ્રગતિનો રોધક બને છે. એવે સમયે અનુત્પાદક જાહેર ખર્ચ કમી કરવાં જોઈએ.

૬ રાષ્ટ્રને બધી રીતે સધ્ધર કરવા તમે શું સૂચવો છો?

ઉ પ્રજાએ ભૌગોલિક, પ્રાંતિક, ધાર્મિક, ને ભાષાવિષયક ભેદો ભૂલવા જોઈએ ને સરકાર તેમજ પ્રજાએ એકીસાથે પ્રયત્નો કરવા જોઈએ. ભારતીય સંસ્કૃતિનો જે અમૂલ્ય વારસો આપણને મળ્યો છે તે માત્ર પંડિતો, બ્રાહ્મણો કે સાધુ-સંન્યાસીઓ કાજે નથી, પણ સમગ્ર પ્રજા માટે છે અને તેથી પ્રજાના મોટા ભાગે તે માટે મથવું જોઈએ.

૭ ગાંધીજીનું અર્થશાસ્ત્ર ટૂંકમાં સમજાવશો?

ઉ એમણે જે નૈતિક ને સામાજિક મૂલ્યો મહત્ત્વનાં ગણ્યાં તેને અનુરૂપ અર્થવ્યવસ્થા શી રીતે ઘડી શકાય તે વિષેના એમના વિચારો: સત્ય સાદાઈ, સહકાર અને અહિંસાના સિદ્ધાન્ત પર 'પૂર્ણ સ્વરાજ્ય' નીચે ચાલનારા અર્થતંત્રનું નિરૂપણ. એને 'સમૂળી ક્રાન્ત'નું અર્થશાસ્ત્ર કહી શકાય.

૮ તમારો ખાસ શોખ?

ઉ સારું સંગીત સાંભળવાનો; કાવ્યો વાંચવાનો.

૯ તમને કોનું વ્યક્તિત્વ ખાસ સૌથી વધારે ગમ્યું?

ઉ જુદે જુદે સમયે અંતરાત્મા જુદીજુદી દિશાઓમાંથી પ્રેરણા શોધે છે એટલે એમાં 'સૌથી વધારે'નો સવાલ જ રહેતો નથી. દેવોમાં મહાદેવનું વ્યક્તિત્વ અને પર્વતોમાં હિમાલયનું; મહામાનવોમાં ગાંધીજી, ટાગોર, વિવેકાનંદ ને નેહરુનું. બીજી યે અનેક વ્યક્તિઓથી આકર્ષાયો છું.

૧૦ તમારા જીવનની ખૂબ યાદગાર પળો કહેશો?

ઉ એક જ દાખલો આપીશ. એક વાર પંડિત ઓમકારનાથે મુંબાઈમાં એક સંગીતના જલસામાં દરબારી રાગ ગાયો હતો. એક કલાક સુધી તેમણે જમાવટ કરી. તે વખતે સમાધિમાં વ્યક્તિત્વ કેવી રીતે ઓગળી જતું હશે તેનો મને સાક્ષાત્ અનુભવ થયો હતો.

આજની દુનિયાની આઠમી અજાયબી ગણકયંત્રોની દુનિયામાં ડોકિયું

લેખક
ફાધર વાલેસ



→ ગણકયંત્રોનો પ્રથમ વિચારક લાઇબ્નિત્ઝ

આજથી ત્રણસો વરસ પહેલાં ૧૬૭૧-ની સાલમાં લાઈબ્નિત્ઝે દુનિયાનું પ્રથમ ગણકયંત્ર બાંધવાનો પ્રયત્ન કર્યો: 'માનવીને ન શોભે એવી જડ ગણતરીના વૈતરામાંથી એને આ યંત્ર મુક્ત કરશે અને પોતાની આખી શક્તિ વિચારો ને કલ્પનાઓ ને રચનાઓ ઉપર કેન્દ્રિત કરવા એને અવસર આપશે'. પણ લાઈબ્નિત્ઝનો પ્રયત્ન નિષ્ફળ ગયો અને બીજા ત્રણ સૈકા સુધી માનવીની બુદ્ધિ શુષ્ક ગણતરીઓ કરીકરીને ઘસાતી રહી.

ઓગણીસમી સદીમાં ઇંગ્લંડમાં ચાર્લ્સ બૅબજ અને કવિ લૉર્ડ બાઈરનની પુત્રી લેડી લવલેસ એક ગણકયંત્ર રચવામાં સફળ થયાં. યંત્ર બંધાયું યે ખરું, પણ તે કેમે કરીને ચાલ્યું જ નહિ. દશાંશ સંકેત પદ્ધતિને બદલે કહેવાતી દ્વંદ્વ પદ્ધતિનો ઉપયોગ થયો હોત તો એ ચાલત એવું અનુમાન તેમનાં લખાણ ને નકશાઓ જોઈને કાઢી શકાય.

છેવટે ઈ. ૧૯૪૦ના અરસામાં હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રો. આઈકેને પહેલું સાચું ગણકયંત્ર બાંધી આપ્યું. અફસોસ એટલો જ કે તેનો સૌથી પહેલો ઉપયોગ યુદ્ધ માટે જ થયો હતો. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અમેરિકન નૌકાદળ પ્રક્ષેપોના ગતિપથ તેની મદદથી ગણી કાઢતું.

યુદ્ધ પછી ગણકયંત્રોના શાંતિ માટેના ઉપયોગ તરફ સંશોધકોનું ધ્યાન તરત દોરાયું, અને થોડાં વરસોમાં કલ્પી પણ ન શકાય એટલી પ્રગતિ થઈ. હાલ ફક્ત અમેરિકામાં ૪૦,૦૦૦ જેટલાં ગણકયંત્રો છે, અને ૧૯૭૫ સુધીમાં ૮૫,૦૦૦ થશે એવો અંદાજ છે. એ યંત્રોની પાછળ ત્રીસ અબજ ડૉલર જેટલું જંગી ખર્ચ થશે, અને તેનું સંચાલન કરવા દસ લાખ જેટલા નિષ્ણાતો જોઇશે! એ નવું વ્યાવસાયિક ક્ષેત્ર હવે પછી બધા દેશોમાં ઝડપથી વિસ્તાર પામશે. એમાં 'દુભાષિયા'નું (એટલે કે માનુષી ભાષાનાં વાક્યો લઇને તેનું ભાષાંતર યંત્ર સમજી શકે એવી સાંકેતિક ભાષામાં કરનાર નિષ્ણાતનું) સ્થાન સૌથી મહત્ત્વનું છે. તે ગણિત, તર્કશાસ્ત્ર, અને જે વિષયના પ્રશ્નો ઉકેલવાના હોય તેનો અભ્યાસી હોવો જોઈએ. આટલી તૈયારી હોય તો એ કામ (એક અનુભવીના શબ્દોમાં) 'નવી ભાષા શીખવા જેવું છે: થોડું વ્યાકરણ, થોડો મહાવરો અને યંત્રની સાથે દોસ્તી જામે!'

યંત્રોના વિવિધ ઉપયોગ

ગણકયંત્ર શું શું કરી શકે! ટૂંકમાં એમ કહી શકાય કે માણસ એને સમજાવી શકે તે બધું એ કરી શકે છે! પરિયાદ યંત્રમાં નહિ, માણસમાં જ છે. યંત્ર તો આંધળી સેવા આપે છે. એક વાર એને રીત બતાવીએ એટલે લાખ વાર તે અથાક રીતે, અચૂક રીતે એ કર્યા જ કરશે; પણ પહેલી વાર એને રીત બતાવવાની જવાબદારી માણસની જ છે.

સ્વાભાવિકરીતે ગણતરી કરવી એ ગણકયંત્રની ખાસિયત છે. આજનાં યંત્રો પાંચ લાખ જેટલી દસ આંકડાવાળી સંખ્યાઓનો ગુણાકાર એક જ સેકંડમાં કરી આપે છે! જે સંખ્યાઓ આપણને લખતાં પણ કલાકો લાગે તેમનો ગુણાકાર યંત્ર એક પળમાં જ પૂરો કરે છે!

આવકવેરાના આંકડા કે વીમો ભરવાના હપ્તા ગણી આપવા, રેલવે કે વિમાનની બેઠકો પ્રવાસીઓને માટે અનામત રાખવા, પોલીસ ખાતે આખા પ્રાંતના શંકાસ્પદ માણસો.ની માહિતી ભેગી કરવા અને તે વિવિધ ક્રમમાં ગોઠવી આપવા ગણકયંત્રો તો હાજર જ છે. અરે. પૈસાના ચેક લખવા ને વટાવવાનું જે કામ અમેરિકામાં યંત્રો આજે કરે છે એ જો માણસને કરવાનું હોત તો દેશની વીસ ને પચાસની ઉંમર વચ્ચેની તમામ સ્ત્રીઓ બૅંકોમાં કારકુન તરીકે રોકવી પડત એવી ગણતરી છે.

આ સીધા ઉપયોગ સિવાય ગણકયંત્રોની પાસે વધુ અટપટાં કામ પણ કરાવી શકાય. થોડાં વરસ પહેલાં 'મૃત સરોવર'ની આસપાસ બાઈબલની જૂની હસ્તપ્રતો ને બીજા ધાર્મિક ગ્રંથો જડયાં ત્યારે તેમનો ઉકેલ ને વર્ગીકરણ કરવા એ યંત્રોની મદદ લેવામાં આવી હતી! પ્રાચીન લેખકોની કૃતિઓ ખરેખર તેમની જ છે કે કેમ એનો નિર્ણય કરવામાં ગણકયંત્રો ઘણો ફાળો આપી શકે એમ છે. (દરેક લેખક અમુક શબ્દો અમુક પ્રમાણમાં વાપરે છે એની ગણતરી ને સરખામણી કરીને તેની સાચી કૃતિઓ તારવી શકાય છે.) ટૉરોન્ટો શહેરમાં મોટરોની આવજા માટેના લાલ-લીલા પ્રકાશ-સંકેતો એક ગણકયંત્ર ચલાવે છે. ત્યારથી એ જ જગ્યાએ ને એ જ સમયે પસાર થતી મોટરોમાં ૩૮% જેટલો વધારો થયો છે, અને અકસ્માતોની સંખ્યા એકદમ ઓછી થઈ ગઈ છે.

તબીબી ક્ષેત્રમાં પણ ગણકયંત્રો નોંધપાત્ર સેવા આપે છે. આધુનિક માનવીનો મહારોગ તે હૃદયરોગ છે, અને તેનું નિદાન કરવામાં ગણકયંત્રો કીમતી મદદ આપે છે. વૉશિંગ્ટન ખાતે એવા એક યંત્રમાં હૃદયરોગનાં લક્ષણો વિષે સંપૂર્ણ માહિતીનો સંગ્રહ કરવામાં આવ્યો છે. શહેરની ઇસ્પિતાલોમાં કોઈ પણ દર્દી આવે ત્યારે તેનો હૃદયાલેખ (cardiogram) ટેલિફોન દ્વારા એ યંત્ર સુધી પહોંચાડે છે, અને યંત્ર તેની તપાસ કરીને અને પોતાના પેટમાં સંઘરેલાં લક્ષણો સાથે તેની સરખામણી કરીને થોડી જ સેકંડમાં સચોટ નિદાન પાછું મોકલે છે! કોઈ માણસને ભૂતકાળમાં ગુપ્ત હૃદય-હુમલો થયો હોય તો સારામાં સારા ડૉક્ટરો પણ દસમાંથી ફક્ત સાત બનાવોમાં સાચું નિદાન ખાતરીપૂર્વક આપી શકે છે; જ્યારે એ તબીબી ગણકયંત્રના ઈતિહાસમાં એણે હજી સુધી આ બાબતમાં એક પણ ભૂલ કરી નથી.

શિક્ષક-યંત્ર

સ્ટૅન્ફર્ડ સ્કૂલમાં છોકરો સવારે વર્ગમાં આવે ત્યારે એ સીધો પોતાના ખૂણામાં જઈને એક ટાઈપ-રાઈટર જેવા યંત્રની આગળ બેસે છે, કાન ઉપર સાંભળવાનાં 'કર્ણપટ' ગોઠવે છે, અને ટાઈપ-રાઈટર પર પોતાનું નામ લખે છે: 'જ્હૉની'. તરત તેના કાનમાં મધુર અવાજ આવે છે: 'નમસ્તે, જ્હૉની, ગણિત-બહાદુર. ગઈ કાલે તમારો પાઠ જરા કાચો હતો, એટલે આગળ જતાં પહેલાં તેનું થોડું પુનરાવર્તન કરવું જોઇશે. હોશિયાર-તૈયાર!' જ્હૉનીના કાનમાં એવું બોલનાર તે કોઈ શિક્ષક નહિ, યંત્ર જ છે; અને તે ફક્ત જ્હૉની માટે નહિ પણ શાળાના દરેક વિદ્યાર્થી માટે પણ. એમાં વિશેષ ખૂબી એ જ કે દરેક વિદ્યાર્થીના કાનમાં યંત્ર



આ આધુનિક શાળામાં શિક્ષણ પણ ગણકયંત્ર દ્વારા અપાવા માંડ્યું છે. પ્રત્યેક વિદ્યાર્થી પ્રત્યે એથી વ્યક્તિગત લક્ષ આપી શકાય છે. ←

→ મુંબાઈના વાયુશાસ્ત્રખાતામાં ગોઠવેલું આ ગણકયંત્ર હવા-માનના વરતારાની અટપટી ગણતરીઓ કરી આપે છે.



જુદું જુદું બોલે છે. જેની પ્રગતિ સામાન્ય હોય તેને એક પછી એક પાઠ સામાન્ય ક્રમમાં ભણાવે છે, જેણે વિશેષ તેજસ્વિતા બતાવી હોય એને અનેક પાઠો વટાવીને ઝડપથી આગળ ધપાવે છે અને જેની ચાલ—જહૉનીની માફક—જરા ધીમી હોય એની સાથે વળી કદમ મિલાવીને યંત્ર ધીમે પગલે ચાલે છે. અને એ બધા નિર્ણયો યંત્ર પોતે જ લે છે. તે દરેક વિદ્યાર્થીને રોજના પ્રશ્નો પૂછે છે, તેના જવાબો ચકાસે છે ને સંઘરી રાખે છે, ને તેના આધારે દરેક વિદ્યાર્થી માટે પોતાનો આગવો અભ્યાસ-ક્રમ ઘડતું જાય છે! આમ 'એક શિષ્ય માટે એક ગુરુ' જેવી આદર્શ પરિ-સ્થિતિ સર્જાઈ શકી છે. એક પ્રખ્યાત કેળવણીકારના શબ્દોમાં 'સિકંદરનું મહાન સદ્ભાગ્ય હતું કે એને નાનપણમાં પોતાના પિતા ફિલિપના આદેશથી ઍરિસ્ટૉટલ જેવા ગુરુ મળ્યા. એ જ સદ્ભાગ્ય—એટલે કે જ્ઞાનસમૃદ્ધ ગુરુનું વ્યક્તિગત માર્ગદર્શન–થોડાં વરસ પછી દુનિયાના લાખો વિદ્યાર્થીઓને પ્રાપ્ત થશે.' અલબત્ત, જીવતાજાગતા ને સોટી ચલાવતા શિક્ષકની જરૂર તો હંમેશાં રહેશે, પણ શિક્ષણનો કર્મકાંડ તો ગણકયંત્રોને સોંપી શકાશે.

વૈજ્ઞાનિક સ્વયંવર

દસેક વરસ ઉપર ટેલિવિઝનના એક કાર્યક્રમમાં ગણકયંત્રોને લોક-પ્રિય બનાવવાના આશયથી એવી જાહેરાત કરવામાં આવી કે પરણવા ઇચ્છનાર જો પોતાનું વર્ણન અને આદર્શ જીવનસાથી વિષે પોતાની અપેક્ષાઓ મોકલશે તો એ માહિતી યંત્રને સોંપવામાં આવશે ને તે કયાં કયાં લક્ષણોવાળી વ્યક્તિઓ એકબીજીને મળતી આવે છે એની તપાસ ચલાવીને લગ્ન માટેનાં આદર્શ યુગલો જાહેર કરશે! અમેરિકનોને યંત્રો ઉપર અખૂટ શ્રદ્ધા હોય છે, એટલે ઘણાં યુવાનો-યુવતીઓએ પો-તાનાં લક્ષણો ને અપેક્ષાઓ મોકલ્યાં; રમત આગળ ચાલી, ને પરિણામે અનેક નવદંપતીઓના મંગલ પ્રવેશથી દેવળોના ઘંટ વાગતા થયા.

ત્યાર પછી ઘણી 'વૈજ્ઞાનિક લગ્નસંસ્થાઓ' અસ્તિત્વમાં આવી, અને આજે તો હાર્વાર્ડ યુનિવર્સિટીનો જેફ ટાર કરીને એક વિદ્યાર્થી 'અણુયુગનાં લગ્ન'ની હિલચાલ ચલાવીને પાંચસો યુનિવર્સિટીઓમાં પોતાના પ્રયોગો અજમાવે છે, પોતાનું માસિક પત્ર છપાવે છે (એક લાખ ગ્રાહકોને માટે), અને દર અઠવાડિયે પચાસ હજાર જેટલાં યુવક-યુવતીઓનો પરસ્પર પરિચય કરાવે છે. તે દરેક સભ્યને સો પ્રશ્નો-ની એક પ્રશ્નાવલી મોકલે છે. એ ભરીને છ ડૉલરની ફી અને પોતાના ફોટો સાથે જો કોઈ મોકલે, તો જેનો સ્વભાવ ને વિચારો તેની સાથે મેળ ખાતા હોય એવી પાંચ વ્યક્તિઓનાં નામ અને ફોટો ગણકયંત્ર પસંદ કરે છે અને તે એને મોકલવામાં આવે છે. પરિણામ માટે યંત્ર કોઈ જવાબદારી સ્વીકારતું નથી એટલી ચેતવણી ખરી! એક જ વરસમાં ન્યૂ-યૉર્ક શહેરમાં ગણકયંત્રોના પ્રતાપે પાંચ લાખથી ઉપરાંત પ્રેમ-મિલનો થયાં છે. યંત્રના આશીર્વાદથી સુખી લગ્ન પામનાર એક યુવાન પોતાનું પગલું યોગ્ય ઠરાવતાં કહે છે: 'મારા મા-બાપ કરતા—ન મારા કરતાં યે ગણકયંત્રો ઘણી વધારે યુવતીઓને ઓળખે છે અને વધુ તટસ્થ પણ છે, માટે એનું માર્ગદર્શન કેમ ન લઉં? સંકોચ એટલો જ કે મારાં પત્નીને હું પહેલી વાર કેવી રીતે ને કોની ઓળખાણથી મળ્યો એ કહેવાનું આવે ત્યારે અમારો ભેટો કરાવનાર IBM–7094 નામનું યંત્ર હતું એ કહેતાં જીભ ચાલતી નથી.'

મૂઢ રાક્ષસ

આમ, યંત્ર ઘણુંઘણું કરી શકે છે, પણ આખરે છે તો યંત્ર. તે વિચાર કરી શકતું નથી તેથી તે કોઈ વાર હાસ્યાસ્પદ ભૂલો પણ કરી બેસે છે. હા, યંત્રની ભૂલો એટલે તે ચલાવનાર માણસની ભૂલો, પણ માણસને બુદ્ધિ હોવાથી એ તરત એવી નાની ભૂલો જોઇને તે સુધારી નાખે છે, જ્યારે યંત્ર તો જડ વફાદારીથી હજારો વખત એ જ ભૂલ કર્યા કરે છે.

એક ગણકયંત્ર અમેરિકન સૈનિકો માટે બૂટ બનાવવાના સંચા ચલાવે છે. તેની કળ દબાવતાં કોઈ સહજ ભૂલ પડી; પણ યંત્રે તો એને મળેલા હુકમ પ્રમાણે એ બૂટ બનાવનાર સંચાઓને કામે લગાડ્યા, અને બીજે દિવસે મંગાવેલા એક લાખ બૂટ સૈન્યના અધિકારીઓની સામે ધર્યા; વાંધો એટલો જ હતો કે બધા જ બૂટ જમણા પગ માટે હતા! ગામનો મોચી એક દિવસમાં આટલા બધા બૂટ તો ન બનાવી શકત, પણ એ ભૂલ પણ એ ન કરી બેસત!

'ટાઈમ' અઠવાડિકની ઑફિસમાં ગ્રાહકોને લવાજમ પૂરું થઈ ગયાની નોટિસો મોકલી આપવાની જવાબદારી એક ગણકયંત્રને માથે છે. દૂરના પ્રાંતના એક ખેડૂત ગ્રાહક તરીકે રહેવા ઇચ્છતા ન હોઈ એણે નવું લવાજમ મોકલ્યું ન હતું. યંત્ર તરત એના નામે કાગળ-પરબીડિયું તૈયાર કરવા બેઠું, પણ એમાં કોઈ ચક્ર જકડાઈ જતાં એક ઉપર બીજો અને બીજા ઉપર ત્રીજો એમ અસંખ્ય કાગળો એના નામે છપાવા માંડ્યા. છેવટે એ ચક્ર હાલ્યું અને યંત્રે બીજા ગ્રાહકનું નામ લીધું, પણ તે પહેલાં એ બડભાગી ખેડૂતને નામે ૭,૮૨૯ કાગળો લખાઈ ચૂક્યા હતા. બીજે દિવસે એ દૂરના પ્રાંતના ટપાલીએ હાથલારીમાં એ ૭,૮૨૯ કાગળો ભરીને પેલા ખેડૂતને આપ્યા ત્યારે એ આશ્ચર્યમાં ડૂબી ગયો. બધા કાગળો સરખા નીકળ્યા. જવાબમાં એણે 'ટાઈમ'ના તંત્રીને લખ્યું: 'આપના અઠવાડિકના ગ્રાહક તરીકે હું રહું એ માટે આપ આટલા બધા આતુર છો એ હું જાણતો નહોતો. આમ આ હજારો કંકોતરીઓ મોક-લવાને બદલે ઓછા ખર્ચમાં આપે મારું લવાજમ જ ભરી નાખ્યું હોત એ શું સહેલું ન હતું?'

જીવન-વીમાની એક પેઢીમાં એ પેઢીના મુખ્ય વ્યવસ્થાપકનું નામ જ ગણકયંત્રે રદ કર્યું. એવી ભૂલ તાજો આવેલો કારકુન પણ ન કરે. એક લગ્ન-યંત્રે આદર્શ યુગલો બનાવતાં બનાવતાં એક વાર જોડકાં ભાઈ-બહેનનાં નામ પણ સાથે સૂચવ્યાં! એવી ગફલત માણસ (અનુ. પૃ. ૪૮)

શ્રી ચન્દ્રવદન ચી. મહેતાએ પૃથ્વી-પ્રદક્ષિણામાં બાંધેલી અંતર ગઠરી

૨–પ્રીત ન કીજે કોઈ

જો મૈં ઐસા જાનતી, પ્રીત કિયે દુઃખ હોય;
નગર ઢંઢોરા ફેરતી, પ્રીત કીજો ન કોય.

ગુજરાતની રૂપસુંદરી, માંડુની રાણીના નામે ચડેલી આ લીટીઓ છે. એનામાં કવિનું દિલ તો હતું. એણે લખી પણ હોય. આ સાથે અંગ્રેજ કવિની પેલી લીટીઓ સરખાવો:

'ઇટ ઇઝ બેટર ટુ હૅવ બીન લવ્ડ ઍન્ડ લૉસ્ટ,
ધૅન નેવર ટુ હૅવ લવ્ડ ઍટઑલ.'

અલબત્ત, રૂપમતીના દૂહાની મીઠાશ બીજામાં નથી; પરંતુ આ બે સામસામેનાં દૃષ્ટિબિન્દુઓ છે. રૂપમતી ભલે 'પ્રીત ન કીજો કોઈ' કહી ઉપદેશ આપે, છતાં (જેમ પેલા 'બારો કે' કહી સવાલો પૂછે છે તેમ) રૂપમતીના અનુભવના જ્ઞાનને કાયમ રાખીને ફરી વાર ઉમર વર્ષ દશ બારથી, યા મુગ્ધાવસ્થાથી એને ફરીથી જીવન જીવવાની સોઈ કરી આપીએ તો એ જીવ પ્રીતની લ્હેરોમાં ફરી શું અવગાહન નહિ કરે? અરે, રામરામ કરો! જે ઢબે રંગાઈ હતી, એથી અધિકી એ પ્રણય-સાગરમાં ફરીથી ડૂબે;—ડૂબે કે તરે, યા તરતી-ડૂબતી રહે; ફિરસે એ પ્રીતનો અનુભવ તો કરવાની જ.હા, ફરીવાર પણ ઉપર લખ્યું એવો નગર ઢંઢેરો ફેરવવાનો દૂહો પણ લખે. એ લખવાનો ખરો મર્મ એટલો જ કે જો તમે આ અનુભવ નથી લીધો તો તમે અભાગિયા જ રહેવાના!

પ્રીત કર્યામાં દુઃખ તો છે જ: વિરહ-વિયોગનું, રીસરોષનું. અરે, એ માણવાના સુખમાં પણ દુઃખ છે! છતાં એ દુઃખ ન્યારું છે, વહાલું છે, અનિર્વચનીય છે. ગોપીઓનો દાખલો લ્યોને: કેટકેટલી ગોપીઓ—રાધા ઉપરાંત—વિરહે ઘેલી થઈ, વેદનાએ બળી પણ રહી, અને એમની દશા જોતી છતી બીજી કૈં કેટલી પાછી એ જ પંથે વળી રહી! એ સ્મરણોની શૂળ, એ વિરહમાં આવતી એકાગ્રતા, એ દશામાં અનેક વસ્તુઓ પ્રત્યે પ્રકટતો અભાવ, પુનઃપુનઃ રટણની લગની, લપ કે લત—જે કહો તે—છોડવાના વારંવારના ઉપદેશ મળતાં પુનરપિ એક જ ચિત્તડું ચોરનારની ચટ, એને મળવાની ઊલટ, એ માટે અનુભવાતી અનેરી તાલાવેલી, મન સાથે વિસંવાદ નહિ એક જ સંવાદ—એક જ વાદ, શ્વાસેશ્વાસે નિરંતરનો અંતરથી ઉદ્ભવતો પ્રિયતમ-પ્રિયતમા માટેનો એક જ નાદ...એવી છે પ્રીત. જેણે કરી ન જાણી એણે કશું ન જાણ્યું, જેણે માણી એણે બધું જાણ્યું.

આમાં યે અનેક બીબાં મળે છે. ચિત્ર-વિચિત્ર, સુંદર-અસુંદર ઘાટ પણ છે. જૂના જમાનાની અનેક વાતો જવા દઈએ તોપણ, પ્રેમ-દીવાની મીરાંથી માંડી આઠમા એડવર્ડ સુધી...ઓહોહો, વિવિધ પ્રકારના કિસ્સા જાણવા મળશે! અને ભારતમાં એનું છે એટલું વૈવિધ્ય તો યુરોપ અમેરિકામાં પણ નહિ મળે. જીવન જુઓ કે સાહિત્ય તપાસો: અમુક પ્રકારનાં બીબાં તો બીજે મળશે, પણ વૈવિધ્ય તો અહીં જ જડશે. એડવર્ડનો દાખલો આપણે ઉપર નોંધ્યો. એ સાથે રાજસ્થાનનો કિશનગઢની ગાદી ત્યાગ કરનારા રાજવી અને 'બનીઠની'નો દાખલો સરખાવો. વળી બંને કવિ, ભક્ત હૃદય, ને રાજકિંકરીનો સંબંધ ક્યાં, કેમ, કેવી રીતે પલટાયો...તે આખરે વૃન્દાવનમાં પરિણમ્યો!

એ ઘટનાની મને જાણ પણ અજબ રીતે થઈ. મુંબાઈમાં ૧૯૩૪માં ડૉક્ટર મુનસફની ઑસ્પિટલમાં હું ખાટલાવશ. સામે ખાટલે કિશનગઢ સંસ્થાનના પ્રધાન સાહેબ. અમે બે વાતે ચડયા. એમની પાસેથી કિશનગઢના રાજ્યમંદિરમાં ભરચક ભરેલા કલાભંડારની, કોઈ કે ચીતરેલી મીરાંની છબિની, થાંભલે કોતરેલી નરસિંહ મહેતાનાં પદોની લીટીઓની, હડીલો રોગ પણ હડી જાય એવા રોમાંચ સાથે વાતો સાંભળી. ત્યારે હું રેડિયો ખાતામાં અફસર. મોટા અફસરોને બહુ વીનવ્યા, પણ મુંબાઈ કે દિલ્હીના નગારખાનામાં મારું તતૂડું કોણ સાંભળે?

ખેર, રાજસ્થાનમાંના કિશનગઢની આજથી છઠ્ઠી કે ૮મી પેઢીએ થએલા રાજા રાજસિંગના કુંવર સાવંતસિંગ, ભાણગઢના રાજા યશવંતસિંગની કુંવરીને પરણ્યા. ઈ. ૧૭૨૦ની આ વાત. સાવંતસિંગ વીર નર, બહાદુર, રસિક, વિદ્વાન; સંસ્કૃત જાણે; ચિત્રકળા, સંગીતકળા, અશ્વકળા જાણે. 'મનોરથમંજરી' અને એવા ગ્રંથો લખેલા. આ સાવંતસિંગને સાવકી મા. એ પરણી સાસરે આવ્યાં ત્યારે સંગાથે એક દાસી લાવ્યાં. એ રાણીવાસમાં કામકાજ કરે અને ગાઈને રાજમાતાનું ચિત્ત પ્રસન્ન કરે. સાવકા કુંવર સાવંતસિંગે એક સમયે એ નાની કન્યાને જોઈ; ચિત્ત ચોરાયાં; મનડાં મળ્યાં. દાસીને પ્રિયતમા કરી સ્થાપી.

અઢાર અઢાર વર્ષનો બેની વયમાં તફાવત છે. સાવંતસિંગ મોટા. પોતાનું નામ 'નાગરીદાસ' ગ્રહણ કરે છે; ને દાસી તે 'બનીઠની'ના અત્યંત રસિક અને આકર્ષક નામે ઓળખાય છે. ભક્ત રાજકુંવરને માટે પૂજાના અર્ઘ્ય લાવી આપે છે. નાગરીદાસ બાંકેબિહારી કૃષ્ણની પૂજામાં મન પરોવે છે. પણ નાગરીદાસના મનની રાધા તો ખરીદાએલી દાસી બનીઠની છે. સંસારના ઝગડા એમને ઘેરી રહે છે. રાજગાદીની ખટપટોથી રાજમહેલ ખદબદી ઊઠે છે. 'તમારા રાજમહેલોના ખૂની ભભકા નથી ગમતા' એ લીટી તો દોઢસો વર્ષ પછી કલાપીએ લખી, પરંતુ, નાગરીદાસનું ત્યારે મન ઊઠયું. પોતે અને બનીઠની કિશનગઢ છોડી, કૃષ્ણના વૃન્દાવનમાં જઈ કૃષ્ણની ભક્તિમાં મન મોકળું કરે છે. ત્યાં જ કાવ્યો લખતાં, ગીતો ગાતાં, ચિત્રો ચીતરતાં ભક્તિમાં જીવન વ્યતીત કરે છે. બનીઠની ગુજરી ઈ. ૧૭૬૪માં, આજથી લગભગ બસો વર્ષ પહેલાં. એ આખો ચિત્રસંગ્રહ અને ગીતોનો ગુટકો પ્રસિદ્ધિને પામ્યાં છે. એ નાગરીદાસ અને બનીઠનીનો કિસ્સો પ્રીત સંબંધમાં 'જનમજનમની મીરાં દાસી'ના કિસ્સા સાથે ચકાસવા જેવો છે. એ બેનમૂન શૈલીનો ચિત્રસંગ્રહ આંખે વાગોળવા જેવો છે.

પ્રીતનાં બંધન ક્યાં કેમ બંધાય છે, એનો નિયમ ઈશ્વરને ત્યાં હશે; પૃથ્વી પટે એનું પૃથક્-કરણ નથી. સૂરતના સુલતાન ખલીજખાનની બેટી રાબિયાએ ચોવીસની વય સુધી શાદી નથી કરી. મહેલના ચોગાનમાં દર ગુરુવારે ખેરાત કરવાનો રિવાજ છે. શાહજાદી ખેરાત કરવા બિરાજે છે. એક જુવાન ફકીર આવી ખડો છે. હાથ લંબાવે છે. હાથ ઊંધો છે. પૂછે છે: 'ફકીર અવળે હાથે ખેરાત કેમ લ્યો છો?'

'હું માગીશ તે તમારાથી નહિ આપી શકાય.'

'હું આપીશ, હાથ ચત્તો કરો.'

'મને તમારો હાથ આપો—તમારું દામન આપો!'

આંખો મળી હતી. દિલનો મેળ મળી ગયો. શાહજાદી પીહરનાં ઘરબાર છોડી ફકીરની સંગાથે ચાલી નીકળી. વાલિદ કકળાટ કરે છે. ફકીર તો અમદાવાદના સુબેદારના ઘરમાં મિલકતના કજિયાથી બાપે દીધેલા તુંકારાથી સંસાર છોડી ગએલી વ્યક્તિ છે. બંને સાથે રહે છે, ખુદાની બંદગી કરે છે. વર્ષો પછી ફરી રાબિયા પિતાને ઘેર ખેરાત લેવા



તાંબુલપારાન • કિશનગઢ શૈલી • શુમારે ઈ. ૧૭૮૦
રાજા સાવંતસિંહ પોતાની પ્રિયતમા 'બનીઠની'ને પાન આરોગાવી રહ્યા છે એ પ્રસંગનું સુમધુર ચિત્ર
(શ્રી.પીકૃષ્ણ કનોરિયા-કલકત્તા-ના કલાસંગ્રહમાંનું એક ચિત્રરત્ન)

જોધપુરના રાજા ઉદયસિંહના આઠમા પુત્ર કિશનસિંહે ઈ. ૧૬૦૯માં અજમેર-જયપુર વચ્ચે કિશનગઢનીસ્થાપનાકરી. એમના વંશજ રાજસિંહ ઈ. ૧૭૦૬માં ગાદીએ આવ્યા ત્યારે ત્યાં વૈષ્ણવી પુષ્ટિમાર્ગ સારીપેઠે પ્રસાર પામેલો. રાજ્યમાં નૃત્યગોપાલની પૂજા થતી. પ્રજાની રગરગમાંવ્રજભાષાના લલિત સંસ્કારો વણાઈ ગયા હતા.

રાજસિંહના પુત્ર સાવંતસિંહે નાની વયથી વીરત્વ ને સંસ્કારની છાપ પાડવા માંડેલી, પરંતુ એમનું વલણ કૃષ્ણભક્તિ તરફ વધુ ઢળતું હતું. નાગરીદાસને નામે એમણે 'મનોરથ મંજરી', 'રસિક રત્નાવલિ'ને 'બિહારી ચંદ્રિકા' જેવી કૃતિઓ રચી હતી. સંગીત ને ચિત્રકળાના પણ એ જ્ઞાતા હતા.

સાવંતસિંહ ઉર્ફે નાગરીદાસને પોતાની અપર માતા બંકાવતજીની ગાયિકા દાસી સાથે પ્રેમ બંધાયો હતો. રાજસિંહે દિલ્હીમાંથી દાસી તરીકે ખરીદી આણેલી સાત વર્ષની એ છોકરી રાણીવાસમાં ગાયિકા તરીકે તાલીમ પામતાં પામતાં સાહિત્ય ને કલાના ઉચ્ચ સંસ્કારોથી રંગાઈ હતી. અતિ લાવણ્યવતી ને સંસ્કારસંપન્ન એ દાસીનો કિશનગઢ દરબારના અનેક દસ્તાવેજોમાં 'બનીઠની'ને નામે ઉલ્લેખ થએલો. કૃષ્ણની પરમ ભક્ત એ બનીઠની સાથે પ્રેમગાંઠથી બંધાએલા નાગરીદાસે એના અપ્રતિમ સૌંદર્ય અને વ્રજભાષાનાં રસવર્ણનોમાંથી પ્રેરણા લઈ રાધાનું એક અનોખું જ રૂપસર્જન કર્યું. ઊંચી ને ગૌર દેહકાઠી, લંબગોળ ચહેરામાં તીણું લાંબુ નાક, વળાંકદાર ઊંચી ભ્રમરો નીચે લજ્જાથી અર્ધનમેલી લાંબી અણિયાળી આંખો, હોઠો પર ફરકતું મંદ સ્મિત, એ એણે વર્ણવેલી રાધાનું દર્શન છે.

એક વખત એ દિલ્હી ગએલા પાછળથી તેના પિતાનું અવસાન થયું અને તેના ભાઈ બહાદુરસિંહે ગાદી પચાવી પાડી વિરક્ત ભક્ત કવિની ઉપરવટ તેજસ્વી ક્ષત્રિયનો કોપ પોકારી ઊઠ્યો: 'માગ્યું હોત તો રાજીખુશીથી આપત, પણ ઝૂંટવી જાય એ સાંખવામાં તો કાયરતા લેખાય. આવીને તેણે રાજ કબજે કર્યું ને પછી અરધું રાજ પોતાના પુત્રને અને અરધું એ જ ભાઇને આપી પોતે સંસાર ત્યજી વ્રજનો માર્ગ લીધો. બનીઠનીએ નાગરીદાસનો સાથ જીવનના અંત સુધી કર્યો. હૃદયથી એક એવા એ સંસ્કાર-યુગલે ગોવર્ધનની પ્રદક્ષિણા કરી, મથુરા ગયાં, સંગીતજ્ઞ હરિદાસના બાંકે બિહારીના મંદિરમાં એમણે ભજનો રચ્યાં. બનીઠનીએ પોતે પણ કેટલાંક ગીતો રચ્યાં.

આવે છે. કયો પિતા પોતાના ફરજંદને નહિ ઓળખે? દીકરી પોતાનો હક માગે છે. ઝવેરાતનો ભર્યો થાળ હાજર કરવામાં આવે છે. રાબિયા બધું ઝવેરાત લઈ, તરત ખેરાત કરી, પોતાના ફકીર પતિ સાથે ફરી ચાલી નીકળે છે! વાંચો, સૂરતના ઇતિહાસમાં આ સાચો બનેલો





ડાબી બાજુનું ચિત્ર: એડા, યાન્યા, હું, કેન્ચિચ અને બીજા બે નટો મારીબોર રેલવેસ્ટેશને. જમણી બાજુ: યાન્યા, એડા અને હું

કિસ્સો. પ્રીત ક્યાં, કેમની, કઈ રીતે બંધાય છે, અને કેમ પરિણમે છે!

ઈ. ૧૮૪૦માં જન્મેલો પિટર ઈલીચ ચાઈકૉવ્સ્કી કેટલીક હૃદયંગમ સિમ્ફની (સંગીતની અમુક ઢબની બાંધણી)નો સર્જક, એનાથી નવ વર્ષે મોટી માદામ ફૉન મૅક સાથે વિચિત્ર પ્રકારની પ્રીતગાંઠથી બંધાયો. માદામ મૅક સંગીતરસિક. ચાઈકૉવ્સ્કીને નાણાંકીય મુશ્કેલી. માદામે દર સાલ ત્રણ હજાર ડૉલર મોકલી એની લાજ રાખવાનું નિરધાર્યું. વર્ષો સુધી એ સંબંધ જામેલો રહ્યો. ચોથી સિમ્ફની માદામના માનમાં, એને માટેની પ્રીત પ્રદર્શિત કરવામાં, (એ ઉપરાંત અસંખ્ય પત્રોમાં તો ખરી જ) પ્રગટી. છેવટ સુધી અન્યોન્યની પ્રીત રહી. પણ શરૂથી બાઈની શરત હતી તે પ્રમાણે ચાઈકૉવ્સ્કીએ એને રૂબરૂમાં કદી મળવાનું નહિ. એ પ્રમાણે એ બંને કદી ન જ મળ્યાં! આજે મૉસ્કોથી ૪૦ માઈલ દૂર એના ઘરમાં ચાઈકૉવ્સ્કી અને આ બાઈની છબિઓ સાથોસાથ ટાંગેલી જોવા મળશે. અમે જોઈ છે. આ પણ એક (પરોક્ષ) પ્રીતનો પ્રકાર.

દંતકથાઓની વાત જવા દો. આપણા નર્મદ, દયારામ, ધીરો, કલાપીનાં જીવન તપાસતાં વિવિધ પ્રકારની પ્રીતગાંઠ જાણવા મળશે. અખા ભગત ને જમનાના કિસ્સામાં, એ માનેલી ધર્મની બહેન માટે પણ કેવી પ્રીતિની ગાંઠ હતી! બહેને ભાઈના હેત પર અવિશ્વાસ આણ્યો ને પરિણામે અખાને જ્ઞાન થયું. ભાઈબહેનના પ્રેમનું કેવું નિમિત્ત!

ના જી, પ્રીતપ્રસંગોની હારમાળા લખી આપને કંટાળો આપવા નથી બેઠો. કહેવાનો મુદ્દો એટલો જ છે કે પ્રીતનાં પણ પડખાં છે; પહેલ-પાસાં છે; એની વિવિધ પ્રકારની આકૃતિઓ છે. મૂળ એક, પણ બાંધણીમાં ફેર. પરસ્પરની ન્યોછાવરીમાં ફરક, અન્યોન્યના હૃદય-તંતુની ઝણઝણાટીના સ્પંદનમાં ફેર, લેણદેણમાં ફેર. દરેક પ્રીતબંધન એક જ ધ્યેયને અનુસરતું નથી, એક જ દિશામાં પરિણમતું નથી.

ફાર્લી રિચમંડે સ્વદેશ જઈ, રૉકફેલર ફાઉન્ડેશનમાંથી પોતાની યુનિવર્સિટીમાં દસ મહિનાના હિસાબે ચન્દ્રવદન મહેતાની પ્રોફેસર તરીકે નિમણૂક કરાવી. સ્ટેઈટ ન નોતરી શકે; રાજ્યને ઉમરનો બાધ નડે; પણ ખાનગી સંસ્થા ગમે તે હિસાબે બોલાવી શકે. ઓળંગેલી પંચાવનની ઉમરની વાડ ફાર્લીએ એમ કાપી નાખી. પોર્ટર મૅક રે, એના સેક્રેટરી, મને દિલ્હીમાં મળેલા. એમણે પૃથ્વીની પ્રદક્ષિણા થઈ શકે એવી ટિકિટ ને શીખવવાના અભ્યાસક્રમની યાદી સહેલાઈથી સમજાય એવા કાગળ સાથે મોકલી, એટલે રસ્તો મોકળો થવામાં કશી આડખીલીઓ ન નડી. નહિ તો કહેવાતા પરમિટ 'પી' ફૉર્મની પાપબારીની રામાયણ તો હવે જગપ્રસિદ્ધ છે! એવા અનુભવો યે જાણ્યા છે, કે બધું રીતસરનું, સીધેસીધું, નિયમપ્રમાણેનું, કાયદાઅનુસાર હોય, તોપણ ક્યાંક ખાંચ પડે ને બારી સાંકડી થઈ જતાં અટકી પડાય! અને કશું જ રીતસરનું ન હોય, ત્યાં બારી મોકળી પણ થઈ જાય અને સડસડાટ નીકળી પણ જવાય! નાસિક પાસેની ગોદાવરી નદીમાં એવી પથ્થરની પાપપુણ્યની બારીઓ નાનપણમાં જોઈ હતી, અને અમે નાનામોટા સૌ કોઈ એમાંથી તરત બહાર નીકળી ગયા હતા. એ બારીઓ સંકોચાતી-મોકળાતી જાણી નથી; પણ આ બારીને ગણ્યા-ગણાય નહિ એટલા ખીલા-નકૂચા છે, તેમ એમાંથી દસગણી વડાઈના ગજરાજોને નીકળી જવાને પૂરતી મોકળાશનાં કળસાધનો પણ છે!

ફિરકા-ટિકિટ મળી એટલે આપણે તો રાજા! રાઉન્ડ ટ્રિપ, ઊંચે-નીચે થતા સીધા જાઓ, ક્યાંક આડમાર્ગે ઊપડો, તોપણ એની ગણતરી એમાં અંદાજેલી. એટલે બેચાર ઠેકાણે થઈને જઈએ એમ નિરધાર્યું. ટિકિટ એમણે મોકલેલી, છતાં અહીંથી સૂચના એવી મળેલી કે એમ તમારી મુનસફીએ ઊતરી શકાય નહિ! મુંબાઈથી સીધા ન્યૂ યૉર્ક, અને ત્યાંથી મિશિગન જ જજો. હા, ભાઈ; કબૂલ. અમારી વિનંતીને માન આપી એમણે ઍર ઇન્ડિયાની ટિકિટ ખરીદી આપી છે, એટલે ક્યાંય ઊતરાય નહિ એ બરાબર. પણ જાણકાર વ્યક્તિ એવી આવતી કાલની ચિંતા કરતી નથી. અહીંથી મુંબાઈનો કિનારો છોડ્યો કે મારા જેવાને પાંચસાત કલાકની મુસાફરીમાં જ છાતીમાં ગભરામણ થાય તો શું થાય? ઊતરીને ક્યાંક રોકાવું જ રહ્યું! એવા અનેક બનાવટી બહાનાં દૂર શોધવા જવું પડે એમ નથી.

એટલે અહીંથી ઊપડ્યા. પહોંચવા મારીબોર. યાદ છે ને, આપણા જૂના મિત્ર એમિલ ફ્રેલિહ અને એની વહુ યાન્યા? મારીબોર યુગોસ્લાવિયાનું ઝાગરબથી નાનું, ઘણું નાનું, ઑસ્ટ્રિયાની સરહદને અડીને, અતિ સ્વચ્છ, ગિરિમાળાની ગોદમાં, દ્રાવા નદીને બંને કાંઠે પાથરીપને વસેલું ગામ છે. ત્યાં એક જ નાટકશાળા એમાં ઑપેરા અને નાટક બંને ભજવાય. એના સંચાલકો બે: એમિલ અને કેન્ચિચ. બંને એકબીજાને બરાબર સમજી કામ ઉતારે. કેન્ચિચ અતિ શાંત પ્રકૃતિની વ્યક્તિ. અમારો દોસ્ત ફ્રેલિહ ભારે ચપળ, વાચાળ, મહેનતુ. કંઈનું કંઈ કરે નહિ તો એને ચેન ન પડે એવો. આપણે એની અને એની સાથે નાટકશાળામાં કામ કરતી નટી એડા પુગ્લેવાની અગાઉ ઓળખાણ કરી ગયા છીએ ('કુમાર' અંક ૫૧૭).

મારીબોર પહોંચવાને ક્યાંકથી ટ્રેઈન તો લેવી જ પડે, ઝાગરેબથી લેવા કરતાં વિયેનાથી લેવી ટૂંકડી પડે, એટલે વિયેના ઊતર્યો. વિયેના

વિષે આપણે ઘણી વાતો કરી ગયા છીએ. મહીલી નગરી. એનું નવું બંધાએલું આલીશાન ઑપેરા હાઉસ. સભર સરિતા ડેન્યૂબ અને એની આસપાસની દરાખના માંડવે ઢંકાએલી ગિરિ ટેકરીઓ ઉપર ઝાકળના બિન્દુઓ જેવું સતત તરવરતું સંગીત—એક કાળે તો વૉલ્ત્ઝ જ! એટલે એક બે દિવસ ત્યાં ગાળવા કોને ન ગમે? પરંતુ મને ફરી વાર હેડાને મળવાનું મન હતું. છેલ્લે જ્યારે મારીબારથી નીકળ્યો ત્યારે આગલી રાતે ફ્રેલિહને ત્યાં સાત વાગ્યે આવી; સાડાસાતે ગઈ. આઠ વાગ્યે આવી હશે; ગઈ, સાડા દશે આવી; અગિયારે ઘેર ગઈ. અમારી એક નાનકડી ટોળી જમણવારમાં ગુંથાએલી હતી. પણ એ જમી નહિ. ફ્રન્ટ સામે જ નાટકશાળા. એમાં ભજવાતા નાટકમાં એનો પાઠ. પહેલા અંકની શરૂઆતમાં અને છેલ્લા અંકના અંતમાં, એ રોજ પાઠ કરે, એટલે એને સમયનો બરાબર ખયાલ. એથી પાઠ ભજવી વચ્ચેના ગાળામાં આવી, ફરી ભજવવા ગઈ. પાછી આવી મળવા: કાલ સવારે હું જવાનો એટલે. ફ્રેલિહની રજા લઈ મને મળવા આવી હતી. આ સંબંધી પણ આપણે આગળ ઉપર ઈશારો કરી ગયા છીએ.

આ બધું, સ્ટાનિસ્લાસ્કીના સિદ્ધાંત અથવા તો એવા નિષ્ણાતોના મત પ્રમાણે, નટનટીઓએ ભાવોદ્રેકમાં રચ્યાપચ્યા રહી પોતાનો પાઠ કરવો એ પ્રમાણે, જુગતું હતું કે અજુગતું એની ચર્ચા અહીં ના કરશો. એને મને મળવાનો ભાવ હતો એટલું હું કહી શકું. અને આ વિચાર પણ બીજે દિવસે ટ્રેઈનમાં જ્યારે મેં મારીબારથી વિદાય લીધી ત્યાર બાદ મનમાં ચગડોળાએલો. આ ઘટના મને બરાબર યાદ. ફ્રેલિહના કાગળોમાં એની સલાહ યાદ આવ્યા કરે, એથી હેડા મને બરોબર યાદ. અને એને મળવાને હું ઉત્કંઠ. આટલી સીધીસાદી વાત.

વિયેનાના દક્ષિણ સ્ટેશનેથી નીચે ઊતરતી ટ્રેઇન એક વાગ્યે ઊપડે. એ કોઈ વિચિત્ર ટ્રેઈન છે: દોડે, ન પણ દોડે. વર્ષભરમાં બેત્રણ મહિના જ ચાલે. ક્યારે ચાલુ ક્યારે બંધ એનો પ્રકો મોસમ ઉપર, અને એની ખાતરી કરવા સ્ટેશને જ જવું પડે. આ થકી હું ઍર પોર્ટથી ઊતરી જેમ બને તેમ વહેલો વિયેના શહેરમાં પહોંચી સ્ટેશને જવાની ઉતાવળમાં હું ત્યાં—એ નવા બંધાએલા વિયેના શહેરના ઍર પોર્ટ ઉપર મારી બૅગ કઢાવી, કસ્ટમ અફસર આગળ ઊભો છું ત્યાં—પાછળથી કોમળ પરિચિત સૂરમાં મારું નામ આલાપાતું સાંભળું છું! પાછળ જોઉં છું તો સૂઝન—સૂઝન બ્લૅાક!

'હાઉ કમ? (તું અહીંઆં ક્યાંથી?)'

'હમણાં જ ઊતરી. તમારા પ્લેઈનની પાછળ અમારું પ્લેઈન ઊતર્યું. ઊભા રહો, મારો સામાન આવે પછી આપણે સાથે બહાર જઈએ.'

'ના, આ ઑફિસર ચાકનો લીસોટો મારવા તત્પર ઊભા છે; તો લીસોટો મરાવી બહાર ઊભો છું.'

ત્યાં કસ્ટમમાં કશી વાર લાગતી નથી, એટલે બે મિનિટમાં તો બંને બૅગ ઊંચકી હું બહાર નાણાવટી આગળ નાણું હેરફેર કરાવવામાં પડયો. એ કામ પત્યું ન પત્યું એટલામાં તો સૂઝન પણ પોતાના લબાચા લઈને આવી રહી. પણ એને હું ભેટીને સત્કારું તે પહેલાં તો, એનો જીવતો પણ અત્યંત આકર્ષક લબાચો આબા પણ પોતાની બૅગ ઊંચકી આવી રહ્યો. સૂઝન મને એની ઓળખાણ કરાવે તે પહેલાં તો આબા મને વળગી પડી: મારા હાથમાં માથું મૂકી રડી પડી. આબાનું નામ ઍડ્રિયાના હેફૉર્ડ. આફ્રિકામાંના ઘાનાની રહીશ. નાટક અને નાટ્યવિવેચનાની અભ્યાસી. એ પણ સૂઝન સાથે ઊતરી હતી. ઍડ્રિયાનાને અમે આબા કહેતા. એ મને ઓળખતી નીકળી એથી સૂઝન જરા છક પણ થઈ ગઈ. સૂઝન મારી બે વહુઓમાંની એક. હું તે આબાને સાંત્વના આપું કે પરણેતર સૂઝનને સત્કારું? (ચાલુ)

પાટાપિંડી (અનુ. પૃ. ૬૭થી) બંને છેડાઓ કોણીના બહારના ભાગમાં ગાંઠ વતી જોડી દેવા. અહીં ત્રિકોણાકાર પાટો પણ વાપરી શકાય. કોણી કે ઘૂંટણ પાછળ ટોચનો છેડો ઉપર રહે એવી રીતે ત્રિકોણાકાર પાટો ગોઠવવો. નીચલા બે છેડા આગલી બાજુએ આણવા, પછી પાછળ લઈ જવા, ફરી વાર આંટા લેવા અને ઉપર છેવટની બાજુએ ગાંઠ મારવી.





આંગળીઓનો પાટો: એક ઇંચ પહોળો પાટો લઈ છેડો છૂટો રાખી કાંડા ઉપર બે ત્રણ આંટા વીંટવા. પછી હથેળી પાછળથી પાટો આંગળીના મૂળ પાસે લાવી તેને આંગળી ઉપર વીંટી પાછો નીચે હથેળી ઉપરથી પસાર કરી કાંડા ઉપર એક બે આંટા વીંટી બંને છેડાઓની ગાંઠ વાળવી. (જુઓ આકૃતિ) બે કે વધારે આંગળીઓ ઉપર ઇજા હોય તો દરેક આંગળીને ચિત્રમાં દર્શાવ્યા મુજબનો જુદો જુદો પાટો બાંધવો. પછી હથેળી ત્રિકોણાકાર પાટાથી ઢાંકવી.

થાપાનો પાટો: ડ્રેસિંગ મૂકી તેને ઢાંકવા ત્રિકોણાકાર પાટો બાંધવો. આના માટે કેડ ઉપર દોરી બાંધવી કે સાદા પાટાનો એક આંટો લેવો. આની ગાંઠ એક બાજુએ રાખવી. ત્યાં ત્રિકોણાકાર પાટાનું મથાળું બાંધવું. પહોળો ભાગ જાંઘ ઉપર રાખી નીચલા છેડાઓના એક કે બે ગોળ આંટા મારી બહારની બાજુએ ગાંઠ મારવી.



કચરાએલા કે પુષ્કળ બળેલા પગનો પાટો: પગ ઉપર ડ્રેસિંગ મૂકી આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે ત્રિકોણાકાર પાટામાં પગ મૂકી પાટાના મથાળાનો ભાગ ઉપર વાળવો અને તેના બંને છેડાઓ ઘૂંટી ઉપર લઈ સામસામા વીંટી આગલા ભાગમાં ગાંઠ મારવી અને પાટાના મથાળાનો છેડો તેની ઉપર વાળી દઈ પિન લગાડવી. (ચાલુ)

ડૉક્ટર આવતાં પહેલાં માંદગી અને ઇજામાં આપવાની પ્રાથમિક સારવારની લેખમાળા-૫

પાટાપિંડીના વિવિધ પ્રકારો

લેખક • ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

ઘા કે દાઝયા ઉપર મૂકેલું ડ્રેસિંગ ટકાવી રાખવા માટે પાટો બાંધવો જરૂરી છે, પણ એ એટલો સખત ન જોઈએ કે જેથી એ ભાગમાં લોહી ફરતું બંધ થઈ જાય. વળી, તે ભીનો પણ ન જોઈએ. ભીનું કપડું સુકાવાથી સંકોચાઇને પાટો ખેંચાવાની દહેશત છે. ચામડી ઉપર કાપા પડે કે પાટો ઊંડો ઊતરે એવો સખત એ ન બાંધવો. હાથના પંજા પર પાટો બાંધતી વખતે આંગળાં ખુલ્લાં રાખવાં. જો ત્યાં ઈજા હોય તો જ એના પર પણ પાટો આવવા દેવો. જો આંગળાં ફૂલેલાં કે જાડાં લાગે તો જાણવું કે પાટો ઘણો સખત છે.

પાટો બાંધવો એ પણ કળા છે. અનુભવે તે આવડી જાય છે. પાટા ઉપર સદા 'રીફ' ગાંઠ મારવી. સામાન્યતઃ આપણે જે ગાંઠ વાળીએ છીએ એ જ રીફ ગાંઠ. તે સુંદર અને સુઘડ પણ લાગે છે. ગાંઠ ઉપરના છેડાઓ પાટા ઉપર જ ડાબા-જમણા ઢળતા રહે એ ગાંઠની ખૂબી છે. કોઈ પણ પાટામાં એ ધ્યાન રાખવું કે ઇજા ઉપર ગાંઠ ન આવે. કે તેનાથી ઘસારો, પીડા કે લાહ્ય ન બળે.

હાથ કે પગનો પાટો : બહુ સાદી બાબત છે. ઘા ઉપર ડ્રેસિંગ મૂકી પાટાના ચારપાંચ ગોળ આંટા લગાવી પાટાને છેડાથી વચમાં ઊભો ચીરી બે છેડાઓને સામસામી દિશામાંથી લાવી ગાંઠ મારવી.



બગલનો પાટો : ડ્રેસિંગ ઉપર પાટાનો મધ્યભાગ ગોઠવવો. પાટાના છેડાઓ ખભા ઉપર લઈ જઈ છેડાઓની આંટી મારી એક છેડો પીઠ ઉપરથી અને બીજો છેડો છાતી ઉપર થઇ સામી બગલમાં લઈ જઈ છાતીની બાજુમાં ગાંઠ મારવી. જો વધારે લોહી પડતું હોય તો બગલમાં ડ્રેસિંગ ઉપર ચોખ્ખા કપડાની ગડ દબાવીને મૂકવી




બગલનો પાટો



ખભાનો ત્રિકોણાકાર પાટો


નીચે : ખભાનો પાટો બાંધવાની એક બીજી રીત



અને પછી પાટો બાંધવો. હાથ છાતી સરસો રહે એ રીતે ડાબી બાજુની આકૃતિ પ્રમાણે છાતી અને હાથ ઉપર પાટો બાંધવો.

ખભાનો પાટો : ઘા ઉપર ડ્રેસિંગ મૂકવું. પાટો ખભા ઉપર મૂકી એના છેડાઓ બગલમાં લેવા ત્યાં આંટા મારી એક છેડો છાતી ઉપરથી અને બીજો છેડો બરડા ઉપરથી લઈ બીજી બગલમાં લાવી છાતીના ભાગમાં ગાંઠ મારવી. ડ્રેસિંગને ત્રિકોણાકાર પાટાથી પણ ઢાંકી શકાય. એ માટે ઇજાવાળા ખભા ઉપર થઈ સામી બગલ ભણી ગાંઠ આવે એમ એક પાટો બાંધવો. આ પાટાના ખભા આગળના ભાગમાં ત્રિકોણાકાર પાટાના મથાળાનો છેડો બાંધવો, પછી જરૂર મુજબ પહોળા ભાગનો પાટો ઊંચો વાળવો. તેના બે છેડા હાથ ઉપર ગોળ વીંટવા અને તેના બહારના ભાગે લાવી ગાંઠ વાળવી.





હથેળીનો પાટો : ડ્રેસિંગ ઉપર વચમાંથી પાટો મૂકી અંગૂઠા ભણીનો તેનો એક છેડો હથેળીની પાછળ લઈ જઈ નાની આંગળી ભણી કાંડા સુધી લાવીને. પાછો હથેળી ઉપર આંટો મારવો અને તેને હથેળી પાછળ લઈ જઇને ઝાલી રાખવો. હવે બીજો છેડો પાછળથી અંગૂઠાના મૂળ સુધી લાવી હથેળી ઉપર લઇ જઈ હથેળીની પાછળ આંટો મારી અંગૂઠો ને આંગળીની વચમાં આણી કાંડા સુધી નીચે લઈ જઈને કાંડાની આસપાસ આંટો મારી ઝાલી રાખેલા છેડા સાથે ગાંઠથી જોડી દેવો. છુંદાયેલી કે બળેલી હથેળી માટેના ત્રિકોણાકાર પાટાનો મથાળાનો ભાગ (આકૃતિ પ્રમાણે) છેક કાંડા સુધી વાળવો. પાટાના નીચલા બે છેડાઓ પાછળ લઈ જઈ કાંડા ઉપર બે ત્રણ ગોળ આંટા લઈ ગાંઠ મારવી ને ગાંઠ ઉપર મથાળાનો છેડો ઢાંકીને પિન લગાવવી.



કોણી કે ઘૂંટણનો પાટો : ઘા ઉપર ડ્રેસિંગ મૂકી પાટાનો વચલો ભાગ કોણી ઉપર રાખી પાટાના બંને છેડાઓ આગળ લાવીને કોણીના ખાડામાં આંટી મારવી. ઉપલો છેડો કોણીથી ઉપરના ભાગ પર વીંટવો અને નીચલા છેડાનો કોણી નીચે હાથ ઉપર આંટો લેવો. ફરીથી કોણીના ખાડા આગળ આંટી મારવી અને (અનુ. પૃ. ૬૬)

[૫]

સંગીત સાધના

સાધુરામ ન્યામતરાય યોધ

ગાયક થવા માટે ગાવાનો રોજનો રિયાજ અનિવાર્ય છે. માનસિક વલણ પણ સતત ગાયન તરફ ઢળેલું રહશે તો જ્યાં કાંઈ કે સારું સાંભળવા મળશે એ ઝીલી લઈ કંઠમાં ઉતારવાનો સ્વભાવ પડી જશે. આગળ જતાં ગાયન વગર ચેન પડશે નહિ. ગીત, ભજન કે પછી રાગદારી ચીજોમાંથી ઉત્તમ સ્વરરચનાવાળા ટુકડા પણ ગણ-ગણતા રહેવાની આદત પડી ને ક્રમેક્રમે એક પ્રકારની સજગ અવસ્થા ગાનમાં અનુભવતા થશો. આ પછી રાગદારી ચીજો ગાવાની તલપ લાગશે. એમાંથી નિરનિરાળા રાગોની ખૂબીઓ શોધી તેમને કંઠમાં ઉતારવાની ટેવ પડી, કે પછી સમય સમયના રાગ ગાવામાં અત્યંત રસ જાગશે. આમ, ઉચ્ચ સંગીતના તમે હવે જબરા રસિયા બની રહેશો.

આરંભમાં રાગ બિહાગનો પરિચય મેળવવો આસાન છે. રાગદારી સંગીતમાં આ મૃદુમધુર રાગ ખૂબ પ્રચલિત ને સરળ રાગ ગણાય છે. રાત્રિની બેઠકોમાં ગાયકો ઘણી વાર બિહાગથી આરંભ કરે છે.

સંગીતદૃષ્ટિએ બિહાગમાં શી વેધકતા રહી છે એ પરખવું હોય તો બિહાગ રાગ પર આધારિત ગીતો, ભજનો, ધૂનો વગેરે ખૂબ ધ્યાનથી સાંભળો. અન્ય રાગરાગિણીઓને મુકાબલે બિહાગ પર આધારિત રચનાઓ ઘણી સાંભળવા મળે છે. આજે સંગીતનો સૌથી વધુ વ્યાપક પ્રચાર ચિત્રપટોમાં થાય છે ને તેમાં શાસ્ત્રીય સંગીતનો તમામ પ્રકારનો સહારો પણ લેવાવા માંડ્યો છે. કઠિન ને અટપટાં રાગસ્વરૂપોવાળાં ફિલ્મીગીતો પણ રચાય છે. એમાં યે બિહાગનું આકર્ષણ ઘટ્યું નથી. 'દેખ કબીરા રોયા' ચિત્રમાં મન્ના દેએ ગાએલ 'કૌન આયા મેરે મન કે દ્વારે, પાયલકી ઝનકાર લિયે' તથા 'ગૂંજ ઊઠી શહનાઈ'માં લતા મંગેશકરે ગાએલ 'દિલ કા ખિલૌના હાય ટૂટ ગયા, કોઈ લુટેરા આ કે લૂટ ગયા' આ બન્ને ગીતો બિહાગની સુરાવલિનો સુંદર ખયાલ આપે છે.*

આ ગીતોમાં ગાન્ધાર અને નિષાદની સંગતિ મનોરંજક છે. મન્ના દેએ 'આયા' અને 'દ્વારે' શબ્દો રસમય હલકથી આ સ્વરોમાં લીધા છે. લતાએ 'ટૂટ ગયા' શબ્દો પર 'નિષાદ, ગાન્ધાર'ને અવરોહમાં મધુર ઢાળમાં લીધા છે. આ દૃષ્ટાંત આપવાનું કારણ એ છે કે આ અને આવાં બીજાં ગીતો લગભગ દરેકને સાંભળવાં ગમે છે, પણ શાથી ગમે છે, ક્યાં એની મધુરતા રહેલી છે, એ પણ જો સાથોસાથ જાણવા મળે તો સૌને સ્વરોની ઓળખ થવા માંડે અને એવી ઓળખ રાગની આંતરિક સૂઝ પ્રગટાવે. આવી સૂઝ એક વાર મનમાં બેસી ગઈ, પછી રાગદારી સંગીત પ્રતિ આકર્ષણ વધતું જવાનું. જોકે એને પરિણામે પછી સાદાં ભજન ગીત વગેરે નહિ ગમે એવું નથી. ઉત્તમ કલાકારોએ ગમે તે ગાયું હોય એ બધાંને ગમે જ છે.

બિહાગના ગાન્ધાર નિષાદ સ્વરોની આ સ્પર્શી જતી મધુર સંગતિ તમારા મનમાં બેસી ગઈ કે તમે બિહાગ રાગમાં વધુ રસ લેવા માંડશો. 'ચંદ્રિકાસાર' નામના પુસ્તકમાં બિહાગ રાગ વિષે લખ્યું છે કે:

"કોમલ મધ્યમ તીખ સબ ચઢતે રિધ તિયાગ
ગનિ વાદી સંવાદિતેં જાનત રાગ બિહાગ."

ઉપર નોંધ્યા છે તે ને તેવાં બીજાં ઘણાં ગીતો શોધી કાઢીને તેમને કંઠસ્થ કરવાં જોઈએ. મારી માન્યતા છે કે સંગીત શીખવા ઇચ્છનાર સુમધુર કંઠસ્વરવાળા સૌએ આ પ્રક્રિયા સાધ્યા સિવાય છૂટકો નથી. માનસિક તન્મયતા અને તૈયારી આનાથી સાધી શકાય છે.

કંઠમાં બિહાગના ગાન્ધાર નિષાદનો સ્વરપ્રયોગ સારી રીતે સ્થિત થયા પછી પં. ભાતખંડેના 'ક્રમિક પુસ્તક માલિકા'ના ત્રીજા ભાગમાંથી બિહાગની તિનતાલની મધ્ય લયની આ ચીજો યાદ કરો:

૧) 'બાજે રે મોરી પાયલ; ઝનન ઝનન, કૈસે કર આઉં તોરે પાસ.
સાસ મોરી દૂતિ, નનદ મોરી બૈરન; નાહિ આવત તોહે લાજ.'
૨) 'નિરદઈ લંગર મૈકા મોહ લઈ,
જબ તેં સુની મુરલી ધુન શ્રવનન સુધબુધ બિસર ગઈ.'

બન્ને ચીજો ખૂબ મધુર છે. પહેલીના સ્વરો 'કૌન આયા મેરે' તથા બીજી ચીજના સ્વરો 'દિલ કા ખિલૌના' ગીતના સ્વરો સાથે સરસ મળે છે. તમે પોતે સરખાવો. તમને ભાન થશે કે ગીતો કરતાં યે ગાન્ધાર-નિષાદની સ્વરસંગતિ વધુ કલામય અને રંજક છે. એટલું જ નહિ પણ રાગનો સ્પષ્ટ બોધ થાય તેવી છે.

આમ, તમને ગાયનમાં રાગ સાથે તાલ ને લયનો પણ મહાવરો થતો જશે તેમ તેમ ધીમા લયમાં સ્વરોનો ઉઠાવ અને તેમની આકર્ષક રજૂઆત કરવાનું સાધ્ય થતું જશે. તે માટે અનુક્રમે વિલંબિત ત્રિતાલ તથા એક તાલમાં બાંધેલી એ જ પુસ્તકમાંની બિહાગની અત્યંત મનોહારી બે ચીજો આપું છું, તે પણ અવશ્ય કંઠસ્થ કરવા જેવી છે.

(૧) હો મા ધન ધન રે, એરી મેરો લાલ લાડલડો નારી લડવૌંતા,
વારો રી ઇન દૂતિયન કો, જિન ના હમ સમઝે
રાખો મા રિ ગુનવૌંતાં.

(અનુસંધાન પૃ. ૭૦ ઉપર)

રાગ બિહાગ

રાગની જાતિ: ઓડવ-સંપૂર્ણ

આરોહ-અવરોહ

નિ઼ સા ગ, મ પ, નિ સાં, સાં નિ, ધ પ મ, ગ રે સા

પકડ

નિ઼ સા ગ મ પ, ગ મ ગ, ગ મ ગ રે સા

વાદી: ગાંધાર · સંવાદી: નિષાદ

ગાવાનો સમય: રાત્રિનો બીજો પ્રહર

બિહાગ રાગ ભારતીય સંગીતમાં પૂર્વરાગ તરીકે પ્રસિદ્ધ છે, કેમ કે તેના સ્વરો પૂર્વાંગ એટલે ષડ્જથી પંચમ સુધીમાં સ્પષ્ટ થાય છે. બપોરના ૧૨થી રાતના ૧૨ સુધીનો સમય આવરી લેતા રાગ પૂર્વરાગ કહેવાય છે.

ઉદાહરણો

'ઝન ઝન ઝન પાયલ બાજે'
(નટબિહાગ · ઉસ્તાદ ફૈયાઝખાં)
'રાજન કે રાજા મહારાજા ગરીબનવાઝ...'
(બિહાગ · વિલાયતહુસેનખાં)
'કૌન આયા મેરે મનકે દ્વારે'
(ફિલ્મ: 'દેખ કબીરા રોયા'માં મન્ના દે)
'દિલ કા ખિલૌના હાય ટૂટ ગયા'
(ફિલ્મ: ગૂંજ ઊઠી શહનાઈ'માં લતા મંગેશકર)

---

* શાસ્ત્રીય રાગો પર આધારિત આવાં ફિલ્મી ગીતો કોઈ પણને માટે સુલભ હોઈ એનાં દૃષ્ટાંત વધુ સરળતાથી સમજી શકાશે. એમ માનીને એવાં જ ઉદાહરણ અવારનવાર આપતા રહેવાનો ખયાલ છે.

ગુલાબદાસ બ્રોકર

નવા ગગનની નીચે

૧૧ • જીવનભરનાં સંભારણાં

આખી રાત મેં મંથનમાં ગાળી હતી. જૅરેટ જેવા પ્રેમાળ મિત્રનો આગ્રહ આપણી જિદને ખાતર માનવો નહિ? ને ઇંગ્લંડને એ સવિશેષ જાણે કે હું? સૌન્દર્ય એ નહોતા સમજતા? ત્યાં, માદામ તુસોના પૂતળાંપ્રદર્શનમાં, એ નહોતા કહેતા, કે આ પૂતળાં 'લાઇફલાઇક' છે, પણ 'આર્ટલેસ' છે? એમની વાતોમાંથી એમની સજ્જનતા ઉપરાંત એમની સૌન્દર્યદૃષ્ટિ ને સમજણનું ઊંડાણ સ્પષ્ટપણે ડોકાઈ નહોતાં આવતાં? એમને મારે મારો આગ્રહ જારી રાખીને દુભવવા ન જ જોઈએ. હજી એક દિવસ મેં હાથમાં રાખ્યો હતો: લંડનમાં છેલ્લો દિવસ માત્ર આરામમાં ગાળવા માટે. એ દિવસ એ બધાંમાં વાપરી નાખીશ, જોઈશે તો; પણ આમને તો આજે નહિ જ મૂંઝવું.

માંડમાંડ એ નિર્ણય પર આવ્યો હતો. એથી મન થોડું હળવું પણ બન્યું હતું. સવારે બરાબર નવ વાગ્યે એ તો પિકૅડિલી પર હાજર જ હતા. મને જોતાંવેંત જ એ મારી પાસે ધસી આવ્યા ને હાથ મિલાવતાં પૂછી લીધું: 'નિર્ણય કર્યો, મિ. બ્રોકર?' 'હાસ્તો.'

'તો બોલો;' મોટર ખોલતાં ખોલતાં તેમણે પૂછ્યું: 'ક્યાં જઈશું?'

'કન્ટ્રીસાઇડમાં.' મેં હિંમતપૂર્વક કહી દીધું.

'ચોક્કસ?' 'ચોક્કસ.'

'તો પછી પેલી જગ્યાઓ? તમને તો ત્યાં જવાનું બહુ મન હતું!'

'મન તો છે જ, પણ તમે એમાં વિશેષ સમજો, એટલે આખરે તમારી સલાહ માની લીધી છે.'

'ઓહો, એમ? થૅન્ક યૂ. તો ચાલો, મઝા આવશે. જઈએ?'

'ચાલો.'

ને મોટર ઊપડી. વિશાળ લંડન શહેરને વટાવતાં યે વખત લાગે તેમ હતો. પણ ધીમેધીમે કરતાં તેના ભરચક લત્તા, વિશાળ મકાનો, તોતિંગ બસો અને ચારે બાજુની અથડામણોમાંથી દૂર નીકળતા ગયા. શહેર બહારની ખુલ્લી હવાનો સંસ્પર્શ આનંદમાં વૃદ્ધિ કરતો હતો. ખુલ્લાં થતાં જતાં મેદાનો, રમણીય લાગતાં હતાં. ફેફસાંમાં એ મેદાનોનો નિર્દોષ વાયુ ભરતાંભરતાં મેં કહ્યું: 'શહેરની બહાર નીકળીએ એટલે આનંદ આવે, હોં; ને પાછી આ તમારી કન્ટ્રીસાઇડ...'

'આ કન્ટ્રીસાઈડ નથી.' તે વચ્ચે જ બોલી ઊઠ્યા.

હું પણ સમજ્યો. નાનાંનાનાં ઘર દેખાતાં હતાં. એની ચીમનીમાંથી ધુમાડા નીકળતા હતા; સ્વચ્છ લત્તાઓમાં સ્ત્રીપુરુષો આંટા મારતાં હતાં; એ બધું જોતાં મેં કહ્યું: 'આ પણ લંડનનું પરું લાગે છે.'

'ના, ના; આપણે લંડન તો ક્યારનું વટાવી દીધું.'

'તો આ કયું શહેર છે?' મેં પૂછ્યું.

'એ શહેર નથી.' 'તો?' 'ગામડું છે.'

આ ગામડું?! હું તો જોઈ જ રહ્યો. નાનું શહેર જ હતું. શહેરની બધી સગવડો સાથે. પૂછ્યું: 'આમાં રેડિયો, ટેલિવિઝન, ટેલિફોન બધું જ હશે?' 'બધું જ હોય ને!'

'ને આવી સ્વચ્છતા? તો પછી આ ગામડું કેમ કહેવાય?'

'કેમ ન કહેવાય? પેલી યુવતી જોઈ?' એક પળ તેમણે મોટર ઊભી રાખી. 'એ ગામડાની નથી લાગતી?'

યુવતી જેવી યુવતી હતી. તંદુરસ્ત, યુવાન, સફાઈદાર કપડાં પહેરેલી. ગામડિયણ શી રીતે લાગે એ? મેં કહ્યું: 'ના, તમને લાગે છે?'

'શહેરની સ્ત્રી આવાં કપડાં ન પહેરે.' એમણે કહ્યું.

બારીકાઈથી જોતાં એમ લાગે કે એનાં કપડાંનું કાપડ શહેરની સ્ત્રીના કાપડથી જરી ઓછી કિંમતનું હશે, ને સિલાઈ પણ એટલી બધી સફાઈદાર નહિ. પણ તેથી કાંઈ...?

આગળ ચાલ્યા. સમય વીતતો જતો હતો. એક નાની જગ્યાએ મોટર ઊભી રાખીને ચાપાણી પીધાં. પછી વળી આગળ ચાલ્યા. મેં પૂછ્યું: 'હજી કેટલેક જવાનું છે તમારી કન્ટ્રીસાઇડ જોવા?'

તેમણે રહસ્યભર્યું હાસ્ય કરીને કહ્યું: 'તમે જુઓ તો ખરા!'

'જોયું.' બારેક વાગ્યે એક નાના એવા શહેરમાં મોટરે પ્રવેશ કર્યો. મિ. જૅરેટે કહ્યું: 'અહીં તમારે જોવું હોય એ પેટ ભરીને જોઈ લો. પછી ક્યાંક પેટ ભરીને ખાઇએ. પછી આગળ જઈએ.'

'હજી આગળ જવાનું છે?' મેં પૂછ્યું. 'તો પછી આ શું છે?'

'ઑક્સફર્ડ!' કહી તે મારી સામે સસ્મિત જોઈ રહ્યા.

'ખરેખર?' મારા આશ્ચર્યનો પાર ન રહ્યો: 'પણ આપણે તો બીજે કશેક જતા હતા ને?'

'પણ તમારું મન અહીં આવવાનું હતું ને?'

'એટલે તમે તમારો કાર્યક્રમ ફેરવી નાખ્યો? હું તો તમારી ઇચ્છાને અનુકૂળ થઈ ગયો હતો.'

'એમ કરવાનો હક કંઈ તમારા એકલાનો થોડો જ છે? ને તમારા પેલા કવિમિત્રો તમને ઠપકો આપે, ને મને ગાળ. એ મારાથી કેમ સહન થાય?' આભારવશતાથી મેં એમનો હાથ પકડી લીધો. ગજબના માણુસ હતા એ!

ત્યાંની મોટીમોટી—પણ અત્યારે બંધ—કૉલેજોમાં આથડ્યા. તેના જૂના દેવળમાં આંટો માર્યો. લડાઈમાં માર્યા ગએલા વિદ્યાર્થીઓનાં નામની આરસ-તકતીઓ જોઈ. અને મેં, મનમાંને મનમાં, આ પ્રસિદ્ધ યુનિવર્સિટીમાં આવીને ભણી શકતા વિદ્યાર્થીઓની ઇર્ષ્યા પણ કરી લીધી.

પછી કૅમ્બ્રિજ ગયા. મેં કહ્યું: 'નેહરુ અહીં ભણતા હતા.' તેમણે કહ્યું: 'બીજે ક્યાંય ભણ્યા હોત તો યે એ નેહરુ જ થાત. આ તો અમારા ભાગ્યમાં એટલું માન આવી પડ્યું!'

અને એમ રખડતારખડતા, વાતોચીતોમાંથી અનેરો આનંદ મેળવતા મેળવતા આખરે અમે સ્ટ્રૅટફર્ડની ગલીઓમાં પહોંચી ગયા. ને પહોંચ્યા એવા જ, જૅરેટને જે થવું નહોતું ગમતું તે 'ટૂરિસ્ટ' બની ગયા.

નાનું ગામ, નાના રસ્તા, પાસે વહેતી ઍવન નદી, અને નાનું એવું શેક્સપીઅરનું ઘર—કૉટેજ. એ કૉટેજમાં માણસો ઊભરાતાં હતાં. શેક્સપીઅરનું આખું જીવન એમાં ઊભરાતું હતું. એ જીવનના જ અંશરૂપ બની ગયા હોઈએ એવા અમે બન્ને પણ એ કૉટેજમાં કલાકેક સુધી મૂગામૂગા અને જુદાજુદા આથડતા રહ્યા. અંદર સચવાએલા દસ્તાવેજો જોયા, ખતપત્રો જોયા, કાગળો અને લખાણો જોયાં. એના નાનાનાના ઓરડા જોયા. એની બારીઓમાંથી દેખાતા બહારના જગતનો વિસ્તાર જોયો. પ્રકાશ કરતાં અંધકાર જેમાંથી વિશેષ પ્રવેશ કરી શકે એવી આ નાની બારીઓની ગોદમાં ઊછરીને પેલો માણુસ માનવમનના ઊંડા ખૂણાઓમાં ઘેરાઈ રહેતા અંધકારને ભેદી જતાં શીખી ગયો હશે? ને કોઈક વાર વાદળઘેર્યા ઇંગ્લંડના આકાશમાંથી ચમકી જતા પ્રકાશના પુંજને ઝીલતાં પણ એ ત્યાંથી જ શીખી ગયો હશે?

બહાર નીકળ્યા ત્યારે મારા ચહેરા ઉપર આ અનુભવની દીપ્તિ પથરાઈ રહી હશે; કેમ કે તરત જ જૅરેટ બોલ્યા. 'ખૂબ આનંદ પડચો ને ?'

'પરિતૃપ્ત થઈ ગયો.' મેં સચ્ચાઈપૂર્વક કહ્યું.

'સારું જ થયું ને, હું તમને અહીં લઈ આવ્યો એ ? નહિતર તમારા ચહેરા ઉપર આનંદની આ ચમક જોવા તો મને ન જ મળત.'

પછી નદીકાંઠે જ બાંધેલા નવા થીએટર ઉપર ગયા. કમભાગ્યે એ દિવસે કોઈ નાટક નહોતું થવાનું, એટલે થીએટરના નદીકાંઠા ઉપરના કઠેરામાં ઢાળેલી ખુરશીઓમાં બેસી ચાપાણી-નાસ્તો મંગાવ્યાં.

વાતાવરણ સુંદર હતું. નદીનો પટ રળિયામણો હતો. સામેના કાંઠે પણ સહેલાણીઓ આનંદ-પ્રમોદમાં સમય ગાળી રહ્યા હતા. એ બધાની કશી જ નોંધ ન લેતો હોય તેમ નદીનો પ્રવાહ વહી રહ્યો હતો—શેક્સપીઅરના સમયમાં વહી રહ્યો હશે તેમ જ, હજી યે બીજાં ચારસો વર્ષ વીતી ગયા પછી પણ વહેતો રહેશે...આમ જ—શાંત, ગંભીર, એકધારો. એને જોઈ રહેવામાં તર બની જવાતું હતું.

વળતાં બીજે રસ્તે ગયા. તેમણે બતાવવા ધારેલી કન્ટ્રીસાઈડ તો રહી જ ગઈ હતી. એ વાત કાઢીને મેં કહ્યું : 'એનો મને અફસોસ છે. મિ. જૅરેટ, ને આ ન જોવા મળ્યું હોત તો યે વાંધો નહોતો, જોકે અહીં આવ્યા એ મને ખૂબ જ ગમ્યું. મેં પેલું જોયું નથી એટલે એની ખોટ નહિ સાલે, ને આનાં સંભારણાં મને જીવનભર ચાલશે.'

બહુ જ ભાવપૂર્વક છૂટા પડચા. તેમણે જ્યારે છેવટની 'ગૂડ નાઈટ' કરી ત્યારે તેમનો અવાજ સ્પષ્ટ રીતે ગળગળો બની ગયો હતો.

પછીના દિવસે ખાસ કશો કાર્યક્રમ નહોતો, એટલે શું કરવું એની અવઢવ થતી હતી. ત્યાં જ ઓચિંતાનો કિશનસિંહ ચાવડાનો પુત્ર વિજય આવી ચડચો. તે લીડ્ઝમાં ડૉકટરેટ માટે અભ્યાસ કરતો હતો અને મને મળવા લંડન આવ્યો હતો. તેની સાથે રખડવામાં વળી જુદો જ આનંદ આવ્યો. તેના વિનય અને વિવેકથી તો હું પરિચિત હતો જ, પણ તેની આદર્શપ્રાપ્તિ અને ભાવનામયતાનો તે દિવસની તેની વાતચીતમાંથી સવિશેષ ખયાલ આવ્યો.

છેલ્લે દિવસે એક ધર્મકૃત્ય કરી નાખવાનું મન થયું. ઘણાખરા લેખકો તો આ સીઝનમાં લંડનમાં નહોતા જ, પણ છતાં જો અહીં હોય તો સ્ટીફન સ્પેન્ડરને મળી લેવાનો પ્રામાણિક પ્રયત્ન કરી જોયો. કશી ઍપૉઈન્ટમેન્ટ લીધા વિના એમની ઑફિસે પહોંચી ગયો. પરિણામ ધારેલું જ આવ્યું. એ પણ નહોતા. 'બે દિવસ પછી આવશો ?'

પણ બીજે દિવસે સવારે તો મારે આ વિશાળ, ધૂમ્રાચ્છાદિત નગરીને વિદાય સૂચવતા નમસ્કાર કરી દેવાના હતા, એટલે ત્યાં શી રીતે જાઉં ? ને આટલો વહેલો સ્ટૅમ્ફર્ડ પણ પાછો શા માટે જાઉં ? એટલે ઈરૉસના પૂતળા પાસે પહોંચી ગયો—અમસ્તો જ, આંટા મારતો મારતો, ત્યાં એક યુવતી હતી અને એક યુવક. સુંદર અને તંદુરસ્ત બન્ને. યુવક યુવતીનો ફોટો લેવાનો પ્રયત્ન કરતો હતો. યુવતી સ્મિત કરવાનો પ્રયત્ન કરતી પેલો ફેરવે તેમ ફેરકુદરડી ફરતી હતી. પાછળ ઈરૉસનું—પ્રેમના દેવનું—પૂતળું હતું. પણ આ તેનો પૃષ્ઠભાગ હતો. વચ્ચે જરા તક મળી ગઈ ત્યાં મેં એ યુવતીને કહ્યું : 'તમારે અહીં નહિ, પેલી બાજુએ ઊભવું જોઈએ.' 'કેમ ?' તેણે સાશ્ચર્ય પૂછ્યું.

'આ તો તમે પીઠ આપી રહ્યાં છો. એની તરફ પીઠ ન ધરાય.'

'કોને ? કોની તરફ ?' તે જરાતરા મૂંઝાઈ ગઈ.

'ઈરૉસની તરફ ?' મેં હસીને કહ્યું પણ તે સમજી લાગી નહિ. મેં પૂતળું બતાવતાં કહ્યું : 'આ ઈરૉસ છે.' છતાં તે મારી સામે બાઘાની માફક જોઈ રહી ! વિશેષ કહેવાનો કશો અર્થ નહોતો. હું ચાલતો થયો.

ઘડી અજવાળું અને ઘડી અંધારું પાથરતા, ઘડીકમાં વરસાદ અને ઘડીકમાં કાતિલ ઠંડી વરસાવતા આ મહાનગરને નયનમાં ભરાય તેટલું ભરી લેતો હું સ્ટૅમ્ફર્ડ પહોંચ્યો અને એ વિશાળકાય, જૂનવાણી અને થીજવી નાખે તેવી ઠંડકવાળા મહાનગરે મને જે પ્રેમભરી ઉષ્માનો અનુભવ કરાવ્યો હતો તેનાં મધુર સ્મરણો વાગોળતો વાગોળતો હું નિદ્રાદેવીને આધીન થઈ ગયો. (ચાલુ)

અનુસંધાન] સંગીત સાધના [પૃ. ૬૮થી

(૨) કૈસે સુખ સોવે નિંદરિયા, શ્યામ સુરત ચિત ચઢી;
સોચ સોચ સદારંગ અકુલાવે, યા બિધ ગાંઠ પરી.

આ બન્ને ચીજો તમે ઘૂંટી ઘૂંટીને ગાશો પછી બિહાગ તમને સ્વતઃસિદ્ધ થઈ જશે અને બિહાગની ખૂબી તમારા માનસપટ પર કદી ન ચસે તેવા રૂપમાં અંકાતી જશે. તેમાં ગાન્ધારને રિષભના કણ સ્વરસમેત તથા નિષાદને ધૈવતયુક્ત કેવો લઈ શકાય છે તેની સમજણ પડશે.

બિહાગમાં નિષાદનું વજન ખૂબ મહત્ત્વનું છે. રિષભયુક્ત ગાન્ધાર તો બિલાવલ, યમન જેવા ઘણા રાગોમાં લેવાતો માલૂમ પડશે, પરંતુ તેવો નિષાદ બિલાવલમાં ન લેવો જોઈએ.

બિહાગથી સારી રીતે પરિચિત થયા પછી તેની નજીકના નટબિહાગ, પટબિહાગ, બિહાગડા, સાવની જેવા અલ્પ પ્રચલિત રાગોને પણ પામી શકાશે. ભલે સ્પષ્ટપણે કદાચ ન ઓળખાય, તો પણ તેમાં બિહાગનું અંગ પારખી શકો એટલું પણ બસ છે; કારણ અપ્રચલિત રાગરાગિણીમાં તો એટલાં મતમતાંતર છે કે તેમાં હરકોઈ વ્યક્તિ ગૂંચવાઈ જાય. ગાયકો પોતપોતાના ઘરાણા મુજબ ગાવાનો મત પ્રદર્શિત કર્યા કરવાના, એટલે એમાં સમજુ સંગીતપ્રેમીએ પડવા જેવું નથી.

બિહાગ અને બિલાવલ કે અલ્હૈયા બિલાવલનાં પૂર્વાંગ રાગસ્વરૂપો પંચમ સ્વર સુધી ઘણાં મળતાં રહે છે. આરોહમાં 'સા ગ પ, પ મ ગ' એટલા સ્વરોનું આવર્તન કર્યા કરશો તો બિહાગ-બિલાવલ ભેગા થઈ ગએલા લાગશે; પરંતુ બિલાવલમાં આરોહમાં નિષાદ સ્વરનું બિલકુલ ગૌણ સ્થાન રાખશો અને અવરોહમાં 'પ ગ મ ગ' આ સ્વરો લેશો કે બિહાગ ખડો થશે; જો 'ગ પ, પ મ ગ' લીધા કરશો તો બિલાવલ લાગશે. 'ગ મ રે સા' અવરોહમાં લેવાથી એકદમ બિલાવલ સ્પષ્ટ પરખાવા માંડશે; જ્યારે બિહાગમાં અવરોહમાં 'પ ગ મ, ગ રે સા નિ' સ્વરોથી નિષાદ પર મુકામ કરવાથી બિલાવલ કદી પ્રગટ થશે નહિ.

સમજુ ગાયકે આટલા સ્વરસમૂહોનો તલસ્પર્શી અભ્યાસ કરી આ સ્વરો પોતાના કંઠમાં અલગઅલગ ઢબથી સ્થિત કરવા ઘટે છે. વળી, બિહાગ રાત્રે ગવાતો રાગ છે જ્યારે બિલાવલ સવારનો રાગ છે.

બિહાગમાં અવરોહમાં તીવ્ર મધ્યમના પ્રયોગ દ્વારા તેને બીજા રાગોથી અલગ કરવાનો તથા તેમાં વધારે રંજકત્વ ઉપજાવવાનો ગાયકોનો પ્રચલિત દાવો કંઈક વધુપડતો લાગે છે. રાત્રિગેય રાગોમાં તીવ્ર મધ્યમનો ઉપયોગ સ્વરોની રક્તિદાયક અસર વધારે છે તે વાત ખરી છે, છતાં અતૂટ નિયમ લેખે અવરોહમાં બન્ને મધ્યમો લેવા જ એ એક નવો ચીલો છે. તેનાથી જ બિહાગ ઉત્તમ રીતે ગવાય છે તેવું કંઈ નથી. જૂની દ્રુપદ-ધમારની ચીજોમાં તીવ્ર મધ્યમ બિલકુલ વર્જ્ય કરવા છતાં બિહાગ શ્રેષ્ઠ, આકર્ષક રૂપમાં રજૂ થતો મેં અનેક વાર સાંભળ્યો છે.

ઉસ્તાદ ફૈયાઝખાં કે વિલાયતહુસેનખાં જેવા ઉત્તમ કલાકારો બિહાગ ખૂબ પ્રભાવ અને રંગતભરી અદાથી ગાતા. ઉસ્તાદ ફૈયાઝખાંએ નટબિહાગમાં ગાએલ 'ઝન ઝન ઝન પાયલ બાજે'[૧] તથા વિલાયતહુસેનખાંની બિહાગની 'રાજન કે રાજા મહારાજા ગરીબનવાઝ દેત દાન ગુનિયન કો, સબ મિલ ગાવો'[૨]ની રેકર્ડ અવશ્ય સાંભળવા જેવી છે.

૧-૨ આ રેકર્ડ અનુક્રમે 'હિન્દુસ્તાન' અને 'કૉલંબિયા' કંપનીની છે.

ઝેરી પદાર્થો

[ગુનાશોધન-૨૭]

પુષ્કરભાઈ ગોકાણી

ભારતમાં મૃત્યુનું જે પ્રમાણ છે, તેમાં જાણતાં અને અજાણતાં ઝેર લેવાથી થતા મૃત્યુનું પ્રમાણ ગણનાપાત્ર છે. કેટલીક દવાઓ પણ વધુકા પ્રમાણમાં લેવાથી ઝેરી અસર કરે છે. વિટામિન હૉરમોન જેવી નિર્દોષ ગણાતી દવાઓ પણ મોટા પ્રમાણમાં કે લાંબો વખત લેવાય તો ઝેરની ગરજ સારે છે. અરે, સખત ગરમીમાં તડકામાં બહાર ફરીને આવ્યા પછી ખાલી પેટે પાણી પણ જો બહુ જ વધારે પીવાઈ જાય તો માઠી અસર કરે છે. કોઈ પણ પદાર્થનો અતિરેક નુકસાન જ કરે છે. સામાન્યતઃ તાંબું, સુવર્ણ, લોહ, મૅન્ગેનીઝ, કૅલ્શ્યમ વગેરે અલ્પ પ્રમાણમાં શરીરને લાભદાયી હોવા છતાં તેનું પ્રમાણ ન સચવાય તો તે પણ શરીરમાં વિષ ફેલાવનાર બની રહે છે. બગડેલો, સડેલો, ખૂબ આથો આવી ગએલો યા ફૂગવાળો ખોરાક પણ ઝેરી બની જાય છે. ખોરાકને કારણે થતા મોતના ખબર છાપાંમાં અવારનવાર આવે છે તેમાં બહુધા આવું જ કોઈ કારણ હોય છે.

તેથી જ વૈદકીય–મેડિકલ તેમજ ગુનાશોધનના અભ્યાસમાં ઝેર, તેનું મારણ, એની પ્રાથમિક અને લાંબી સારવાર, ઝેરથી થતા ગુનાઓ, તેની તપાસ વગેરેનું એક અલગ શાસ્ત્ર જ બનેલું છે. ગુનાશોધક જો ઝેરનાં લક્ષણો અને પ્રાથમિક સારવાર જાણતો હોય તો ઘણી વાર કોઈને મરતું બચાવી પણ શકે.

ઝેર અનેક પ્રકારનાં હોઈ શકે. હોજરી કે પાચનમાર્ગને કોરી નાખનારાં તેજાબ કે જલદ ક્ષાર જેવાં દાહક ઝેર; મગજ કે જ્ઞાનતંતુઓને અથવા ફેફસાં, હૃદય વગેરે જેવા મુખ્ય અવયવોને અસર કરનારાં ઝેર; જેનો અયોગ્ય વપરાશ ઝેરી નીવડે છે તે શિડ્યુલ એચ (H)ની દવાઓ; ઝેરી વનસ્પતિઓ ને રસાયણો તથા રોગનાં જંતુઓ વગેરેમાંથી શરીરને જીવલેણ હાનિ પહોંચાડી શકે એવી કોઈ પણ ચીજ વડે બુદ્ધિશાળી માણસ પોતાનું કામ કરી લે છે. પ્રથમ નજરે ન પકડી શકાય એવા અનેક માર્ગે શરીરમાં ઝેર દાખલ કરી શકાય છે. જોકે શરીર પોતામાં પ્રવેશેલા આવા પદાર્થો પેશાબ, ઊલટી, લાળ, ધાવણ, પ્રસ્વેદ વગેરે જેવા કોઈ ને કોઈ માર્ગે એને બહાર ફેંકવા પ્રયત્ન તો કરે છે. એટલે ગુનાશોધકને આવી લાક્ષણિકતાઓનો ખયાલ હોવો જરૂરી છે.

હોજરીમાં દુખાવો, બેભાન થવું, ગળામાં બળતરા થવી, સોજા ચડી આવવા, આંખની કીકી મોટી થવી, સખત ઊંઘ આવવી, કીકી સંકોચાઈ જવી, સખત ઝાડા થવા, ગળામાં શોષ પડવો, ખેંચ આવવી, ચામડી સૂકી પડી જવી, ખૂબ પરસેવો આવવો, ઊલટી થવી, ઝાડો-પેશાબ બંધ થવાં, હૃદય બંધ પડવું, ઓચિંતો પક્ષાઘાત થવો વગેરે ઉપરથી ઝેરની શંકા જાગે છે. કેટલાંક ઝેરની અસર કોઈ રોગનાં લક્ષણો જેવી પણ જણાય છે. ગુનાશોધકે તો તે લક્ષણોને ઝેરનાં જ સમજવામાં ડહાપણ છે. ક્યારેક, ફાટી નીકળેલા રોગચાળાની આડમાં ખૂન પણ થઈ શકે. માટે આવા સમયમાં તો જવાબદારીભરી રીતે જ તપાસ થવી ઘટે. અને એ માટે પોસ્ટમોર્ટમ કરાવવું જરૂરી બને છે.

ગુનાશોધક જો ઝેર અંગેની પ્રાથમિક સારવાર જાણતો હોય તો કેટલીક વાર એ ભોગ બનનાર માણસને મરતો બચાવી પણ શકે, અથવા એનું મૃત્યુ થોડું પાછું ઠેલી એની પાસેથી જોઈતી માહિતી પણ કઢાવી શકે. બેસ્વાદ, દાહક કે લેતાંની સાથે જ દેખાતી અસર કરે તેવાં ઝેર મોટે ભાગે ખૂનના કિસ્સામાં ઓછાં વપરાય છે.

શકમંદ કિસ્સામાં ગુનાશોધક પ્રથમ ડૉક્ટર, ઍમ્બ્યુલન્સ વગેરેને બોલાવી તુરત મૃત્યુના પુરાવા એકઠા કરવા માંડે છે. આત્મહત્યા માટે કે અજાણતાં લેવાએલા ઝેર માટે મોટે ભાગે જેમાંથી ઝેર લેવાયું હોય તે શીશી કે વાસણ મળી આવે છે, જેમાં હજુ તે પદાર્થ થોડાઘણા પ્રમાણમાં મોજૂદ હોય છે. આ વસ્તુ સામાન્યરીતે મરનારની બાજુમાંથી, બાથરૂમ કે રસોડામાંથી અથવા દવાની શીશીઓમાંથી મળી આવે છે. આવી શીશી, કપ-રકાબી, કોથળી કે અન્ય પાત્ર જેમાં આવો પદાર્થ હોવાનો શક હોય તેને કાળજીપૂર્વક સીલ કરીને પ્રયોગશાળામાં તપાસ માટે મોકલી અપાય છે. સાથોસાથ મરનાર માટેની કે ઘરમાં સંઘરેલી અન્ય દવાઓ પણ તપાસ માટે એકઠી કરી લીધી હોય તો પોસ્ટમોર્ટમ થયા પછી હોજરી કે આંતરડામાંથી મળેલા પદાર્થો ઓળખવામાં–સરખાવવામાં સરળતા થઇ શકે અને વધુ તપાસ કઈ દિશામાં ચલાવવી તેનો પણ ખયાલ મળે.

પણ જો ઝેર ઈરાદાપૂર્વક અપાયું હોય તો જેમાં તે દેવાયું હોય તે પાત્રનો ખૂનીએ નાશ કર્યો હોય તેમ બને છે. આવા બનાવમાં આસપાસનાં કચરો નાખવાનાં સ્થાન, ઘરનાં જાજરૂ બાથરૂમની ખાળ વગેરે પણ કાળજીપૂર્વક તપાસાય છે. જો સામાજિક મેળાવડા કે પાર્ટીમાં ઝેર દેવાયું હોય તો આજુબાજુ દરેક સ્થળે ઝીણવટભરી તપાસ થાય છે, કારણ કે ઝેર દેનારની ઇચ્છા તેની શીશી વગેરે તુરત ક્યાંક ફેંકી દેવાની હોય છે. કદાચ એવું પણ બને કે તેનો પાછળથી નાશ કરવા માટે ગુનેગારે એ પોતા પાસે જ રાખ્યું હોય. એટલે હાજર રહેલા દરેકની અંગ-તપાસ, તેનું વાહન તેમજ તેની સાથેની બધી ચીજોની તપાસ પણ જરૂરી બને છે. લાંબે ગાળે અસર કરે તેવું ઝેર અપાયું હોય તો ગુનેગાર ત્યાં હાજર ન પણ હોય. એવે સમયે સંભવિત દરેક શકમંદ વ્યક્તિને ત્યાં પહોંચી જઈને તપાસ કરાય છે. જોકે તપાસની દિશા પોસ્ટમોર્ટમ પછી વધુ સ્પષ્ટ થઈ શકે. અમુક ઝેરથી મૃત્યુ થયું છે, તો તે ક્યાંથી કઈ રીતે આવ્યું વગેરેની તપાસ જરૂરી બને.

સામાન્યતઃ ગુનેગાર પોતાને જાણીતું અને સહજ પ્રાપ્ય એવું ઝેર જ પસંદ કરે છે; એટલે ગુનામાં વપરાએલું ઝેર આ રીતે કોની પાસે હોઈ શકે એ ગુનાશોધક તારવી કાઢીને પોતાની તપાસના ક્ષેત્રને નિશ્ચિત કરી લે છે. વળી, ગુનાને સ્થળેથી આંગળાંની છાપ, કાપડનો તાંતણો, વાળ, ઝીણા કચરાના રજકણો વગેરે પુરાવા પણ આમાં એટલા જ મહત્ત્વના નીવડે છે. ઝેર અપાયાના મોટા ભાગના બનાવોમાં ઘણી વાર પતિ, પત્ની, ભાઈ, મિત્ર, ધંધાના ભાગીદાર, વારસદાર યા કુટુંબના નજીકના સંબંધીઓ સંકળાએલા હોય છે. આવા કિસ્સામાં ત્રાહિત પડોશીઓ વગેરે પાસેથી પણ ઘણી માહિતી મળી શકે છે.

પોસ્ટમોર્ટમ કરનાર ડૉક્ટર તેની જવાબદારી સમજતા હોય છે. ગુનાશોધકે પણ ત્યાં શરીરમાંથી સાચવી રાખવા જેવા પુરાવા રાખવા માટે કેટલીક બરણીઓ વગેરે ત્યાં હાજર રાખવાં જોઈએ, જેમાં (૧) હોજરીમાંથી મળેલ પદાર્થ (૨) લીવરનો સૅમ્પલ (૩) લોહીનો સૅમ્પલ, (૪) કોઈ ખાસ કિસ્સામાં મગજનો, કિડનીનો, આંતરડાનો કે હાડકાનો (સીસાનો કે પારાનો ક્ષાર ઝેર તરીકે વપરાયો હોય ત્યારે) સૅમ્પલ સાચવી શકાય. મોટે ભાગે તો ઝેરનો પદાર્થ મરનારની હોજરીમાંથી મળી આવે છે, પણ લાંબે ગાળે અસર કરનાર ઝેર હોય તો આંતરડાં તપાસવાં જરૂરી બને છે. ઇન્જેકશન દ્વારા કશું અપાયું હોય તેની કે ઊંઘની ગોળીઓ, દારૂ વગેરે અપાયાની ખબર લોહીની તપાસથી પડે છે. લીવરની તપાસથી સોમલ, ફૉસ્ફરસ અને બીજા ઘેન લાવનારા

અસામાન્ય ઝેરી પદાર્થોની જાણ થઈ શકે છે. આ બધી જડી તપાસ ઝેર પારખનાર નિષ્ણાતને સોંપાય છે.

સામાન્યરીતે રાસાયણિક પ્રક્રિયા માટે ઝેરને ત્રણ વિસ્તૃત ભાગમાં વહેંચી શકાય :

(૧) હવામાં વાયુરૂપ બની ઊડી જાય તેવાં—સાઈનાઈડ, પ્રુસિક ઍસિડ, ફૉસ્ફરસ, દારૂ, સ્પિરિટ, વૉર્નિશ, ક્લૉરૉફૉર્મ, બ્લીચિંગ પાઉડર, જંતુનાશક દવાઓ, એનીલિન, ક્લોરલ હાઇડ્રેટ વગેરે જેવાં ઊર્ધ્વગામી ઝેર. એમને વરાળના પ્રવાહમાં અલગ પાડી શકાય છે.

(૨) પારો, સીસું, તાંબું કે તેના ક્ષારો, સોમલ, સિંદૂર, મોરથુથુ, ફોટોગ્રાફીનાં રસાયણો, ઝેરી ખોરાક વગેરે હોજરી કે શરીરના બીજા ભાગમાંથી સહેલાઈથી છૂટા પાડી શકાય તેવા પદાર્થો છે.

(૩) ક્ષાર, ઊંઘવાની ગોળીઓ, ભાંગ, અફીણ, ધતુરો, મોટા ભાગની ઝેરી દવાઓ વગેરે.

ઊર્ધ્વગામી ઝેરને નિષ્ણાત, તપાસ માટેના નમૂનામાંથી થોડું વાયુરૂપ બનાવી ઠંડા પાણીમાં કે બરફમાં રાખેલી એક લાંબી નળીમાંથી પસાર કરી જુદું પાડે છે. જુદા પડી આવેલા એ ઝેરને રંગ, વાસ વગેરેથી અને અન્ય રાસાયણિક પ્રક્રિયાથી સહેલાઈથી ઓળખી શકાય છે.

શરીરમાં પચી ગયા ન હોય એવા કેટલાક પદાર્થોને સૂક્ષ્મદર્શક યંત્ર વડે પણ જુદા તારવી શકાય છે.

હોજરી વગેરેમાંથી મળી આવેલા પદાર્થને મીઠાના તેજાબમાં મેળવી, તેને ગરમ કરીને પણ એક તપાસ થાય છે, જેમાં તેની અંદર તાંબાના તારનો ટુકડો પણ નાખવામાં આવે છે. ખૂબ ઊકળ્યા પછી તાંબા ઉપર સોમલ, પારો, ચાંદી, બિસ્મથ, ઍન્ટીમની જેવી ધાતુઓના કણ એકઠા થાય છે, જેને અન્ય રાસાયણિક પ્રક્રિયાઓ વડે પારખી શકાય છે. જો આ રીતે પણ કોઈ ઝેરી પદાર્થ ન ઓળખાય તો તે ગરમ દ્રાવણમાં પૉટેશ્યમ ક્લૉરેટની ભૂકી અમુક પ્રમાણમાં ઉમેરી ખૂબ ગરમ કરાય છે. એથી એ દ્રાવણ ચોખ્ખું બની જાય છે. આ દ્રાવણમાં હવે વિવિધ 'રી-એજન્ટ' દ્રાવણો ઉમેરતાં એના રંગ બદલાય છે, જેના આધારે એમાં ભેળવાએલાં ઝેરી તત્ત્વોને ઓળખી શકાય છે. તેજાબ, ઈથર, ક્લૉરોફૉર્મ, આલ્કોહૉલ, પાણી વગેરેની સહાયથી સેન્દ્રિય ઝેરની પણ તપાસ થઈ શકે છે. ઘેન લાવનારી દવાઓ વગેરે અપાયાની માહિતી મરનારના લોહીની રાસાયણિક તપાસ કરી મેળવી શકાય છે.

આ ઉપરાંત, કેટલાક કિસ્સાઓમાં બગડી ગએલા ખોરાકનું ઝેર પણ કારણભૂત હોય છે. ગુનાશોધકે આ શક્યતાની પણ તપાસ કરવી ઘટે.

મરનારનો ચહેરો, ગળું, અન્નનળી, હોજરી, આંતરડાં, લિવર, મૂત્રપિંડ વગેરેના દેખાવ ઉપરથી પણ અનુભવી ડૉક્ટરો પોસ્ટમોર્ટમ કરતાં કરતાં કેટલાંક અનુમાન તારવી લે છે, જે, ઝેરની વધુ તપાસ ચાલે તે દરમિયાન અન્ય દિશામાં તપાસ કરવામાં સહાયક થાય છે.

ભંડારા (કચ્છ)માં ઓરમાન માને હાથે ઝેર અપાએલા એક બાળકનું પોસ્ટમોર્ટમ કરતાં જ ડૉક્ટરે જોયું તો તેના મોંની અંદરની ચામડી, ગળું અને અન્નનળી ઘેરા કથ્થાઈ રંગનાં થઈ ગયાં હતાં, હોજરી અંદરથી કાળી પડી ગઈ હતી તથા તેમાં કાણાં પડી ગયાં હતાં. તુરત ડૉક્ટરે ગંધકના તેજાબની શંકા વ્યક્ત કરી; અને પોલીસે તુરત તપાસ કરતાં એ તેજાબની શીશી ઘર બહાર ઉકરડામાંથી મળી પણ ખરી.

આ જ રીતે હોજરીમાં કૉફી રંગનાં ધાબાં છતાં કાણાં નહિ હોવાના એક કિસ્સામાં કૉસ્ટિક સોડા અપાયાની જાણ થઈ હતી.

હોજરીમાં ગએલા ખોરાકનો આસમાની રંગ ટિંક્ચર આયોડાઈન પીવાયાની જાણ કરે છે, તો ઘેરી રતુંબડી કાળાશવાળી હોજરીમાં પડી ગએલા ચકામા તથા લોહીના ટશિયા સાથે દેખાતી સફેદ રજ સોમલની ચાડી ખાય છે. ખોરાકના ઝેરમાં અન્નનળી વગેરે સૂજી જવા સાથે લિવર, મૂત્રપિંડ, ફેફસાં વગેરેમાં ભરાવો થએલો હોય છે. અફીણ હોજરીમાં સહેલાઈથી પચતું નથી, તેથી પોસ્ટમોર્ટમમાં તેની વાસ પણ પરખાઈ જાય છે. વળી, હોજરીમાં તે અમિશ્રિત સ્વરૂપમાં પણ મળી આવે છે. આવા કિસ્સામાં ચામડી ફાટી ગએલી જોવા મળે છે.

આમ, ગુનેગાર ગમે એવી ચાલાકી વાપરે, પણ વૈજ્ઞાનિક તપાસમાં એ ઉઘાડી પડી જ જાય છે. (ચાલુ)

શતરંજ



Tietz (black) Maader (white)

ઉપરની સ્થિતિમાં કાળા ઊંટ તથા KRP ઉપર હુમલો છે. તે બન્નેને બચાવી શકાય તેમ નથી. સાધારણ ખેલાડી ઊંટને બચાવીને પ્યાદાને મરવા દેત પણ અહીં કાળો જુદી રીતે રમે છે.

1..., QR–B1?!

સફેદ વિચારે છે, કાળો ઊંટનો ભોગ શા માટે આપતો હશે? જો પોતે વજીરથી તે ઊંટને મારે તો કાળો ઘોડો ચલાવીને વજીર ઉપર છૂપો હુમલો કરી શકે. સાથોસાથ બીજા ઘોડા અને ઊંટ ઉપર પણ તે ઘોડો હુમલો કરી શકે.

આમાં ઘોડાને તો NPનું રક્ષણ છે જ અને ઊંટને Q–Q4થી રક્ષણ આપી શકાય છે. ત્યારે કાળાની ગણતરીમાં કંઈ ભૂલ જ હશે? એટલે આવેલી તક ઝડપી લઈ સફેદ કાળાનો તે ભોગ સ્વીકારી લે છે.

2 Q×B?, N–K4; 3 Q–Q4.

સફેદના ધાર્યા પ્રમાણે વજીર ઉપર છૂપો અને ઊંટ તથા ઘોડા ઉપર સીધો હુમલો થાય છે અને તે બધું બચાવી લે છે.

3..., N×Nch; 4. P×N, Q–N4 ch, 5 K–R1, B–R6; 6 R–N1.

હવે સફેદની ચિંતાનો અંત આવી ગયો ને કાળાએ આપેલ ઊંટનો ભોગ જાણે નકામો ગયો તેમ લાગે છે? પણ તેવું નથી. જુઓ.—

6..., Q×Rch! 7 K×Q, R–B8 ch; 8 B–B1, R×B mate.

જો સફેદે ઊંટનો ભોગ સ્વીકાર્યો ન હોત તો આ કૉમ્બિનેશન શક્ય બન્યું ન હોત. પણ તેમ છતાં 1..., QR–B1 રમતી વખતે જ કાળાએ આ પૂરું કૉમ્બિનેશન જોયું હશે અને તેથી જ તેણે જીત મેળવી.

કોયડામાં બંને પક્ષની સારામાંસારી ચાલ જ ધ્યાનમાં લેવાય છે. એ સિવાય કોયડાની કિંમત રહેતી નથી. પણ રમતમાં તો ખેલાડી ભૂલ કરે છે અને એ ભૂલનો લાભ લઈને પણ સામો પક્ષ સારું કૉમ્બિનેશન રચી શકે તો પણ તે કૉમ્બિનેશનની કિંમત ઓછી નથી થતી. એક રીતે જોતાં તો દરેક કૉમ્બિનેશન અમુક નબળાઈને લીધે જ શક્ય બને છે.

સુરેશ મોદી



બરાબર સો વર્ષ પહેલાં ૧૮૬૮માં અમદાવાદની સ્મૉલ કૉઝ કૉર્ટના જજ તરીકે મહારાષ્ટ્રના એક વિચારવંત ક્રાંતિકાર આવેલા ને આ શહેરના



જીવન પર પણ પોતાની છાપ મૂકી ગએલા. તેમના પ્રેરકચરિત્રની તારવણી:

'આજથી લગભગ (સવા) સો વર્ષ પર જ્યારે રાનડે જેવા વિચારકોનો ઉગમ નહોતો થયો, ને જ્યારે અંગ્રેજી રાજ્ય હજી જામતું આવતું હતું એ કાળમાં, એક આર્ષ દ્રષ્ટાની પેઠે આપણા રાજકીય અને સામાજિક જીવનનું અન્વેષણ કરી, તે પર પ્રગત મનોવૃત્તિ, નીડર નિખાલસતા, અચૂક રોગનિદાન-કુશળતા અને વિલક્ષણ નિભયતાથી વિચારો દર્શાવી, એક પચ્ચીસ વર્ષના તરુણે પોતાની તેજીલી કલમથી મહારાષ્ટ્રને ખળભળાવી મૂક્યો. તે સરકારી નોકર થયો, પોતાની બુદ્ધિમત્તાથી ન્યાયખાતામાં સેશન્સ જજને હોદ્દે પહોંચ્યો, રાવબહાદુર અને જે. પી. થયો, ગવર્નરની કાઉન્સિલનો સભ્ય ને પહેલા વર્ગનો સરદાર થયો. પણ એણે જ એ જમાનામાં સ્વદેશીની પહેલી હીલ કરી; એણે જ કહ્યું કે અંગ્રેજો જબરદસ્તીથી કાયદા અમલમાં મૂકશે ત્યારે આપણે તેમને કહીશું કે 'અમને અમારા દેશનો કારભાર સારો કરતાં આવડે છે,—અમારે આપનું ગુરુત્વ નથી જોઈતું;' એણે જ દેશની સામાજિક, શિક્ષણવિષયક અને સાંસ્કારિક પ્રગતિના એકેએક અંગમાં લોકજાગૃતિ આણી પ્રજાજીવનને એક વેંત ઊંચે ચડાવ્યું. મહારાષ્ટ્રનો એ કાળનો એ અગ્રણી જ્યોતિર્ધર તે ગોપાળ હરિ દેશમુખ.

પોતાની બંડખોર અને નિર્ભય વૃત્તિથી તત્કાલીન મહારાષ્ટ્રીય સમાજની આંખોમાં ઝણઝણે એવું અંજન આંજીને અણમોલ સમાજસેવા કરનારા ક્રાન્તિપ્રિય વિચારવંતોમાં સરદાર ગોપાળરાવ હરિ દેશમુખનો ખાસ ઉલ્લેખ ઘટે. આપણા સામાજિક, ધાર્મિક અને વૈચારિક અધઃપતનથી ત્રાસી ઊઠીને તેનો નિષેધ કરવા કલમ ઉઠાવી તે ઊભા થયા એ વખતે તેમની ઉમર ૨૫-૨૬ વર્ષની હતી. એક તરુણને શોભે એવી નિર્ભિક બેદરકારીથી તેમણે પોતાની તેજીલી કલમ વડે એ કાળના સમાજને આકરા ચાબખા માર્યા છે. એ વખતે લખાએલા એમના 'શતપત્રો' એટલે ચમચમાટી ઉપજાવે એવી એમના તેજસ્વી બંડખોરપણાની નિશાની. કોઈ ઉગ્ર પૌરુષથી લોહી ઉકાળી મૂકે એવા ટીકાપ્રહાર એમણે એમાં કર્યા છે. કોઈ મૃદુ મનનો તરફડાટ અને સાત્ત્વિક સંતાપની અગ્નિશિખા તેમાં સર્વત્ર નજરે પડે છે. અજ્ઞાની દશા પ્રત્યેની ચીડ, અનાચાર માટેનો સંતાપ, ધાર્મિકવેડાનો ઉપહાસ, દાંભિકપણા માટે તિરસ્કાર વગેરે જે ઉગ્ર રૂપમાં તેમાં જણાય છે તેટલી જ ગરીબો પ્રત્યેની અનુકંપા અને વિદ્યા માટે પ્રેમ પણ તેમનામાં હતાં. એમના 'શતપત્રો' એટલે કાન્તિમાન વ્યક્તિમત્તાની સુંદર પ્રતિમા.

પેશ્વાઈના અસ્ત પછી પાંચ વર્ષે ૧૮૨૩માં તેમનો જન્મ લાચારી, અજ્ઞાન, દાંભિકપણું સ્વાભિમાનશૂન્યતા ચારે તરફ એ વખતે વ્યાપી ગયાં હતાં અંગ્રેજી રાજ્યનો ગુણાંશ ઓળખવા છતાં પણ, તેનાં ભાવિ ઘોર પરિણામ કેવાં આવશે તે પણ જાણનાર જે થોડા દેશપ્રેમી અને નિખાલસ સુવિદ્ય લોકો હતા તેમાં ગોપાળરાવનો ખાસ ઉલ્લેખ કરવો જોઈએ. આજુબાજુની શોચનીય સ્થિતિ જોઈને તેમનું અંતઃકરણ કકળી ઊઠતું. એ કઠોર પણ મૃદુ હૃદયમાં જે અમૃતધારાનો ધોધ વહ્યો તે જ તેમની તેજોમય વ્યક્તિમત્તાને ઉજાળનાર 'શતપત્રો'. તેમાં પાનેપાને અસામાન્ય વિદ્યાપ્રીતિ અને અજરવ્ય સત્યનિષ્ઠા વ્યક્ત થયાં છે.

રત્નાગિરિ જિલ્લાના કુર્ધે નામે ગામમાં સિધ્યેની અટકવાળા વંશના મૂળ પુરુષ વિશ્વનાથ પંતે ઈ. સ. ૧૬૫૦માં રત્નાગિરિ પ્રાંતમાં બારગામનું દેશમુખી વતન ખરીદ્યું, અને ત્યારથી તે દેશમુખ કહેવાયા. એ વિશ્વનાથરાવના પૌત્ર હરિપંત પૂના સરકારના મોટા દરજ્જાના અમલદાર હતા. બાજીરાવ પેશ્વા પેશ્વાઈ(પ્રધાનપદ)નો ત્યાગ કરીને ને અંગ્રેજોને બધું સોંપી દઈને સ્નાનસંધ્યા કરવા ગંગા નદીને કિનારે બ્રહ્માવત (બિઠુર) સીધાવ્યા ત્યારે પૂનામાં હરિપંત દેશમુખને પોતાના વકીલ તરીકે નીમતા ગયા. એ હરિપંતના ત્રીજા પુત્ર ગોપાળરાવ પૂનામાં ૧૮મી ફેબ્રુઆરી ૧૮૨૩ને રોજ જન્મ્યા. લખવાવાંચવાનું ને હિસાબ વગેરેનું સામાન્ય જ્ઞાન ગોપાળરાવે ખાનગી શિક્ષકના હાથ તળે ઘર આગળ જ મેળવ્યું હતું,—કોઈ પ્રાથમિક શાળામાં એ બેઠેલા જ નહિ.

બારેક વરસની ઉમરે પિતાનું મૃત્યુ થવાથી ગોપાળરાવ કોર્ટમાં ઉમેદવાર તરીકે દાખલ થયા. ત્યાં મેડા ઉપર સરકારી અંગ્રેજી શાળા હતી એ જોઈ મન તે તરફ આકર્ષાયું અને અંગ્રેજી અભ્યાસ કરવાનો સંકલ્પ કર્યો પણ આ સહેલું ન હતું. એ જમાનાના બ્રાહ્મણો માટે અંગ્રેજી અભ્યાસ અપવિત્ર ગણાતો. ખુદ તેમનાં માતા જ વિરુદ્ધ હતાં. પણ ગોપાળરાવનો નિશ્ચય અફર હતો. અંતે, નિશાળેથી આવીને દેહશુદ્ધ સ્નાન કરી ઘરમાં પેસવાની શરતે પરવાનગી મળી ને અંગ્રેજી અભ્યાસ શરૂ થયો. ત્રણ વર્ષનો ત્યાંનો અભ્યાસક્રમ પૂરો કરીને એમણે જુદાજુદા વિષયોનું ઉપયોગી જ્ઞાન મેળવવામાં અથાગ શ્રમ લીધો હતો.

નિશાળમાંથી એમને એટલાં સારાં પ્રમાણ-

પત્રો મળ્યાં હતાં કે એમને અરજી કરતાં તરત જ નોકરી મળી અને ૧૮૪૪ના ઑક્ટોબરની ૧૬મી તારીખે તે સરદાર એજન્ટ કચેરીમાં માસિક ૭૭ રૂપિયાના પગારે નીમાયા. તે વખતે એમની ઉમર એકવીસ વર્ષની હતી. ત્યાં ચાર વર્ષ સુધી દુભાષિયા તરીકે કામ કર્યા બાદ તે હેડ કલાર્ક અને તે પછી શિરસ્તેદાર થયા. આ દરમ્યાન ખાનગી સમયમાં અભ્યાસ કરીને ઈ. ૧૮૪૬માં મુનસફની પરીક્ષા પસાર કરી દીધી હતી; એટલે તક મળતાં જ, વાઇક્ષેત્રમાં રૂા. ૨૦૦ના પગારની મુનસફની નોકરી મળી (તા. ૧લી ઑક્ટોબર ૧૮૫૨). ત્યાંથી ચડતાં ચડતાં ઈ. ૧૮૬૩માં અમદાવાદના આસિ. જજ તરીકે તેઓ આવ્યા. આ જગ્યા મુંબાઈ ઈલાકામાં મેળવનાર તે પહેલા દેશી હતા. વચ્ચે થોડો સમય અહમદનગર ને સતારામાં ગાળી તે ૧૮૬૮માં ફરીથી અમદાવાદમાં સ્મૉલ કૉઝ કોર્ટના જજ તરીકે આવ્યા, ને એ જગ્યા પર દસ વર્ષ રહ્યા. એ એક દસકાની અમદાવાદની કારકિર્દીમાં પોતાની તેજસ્વી બુદ્ધિ, ઉચ્ચ જ્ઞાન ને ઉન્નત ચારિત્ર્ય વડે એમણે અમદાવાદના શહેરીઓની અપૂર્વ પ્રીતિ મેળવી ને ગુજરાતીઓનાં હૃદયમાં માનભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું.

અમદાવાદથી નાસિક અને પછી થાણામાં બજાવેલી એમની કામગીરીની મુંબાઈ હાઇકોર્ટે સારી પ્રશંસા કરી; અને એમને રાવબહાદુરનો ઈલ્કાબ તથા જે.પી.નું માન મળ્યું. ૧૮૭૯માં પંચાવન વર્ષની વયે તે સેવાનિવૃત્ત થયા બાદ ૧૮૮૧-૮૩માં મુંબાઈના ગવર્નરની કાઉન્સિલના સભ્ય તથા ૧૮૮૪માં રતલામના દીવાન થયા. જોકે જીવનનાં છેલ્લાં સાત-આઠ વર્ષમાં એમના પર ઘણા આઘાત આવ્યા. પણ એ સર્વ દુઃખ ધીરજ અને વિવેકબુદ્ધિથી એમણે સહન કર્યાં.છેવટ સુધી પૂનાનાં સાર્વજનિક કામોમાં પોતાની સેવા એમણે આપ્યા કરી. અંતે ઈ. ૧૮૯૨ના ઑક્ટોબરની ૯મી તારીખે એક નાની માંદગીથી તેમનું અવસાન થયું.

ઈ. ૧૮૪૮માં 'લોકહિતવાદી' તખલ્લુસ ધારણ કરી ગોપાળરાવે લેખન શરૂ કર્યું એ સમયે એમણે મુનસફની પરીક્ષા પસાર કરી હતી. મુંબાઈમાં એ વખતે 'પ્રભાકર' નામનું એક અઠવાડિક પ્રગટ થતું. એમાં બે-અઢી વરસ સુધી એમની એક પત્રમાળા પ્રકટ થઈ, જે પાછળથી 'શતપત્રેં' (સો પત્રો) નામથી બહાર પડેલી. 'લોકહિતવાદી'નાં બીજાં યે ઘણાં પુસ્તકો છે. એમના સાહિત્યનું વિસ્તૃત વિવેચન અહીં અસ્થાને હોવાથી અહીં એમનો નામનિર્દેશ જ થઈ શકે. તે ઉપરથી પણ એમના વિવિધ જ્ઞાન ને અભ્યાસનો ખયાલ આવશે. '૮૩ પછી બહાર પડેલા એમના ગ્રંથોમાં 'ઐતિહાસિક વાર્તાઓ', 'રાજસ્થાનનો ઇતિહાસ', 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ', 'પૃથ્વીરાજ ચૌહાણનો ઇતિહાસ', 'ઉદેપુરનો ઇતિહાસ' અને 'પાણીપતની લડાઇ' છે. આ એમના મોટા ગ્રંથ થયા. તે સિવાય 'વિદ્યાલહરી', 'ભિક્ષુક', 'કલિયુગ', 'એક દિવસમાં લખાએલું પુસ્તક', 'લાંચ', 'બાળલગ્ન', 'જાતિભેદ' 'ગીતાતત્ત્વ', 'સ્વાધ્યાય' 'આશ્વલાયન ગૃહ્યસૂત્ર' એવાં નાનાંમોટાં મળીને એમનાં લગભગ ૪૦ પુસ્તકો પ્રકટ થયાં છે.

અંગ્રેજી અને મરાઠી ઉપરાંત એમને ગુજરાતી, ઉર્દૂ, ફારસી ને સંસ્કૃત ભાષાનું ઉત્તમ જ્ઞાન હતું. ગુજરાતમાં વસીને તે ગુજરાતી જેવા જ બની ગયા હતા અને ગુજરાતી ભાષા પર સારું પ્રભુત્વ મેળવ્યું હતું. 'બુદ્ધિપ્રકાશ'માં પણ તેમણે આપણા ઇતિહાસ, સાહિત્ય, સંસ્કૃતિ વગેરે વિષયો પર 'લો. હિ.'ની સહીથી ઘણા લેખો લખ્યા છે. એમનું સાહિત્ય વાંચતાં હરઘડી એવું લાગ્યા કરે છે કે એમના જેવો દ્રષ્ટા મહારાષ્ટ્રમાં કદી જન્મ્યો નથી.

સમાજસુધારામાં પણ 'લોકહિતવાદી'એ આગળપડતો ભાગ લીધો. પ્રાર્થનાસમાજ, આર્યસમાજ, થીઑસૉફી, એ પંથ અને પંથીઓ જોડે એમને ઘણી મિત્રાચારી હતી. 'જ્ઞાનપ્રકાશ' અને 'ઈન્દુપ્રકાશ' એ વર્તમાનપત્રો શરૂ કરવામાં એમનો હાથ હતો જ. 'ઈન્દુપ્રકાશ'ના અંગ્રેજી અગ્રલેખો તેઓ લખતા તેમજ અમદાવાદના ગુજરાતી પત્ર 'હિતેચ્છુ'ને પણ તેમની જબરી ઓથ હતી અને તેનું અંગ્રેજી પાનું પણ તે લખતા. ગુજરાતમાં પ્રાર્થનાસમાજની સ્થાપના, વક્તૃત્વ સભા, પુનર્લગ્ન મંડળ, હેમાભાઈ ઇન્સ્ટિટ્યૂટનાં ભાષણસૂત્રો, એવાં ઘણાં કાર્યો એમને ખાતે જ જમા છે. મુંબાઈ આર્યસમાજના તેઓ ઘણાં વર્ષ પ્રમુખ હતા અને દયાનંદજીએ એમને અજમેર આર્યસમાજના ટ્રસ્ટી નીમ્યા હતા.

એમના જેવા દૂરદૃષ્ટિવાળા નેતા કોઈ વિરલ જ જન્મે છે. સ્વ. નરસિંહરાવ દિવેટિયાએ પોતાના 'સ્મરણમુકુર'માં એમનું સ્વાનુભવરસિક નિકટવર્તી દર્શન ઉતાર્યું છે એમાંનો થોડો ભાગ: 'ગોપાળરાવના નામથી આ જમાનાના ઘણા લોકો અજાણ્યા જ હશે. એ દક્ષિણી છતાં ગુજરાતી હતા. અમદાવાદની સ્મૉલ કૉઝ કોર્ટના જજ તરીકે લાંબી અને લોકપ્રિયતા સંપાદન કરનારી કારકિર્દી ભોગવી હતી. ગુજરાતી ભાષા પણ માતૃભાષા જેવી સરલતાથી બોલતા હતા. વિચાર તથા વાણીને સ્વવશ રાખી સ્વેચ્છાથી રમાડવાની શક્તિવાળા ગોપાળરાવને નહોતી વિષયની ખોટ, નહોતી રચનાની કળાની જરૂર, કે નહોતી આલંકારિક વાણીની અપેક્ષા.

ગોપાળરાવનો સાદો સરળ સ્વભાવ, સામાન્ય જન તરફ અનાડમ્બર, સમભાવવાળું વર્તન વગેરે ગુણો એમને જનસમુદાયમાં અત્યંત પ્રિય બનાવનારા હતા.

તે સમયમાં અમદાવાદના નગરજીવન, સમાજજીવન ઇત્યાદિમાં ચેતનાનું બળ અસાધારણ હતું. એ બળને પ્રેરનાર ને વધારનાર મંડળમાં અગ્રસ્થાન ગોપાળરાવનું હતું. રાવસાહેબની સાદાઈ દંભજનિત નહોતી. પરંતુ કોઇ પણ ખૂણે ભોળપણાનો દોષ એમના સ્વભાવમાં પ્રવેશ પામ્યો ન હતો. એમની મુખરેખા જોનારને જણાય એમ હતું કે રાવસાહેબ 'જમાનો ખાધેલા, જગતને જીતેલા, જગતથી ન જિતાએલા, અલૌકિક પુરુષ હતા.' આના પ્રમાણ તરીકે એક બીના નોંધવા જેવી છે. અમદાવાદના જાણીતા શેઠ બહેચર લશ્કરીને ગોપાળરાવ જોડે કાંઈક ગાઢ મૈત્રીનું બંધન ઉત્પન્ન થયું હતું. એક વખત ગોપાળરાવની કોર્ટમાં બહેચરદાસને વાદી તરીકે ઊભા રહેવાનો પ્રસંગ આવ્યો. બહેચરદાસે તો નક્કી જાણેલું કે રાવસાહેબ મારા મિત્ર, એટલે મને જિતાડશે જ. પણ રાવસાહેબે જુદો જ ખેલ રચ્યો. બહેચરદાસ હારે એવો પ્રસંગ હતો. અપજશ પોતે લેવો નહોતો. તેથી એ કામની સુનાવણીને દિવસે ગોપાળરાવે ભોળાનાથ, મહીપતરામ વગેરે કેટલાક મિત્રોને ચિઠ્ઠીઓ લખી જણાવ્યું કે આજ કડવા કણબીની નાતનો એક બહુ જ રસ પડે એવો કેસ ચાલનાર છે, તે જોવા આવશો. આ જાળમાં જે સપડાયા, તેમને ગોપાળરાવે કેસનો નિવેડો લાવવા માટે લવાદ બનાવી દીધા! અને પંચનો ઠરાવ અંતે બહેચરદાસ વિરુદ્ધ થયો!

એ વખતના અમદાવાદ શહેરનો મત લ્યો તો સાદાઈ, ગરીબો ઉપર શુદ્ધ પ્રેમભાવ, નિરભિમાન વૃત્તિ, લોકહિતસાધના ઇત્યાદિ સાચા ગુણો માટે રાવસાહેબને બહુધા સર્વાનુમતે ઈનામ મળે એમ હતું. અકૃત્રિમ નિરભિમાનપણું એમના જીવનમાં ઓતપ્રોત હતું. અત્યારે સ્મરણપટમાં એ રસમયમૂર્તિ, સાદાઈના અવતાર રૂપ, બુદ્ધિના તેજથી તેજસ્વી, સદા આનંદભરી, કોરાઈ રહી છે.



માધુકરી

થોડીક વાઈ ને કરી ગલીપચી ગઈ,
વાઈ વધારે ત્યારે ભરી એ બચી ગઈ,
કડકડતી વાઈ આજ મને ચીમટા ભરે,
શું ટાઢ, શું ગૃહિણી, છે બન્ને જચી ગઈ. —ગાફિલ

સ્વર્ગસ્થ શ્રી ડુંગરશી ધરમશી સંપટ

૧૨મી ઑકટોબરે જૂની પેઢીના જાણીતા સાહિત્યકાર શ્રી ડુંગરશી ધરમશી સંપટનું મુંબાઈમાં ૮૭ વર્ષની વયે અવસાન થયું.

તેમનો જન્મ ૧૮૮૦માં કચ્છ અંજારમાં ભાટિયા જ્ઞાતિમાં થયો હતો. મુંબાઈની શેઠ અમરચંદ માધવજીની કંપનીના ભાગીદાર તેમના પિતાશ્રીના અવસાન બાદ તેમનું સ્થાન ડુંગરશીભાઇએ લીધું હતું. ૧૯૧૨ની સાલ સુધી તેમણે આ કંપનીની મુંબાઈ, કલકત્તા, કરાચી, રંગૂન અને કોલંબોની શાખાઓમાં વસીને કંપનીનું કામ સંભાળ્યું હતું. ત્યાર બાદ કરાચી શાખાના તેઓ માલિક થયા. ૧૯૪૭ સુધી ત્યાં વ્યવસાય કર્યો. દેશના ભાગલા થતાં વ્યવસાય છોડીને સકુટુંબ મુંબાઈ આવીને તેમણે અને તેમના સંતાનોએ મુંબાઈમાં વ્યાપાર શરૂ કર્યો.

ગુજરાતી સાહિત્યના તે એક મોટા ઉપાસક હતા. અર્થશાસ્ત્ર, ઇતિહાસ અને લોકસાહિત્ય જેવા અનેક વિષયો ઉપર ગુજરાતી સામયિકોમાં તેમનાં લખાણો પ્રગટ થતાં. જેમાંનાં થોડાંનો 'કુમાર'ને પણ લાભ મળેલો. સાહસ અને પરાક્રમને લગતી અનેક કથાઓ પણ લખી હતી. તેમણે લખેલાં કુલ ૪૨ પુસ્તકોમાંથી સંસ્કારલક્ષ્મી, ઘરની રાણી, જીવનસખી, કલ્યાણમયી તથા સાગરકથાઓએ ઘણી સારી એવી લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી.

કરાચીના જાહેરજીવનમાં તેઓ અગ્રણી હતા. ૧૯૩૦ની રાષ્ટ્રીય મહાસભાના અધિવેશનમાં તથા ૧૯૩૮માં ગુજરાતી સાહિત્ય પરિષદના સંમેલનની સ્વાગત સમિતિમાં (પ્રમુખ તરીકે) તેમણે સેવાઓ આપી હતી.

તેમનું વાચન ગુજરાતી ઉપરાંત હિંદી, અંગ્રેજી અને સંસ્કૃત સાહિત્ય સુધી વિસ્તરેલું હતું. ધર્મસાહિત્યમાં પણ હિંદુ ધર્મના ગ્રંથો ઉપરાંત બાઈબલ, કુરાન ને જરથોસ્તી ગાથાઓનું પણ તેમણે પરિશીલન કર્યું હતું.

ભારતનાં મોટાં શહેરો, તીર્થો, ઉદ્યોગમથકો ને મહત્ત્વનાં સ્થાનકોના પ્રવાસ ઉપરાંત હિમાલયનાં જાણીતાં તીર્થસ્થાનો–બદ્રીનાથ, કેદારનાથ, ગંગોતરી ને જમ્નોતરી–ની તો પગે ચાલીને તેમણે યાત્રા કરી હતી, જેનું વર્ણન 'હિમાલયના પુણ્ય પ્રદેશમાં' એ નામથી પ્રસિદ્ધ કરેલું.

મુંબાઈ આવ્યા બાદ વૃદ્ધાવસ્થાના કારણે તેમની લેખનપ્રવૃત્તિમાં મંદતા આવી ગઈ હતી અને પાછળનાં વર્ષોમાં તે તદ્દન સ્થગિત થઈ ગઈ હતી. આમ છતાં તેમનું વાચન ચાલુ હતું અને મિત્રો સાથેની તેમની ચર્ચાવાર્તા અનેક વિષયોને સ્પર્શતી હતી.

નિય મત આહારવિહાર દ્વારા તેમણે શરીરસ્વાસ્થ્ય સારા પ્રમાણમાં ટકાવી રાખ્યું હતું. તેઓ નિયમિત આસનો અને કસરત કરતા અને લાંબું ચાલવાનો તેમને ભારે શૉખ હતો.

ઉમર વધવા સાથે શરીર ક્ષીણ થઈ રહ્યુ હતું. છતાં તેમની પ્રસન્નતા જીવનના અન્ત સુધી જળવાઈ રહી હતી. જ્યારે જુઓ ત્યારે ઊંડા આત્મસંતોષને દાખવતું સ્મિત તેમના મોં ઉપર તરવરતું માલૂમ પડતું. તેઓ ગૃહસ્થ હતા, અને પરિવારથી ઘેરાએલા હતા; છતાં તેમનાં વિચાર, વાણી અને વર્તનમાં એક પ્રકારની વિરક્તિનું દર્શન થતું. અત્યન્ત પ્રેમાળ અને છતાં અનાસક્ત હતા. આવા એક દીર્ઘજીવી સુચરિત, સંસ્કારપ્રેમી સજ્જનનું જ્ઞાન અને કર્મના સમન્વય સમું જીવન આપણા માટે પ્રેરણાસ્રોત બની રહો!


(પ્રબુદ્ધ જીવન) પરમાનંદ કાપડિયા

વહાણકથા–૨


ભારતમાં ઈ. સ. પૂર્વે ૨૫૦૦ વર્ષ પહેલાંના મોહેં-જો-ડેરોમાંથી મળેલી મુદ્રાઓ પર જહાજની પહેલવહેલી આકૃતિ મળે છે. એમાં દર્શાવેલા કૂવાથંભ પરથી સ્પષ્ટ થાય છે કે ત્યારે પણ વહાણો સઢથી ચાલતાં હતાં.



એ પછી ઈ. સ. પૂર્વે બીજી સદીના બારહૂતના શિલ્પાવશેષમાં બંને છેડે અણિયાળી નાવનું આલેખન જોવા મળે છે.



ઈ. સ.ની બીજી સદીના આંધ્રના સિક્કાઓ પર વહાણની જે આકૃતિઓ છે એના પરથી પણ આપણા પ્રાચીન વહાણોની બાંધણીનો કંઈક ખયાલ આવી શકે છે.



ઈ.સ.ની પાંચમી સદીનાં અજંતાનાં ભીંતચિત્રોમાં પણ નાવનાં આલેખન છે. ત્રણ કૂવાથંભ અને સઢવાળા દરિયાઈ સફર માટેના વહાણનું આ આલેખન ભારતીય વહાણનું એક જુદું જ દર્શન રજૂ કરે છે.





હિંદી વેપારીમંડળ-ઇન્ડિયન મર્ચન્ટ્સ ચેમ્બરના સ્થાપક પ્રમુખ શ્રી મનમોહનદાસ રામજી, ઉપપ્રમુખ શ્રી પુરુષોત્તમદાસ ઠાકુરદાસ અને સ્થાપક મંત્રી શ્રી જયસુખલાલ કૃષ્ણલાલ મહેતા. જમણી બાજુ મંડળનું મુંબાઈમાં વીર નરીમાન રોડ પરનું મકાન.

ઇન્ડિયન મર્ચન્ટ્સ ચેમ્બર

ગયા (ડિસેમ્બર) માસની ૯મીએ મુંબઈમાં જેનો હીરક મહોત્સવ વડાં પ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીના પ્રમુખપદે ઉજવાયો એ, વાણિજ્ય અને ઉદ્યોગની ધરી સમી આપણી પીઢ સંસ્થા 'ઇન્ડિયન મર્ચન્ટ્સ ચેમ્બર' (હિંદી વેપારીમંડળ)ની નોંધ અહીં સવિશેષ પ્રસ્તુત એટલા માટે છે કે એની સ્થાપના અને વિકાસમાં ગુજરાતીઓની દૂરંદેશી કલ્યાણકામના અને નિષ્ઠાભરી સેવા રહેલાં છે. તેની સ્થાપના ઈ. ૧૯૦૭ની ૭મી સપ્ટેમ્બરે સર મનમોહનદાસ રામજીના હસ્તે, એ સમયના દીર્ઘદ્રષ્ટા અને ધરખમ વાણિજ્યનેતાઓ—સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસ, સર દીનશા. ઈ. વાચ્છા, સર શાપુરજી, સર વિઠ્ઠલદાસ ડી. ઠાકરસી, સર ઇબ્રાહીમ રહીમતુલ્લા, શ્રી માધોઈ ઠાકરસી, શ્રી ગિરધરદાસ જેઠાભાઈ સર ફાઝલભાઈ કરીમભાઈ આદિની સહાયથી આ સદીની શરૂઆતમાં થઈ હતી. આજના માર્કેતુલ્ય મુંબાઇનો ધીકતો વ્યાપારી દેહ ઘડનાર એ બધા ગુજરાતી જ હતા.

૧૫૮ સભ્યો (અને ૨૩ કારોબારી સભ્યો)થી શરૂ થએલી આ સંસ્થાએ બે જ વર્ષમાં દક્ષિણ આફ્રિકાના હિન્દી વેપારીઓને સલામતી અપાવવા, નગરવેરાના પ્રશ્નો પતાવવા, સિક્કાની ફેરબદલી કરાવવા, વૅગનનો અભાવ દૂર કરાવવા, ટ્રેઈડ માર્કની શરૂઆત કરાવવા, રજિસ્ટ્રેશન ધારો ઘડાવવા, કંપની ધારામાં ફેરફાર કરાવવા, વાણિજ્ય-સંસ્થાઓની સ્થાપના કરાવવા અને 'સિડનહામ કૉલેજ ઑવ ઇકૉનૉમિક્સ ઍન્ડ કૉમર્સ' જેવું વાણિજ્ય ને અર્થકારણનું પ્રથમ મહાવિદ્યાલય સ્થાપવામાં કરેલી પ્રવૃત્તિઓ નોંધપાત્ર છે. પાછળથી ૧૯૨૭માં ભારતના વેપાર ઉદ્યોગમંડળોના મહ સંઘ 'ફેડરેશન ઑવ ઇન્ડિયન ચેમ્બર્સ ઑવ કૉમર્સ ઇન્ડસ્ટ્રી'માં પલટાઈ ગએલી 'ઇન્ડિયન ઇન્ડસ્ટ્રીઅલ કૉંગ્રેસ'ની સ્થાપના કરનાર પણ આ જ સંસ્થા. સ્વાતંત્ર્ય પૂર્વે પરદેશી શાસનની નાગચૂડમાંથી વાણિજ્ય-ઉદ્યોગને મુક્તિ અપાવવામાં, સ્વદેશી ચળવળ તથા સ્વતંત્ર્ય આંદોલનોમાં સાથ આપીને, તેમજ સ્વાતંત્ર્ય બાદ પ્રજામાનસ ઘડવામાં ને આર્થિક બાબતોમાં સરકારના સલાહકાર પણ રહીને મંડળે નોંધપાત્ર ફાળો આપેલો.

ઈ. ૧૯૩૯માં વીર નરીમાન રોડ પરના પોતીકા મકાનમાં જવાના શુભ પ્રસંગે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રશંસા અને ૧૯૫૮માં સુવર્ણ મહોત્સવ ઊજવતાં ડૉ. રાજેન્દ્રપ્રસાદનાં અભિનંદન મેળવનાર આ સંસ્થા મહાત્મા ગાંધીજીને માનાર્હ સભ્ય બનાવવા સદ્ભાગી બનેલી.

સંખ્યાબંધ પ્રકાશનો કરતું એનું 'ઇકૉનૉમિક રીસર્ચ ઍન્ડ ટ્રેઇનિંગ ફાઉન્ડેશન', 'લેજિસ્લેટિવ બુલેટિન' પ્રસિદ્ધ કરતું એનું કાયદાખાતું, 'ઇન્ડિયન મર્ચન્ટ્સ ચેમ્બર્સ ઍન્ડ કૉમર્સ' નામે પ્રસિદ્ધ કરતું એનું માહિતીખાતું વગેરે કાર્યવેગથી ધમધમતું રહેવા ઉપરાંત કામર્શિયલ પરીક્ષાઓ કન્વેન્શનો કૉન્ફરન્સો સેમિનારો ને સિમ્પોઝિયમો યોજતી આ ચેમ્બર હવે આ હીરક મહોત્સવ પ્રસંગે ૧) પોતાના સભ્યોની સ્ત્રીઓની સામાજિક જાગૃતિ માટેની લેડીઝ વિંગ, ૨) યુવાનો માટેનું યંગ એક્ઝિક્યુટિવ ગ્રૂપ, ૩) સાયન્સ, ટેક્નૉલૉજી, મૉડર્ન મેથડ્ઝ ઑવ મૅનેજમેન્ટ તથા સામાજિક અને આર્થિક પ્રગતિ માટે ઈનામોની યોજના, ૪) કુટુંબનિયોજન કાર્યમાં સહકાર આપવા ફૅમિલી પ્લાનિંગ વિંગ, ૫) એફ. ઈ. દીનશા સ્મારક લાયબ્રેરી, ૬) વેપારમાં પ્રામાણિકતા આણવા 'ફેર ટ્રેડ પ્રૅક્ટીસ એસોસીએશન' આદિ આરંભે છે.

વેપાર ઉદ્યોગના હક્કોની જાળવણી અને વિકાસના ધ્યેયથી સ્થપાએલી આ સંસ્થા સ્વહિત સાધના અર્થે આ બધી દિશાઓમાં પ્રગતિ કરે એ તો સ્વાભાવિક જ છે, પરંતુ એ કારવાઈની પાછળ વાણિજ્ય-ઉદ્યોગ સાથે સંકળાએલી પ્રજામાં દેશોન્નતિ માટેની ઉચ્ચ રાષ્ટ્રીય ભાવના સતત જાગૃત રાખવી, અને તેને પક્ષનિરપેક્ષ તથા વાદહીનતાની ઊંચી ભૂમિકા પર રાખવી એ કપરું છે. એ દુર્ઘટ કાર્ય પાછળ પોતાનું જીવન ખર્ચનાર એના ભાવનાશીલ મંત્રી સ્વ. જયસુખલાલ મહેતા, અને એ પરંપરા ચાલુ રાખનાર હાલના પ્રમુખ ડૉ. આર. સી. કૂપર (જુઓ અંક ૫૨૯માં 'મારી માન્યતા') તથા હમણાંના કાયમી મંત્રી શ્રી ધીવાળા પણ ગૌરવશાળી ગુજરાતીઓ જ છે.

જર્મન નવાબ

અઢારમી સદીમાં વૉલ્ટર બાલ્થાઝર રાઈનહાર્ડ નામનો એક જર્મન સુથાર રોટલો રળવા લશ્કરમાં જોડાઈ ભારત આવ્યો. પહેલાં તે ફ્રેન્ચ લશ્કરમાં લડ્યો; પછી અંગ્રેજોએ એને વધારે નાણાં આપ્યાં એટલે એમને પક્ષે લડ્યો; અને એમ, જે જે હિંદી રાજ્યકર્તાઓ એનો પગાર ને પદવી વધારી એને ખરીદતા ગયા તેને પક્ષે લડતો લડતો એ બળવાન થઈ પડ્યો. છેવટે દિલ્હીના બાદશાહ શાહ આલમ (બીજા)ના સેનાપતિ તરીકે તેણે દિલ્હી પરના મરાઠા આક્રમણને મારી હઠાવ્યું એથી પ્રસન્ન થઈ બાદશાહે તેને દિલ્હીના પૂર્વભાગે સરધાનાની જાગીર આપી અને ત્યારથી એ 'નવાબ વૉલ્ટર રાઇનહાર્ડ સુમરૂ' કહેવાયો, અને નવાબ જેવા જ ભભકા ને ઠાઠમાઠથી તે ઈ. ૧૭૭૮માં ગુજરી ગયો ત્યાં સુધી રહ્યો.

(યોજના)



સાગર-કિનારો : સોનેરી ભોંય પર કરેલું એક જળરંગી ચિત્ર. (ભારત કલાભવન-બનારસના સંગ્રહમાંથી : ફોટો · રતન પારિમૂ)

ગગનેન્દ્રનાથ ઠાકુરનાં ચિત્રોમાં માધ્યમ અને આલેખનશૈલીનું જે વૈવિધ્ય છે તે એ કાળે વિકસતી જતી અને 'બંગાળ શૈલી'ના નામે ઓળખાએલી કળાના અન્ય અગ્રગામી ને પ્રતિભાશાળી કલાકારોમાં નથી. ચિત્રકળા એ તો ગગનબાબુની બહુવિધ પ્રતિભાનું એક પાસું જ હોવા છતાં, એમાં યે તેઓ બીજાઓને પડછે સવિશેષ પ્રયોગશીલ અગ્રચારી બની રહેલા.



ગગનબાબુની કલ્પનાસૃષ્ટિ સદા રહસ્યભરી જ હતી. અકળ વિધિ સામેની લાચારી કે રાત્રિના ગૂઢ પ્રભાવ જેવા ભાવનાં દ્યોતક આવાં કેટલાંક ચિત્રો એમણે માત્ર કાળી શાહીથી જ કર્યાં છે. ઊંડી કલાસૂઝવાળું એમાંના છાયાપલટાનું સમતોલન ચિત્રભાવને સચોટતા આપે છે. (ભારત કલાભવન-બનારસના સંગ્રહમાંથી. ફોટો · રતન પારિમૂ)



ચૈતન્ય મહાપ્રભુના જીવનપ્રસંગોની પોતાની ચિત્રમાળામાં વળી નવી જ ચિત્રશૈલી અજમાવવા સાથે એમણે મુખ્ય પાત્રના વ્યક્તિત્વની પોતાની કલ્પનાને ઘડાવ આપ્યો છે. ગંગાતટે ઊગતા સૂર્યના પ્રકાશમાં કેશરહિત મસ્તકે હવન કરતા ચૈતન્યના (તદ્દન આછા રંગો અને રંગ-રેખાઓ વડે કરેલા) આ ચિત્રમાં એમણે અન્ય પાત્રો તરીકે ઠાકુર કુટુંબના સભ્યોને જ આલેખ્યા હોવાનું મનાય છે.



કાશ્મીરની જળતરબોળ વનરાજી [ફોટો : અશ્વિન મહેતા]
અટપટી તેજછાયાની સચોટ સુંદર રજૂઆતથી ચિત્રમાં તાદૃશ ઊંડાણ દર્શાવતી એક દૃષ્ટિમધુર ફોટોકૃતિ
પાકિસ્તાનના આક્રમણ વેળા કાશ્મીરમાં પાણીમાં ડૂબાડૂબ આવાં જંગલો વચ્ચે યુદ્ધ ખેલાતું હતું.



સંગીત નાટક અકાદમી દ્વારા ગયે વર્ષે બહુમાનિત થએલ વ્યક્તિવિશેષ ડાબી બાજુથી અનુક્રમે: સર્વશ્રી શંભુ મિત્ર, સ્વર્ણસરસ્વતી, કેલુચરણ મોહપાત્ર, મદુરઈ આર. શ્રીરંગમ્ આયંગર અને પેરામ્બુર એસ. વીરુસ્વામી પિલ્લાઈ

બાઈબલનો અર્થ

ખ્રિસ્તીઓનો પવિત્ર ધર્મ ગ્રંથ 'બાઈબલનો' અર્થ શું છે? આમ તો એ 'ઓલ્ડ ટેસ્ટામેન્ટ' અને 'ન્યૂ ટેસ્ટામેન્ટ' એવા બે મુખ્ય ગ્રંથોનો બનેલો છે, 'બાઈબલ'ને ગ્રંથ કહેવામાં એક રીતે આપણે પુનરાવૃત્તિ જ કરીએ છીએ. 'બાઈબલ'નો અર્થ જ ગ્રંથ છે. વર્ષો પહેલાં 'પેપિરસ' વનસ્પતિના અંદરના ભાગના પદાર્થમાંથી લખવા માટેનો કાગળ Bublos નામના શહેરમાં બનતો. આ પરથી એ કાગળ પણ ગ્રીક ભાષામાં Bublos નામે ઓળખાયો. આ પરથી પછી, લખાણવાળા કાગળોના બાંધેલી થોકડી (એટલે કે પુસ્તક પણ) Biblos કહેવાઈ. એ પછી, નાનું પુસ્તક. (પુસ્તિકા) Biblion કહેવાઈ; એનું બહુવચન Biblia એટલે નાનકડી ચોપડીઓ

લૅટિને આ શબ્દ અપનાવી તો લીધો, પણ નાન્યતર બહુવચન રૂપે પ્રવેશેલો આ શબ્દ વખત જતાં નારી જાતિ એકવચનમાં વપરાતો થયો ને નાનપણાનો ભાવ ઘસાઈ જતાં Biblia એટલે પુસ્તક, ગ્રંથ, એવો સામાન્ય શબ્દ બની ગયો. એ પછી ફ્રેંચમાં એ Bible રૂપ પામ્યો ને એમાંથી પછી અંગ્રેજીમાં પ્રવેશ્યો. આમ 'બાઈબલ' એટલે મૂળ તો ગ્રંથ જ. ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓ માટે, એમની બધી ધાર્મિક બાબતો સમજાવી દેતો ને એમને મન સૌથી મહત્ત્વનો એવો આ પ્રથમ ને એકમાત્ર ગ્રંથ હોવાથી એવા જ અર્થમાં એ 'ધ બાઈબલ' એમ વિશેષ નામ પામ્યો.

ખ્રિસ્તી ધર્મને લગતો એ અધિકૃત ગ્રંથ હોવાથી હવે તો અન્ય કોઈ પણ બાબત કે વિષય માટે નિર્ણાયક અધિકૃત ગણી શકાય એવો ગ્રંથ પણ હવે લક્ષણાથી તે તે વિષયનું બાઈબલ કહેવાય છે વિદ્વાનોના અભ્યાસપૂર્ણ લેખ કે પુસ્તકો જોડે ઘણી વાર ગ્રંથોની સંદર્ભ સૂચિ અપાય છે તે બિબ્લિઓગ્રાફી કહેવાય છે. આમાં સમાયેલું Biblio Bible અંગ 'ગ્રંથ'ના મૂળ અર્થમાં જ વપરાયેલું છે.

(જન્મભૂમિ–પ્રવાસી) —સુદર્શન

૧૮૬૭, ૧૯૧૭, ૧૯૬૭

ઈ. સ. ૧૯૬૭ના તે પૂર્વનાં બે વર્ષો યાદ કરાયાં ૧૮૬૭ અને ૧૯૧૭ કાર્લ માર્કસનો શકવર્તી બનેલો 'કૅપિટલ' ગ્રંથ ૧૮૬૭માં બહાર પડ્યો તેની શતાબ્દી; તે પછી બરાબર ૫૦ વર્ષે તેના અનુયાયી લેનિને રશિયાની સામ્યવાદી ક્રાંતિ કરી, તેની અર્ધશતાબ્દી હમણાં મૉસ્કોમાં ઊજવાઈ. અને આ જ ૧૯૧૭ના વર્ષે અંગ્રેજ મુત્સદ્દી રાજપુરુષ બાલ્ફરે યહૂદી રાષ્ટ્રવાદને સ્થાપવાની નીતિનું જાહેરનામું બહાર પાડ્યું; જેમાંથી બીજા વિશ્વયુદ્ધ બાદ ઈસ્રાએલ-રાજ્ય પેદા થયું; અને હજારો વર્ષ જૂના એશિયાઈ-યુરોપીય ઇતિહાસને, સજીવન કરાયો.

૧૮૬૭માં માર્કસને ત્યારે ખબર નહીં હોય કે, તેના ગ્રંથમાંથી આગળ પર શું શું ફૂટી કે ફાટી નીકળશે.

સામ્યવાદે સારાંશે ગઈ સદી દરમિયાન પ્રજાના પછાત બધા વર્ગોમાં કરપીણ અસૂયાભાવ ઉશ્કેરીને હિંસક ક્રાંતિનું કામ જગભરમાં જગવ્યું. એક જૂના સામ્યવાદી લેખક સ્પાટ લખે છે કે, 'રશિયન ક્રાંતિએ તેની સામે થતા કે થએલા લાગતા પોતાના જ માણસોની કત્લેઆમ લગાતાર ૪૦ વર્ષ ચલાવી; અને તેના ભોગ બનનારની સંખ્યા આજે ૩ કરોડ ઉપર ચોક્કસ છે; ઇતિહાસમાં આવી કત્લેઆમ હિટલરની ય નહોતી; આ તો ઇતિહાસની મોટામાં મોટી કતલ છે.' તેણે રશિયન ઝારશાહી ઉથલાવી એમ ખરું પરંતુ તેની જગ્યાએ 'પ્રોલેટેરિયટ'–'જનતા'–ની નવી ઝારશાહી જ આવી ને?

અને આ જ અસૂયાનું આગ-ઝેર હિંદમાં તેનો પક્ષ, (દા. ત. અત્યારે બંગાળમાં) ફેલાવે છે. માર્કસની 'કૅપિટલ' શતાબ્દી ને રશિયાની ક્રાંતિની 'અર્ધશતાબ્દી' જગતની સમતા, બંધુતા તથા સ્વતંત્રતા, કે શાંતિ જેવા કોઈ ભાવને સ્થાયી કરવામાં ભાગ્યે સફળ નીવડી કહેવાય.

(સત્ય ગ્રહ) —મગનભાઈ દેસાઈ



વધુ નજીકથી સૂર્યનાં નિરીક્ષણો કરવા માટે ગયા ઑક્ટોબરની ૧૮મીએ અવકાશમાં ફરતી મુકાએલી 'ઑર્બિટિંગ સોલર ઑબ્ઝર્વેટરી' (ઑ. એસ. ઓ.–૪) દ્વારા મળેલી માહિતી પ્રમાણે સૂર્યની સપાટીથી ૧,૬૦,૦૦૦ કિલોમીટર દૂર કેવું વાતાવરણ હશે તે દર્શાવતો નકશો. એમાં ઘેરા દર્શાવેલા ભાગ ૮,૨૫,૦૦૦ અંશ સેન્ટીગ્રેડથી યે વધુ ગરમીવાળા વિસ્તારો છે. અંદરનું વર્તુળ એ સૂર્યનો પરિઘ છે. ('ચુસિસ')

દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય કલાપ્રદર્શન પ્રસંગે

આજકાલ ચિત્રકળાનાં ઠીકઠીક પ્રદર્શનો યોજાય છે. એ જોનારને સામાન્યરીતે બે પ્રકારની લાગણી થાય છે. એક તો પોતે ચિત્રકલામાં રસ ધરાવે છે એવું બીજાઓને બતાવી શક્યાનો એક આહ્લાદજનક સંતોષ તેઓ માણે છે અથવા આ પ્રદર્શનોમાંની કૃતિઓ જોઇને એ મૂંઝાઈ જાય છે. બધી કલાઓમાં ચિત્રકળાએ છેલ્લા જે આઘાતજનક વળાંકો લીધા છે એ તો ભલભલા અભ્યાસીઓને પણ મૂંઝવી દે છે.

આજે દુનિયામાં ચિત્રકલાના કેવાકેવા પ્રવાહો ચાલે છે અને એના સંદર્ભમાં આ દેશની ચિત્રકલાનો વિકાસ કઈ રીતે થઈ રહ્યો છે એના અભ્યાસ અને આસ્વાદની એક તક પૂરી પાડવા રાષ્ટ્રીય લલિતકલા અકાદમીએ દિલ્હી ખાતે 'રવીન્દ્ર ભવન'માં તા. ૧૦મી ફેબ્રુઆરીથી ૩૧મી માર્ચ દરમિયાન એક આંતરરાષ્ટ્રીય કલા-પ્રદર્શન 'ટ્રીઆનેલ'નું આયોજન કર્યું છે. ૩૫ જેટલા દેશો તેમાં ભાગ લેશે.

આ પ્રદર્શનની સાથે તા. ૧૨ થી ૧૬મી ફેબ્રુઆરી સુધી 'આધુનિક કલામાં સમાંતરપણું' એ વિષય પર એક પરિસંવાદ પણ યોજવામાં આવ્યો છે જેમાં ભારતના તેમજ અન્ય દેશોના કલાકારો અને વિવેચકો ભાગ લેશે. આજના યુગમાં કલાકારોની કઈ સમસ્યાઓ છે અને વિવિધ દેશોમાં ચિત્રકલાના કેવા પ્રવાહો ચાલે છે એની રસપ્રદ ચર્ચા એમાં થવાની સંભાવના છે.

પશ્ચિમમાં ચિત્રકળાએ છેલ્લી કેટલીક સદીઓથી ક્રાંતિકારી વળાંકો લીધા છે. પોસ્ટ-ઈમ્પ્રેશનિઝમ, ક્યૂબિઝમ, ફ્યુચરિઝમ, એક્સ્પ્રેશનિઝમ, ડાડાઇઝમ વગેરે 'ઇઝમો' સાથે ભાવાત્મક અભિવ્યક્તિ ઍબ્સ્ટ્રેક્ટ આર્ટના અવનવા પ્રયોગો ચાલી રહ્યા છે. સ્વાતંત્ર્યોત્તર ચિત્રકલાએ ભારતમાં પણ આવા વળાંકો લીધા છે અને 'ઍબ્સ્ટ્રેક્ટ એક્સ્પ્રેશનિઝમ'નાં આ ચિત્રોએ સમાજ સાથેનું અનુસંધાન ધીરેધીરે ઓછું કર્યું છે. અને આજનો કલાવિવેચક ઓછી ને ઓછી વસ્તુ અંગે વધુ ને વધુ કહેવા લાગ્યો છે.

'ઍબ્સ્ટ્રેક્ટ આર્ટ'ની પાછળ 'પોપ (પૉપ્યુલર) આર્ટ' અને 'ઓપ (ઑપ્ટિકલ) આર્ટ'ના પ્રયોગોનો પણ રાફડો ફાટ્યો છે. પોપ, ઑપ ને સોપ...એમ એનો જાણે કોઈ અંત જ નથી. આ બધાં ચિત્રોમાં કલા ક્યાં છે એનો કોઈ જવાબ આપી શકતું નથી. ચિત્રકલાનું આઘાતજનક પ્રત્યાઘાતી વલણ પણ હવે ચરમ સીમાએ પહોંચ્યું છે. ડાડાઈઝમના દસકામાં મૂતરડીની ટાંકીને પ્રદર્શિત કરીને માર્શલ દ્યુશાંપે લોકોના માનસને આઘાત આપ્યો હતો. પણ હવે કલા આવો કોઈ આઘાત પહોંચાડવા પણ સમર્થ રહી નથી. એક વિવેચકે એટલે જ સ્પષ્ટ કહ્યું છે કે, 'જો ચિત્ર માનવી સાથે સંપર્ક ન સાધે તો તે કંઈ જ નથી...ચિત્ર એ ઘરવખરીની જણસ નથી, પણ માનવીની એક બુનિયાદી જરૂરિયાતના સંતોષનું સાધન છે. ચિત્ર કે માનવી એ નથી સુશોભન કે નથી કોઈ જીવનપ્રસંગ.' ભારતને લાગે વળગે છે ત્યાં સુધી 'ભારતીય' ચિત્રકલા એટલે શું અને અન્ય દેશોની ચિત્રકળાથી ભિન્ન એવું 'ભારતીય' તત્ત્વ તેમાં કયું છે? યુરોપ અમેરિકામાં ચિત્રકળામાં 'આધુનિકતા'ને નામે જે પ્રયોગો થયા છે એ ભારતીય ચિત્રકારને કઈ રીતે દિશાસૂચક બની શકે એમ છે? 'ટ્રીઆનેલ'ના સેમિનારમાં આવા પ્રશ્નો કદાચ ચર્ચાય. આ ભારતનાં અને ગુજરાતનાં ચિત્રો પણ છે. અલબત્ત, આની પસંદગી અકાદમીના પ્રતિનિધિઓએ કેવી રીતે કરેલી છે એ વિષે ખબર નથી. (ગુજરાત સમાચાર)

ગાજર

અત્યારે બજારમાં ગાજર સારાં અને સસ્તાં મળે છે. એ પૌષ્ટિક, સાત્ત્વિક અને ગુણકારી કંદ લોહ અને ફોસ્ફેટથી ભરપૂર છે, જે ફેફસાં અને હૃદયને મજબૂત કરે છે.

બાળકો શરીરે તાજગીભર્યાં અને પુષ્ટ બને છે. ઉંમર વધવાની સાથે છોકરા-છોકરીઓ શરીર નથી લઈ શકતાં તેમને સારો ફાયદો આપે છે. તેવાં બાળકોને પેશાબમાં કેલ્શ્યમ જતું હોય તે બંધ થાય છે. લોહી માંસ વધે છે. યાદશક્તિનો વધારો થાય છે.

આ માસ (ફેબ્રુઆરી) ઇતિહાસમાં · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: તૈમૂર લંગ



મધ્ય એશિયામાં થઈને વિજેતાઓનાં જે અનેક ધાડાંઓ પસાર થયાં એમાં સિકંદર, સુલતાન મહમદ, ચંગીઝખાન અને તૈમૂર એ ચાર જણનું સ્મરણ આજે પણ તાજું છે. પશ્ચિમમાં 'તેમ્બરલેઈન', 'તિમૂર લંક' વગેરે નામથી જાણીતો એ તૈમૂર એક પગે લંગડો હતો એટલે તૈમૂર લંગ કહેવાયો એવી એક માન્યતા છે. આજે ઉઝબેકિસ્તાન નામે જાણીતા, તુર્કસ્તાનના એક ભાગમાં સમરકંદ નજીક એનો જન્મ થએલો. એ સારી રીતે ભણેલો અને ઇતિહાસનો જ્ઞાતા હતો. મુસલમાન તરીકે એનો ઉછેર થએલો. ઈ. ૧૩૬૯માં પિતાના અવસાન પછી એ સમરકંદની ગાદીએ આવ્યો. પોતાને એ ચંગીઝખાનનો વારસદાર ગણાવતો અને એના વિશાળ સામ્રાજ્યની પુનઃસ્થાપના કરવાની એને એક અદમ્ય ધૂન હોઈ સત્તા હાથમાં આવતાં જ તૈમૂર એ દિશામાં પ્રવૃત્ત થયો. લુચ્ચાઈથી એણે હાજી બાર્લાસની સત્તા હાથ કરી. પોતાના એક નજીકના જ સંબંધી પીર હુસેન સાથે મળી એણે ઑકસસ નદીની ઉત્તર તરફનો વિસ્તાર જીતી લીધો અને તક સાધી હુસેનને હાંકી કાઢ્યો.

હાથ કરેલા આ પ્રદેશોની લડાયક જુસ્સાવાળી પ્રજામાંથી એણે એક વિશાળ સૈન્ય તૈયાર કર્યું અને આસપાસના મુલકો કબજે કરવા માંડ્યા. એની લશ્કરી કુનેહ અને ક્રૂર આક્રમક સ્વભાવ સાથે એણે ઈરાન, દક્ષિણ રશિયા, મંગોલિયા પર ચડાઇઓ કરી પોતાની સત્તા બેસાડી. પોતે મુસલમાન હોવા છતાં મુસ્લિમો પ્રત્યેના વલણમાં પણ લેશમાત્ર નરમાશ દર્શાવતો નહિ. એ જ્યાં ગયો ત્યાં એણે કેર વર્તાવ્યો. એની એ નિર્બંધ શેતાનિયતનો ક્યાંયે જોટો મળે તેમ નથી. કહે છે કે એક સ્થળે એણે બે હજાર માણસોને જીવતા ચણાવી દઈ એક મિનારો બનાવરાવેલો.


હિંદુસ્તાનની સમૃદ્ધિથી તૈમૂર પણ લલચાએલો, પણ અહીંના અસહ્ય ગરમ હવામાનમાં આવવા એના ઉમરાવો ને સેનાપતિઓ તૈયાર નહોતા. અંતે માત્ર લૂંટફાટ અને સંહાર કરી પાછા ફરવાની શરતે એમને મનાવ્યા અને માર્ગમાં કતલ ચલાવતો એ આસાનીથી દિલ્હી પહોંચી ગયો. દિલ્હીમાં એ પંદર દિવસ રહ્યો તે દરમિયાન શહેરને કતલખાનામાં ફેરવી નાખ્યું અને અઢળક દોલતની લૂંટ ચલાવી. પાછા ફરતાં કાશ્મીર પણ લૂંટ્યું અને એ માર્ગે સમરકંદ પહોંચ્યો. પરંતુ સાથે અહીંના કુશળ કારીગરો અને શિલ્પીઓને પણ પોતાની સાથે એ લઈ ગયો. જેમાંથી કેટલાકને એણે પોતાના તાબાના અન્ય શહેરોમાં મોકલ્યા અને બાકીનાઓ પાસે એણે સમરકંદની રોનક વધારવાનું કામ લીધું. આ રીતે અહીંની અસરવાળી સ્થાપત્યની એક નવી શૈલીનો ત્યાં વિકાસ થયો. પોતાની રાજધાની સમરકંદને એક સુંદર શહેર બનાવવા ઉપરાંત એણે આસપાસના વિસ્તારોમાં સિંચાઈની વ્યવસ્થા પણ કરી. પરંતુ બાકીની બધી ભૂમિ તો એના સૈન્યે ધમરોળી નાખી હતી.

ઈ. ૧૪૦૨માં એણે પોતાની સંહારક કૂચ પશ્ચિમ તરફ પણ લંબાવી. અંગોરામાં ઉસ્માની તુર્કોના બહુ મોટા સૈન્યે એનો સામનો કર્યો પણ એણે અપ્રતિમ કૌશલ દાખવી જીત મેળવી. આથી યે આગળ એ છેક સમુદ્ર સુધી પહોંચ્યો પણ એને તૈમૂર ઉલ્લંઘી શક્યો નહિ અને એ રીતે યુરોપ એના ત્રાસથી બચી ગયું.

પૂર્વમાં દિલ્હીથી માંડી છેક એશિયા માઈનોર સુધી તૈમૂરની આણ પ્રવર્તતી હતી છતાં એની વિજયભૂખને થોભ થતો નહિ. ફરી એ પૂર્વમાં ઊપડ્યો, પણ ચીન પરની એની એ કૂચ પૂરી થઈ શકી નહિ. ઈ. ૧૪૦૫ની ૧૭ ફેબ્રુઆરીએ માર્ગમાં જ એનું અવસાન થયું.

સેનાપતિ તરીકે તૈમૂર એક અજબ યોદ્ધો અને કુશળ યુદ્ધસંચાલક હતો. હિમાચ્છાદિત સાઈબીરિયા પરની એની કેટલીક ચડાઇઓ અસાધારણ હતી. પણ એ સેનાપતિપણામાં જ એની શક્તિ પરિમિત હતી. એની આંતરિક પ્રકૃતિ તો ગોપ અવસ્થાના પ્રાકૃત જન જેવી હતી. ચંગીઝની ભયાનક ક્રૂરતા તો એક રીતે ક્ષમ્ય ગણાય કેમ કે એ અજ્ઞાની અને જંગલી જ હતો. એના મંગોલો ક્રૂર અને સંહારક હતા એ ખરું, પણ તેઓ એ જમાનાના અન્ય લોકો જેવા જ હતા. છતાં ચંગીઝ પોતાની પાછળ પૂરતી વ્યવસ્થા કરી ગએલો. જ્યારે તૈમૂર શિક્ષિત હતો, ઇતિહાસનો જ્ઞાતા હતો છતાં એણે વિનાશ સિવાય કંઈ કર્યું નહિ. પોતે જીતેલા સામ્રાજ્યનું સંચાલન કરવા એણે કોઈ પણ પ્રકારની વ્યવસ્થા ઊભી ન કરી કે ન તો ચંગીઝખાન પેઠે પોતાની પાછળ કોઈ કુશળ માણસ મૂકતો ગયો. આથી એના મરણની સાથે જ લગભગ આખા પશ્ચિમ એશિયા ઉપર વિસ્તરેલું એનું સામ્રાજ્ય પડી ભાંગ્યું અને પાછળ એના સંહાર અને બરબાદીનું સ્મરણ જ રહ્યું!

પ્ર. વિ.: જર્મન પાર્લામેન્ટને આગ–એક રાજકીય કાવતરું, ૨૭ ફેબ્રુ., ૧૯૩૩



ઈ. ૧૯૩૩ની ૫મી માર્ચે જર્મનીમાં જાહેર ચૂંટણી નક્કી થઈ હતી. એ પછી રચાનારી વિવિધ પક્ષોના જોડાણવાળી સંભવિત સરકારમાં નાઝી પાર્ટીની સ્થિતિ વિશે એના નેતા હિટલરને શંકા રહેતી હતી. અલબત્ત, પોતાના પક્ષ માટે પોતાના કાબૂ તળેના રેડિયો અને પ્રશિયન પોલિસદળનો પૂરેપૂરો લાભ લેવા ઉપરાંત સહાયક પોલિસદળમાં એણે ૫૦,૦૦૦ નાઝીઓને ઘુસાડી દીધા હતા. ચૂંટણી અગાઉ ૨૭મી ફેબ્રુઆરીએ રાત્રે જર્મન પાર્લામેન્ટના મકાનમાં એકાએક વીસ ઠેકાણે આગ ફાટી નીકળી ને એમાં એ સમગ્ર ઈમારત ખાક થઈ ગઈ. પાછળથી બહાર આવેલા મુદ્દાઓ પરથી સ્પષ્ટપણે એ નાઝીઓનું જ કામ હતું. પણ એ સમયે તો આગના કાવતરાનું આળ જર્મનીની બૉલ્શેવિક પાર્ટી પર ચડાવીને સેંકડો સામ્યવાદીઓની ધરપકડ કરવામાં આવી, નાગરિક સ્વાતંત્ર્યના હક્કો પર કડક મર્યાદાઓ મુકાઈ ગઈ અને એ ભયના વાતાવરણમાં જ ચૂંટણી થઈ. નાઝીઓને ૪૪ ટકા મત મળ્યા જે હિટલરને સબળ સત્તા હાથ કરવાને પૂરતા નહોતા. પણ મોટા ભાગના હરીફ નેતાઓ કેદમાં કે હદપાર હોઈ નાઝીઓ અને એના સહાયકોએ હિટલરને ચાન્સેલર બનાવી દીધો. એ પછી ધીરેધીરે તેણે નાઝી સિવાયના બધા પક્ષોને દાબી દીધા, પાર્લામેન્ટની સત્તાને નહિવત્ કરી દીધી અને આમ બંધારણીય નાટક રચી એ જર્મનીનો સરમુખત્યાર બની બેઠો.


તાણ્યા બાંધે પાઘડી, દાબીને લે નખ,
જોડા પહેરે સાંકડા, (ત્રણ) આપસરજિયાં દખ.

મ. ગાંધીજીના દાદા ઉત્તમચંદ ગાંધી પોરબંદરના દીવાન હતા એ દરમિયાન એમના બે પુત્રોનાં લગ્ન લેવાયાં. સાત દિવસના આ લગ્નસમારંભમાં આમંત્રિત પોરબંદરની આખી પ્રજાએ પોતાના પ્રિય દીવાન પર લગ્નભેટોનો વરસાદ વરસાવ્યો. પણ દીવાને તો એ બધીની નોંધ રાખી લગ્ન પતતાં રાણાને ચરણે ધરી: 'આ બધું તમારું, કેમ કે તમારી પ્રજાએ આપ્યું છે.' ખૂબ સમજાવટ છતાં આ પ્રામાણિક દીવાન ન ચળ્યા ત્યારે રાણાએ લગ્નસમારંભનો ખર્ચ રાજ્ય તરફથી ચૂકવી સંતોષ માન્યો.

કહેવતોના અર્થ: 'મન રાશી તો શું કરે ગયા કાશી?' મન મેલું હોય, પેટમાં પાપ હોય, જીવનમાં બુરાઈ હોય તો ભક્તિ કે તીર્થાટનનાં ફાંફાં મારવાથી કલ્યાણ થતું નથી એમ દર્શાવીને આંતરશુદ્ધિની પ્રથમ જરૂરત પર ભાર મૂકતી આ કહેવતના હાર્દને સામે છેડેથી રજૂ કરતી કહેવત છે: 'મન ચંગા તો કથરોટમાં ગંગા'–જેનું મન પવિત્ર છે, હેતુ શુદ્ધ છે, જીવન સાત્ત્વિક છે તેને ધર્મસ્થાનોની યાત્રાએ જવું નથી પડતું. ઘેર બેઠાં ગંગા મળે છે; એવી જ એક બીજી કહેવત: 'મન મથુરા, ચિત્ત કાશી, હૈડું શાલીગ્રામ'.

અનેકાર્થી શબ્દ: **ચપની:** કટોરી, છીછરો કટોરો; કપાળ; માથાનો તાજ; ઢાંકણી, ઢાંકણું; ગોઠણની ઢાંકણીનું હાડકું; દરિયાઈ નાળિયેરનું બનતું એક જાતનું કમંડળ.

બારણું ઉઘાડયા પછી તે આપમેળે બંધ થઈ જાય એવી યોજના માટે આ બાજુએ બતાવ્યાં તેવાં જે મિજાગરાં વપરાય છે, તેની



યુક્તિ તેના કાપમાં છે. જે સામાન્ય મિજાગરાં જેમ સીધો ન હોતાં પેચની ઢબે ત્રાંસો છે. એને લીધે બારણું ઊઘડે ત્યારે જમીનથી તે સહેજ અધ્ધર થાય છે, અને તેને છોડી દેતાં પોતાના જ વજનથી બારણું એ ત્રાંસા પેચને લીધે પાછું આપમેળે નીચે ઊતરી પોતાની મૂળ સ્થિતિએ આવી જાય છે. આવાં મિજાગરાંનાં બારણાં આપમેળે બંધ થવા ઉપરાંત તેનો બીજો લાભ એ છે કે તેને લીધે બારણાં ઉઘાડતી વેળા તે અધ્ધર ઊંચકાઈ જતાં હોવાથી જમીન પરની જાજમ સાદડીને ઘસરકો લાગતો નથી.

નદીમાં લાંગરેલા વહાણની આસપાસમાં થોડે દૂર આ રીતનાં લાકડાનાં કે લોઢાનાં પોલાં બોયાં તરતાં જોવામાં આવે છે તે, જે



જગ્યાએ પાણીમાં લંગર પડેલું હોય છે તે જગ્યા દર્શાવવા માટે હોય છે. લંગર સાથે તે જરૂર પુરતા ટૂંકા દોરડાથી બાંધેલું હોવાથી ત્યાં સ્થિર રહે છે; જ્યારે વહાણને તો પલટતાં હવામાન, કે બીજાં કારણે લંગર સાથે બાંધેલા દોરડાને ઢીલ મૂકવી પડતી હોવાથી, લંગર ખરેખર ક્યાં નાખેલું છે તે કદાચિત્ ભુલાઈ જવાનો સંભવ હોય છે તે વખતે ઉપર જણાવેલું બોયું સાથે બાંધ્યું હોય તો લંગરનું સ્થાન દર્શાવી રહે છે.

તરતનું જન્મેલું બાળક ૨૪ કલાકમાંથી ૧૨ કલાક ઊંઘે છે.

પાળેલાં કબૂતરોની ઊડવાની ગતિ કલાકના સાઠ માઈલની ગણાઈ છે.

ઈશ્વર સર્વશક્તિમાન છે તે પિતા ગંભીરપણે સમજાવતા હતા. તેમને વચ્ચે અટકાવીને નાનકડા મધુએ પૂછ્યું: 'એવું કાંઈ જ નહિ હોય કે જે ઈશ્વરને ન આવડે?'

'ના'. પિતાએ કહ્યું.


થોડી વાર વિચાર કરી મધુએ પૂછ્યું: 'એમને ઘડિયાળમાં એક કરતાં પણ ઓછા ટકોરા પાડતાં આવડે ખરા?'



દુનિયાની મોટામા મોટી માછલી વ્હેલ નથી, ખરી રીતે તો વ્હેલ માછલી જ નથી. એ આંચળવાળું જળચર પ્રાણી છે. વ્હેલ-શાર્ક નામની એક શાર્ક માછલીની જાત દુનિયામાં મોટામાં મોટી માછલી ગણાય છે. એનું વજન ૨૫,૦૦૦ રતલ અને લંબાઈ ૬૦ ફૂટ સુધીની હોય છે. આટલી ગંજાવર અને શાર્ક હોવા છતાં સ્વભાવે એ ભયંકર નથી અને સમુદ્રના નાનાનાના જીવો પર નભે છે.



આ મૂર્તિને ઊલટાવીને જોશો તો નવીન જ પ્રકારનાં દર્શન દેશે.



જાપાનના કેટલાક કુલ-ચિહ્નો (ફેમિલી ક્રેસ્ટ), જેમાંનું છેલ્લું, ગઈ સદીમાં જાપાનવાસી થઈ ત્યાં કુટુંબ સ્થાપીને વસેલા અમેરિકન પત્રકાર (અને પાછળથી યુનિવર્સિટીના અંગ્રેજીના અધ્યાપક) લાફ્કેડિયો હર્નનું છે.

વિશિષ્ટ-વિવિધ પ્રકાશનો




યોગાસનો: શરીર મન અને જ્ઞાનતંતુઓ, ત્રણેને એકીસાથે સ્વસ્થ રાખતી આપણી એક અનન્ય વ્યાયામપદ્ધતિનો સચિત્ર પરિચય આપતી ઉપયોગી પુસ્તિકાની ચોથી આવૃત્તિ. લેખક: દામુભાઈ શુકલ રૂ. ૧-૫૦

શતરંજની બુદ્ધિકસ રમતનો પરિચય, એના નિયમો, એની સંજ્ઞાલિપિ અને એ રમતના વિવિધ તબક્કાઓના વિશિષ્ટ વ્યૂહની સમજ આપતી, મોઘા માર્ગદર્શક સમી સચિત્ર પુસ્તિકા. લેખક: સુરેશ મોદી રૂ. ૨-૦૦





શેક્સ્પીઅરની નાટ્યકથાઓ: આંગ્લ મહાકવિ શેક્સ્પીઅરનાં નાટકોનાં ડૉ. મધુસૂદન પારેખે કરેલાં તેર સુંદર વાર્તાંતરો. 'આજથી દસકાઓ પછી ગુજરાતનો કોઈ તરુણ વાચક રજાઓમાં અભરાઈઓ ફીંદતો હશે તેને એક એવી ચોપડી મળી આવશે કે જેની લખાવટ તેને જકડી રાખશે, જેનું વસ્તુ તેને અનન્ય કારણોસર રીઝવી જશે... અને ત્યારે આ વાર્તાંતરોનું કામ શરૂ થયું ગણાશે. તે પછી એ આપણો વારસો બની જશે.' (પ્રો. દિગીશ મહેતા) રૂ. ૪-૫૦.



વીજળીની કથા: આજના રોજિંદા જીવનવ્યવહારમાં ડગલે અને પગલે સેવા આપતી વીજળીની શોધના વિકાસની સચિત્ર રસિક કથા રૂ. ૨



ડુડાકિયો બાણ: દરિયાલાલની એક રોમાંચક ખાસિયતને નિરૂપતી જોરદાર અને દિલચસ્પ લઘુનવલ. (પોસ્ટેજ સાથે રૂ. ૧)

લિપિકા: કવિવર રવીન્દ્રનાથ ટાગોરની કવિતાના રણકારભરી અને જીવનનાં પરમ સત્યોનાં ઓજ સમી નાની કથનિકાઓનો શ્રી વિનોદ કોઠારીએ કરેલો અનુ. રૂ. ૨.



કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર
અમદાવાદ-૧

KUMAR Regd. No. G. 55